'સીતાજી' 'લક્ષ્મણ' કો લેને ગયે. યહાં તો બહુત પ્રીતિ થી ના ? 'લક્ષ્મણ' ઔર 'સીતા'. 'રાવણ' નરક મેં ગયે ના ? 'રાવણ' ઔર 'લક્ષ્મણ' નરક મેં હૈં. 'સીતાજી' દેવલોક મેં હૈં. સોલહવેં સ્વર્ગ મેં હૈં. અરે..રે..! 'લક્ષ્મણજી' હમારી બહુત સેવા કરતે થે. 'રામચંદ્ર', 'લક્ષ્મણ' ઔર 'સીતા' વનવાસ મેં ગયે થે ? 'સીતાજી' ઔર 'રામ' સાથ મેં ચલતે થે. ચલતે-ચલતે રુક જાયે વહાં 'લક્ષ્મણજી' જંગલમેં સે ફૂલ-ફલ લે આયે. ભૈયા ! આપ બૈઠિયે. ઐસા કરતે હૈં, ઐસી સેવ કરતે હૈં. નરક મેં ગયે હૈં. વાસુદેવ થે, મહાપાપ કિયા. અકેલે (ગયે). 'સીતાજી' લગા અરે..! યે નરક મેં (હૈ). વહાં ગયે. શરીર કો ઉઠાયા તો મહાદુઃખ (પાયા). સમજે ? અરે..! દેવ ! હમારે કર્મ હમ ભોગતે હૈં, તુમ ચલે જાઓ. હમ યહાં સે નિકલ નહીં સકતે, ક્યા કરે ? 'સીતાજી' સોલહવેં સ્વર્ગ મેં દેવ (હુએ હૈં). વહાં સે ગયે. 'લક્ષ્મણજી' કો નરક કી પીડા.. ઓ..હો...! શરીર કો ઉઠાયા તો ઉઠે નહીં, ટુકડા હો જાયે. પીડા.. પીડા.. પીડા.. 'લક્ષ્મણ' કહતે હૈં, હે દેવ ! તુમ તુમ્હારે સ્થાન મેં જાઓ. હમારે કર્મ હમ અકેલે ભોગતે હૈં. આહા..હા...! સમજ મેં આયા ? 'રાવણ' ભવિષ્ય મેં તીર્થંકર હોનેવાલે હૈં. 'સીતાજી' ઉનકે ગણધર હોનેવાલે હૈં. વર્તમાન મેં 'સીતાજી' સ્વર્ગ મેં, 'રાવણ' નર્ક મેં. યે પરિણામ કી વિચિત્રતા ! 'લક્ષ્મણ' ભી આખિર મેં તીર્થંકર હોનેવાલે હૈં. સમજ મેં આયા ? ઓ..હો..હો...!

કહતે હૈં, અપના સ્વરૂપ ભૂલકર જિતના વિકાર હુઆ, ઉસ વિકાર કા બંધ હુઆ, બંધ કે સંયોગ મેં અપને અકેલે આત્મા ને ભોગા. કિસી કા સહારા કુછ હૈ નહીં. 'અપને સ્વાર્થ કે સગે હૈં.' સમજ મેં આયા ? 'સબ સ્વાર્થ કે સગે હૈં.' વહ ભી સ્વાર્થ કા સગા હૈ ઔર તુ ભી સ્વાર્થ કા સગા હૈ. તેરા સ્વાર્થ થા તબ તક તુને કિયા, ઉસકા સ્વાર્થ સધતા હૈ તબ તક વહ કરતા હૈ. સબ અપને-અપને કારણ સે હૈ.

'જીવ કા સદા અપને સ્વરૂપ સે અપના એકત્વ...' દેખો ! અપને સ્વભાવ સે આત્મા એકત્વ હૈ. વિકાર ઔર પર સે તો આત્મા પૃથક્ હી હૈ. અભી. કહાં બૈઠે ?

ભગવાન ચૈતન્યજ્યોત. 'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।' 'કુંદકુંદાચાર્યદેવ' કહા હૈ ના ? અરે..! જીવો ! તુમ તુમ્હારા સ્વભાવ, શુદ્ધ આનંદ, જ્ઞાન સ્વભાવ સે એકત્વ હૈ ઔર પુણ્ય-પાપ, શરીર સે પૃથક્ હૈ, ઐસા બાત તુમ કો કહૂંગા. આહા..હા...! દિગંબર સંત 'કુંદકુંદાચાર્ય' મહારાજ સંવત ૪૯ મેં હુએ. ભગવાન કે પાસ ગયે ઔર આકર કહતે હૈં, અહો..! જીવો ! 'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।' અપના નિજ વૈભવ સે, અપને અંતર નિજ બોધ સે મૈં અપના એકત્વ સ્વભાવ, પરમ શુદ્ધ સ્વભાવ સે આત્મા એકત્વ હૈ ઔર વિકાર, પુણ્ય-પાપ, શરીર, કર્મ સે આત્મા પૃથક્ હૈ, વહી બતાઉંગા. વહ કભી સુના નહીં. અનંતકાલ મેં વહ બાત તુને સુની નહીં ઔર ઐસા અનંતકાલ મેં એક સમય ભી તુને ભેદજ્ઞાન કિયા નહીં. ભૈયા ! કૈસા ધ્યાન કરના ?

અપના શુદ્ધ સ્વરૂપ, અપના આત્મા, અપના આત્મા, નિજ–અપના જ્ઞાન, દર્શન, અનંત ગુણ સ્વભાવ સે એકત્વ હૈ, અભેદ હૈ. અપને અનંત ગુણ સે આત્મા–ગુણી અભેદ હૈ. સમજ મેં આયા ? ઔર પુણ્ય-પાપ, શુભ-અશુભભાવ, શરીર, કર્મ સે ભગવાનઆત્મા પૃથક્ નામ ભિન્ન હૈ. ઐસી અંતર મેં એકાગ્રતા કરના ઉસકા નામ શાંતિ ઔર ધર્મ હૈ. આહા..હા...! કભી ભેદજ્ઞાન કિયા નહીં. મૈં પુણ્ય-પાપ સે ભિન્ન, મેરે સ્વભાવ સે અભિન્ન, શરીર સે ભિન્ન, મેરે આત્મદર્શન સે મૈં અભિન્ન (હૂં), ઐસા સ્વ-પર કા વિવેક કભી કિયા નહીં. સમજ મેં આયા ?

'જીવ કા સદા અપને સ્વરૂપ સે એકત્વ ઔર પર સે વિભક્તપના હૈ; ઇસલિયે વહ સ્વયં હી અપના હિત અથવા અહિત કર સકતા હૈ...' અપના અહિત ઔર હિત અપને સે હોતા હૈ, પર સે હિત-અહિત કભી હોતા નહીં. શરીર સે નહીં, કર્મ સે નહીં, પર સે હિત-અહિત કભી હોતા નહીં. અપને અભાન સે અહિત ઔર અપને ભાન સે હિત (હોતા હૈ). સમજ મેં આયા ? 'પર કા કુછ નહીં કર સકતા...' પર કા હિત-અહિત કર સકતા નહીં. 'ઇસલિયે જીવ જો ભી શુભ યા અશુભ ભાવ કરતા હૈ ઉનકા ફલ (આકુલતા) વહ સ્વયં અકેલા હી ભોગતા હૈ,...' યહાં તો કહતે હૈં કિ, શુભકર્મ કા ફલ ભી આકુલતા ઔર અશુભકર્મ કા ફલ ભી આકુલતા હૈ. પુણ્ય કરે તો ભી ઉસકે ફલ મેં પૈસા–ધૂલ મિલ, સ્વર્ગ મિલે તો ભી વહાં આકુલતા હૈ.

સુખ કહાં ધૂલ મેં હૈ ? દો-પાંચ-પચીસ લાખ મિલે ઉસમેં સુખ હૈ કિ નહીં ? કલ્પના કરતા હૈ, મૂઢ ! સુખ વહાં કહાં સે આયા ? પૈસે મેં સુખ કહાં ? વહ તો જડ હૈ ઔર પૂર્વ કે શુભકર્મ કા ફલ હૈ. ઉસ પર લક્ષ્ય કરતા હૈ વહ તો આકુલતા હૈ. સમજ મેં આયા ? અપના આનંદમૂર્તિ ભગવાન, ઉસકા કભી લક્ષ્ય કિયા નહીં તો ઉસે અકેલી આકુલતા હી ભોગની પડી.

મુમુક્ષુ :– આકુળતા-આકુલતા મેં ફર્ક હૈ ?

ઉત્તર :– આકુલતા આકુલતા એક જાતિ કી હૈ, કોઈ તીવ્ર-મંદ હો ઉસમેં ક્યા હૈ ? વહ ભી અગ્નિ હૈ. કોઈ જ્વાલા અધિક જલતી હૈ, કોઈ થોડી જલતી હૈ.

'ઉસમેં અન્ય કોઈ–સ્ત્રી, પુત્ર, મિત્રાદિ સહાયક નહીં હો સકતે, ક્યોંકિ વે સબ પર પદાર્થ હૈં ઔર વે સબ પદાર્થ જીવ કો જ્ઞેયમાત્ર હૈ,...' વાસ્તવ મેં તો ભગવાનઆત્મા અપને જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ કી દૃષ્ટિ મેં પુણ્ય-પાપ ઔર શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ સબ જ્ઞાન કે જ્ઞેય હૈં, જાનને કી ચીજ હૈ, અપની ચીજ નહીં. સમજ મેં આયા ? એકસૌ મકાન હો, મકાન, એક શેરી મેં.. શેરી કહતે હૈં ? ક્યા કહતે હૈં ? ગલી (મેં) સૌ મકાન હૈ. દેખનેવાલા દેખે કિ સૌ મકાન હૈ. લેકિન જહાં ઉસકા રહને કા મકાન હૈ (ઉસે દેખતા હૈ તો લગતા હૈ), યહ મેરા. લેકિન કહાં સે આ ગયા તેરા ? વાસ્તવ મેં તો સૌ મકાન હૈં (ઉન્હેં) આત્મા દેખતા હૈ કિ યે સૌ હૈં, બસ ! મૈં જાનનેવાલા હૂં. જાનનેવાલે કે છોડકર, યહ મેરા (ઐસા એકત્વ કરતા હૈ). લેકિન તેરા કહાં સે આયા ? વહ તો જાનને કી ચીજ આયી. જૈસે ૯૯ મકાન હૈ વૈસા વહ મકાન હૈ.

મુમુક્ષુ :– .. તિજોરી...

ઉત્તર :– તિજોરી કિસકે બાપ કી ? તિજોરી જડ હૈ, પૈસા પર હૈ. આહા..હા..!

મુમુક્ષુ :– .. નામ...

ઉત્તર :– નામ તો જડ કા નામ હૈ, આત્મા કા નામ વહાં હૈ ? વહ તો પરમાણુ કા અક્ષર હૈ, વહ ભી જ્ઞાન કા જ્ઞેય હૈ. એ..ઇ..! ૨૨ મજલે કો કરનેવાલા. વહ તો જડ હૈ. તેરા કહાં સે આયા ? યહ જ્ઞાન જાનતા હૈ. જૈસે સારી દુનિયા, 'મુંબઈ' દેખતા હૈ, જ્ઞાન મેં પૂરા 'મુંબઈ' દિખતા હૈ કિ નહીં ? વૈસે 'મુંબઈ' કા વહ મકાન

જિસમેં રહતા હૈ વહ ભી દેખને કી ચીજ હુઈ. મેરી કહાં સે આઈ ?

મુમુક્ષુ :– વહાં તો સોતા હૈ.

ઉત્તર :– સોતા કહાં હૈ ? સો સકતા નહીં. અપને ક્ષેત્ર મેં હૈ, પરક્ષેત્ર મેં તો જાતા નહીં. આહા..હા...! ૫૦ લડકે હો, ૫૦ લડકે. દેખે. ઉસકા જહાં દેખે તો (લગે) યહ મેરા. લેકિન મેરા કહાં સે આયા ? વહ તો જ્ઞાન મેં જ્ઞેય હૈ. ઉસકા આત્મા ઔર જડ કા શરીર. ઇસકા કહાં હૈ ? આત્મા કા હૈ ? ભાઈ ! કપડા દેખે, ઉસકે જૈસા કપડા દેખે. કપડા તો સૌ, પચાસ, પાંચસૌ પડે હૈં. યે કપડા મેરા. યે મેરી ધોતી આયા કહાં સે ? સમજ મેં આયા ? સ્ત્રી કી પહનને કી સાડી. ૫૦ (સાડી) હો. યે મેરી, યે મેરી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– લેકિન હૈ તો કિસી કી ચીજ હૈ, અપની તો હૈ નહીં. હૈ તો પર, મેરા કહાં સે આયા ? ઐસે શરીર. સબ કા શરીર દેખતા હૈ, વૈસે યહ શરીર દેખતા હૈ. (દૂસરે) શરીર, શરીર, શરીર હૈ વૈસા યહ શરીર હૈ. ઇસે દેખતા હૈ, આત્મા દેખતા હૈ કિ યહ હૈ, યહ હૈ. ઉસમેં યહ શરીર મેરા આયા કહાં સે ? યહાં તો ઐસા કહતે હૈં. સમજ મેં આયા ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કહાં જાયે ? અપને સ્વરૂપ કી દૃષ્ટિ કરે ઔર અપને મેં એકાગ્રતા હો વહ કરના હૈ, દૂસરા ક્યા કરના હૈ ? કર ક્યા સકતા હૈ ? પર કા ક્યા કર સકતા હૈ ? વ્યાપાર-ધંધે કી ક્રિયા તો પર હૈ, જડ હૈ. દુકાન પર બૈઠકર દુકાન કી વ્યવસ્થા ચલા સકતા હૈ ? નૌકરચાકર તો પરપદાર્થ હૈ. કપડે, ગહને પર હૈં. પર કી અવસ્થા પર સે હોતી હૈ, ક્યા આત્મા સે હોતી હૈ ? બહુત સયાના આદમી હો, હોશિયાર (હો તો) દુકાન કી લગામ હાથ મેં રખતા હૈ. હમારી લગામ (હૈ). ધૂલ મેં નહીં હૈ. લગામ કા અર્થ તેરી મમતા. પર ચીજ કહાં તેરે મેં ઘૂસ ગઈ હૈ ? પર ચીજ મેં તુમ ક્યા કર સકતે હો ? સમજ મેં આયા ? આહા..હા...! 'સબ પદાર્થ જીવ કો જ્ઞેયમાત્ર હૈ,...' ઉસકા અર્થ આયા, હાં !

'ઇસલિયે વે વાસ્તવ મેં જીવ કે સગે-સમ્બન્ધી હૈ હી નહીં;...' સ્ત્રી ભી જ્ઞાન કા (જ્ઞેય હૈ). આત્મા જ્ઞાન હૈ, વહ જ્ઞેય હૈ–જાનનેલાયક હૈ. જાનનેલાયકમેં સે અધિકપના કહાં સે આયા ? દૂસરા કહાં સે આયા કિ, યહ મેરા ? વહ તેરા ભ્રમ હૈ, ઐસા કહતે હૈં. સમજ મેં આયા ? આહા..હા..! 'તથાપિ અજ્ઞાની જીવ ઉન્હેં અપના માનકર દુઃખી હોતા હૈ. પર કે દ્વારા અપના ભલા-બૂરા હોના માનકર...' પર કે દ્વારા અપના ભલા-બૂરા માનકર. ઉસકે દ્વારા મેરા ખરાબ હો ગયા, ઉસકે દ્વારા મેરા ભલા હુઆ. વહ તો રાગ-દ્વેષ હુઆ, રાગ-દ્વેષ કિયા, દૂસરા તો કુછ હુઆ નહીં.

'પર કે દ્વારા અપના ભલા-બૂરા હોના માનકર પર કે સાથ કર્તૃત્વ-મમત્વ કા અધિકાર માના હૈ;...' મૈં પર કા અધિકાર કરનેવાલા ઔર વહ મેરા. મૈં કરનેવાલા ઔર વહ મેરા. ઐસે કર્તા (ઔર) મમતા કરતા હૈ, દૂસરી તો કુછ હૈ નહીં. આહા..હા...! 'વહ અપની ભૂલ સે અકેલા દુઃખી હોતા હૈ.' અપના સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ ભગવાન, સચ્ચિદાનંદ ચૈતન્ય ચમત્કાર (હૈ). ચૈતન્ય ચમત્કાર સબ ચીજ કો જાને. કોઈ ચીજ કો જાને બિના રહે નહીં. સબકો જાને ઐસા સ્વભાવ (હૈ), ઉસમેં યહ ચીજ મેરી, ઐસા કહાં સે લાયા ? યહાં ઐસા કહતે હૈં. સમજ મેં આયા ? જ્ઞાની કો ઐસી ચીજ દિખતી હૈ, ઉનકો સ્ત્રી ભી હોતી હૈ, અંતર મેં જાનતે હૈં કિ, યહ મેરી ચીજ હૈ નહીં. બિલકુલ મેરી ચીજ નહીં. માત્ર થોડા આસક્તિ કા રાગ હૈ તો લક્ષ્ય જાતા હૈ તો સમજતે હૈં કિ, યહ રાગ ભી પાપ હૈ. સમજ મેં આયા ?

સંસાર મેં રહનેપર ભી સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ધર્મી ૯૬-૯૬ હજાર સ્ત્રી કે વૃંદ મેં હો. (ફિર ભી જાનતે હૈં કિ), હમારા કોઈ નહીં. હમારા હૈ વહ હમારે પાસ હૈ. હમસે દૂર હૈ વહ ચીજ હમારી નહીં ઔર હમ ઇસ દૂર ચીજ મેં કભી આયે નહીં. આહા..હા...! ઇસકા નામ સમ્યગ્દર્શન હૈ. ભૈયા ! આહા..હા...! ઓ..હો...! આપકે પાસ તો મોટર હૈ. ઇસમેં 'મોટર' શબ્દ આયા થા. લેકિન ઉન દિનોં મેં મોટર નહીં થી. ઇસ ઓર મોટરગાડી હૈ, ધૂલ મેં ભી મોટરગાડી નહીં. પહલે હાથી થે. હાથી, અશ્વ–ઘોડા. ભગવાન ! વહ તો પરદ્રવ્ય હૈ ના ! પ્રભુ ! વહ તો પર આત્મા હૈ, શરીર જડ હૈ, ઉસમેં તેરા કહાં સે આયા ? તેરી છાપ પડી હૈ ? ઇસમેં રજીસ્ટર મારા હૈ ? તેરી હો તો તુજ સે દૂર ક્યોં જાયે ? તેરી હો તો તુજ સે દૂર ન જાયે. તેરા હૈ

વહ તુજ સે દૂર નહીં હૈ, વહ આત્મા કા આનંદ, જ્ઞાન આત્મા મેં હૈ, વહ તુજ સે દૂર નહીં. માલૂમ નહીં, માલૂમ નહીં.

'સંસાર મેં ઔર મોક્ષ મેં યહ જીવ અકેલા હી હૈ–ઐસા જાનકર...' એકત્વ (ભાવના) હૈ ના ? ઉસ અપેક્ષા સે લેતે હૈં. 'સમ્યગ્દષ્ટિ જીવ નિજ શુદ્ધાત્મા કે સાથ હી સદૈવ અપના એકત્વ માનકર...' અપને શુદ્ધાત્મા કે સાથ હી સદૈવ એકત્વ માનકર 'અપની નિશ્ચયપરિણતિ દ્વારા...' ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ મૈં હૂં. પુણ્ય-પાપ કા વિકલ્પ ભી મેરા નહીં. હોતા હૈ, આસક્તિ હૈ, દોષ હૈ. દોષ મેરી નિર્દોષ દશા સે ભિન્ન હૈ. ઐસે અપને શુદ્ધ સ્વભાવ કી એકત્વ પરિણતિ–પર્યાય કે દ્વારા 'શુદ્ધ એકત્વ કી વૃદ્ધિ કરતા હૈ, યહ એકત્વ ભાવના હૈ.' ઉસકા નામ ભગવાન એકત્વ ભાવના કહતે હૈં.

### ૫-અન્યત્વ ભાવના

જલ-પય જ્યોં જિય-તન મેલા, પૈ ભિન્ન ભિન્ન નહિં ભેલા;
તો પ્રગટ જુદે ધન-ધામા, ક્યોં હ્વૈ ઇક મિલિ સુત-રામા. ૭.

અન્વયાર્થ :– (જિયન્તન) જીવ અને શરીર (જલ-પય જ્યોં) પાણી અને દૂધની જેમ (મેલા) મળેલા છે (પૈ) તોપણ (ભેલા) ભેગાં-એકરૂપ (નહિં) નથી, (ભિન્ન ભિન્ન) જુદાં-જુદાં છે; (તો) તો પછી (પ્રગટ) બહારમાં પ્રગટરૂપથી (જુદે) જુદાં દેખાય છે એવા (ધન) લક્ષ્મી, (ધામા) મકાન, (સુત) પુત્ર અને (રામા) સ્ત્રી વગેરે (મિલિ) મળીને (ઇક) એક (ક્યોં) કેમ (હ્વૈ) હોઇ શકે?

ભાવાર્થ :– જેમ દૂધ અને પાણી એક આકાશ-ક્ષેત્ર મળેલા છે પરંતુ પોતપોતાના ગુણ વગેરેની અપેક્ષાએ બન્ને તદન જુદાં જુદાં છે, તેમ આ જીવ અને શરીર પણ મળેલાં દેખાય છે તોપણ તે બન્ને પોતપોતાના સ્વરૂપાદિની અપેક્ષાએ (સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી) તદન જુદાં જુદાં છે-કદી એક થતાં નથી. જીવ અને શરીર પણ જ્યાં જુદાં-જુદાં છે તો પછી પ્રગટ જુદાં દેખાતાં એવાં ધન, મકાન, બાગ-બગીચા, પુત્ર-પુત્રી અને સ્ત્રી, ગાડી, મોટર વગેરે પોતાની સાથે એક કેવી રીતે હોય ? એટલે

કે પુત્ર, સ્ત્રી વગેરે કોઇપણ વસ્તુ પોતાની નથી. એમ સર્વ પર પદાર્થોને પોતાનાથી ભિન્ન જાણી સ્વસન્મુખતાપૂર્વક સમ્યગ્દષ્ટિ જીવ વીતરાગતાની વૃદ્ધિ કરે છે તે અન્યત્વ ભાવના છે.

---

અબ અન્યત્વ ભાવના.

જલ-પય જ્યોં જિય-તન મેલા, પૈ ભિન્ન ભિન્ન નહિં ભેલા;
તો પ્રગટ જુદે ધન-ધામા, ક્યોં હ્વૈ ઇક મિલિ સુત-રામા. ૭.

આહા..હા..! દેખો ! ચિત્ર ભી હૈ, હાં ! ચિત્ર મેં હૈ દેખો ! પાની ઔર પય. 'જીવ ઔર શરીર પાની ઔર દૂધી કી ભાંતિ મિલે હુએ હૈં...' પાની–જલ ઔર દૂધ. જલ, જલ (હૈ) દૂધ, દૂધ (હૈ). વૈસે યહ શરીર શરીર (હૈ) ઔર આત્મા આત્મા (હૈ). દોનોં ભિન્ન ચીજ હૈં. એક ક્ષેત્ર મેં રહનેવાલી હૈં, પરંતુ ભિન્ન હૈં. જન્મ કે સાથ ઉત્પન્ન હુઆ, આત્મા આયા ઔર સાથ મેં શરીર આયા વહ ભી ભિન્ન હૈ. કહતે હૈં કિ, અપને સે ભિન્ન ચીજ તો બિલકુલ ભિન્ન હી હૈ. આહા..હા...!

'જીવ ઔર શરીર (જલ-પય જ્યોં) પાની ઔર દૂધ કી ભાંતિ મિલે હુએ હૈં તથાપિ એકરૂપ નહીં હૈં,...' સમજે ? એકમેક નહીં હૈં, એક નહીં હૈ. '(ભિન્ન-ભિન્ન) પૃથક્-પૃથક્ હૈં,...' અન્યત્વ ભાવના હૈ, અન્યત્વ. પહલે એકત્વ થી, યહ અન્યત્વ હૈ. સ્વભાવ સે એકત્વ હૈ, વિભાવ સે પૃથક્ ભિન્ન હૈ. સમજ મેં આયા ? 'તો ફિર જો બાહ્ય મેં પ્રગટરૂપ સે ભિન્ન પૃથક્ દિખાઈ દેતે હૈં...' પ્રગટરૂપ દિખાઈ દેતા હૈ, યે સ્ત્રી, કુટુંબ, પૈસા, પરિવાર, ધૂલ



બાહર સે દિખતે હૈં. જલ ઔર દૂધ કી ભાંતિ, યહ (શરીર) ભિન્ન હૈ. યહ મિટ્ટી હૈ, ધૂલ–મિટ્ટી. ભગવાન અરૂપી ચૈતન્યઘન, આત્મા અરૂપી જ્ઞાનઘન, કંદ, અરૂપી ચૈતન્યમૂર્તિ હૈ. અરૂપી સ્ફટિક ચૈતન્યરત્ન. યે રૂપી, જડ, મિટ્ટી, ધૂલ (હૈ). દોનોં એક જગહ પર હૈ ફિર ભી ભિન્ન ચીજ હૈં. પ્રગટ બાહ્ય મેં, પ્રગટ દિખનેવાલા (ભિન્ન હૈ).

'લક્ષ્મી, (ધામા)...' ધામ.. ધામ. 'મકાન, પુત્ર...' દેખો ઉસમેં (દિખાયા) હૈ, હાં ! દેખો ! સ્ત્રી ઔર એક ઓર પુત્ર કો ખડા રખા હૈ. ધામ–મકાન. સમજે ? 'મકાન, પુત્ર ઔર (રામા)...' રામ કી રામા–સ્ત્રી. સ્ત્રી પ્રગટ–પ્રત્યક્ષ ભિન્ન હૈ, તેરી કહાં સે આ ગઈ ? ક્યા કરેં ? યે તો ફકીર હો જાયે તો ઐસા હો. ક્યા કહતે હૈં ? 'સ્ત્રી આદિ મિલકર એક કૈસે હો સકતે હૈં ?' જબ યે જલ ઔર દૂધ કી ભાંતિ શરીર ઔર ભગવાનઆત્મા દોનોં ભિન્ન હૈં, બિલકુલ નિરાલા, બિલકુલ નિરાલા. જૈસે એક હીરા એક ડિબ્બી મેં રખા હો તો ડિબ્બી ઔર હીરા ભિન્ન હૈં. (વૈસે) યહ (શરીર) ડિબ્બી–ધૂલ હૈ. ઉસમેં હીરા–ભગવાન ચૈતન્ય પડા હૈ, અરૂપી ભિન્ન હૈ. ડિબ્બી મેં જબ ડિબ્બી ઔર હીરા ભિન્ન હૈ, તો બાહર કી ચીજ તો ભિન્ન હી હૈ. કોઈ કહતા થા, ઐસા તો ફકીર હો જાયે તો હો. ફકીર હી હૈ, ઐસા યહાં તો કહતે હૈં.

અન્યત્વ હૈ. આત્મા અપને સ્વરૂપ સે એકત્વ હૈ ઔર ઉસકે સ્વભાવ સે અન્યત્વ હૈ, અનેરા હી હૈ. આત્મા સે રાગ-દ્વેષ, શરીર, કર્મ અનેરે હી હૈં. હૈ હી અનેરે. આહા..હા...! માન્યતા કી ખબર નહીં. શ્રદ્ધા ક્યા હૈ ? સમજ મેં આયા ? ધર્મ કરો. ક્યા ધર્મ કરે ? ચીજ ક્યા હૈ સમજે બિના ક્યા કરના ? મૈં આત્મા આત્મરામ નિજાનંદ પ્રભુ અપને શુદ્ધ સ્વભાવ સે એકત્વ હૂં ઔર વિકાર કા ભાવ, પુણ્ય-પાપ આદિ સે મૈં ભિન્ન હૂં. ઐસા અંતર મેં નિર્ણય કિયે બિના સ્વભાવ કી એકતા કભી હોતી નહીં ઔર એકતા બિના કભી ધર્મ હોતા નહીં. સમજ મેં આયા ?

'જિસપ્રકાર દૂધ ઔર પાની આકાશ-ક્ષેત્ર મેં મિલે હુએ હૈં,...' આકાશ કા એક ક્ષેત્ર હૈ ના ? 'પરન્તુ અપને-અપને ગુણ આદિ કી અપેક્ષા સે દોનોં બિલકુલ ભિન્ન-ભિન્ન હૈં;...' જલ ભિન્ન હૈ, દૂધ ભિન્ન હૈ. 'ઉસીપ્રકાર યહ જીવ ઔર શરીર ભી

મિલે હુએ–એકાકાર દિખાઈ દેતે હૈં તથાપિ વે દોનોં અપને-અપને સ્વરૂપાદિ કી અપેક્ષા સે...' ભિન્ન હૈં. ક્યોંકિ અપના આત્મા અપને દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ મેં હૈ, શરીર કા દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ મેં હૈ નહીં. યે ક્યા ? અપના આત્મા, અપના દ્રવ્ય નામ વસ્તુ, ગુણ-પર્યાય–શક્તિ ઔર અવસ્થા કા પિંડ ભિન્ન હૈ. ઉસકી અવગાહન–ચૌડાઈ શરીર સે ભિન્ન હૈ. અપની સ્વદશા ભિન્ન હૈ. સ્વ ત્રિકાલી શક્તિ ભિન્ન હૈ. અપને દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ મેં આત્મા હૈ, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ મેં આત્મા નહીં હૈ. ઔર પર દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ મેં આત્મા ઉસમેં નહીં હૈ. આહા..હા...! સમજ મેં આયા ?

ઇસ અંગૂઠી મેં યહ અંગૂલી નહીં હૈ. યહ અંગૂલી પદાર્થ હૈ, ઉસકા ઇતના ક્ષેત્ર હૈ. ઉસકી યહ વર્તમાન અવસ્થા હૈ. ઉસકી ઇતની શક્તિ હૈ. ઇસ અંગૂલી મેં યહ (અંગૂઠી) નહીં ઔર (અંગૂઠી મેં અંગૂલી) નહીં. ઐસે આત્મા મેં દેહ નહીં ઔર દેહ મેં આત્મા નહીં. કબ ? અભી. અરે...! એકમેક ઐસા માન રખા હૈ ના !

મુમુક્ષુ :– ઐસા વિચાર કરને કી આદત હી નહીં હૈ.

ઉત્તર :– આદત નહીં હૈ, અનાદિ કી અજ્ઞાન કી આદત હો ગઈ હૈ. મનુષ્યપને જન્મ લિયા, ખાના-પીના, કમાના, ભોગ કરના ઔર મર જાના. જાઓ, ચૌરાસી મેં. આહા..હા...!

ભાઈ ! યહાં તો 'દૌલતરામજી' 'છહ ઢાલા' (મેં) કહતે હૈં, તેરા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ પર સે બિલકુલ ભિન્ન હૈ ઔર ઉસકા–પરમાણુ કા દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ (ભિન્ન હૈ). યહ રજકણ–પરમાણુ દ્રવ્ય હૈ. ઉસમેં વર્ણ, ગંધ ગુણ હૈં. ઉસકી અવસ્થા હૈ, ઉસકી ચૌડાઈ હૈ વહ ઉસકા ક્ષેત્ર હૈ. (દોનોં) કભી એક નહીં હોતે. જબ જીવ ઔર શરીર ભી પૃથક્-પૃથક્ હૈ, 'તો ફિર પ્રગટરૂપ સે ભિન્ન દિખાઈ દેનેવાલે ઐસે મોટરગાડી,...' આપકી ડાલી હૈ, લો ! એ..ઇ..! ઉસકે લડકે કે પાસ લાખ રૂપયે કી મોટર હૈ. ક્યા કહતે હૈં મોટર કો ? શેવરલેટ. અપને કો તો નામ ભી નહીં આતા. ઉસ દિન સામને આયા થા ના ? 'ભિવંડી.. ભિવંડી' ! લાખ રૂપયે કી મોટર લેકર આયા થા. વહાં દૂસરા ભી એક મોટર લેકર આયા થા. દો આદમી લાખ રૂપયે કી મોટર લેકર આયે થે. એક કહે, મેરી ગાડી મેં બૈઠિયે, દૂસરા કહે, મેરી ગાડી મેં બૈઠિયે. યે બૈઠ ગયે, સુન ના ! આહા..હા...! મોટરકાર જડ કી પર્યાય હૈ. ધન ધૂલ હૈ, મકાન ધૂલ કા

ઢિગલા હૈ.

'બાગ (બગીચા) પુત્ર-પુત્રી, સ્ત્રી આદિ અપને સાથ કૈસે એકમેક હો સકતે હૈં ? અર્થાત્ સ્ત્રી-પુત્રાદિ કોઈ ભી પરવસ્તુ અપની નહીં હૈ – ઇસપ્રકાર સર્વ પદાર્થોં કો અપને સે ભિન્ન જાનકર,...' ભગવાનઆત્મા મૈં વસ્તુ શુદ્ધ અનંત ગુણ કા પિંડ હૂં. ઐસી દૃષ્ટિ સ્વસન્મુખ કરકે શ્રદ્ધા-જ્ઞાન કરના ઉસકા નામ ધર્મ કહને મેં આતા હૈ. 'સમ્યગ્દૃષ્ટિ જીવ વીતરાગતા કી વૃદ્ધિ કરતા હૈ,...' અંતર મેં એકાગ્ર હો, પર સે પૃથક્ કરકે તો શાંતિ કી વૃદ્ધિ હોતી હૈ ઔર અશાંતિ કા નાશ હોતા હૈ. ઇસ ભાવના કા યહ ફલ હૈ. (વિશેષ કહેંગે...) (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❀

## ૬-અશુચિ ભાવના

**પલ રુધિર રાધ મલ થૈલી, કીકસ વસાદિતૈં મૈલી;**
**નવ દ્વાર બહૈં ઘિનકારી, અસ દેહ કરૈ કિમ યારી. ૮.**

**અન્વયાર્થ** :– જે (પલ) માંસ, (રુધિર) લોહી, (રાધ) પરુ અને (મલ) વિષ્ટાની (થૈલી) કોથળી છે; (કીકસ) હાડકાં, (વસાદિતૈં) ચરબી વગેરેથી (મૈલી) અપવિત્ર છે અને જેમાં (ઘિનકારી) ઘૃણા-ગ્લાનિ ઉત્પન્ન કરવાવાળાં (નવ દ્વાર) નવ દરવાજા (બહૈં) વહે છે (અસ) એવા (દેહ) શરીરમાં (યારી) પ્રેમ-રાગ (કિમ) કેમ (કરૈ) કરાય ?

ભાવાર્થ :– આ શરીર તો માંસ, લોહી, પરુ, વિષ્ટા, વગેરેની કોથળી છે અને હાડકાં, ચરબી વગેરેથી ભરેલ હોવાથી અપવિત્ર છે; તથા નવ દ્વારોથી મેલને બહાર કાઢે છે, એવા શરીરમાં મોહ-રાગ કેમ કરાય ? આ શરીર ઉપરથી તો માખની પાંખ જેવી પાતળી ચામડીથી મઢેલું છે તેથી તે બહારથી સુંદર લાગે છે, પણ જો તેની અંદરની હાલતનો વિચાર કરવામાં આવે તો તેમાં અપવિત્ર વસ્તુઓ ભરી છે. તેથી તેમાં મમતા-અહંકાર કે રાગ નકામો છે.

અહીં શરીરને મલિન બતાવવાનો આશય-ભેદજ્ઞાન દ્વારા શરીરના સ્વરૂપનું જ્ઞાન કરાવી, નિજ પવિત્રપદમાં રુચિ કરાવવાનો છે, પણ શરીર પ્રત્યે દ્વેષ ઉત્પન્ન કરાવવાનો નથી. શરીર તેના સ્વભાવથી જ અશુચિમય છે તો આ ભગવાન આત્મા નિજસ્વભાવથી જ શુદ્ધ અને સદા શુચિમય-પવિત્ર ચૈતન્ય પદાર્થ છે. તેથી સમ્યગ્દષ્ટિ જીવ પોતાના શુદ્ધ આત્માની સન્મુખતા વડે પોતાના પર્યાયમાં શુચિપણાની (પવિત્રતાની) વૃદ્ધી કરે છે તે અશુચિ ભાવના છે.

## વીર સંવત ૨૪૯૨, ફાગણ સુદ ૧૨, શુક્રવાર
## તા. ૦૪-૩-૧૯૬૬, શ્લોક–૮, ૯, ૧૦. પ્રવચન નંબર–૪૨

અશુચિ ભાવના. પાંચ ભાવના થઈ ગઈ. શું છે આ અધિકાર ? જેને આત્મદર્શન, શ્રદ્ધા, જ્ઞાન થયું છે કે, આ આત્મા અનંત આનંદના સ્વરૂપરૂપ આત્મા છે. એવું ભાન ને શ્રદ્ધા, જ્ઞાન થયું એ આવી બાર ભાવના ભાવે છે. સમજાય છે કાંઈ ?



૧-અનિત્ય ભાવના. હું તો નિત્ય આનંદ છું. આ શરીર આદિ સંયોગ એ બધા ક્ષણિક, અનિત્ય થોડા કાળ રહેનારા છે. મારે ને એને કાંઈ સંબંધ નથી એમ અનિત્ય ભાવના ભાવતાં આત્મા શુદ્ધ નિત્ય ધ્રુવ તરફ સન્મુખ થતાં શુદ્ધિની વૃદ્ધિ થાય.



૨-અશરણ ભાવના. મારું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એ જ મને શરણ છે, એ સિવાય કોઈ શરણ (નથી). શુભ-અશુભ રાગ પણ શરણ નથી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેહાદિ કોઈ શરણ નથી. એમ અંતરમાં સ્વભાવ શુદ્ધ ચૈતન્યતત્ત્વ દૃષ્ટિમાં, જ્ઞાનમાં જેણે લીધું છે એ આવી વારંવાર ભાવના કરે છે. કહો, સમજાય છે કાંઈ ?

૩-સંસાર ભાવના. ત્રીજી આવી ગઈ ને ? અનંતવાર સંસારમાં રઝળ્યો પણ કોઈએ આત્માને શરણ છે નહિ. એ સંસાર કીધો હતો ને ? ચાર ગતિમાં દુઃખ ભર્યું છે એમ જાણે. આત્માના સ્વરૂપમાં જ આનંદ છે. જુઓ ! આ શરીરે સુખી તે સુખી (સર્વ વાતે).



પૂછતા હતા કાલે. કોણે કહ્યું ? હમણાં બે વાર બોલ્યા. કીધું, કોઈ મૂઢ જીવે – આત્માના વેરીએ એવું લખ્યું લાગે છે. શરીરે સુખી તે સુખી સર્વ વાતે. સમજાણું કાંઈ ? આત્મા આનંદ સ્વરૂપ અતીન્દ્રિય આનંદનું ધામ એ જ સંસારમાં સુખનું કારણ ને શરણ છે. ચાર ગતિ એકલું દુઃખનું જ કારણ છે. સમજાય છે કાંઈ ? નરકની ગતિ હો, મનુષ્યની ગતિ હો, સ્વર્ગની ગતિ હો ચારેય ગતિ દુઃખરૂપ છે. એક આત્મામાં જ આનંદ છે, બીજે ક્યાંય આનંદ નથી. સમજાય છે કાંઈ ? પછી કહ્યું,



૪-એકત્વ ભાવના. આત્મા પોતાના શુદ્ધ સ્વભાવથી એકત્વ – એકલો છે. એકત્વમાં કોઈ પર ચીજ એની સાથે સંબંધમાં નથી. આત્મા શુદ્ધ જ્ઞાનાનંદમૂર્તિ એ જ પોતાના સ્વભાવથી એકત્વ છે અને પૃથકત્વ (અર્થાત્) પુણ્ય-પાપ અને રાગાદિ, એ આત્મા પૃથક છે એમ જ્ઞાની–ધર્મી પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ રાખીને આવી ભાવના ભાવે છે. સમજાય છે કાંઈ ?




૫-અન્યત્વ ભાવના. જેમ પાણી અને દૂધ જુદાં-જુદાં છે, બે એક નથી. એમ શરીર ને આત્મા બે એક નથી, તદ્દન જુદાં છે. દૂધ તે દૂધ છે અને પાણી તે પાણી છે. એમ આત્મા આનંદસ્વરૂપ તે દૂધ સમાન છે, શરીરાદિ એ જડ પાણી સમાન છે. બે તદ્દન જુદી ચીજ છે, એમ ધર્મી જીવે વારંવાર અંતર ભાવના કરવી.




૬-અશુચિ ભાવના છઠ્ઠી આજ આવી છે. 'પલ રુધિર રાધ મલ થૈલી, કીકસ વસાદિતૈં મૈલી;' આ શરીર, આ શરીર કેવું છે એની ભાવનાની વાત કરે છે. શરીરથી રહિત ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની થેલી છે. આત્મા અતીન્દ્રિય આનંદની થેલી છે. આ શરીર મળ, મૂત્રની થેલી છે. આહા..! શરીરને સંભળાવે છે ને ઇ ? કોને સંભળાવે છે આ ? આત્માને સંભળાવે છે કે, તું આવો છો ને શરીર આવું છે એ તું જાણ. શરીરને જડને ક્યાં ભાન છે. આ તો માટી છે, જડ છે.

પલ રુધિર રાધ મલ થૈલી, કીકસ વસાદિતૈં મૈલી;
નવ દ્વાર બહૈં ઘિનકારીં, અસ દેહ કરૈ કિમ યારી. ૮.

પહેલું જ આવ્યું, આ તમે માડ્યું છે એનું. અન્વયાર્થ :– આ શરીર 'માંસ, લોહી, પરુ અને વિષ્ટાની કોથળી છે.' અને આ એક સંચો એવો છે કે, ગમે એ ચીજ એમાં નાખો કે વિષ્ટા ઉત્પન્ન કરાવે એવો આ સંચો છે. એવો દુનિયામાં બીજો કોઈ સંચો એવો ન હોય. બરાબર છે ? ચાર શેર ઘીનો પાયેલો મેસુબ ખાવ, આઠ કલાકે વિષ્ટા થાય એવો આ એક સંચો છે. બીજામાં એકદમ વિષ્ટા નહિ થઈ જાય. એવું આ શરીર 'માંસ, લોહી, પરુ અને વિષ્ટાની કોથળી છે.'




જુઓ ! આ દેખાવ આપ્યો છે ને પહેલા ? જુઓ ! આ હાડકા એકલા હાડકા, શરીરમાં એકલા આ હાડકાં દેખો. પછી માથે આ બધી ચરબી છે. માથે ચરબી ભરેલી (છે), અંદર હાડકાં એકલા. જુદાં હાડકા, એમાં ચરબીના, માંસના લોચા ભર્યા છે એમાં જુઓ ! અંદરમાં બધું બતાવ્યું છે કાંઈક આંતરડા ને એવું અને આંતરડા ને આ બધું. ભગવાનઆત્મા એ શરીરથી (ભિન્ન) તદ્દન અરૂપી ચૈતન્ય સ્ફટિક રત્ન, એ ચૈતન્ય સ્ફટિક રત્ન તદ્દન નિરાળો છે. કહો, સમજાય છે કાંઈ ?

માંસ, લોહી, પરુ એ વિષ્ટાની કોથળી અને વિષ્ટાને ઉત્પન્ન કરનારો સંચો. એને માટે દુર્લભ કહ્યો છે ? કહે છે કે, આ ધર્મ સમજવાનું આ નિમિત્તરૂપ કારણ છે. હવે ધર્મ સમજ તો એને દુર્લભ કહેવામાં આવે. ('શ્રીમદ્જી'એ) ન કહ્યું ? 'તોયે અરે ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો.' એ દુર્લભ કહ્યો. આવું મનુષ્યપણું મળ્યું અને ભવનો ચક્રનો આંટો ન ટળે તો શું તે કર્યું ? સમજાણું કાંઈ ? કોઈક આવ્યું હતું

ખરું, કો'ક હિન્દી હતું, ઘોડાગાડીમાં કો'ક આવ્યું હતું. કહો સમજાણું આમાં? હમણાં તો હિન્દી દરરોજ આવે છે.

હાડકાં, જુઓ ! આ હાડકાં. એકલા હાડકાંનો માળો. આ ચરબી કાઢી નાખો (તો) એકલા હાડકાંનો માળો. આમ દેખો, થૂંકવા ઊભો ન રહે એવું આ દેખાય છે, જુઓ ! કાણું, હાડકાંનું કાણું આ.

'હાડકાં, (વસાદિતૈં) ચરબી...' આ ચરબી ભરી છે માથે આ બધી, આ ચરબી છે માથે આ બધી. અંદર હાડકાં, આ ચરબી. અને એક ચામડી શેરડીની ઉપરની છોળ જેટલી આ ચામડી માથે લપેટી ગાર કરેલી છે. ગાર કહતે હૈં ? આ લપેટી (છે). એક માંખીના ટાંગા જેટલો પાતળો, ટાંગા નહિ પાંખ, આ કાઢી નાખો (તો) થૂંકવા ન ઊભો રહે એવું આ શરીર છે. હવે એ શરીરે સુખી તો સુખી સર્વ વાતે. મૂઢ છે, મૂઢ છે કે નહિ ?

મુમુક્ષુ :– તો પછી સુખી કઈ રીતે થાય ?

ઉત્તર :– સુખી તો આત્માએ સુખી તે સુખી સર્વ વાતે. એ આવશે, સંવરમાં આવશે, જુઓ ! સમજાણું કાંઈ ? ઓહો..! જેની નજરું કરતાં ન્યાલ થાય એવી નિધિ આત્મા, એની કિંમત ન મળે. જેને યાદ કરતા જેના સ્મરણમાં સ્વભાવ યાદ આવતા સ્વભાવની શાંતિ પ્રાપ્ત થાય એવો આત્મા (છે). ઓહો..હો..! એમાં અનંતી શાંતિ પડી છે, અનંતો આનંદ પડ્યો છે, એકલા અનંત આનંદની જ એ ખાણ છે. જેને યાદ કરતા માત્ર વિકાર ભૂલીને સ્વભાવ યાદ આવે એવી શાંતિનું સ્થળ, એને ભૂલીને આ દેહ સુખનું કારણ (માને). મૂઢના કાંઈ ગામ જુદાં વસતા હશે?

મુમુક્ષુ :– ... નગ્નપણું તે એટલે...

ઉત્તર :– નગ્ન બહારથી કે અંદરથી ?

મુમુક્ષુ :– ... આવી જશે...

ઉત્તર :– આવી જશે એની મેળે. ઇ જ કહે છે કે, અંદરના આનંદકંદના અનુભવની દૃષ્ટિ વિના તારા શરીરની અશુચિનું જ્ઞાન કરનારો જાણ્યા વિના અશુચિ છે એમ જાણશે કોણ ? એકલા નગ્ન થઈને મરી ગયો અનંત વાર. સમજાણું કાંઈ ? ઇ આવશે,

આ પછી આસ્રવ ભાવનામાં એ વાત આવશે. શુભ-અશુભભાવ અનંત વાર કર્યા, અનંત વાર કર્યા. એ આસ્ત્રવ ભાવ છે, એ આત્મભાવ નથી. આહા..હા..!

લોઢાની ખાણ ખોદવાની મરજી, જોડે સોનાની ખાણ ખોદવાની નજર કરવાની ય વખત ન મળે એને. એમ આ માંસ, હાડકાં, ચરબી ભરેલું તત્ત્વ (છે). જો એને જુદાં જુદાં કરો, એક તપેલામાં નાખો એના હાડકાં, એકમાં નાખો એના આંતરડા, એકમાં નાખો એનું લોહી ને એકમાં નાખો એનું માંસ, એમાંથી જુદાં પાડીને (નાખો). ભાઈ ! અને એકમાં આ ઉપરની ઉતરેલી જુદી ચામડી નાખો. આહા..હા..!

ભગવાનઆત્મા ! એક બાજુ આમ નજર કરે તો શાંતિ, બીજી બાજુ નજર કર તો આનંદ, ત્રીજી બાજુ નજર કર તો અનંત બેહદ વીર્ય, એવો ભગવાન જેના આત્મામાં પોતાનો સ્વભાવ છે. સમજાય છે ? એવું શુચિ પવિત્ર સ્વરૂપ છે. આ અશુચિ છે, આ અશુચિ છે, ભગવાન શુચિ છે. આવે છે ને ૭૨ ગાથામાં ? 'સમયસાર' ૭૨ ગાથા. અશુચિ, જડ અને દુ:ખકારી. ભગવાન શુચિ, સુખકારી અને ચૈતન્ય. આહા..હા..! એવો પણ એવો અને એવી લગનીની લગન લગાડી દીધી ને જાણે કે, આ દેહ એ જ હું ને એમાંથી જાણે જુદો તો કાંઈ હું છું નહિ. આને ઠીક તો મને ઠીક. દુશ્મનને ઠીક તો મને ઠીક. આ નગ્ન તો આત્માને લાભ.

આ મૂઢ નો'તો કહેતો ? પેલો રાજા નહિ ? આ 'રતલામ'નો. ખુરશીએ કોણ બેસે ? ભગવાનઆત્મા અંદર અરૂપી છે. પોતાના અસંખ્ય પ્રદેશમાં બિરાજમાન છે એ કોઈ ખુરશી ને કોઈ શરીરના રજકણનેય અડતો નથી. આહા..હા..! 'રતલામ'ના દરબારને તાવ આવે તો એને એમ ન કહેવાય કે, સાહેબ આપને તાવ આવ્યો. આપના દુશ્મને તાવ આવ્યો છે, વૈદ્યને બોલાવશું ? સુના થા ના ? પહેલે કહા થા. 'રતલામ' અભી તો છોટા રાજ હૈ, દસ લાખ, દસ લાખની ઊપજ, માંડ સાધારણ. પણ એ એવા માનના પોસેલા (કે), એને તાવ આવે (તો) ડૉક્ટરોએ, બીજાએ, દિવાનોએ એમ ન કહેવાય કે, સાહેબ આપને તાવ આવ્યો છે તો વૈદ્યને બોલાવશું ? આપના દુશ્મનને તાવ આવ્યો છે વૈદ્યને બોલાવશું ? આહા..હા..! વાત એની સાચી. પણ ઇ એને ખબર નથી. આ ચૈતન્ય ને આ જડ શરીર બેય દુશ્મન ભિન્ન છે. બે પરસ્પર (ભિન્ન-ભિન્ન છે).

આ ચૈતન્ય ને આ અચેતન, આ આનંદ ને આ દુઃખનું નિમિત્ત. હાડકાં, માંસથી ભરેલું (શરીર), ભગવાન અનંત શાંતિથી ભરેલો. તદ્દન વિરુદ્ધ બે વાત છે. આહા..હા..! પણ કોણ ભાવના ભાવે ? જે શુચિ સ્વરૂપ ભગવાન પવિત્ર ધામ આત્મા અને ચૈતન્યમૂર્તિ ને આનંદનું ધામ એમ જેને અંતરમાં, રુચિમાં, દૃષ્ટિમાં પોષાણમાં પેઠું છે અંદર. સમજાય છે ? જ્યારે જ્યારે વિકલ્પથી વિચાર કરે અહો..! આ આત્મા શુદ્ધ જ્ઞાનઘન આનંદસ્વરૂપ અનંત અનંત બેહદ ચૈતન્ય સ્વભાવના અવિનાભાવી ગુણોથી ભરેલું તત્ત્વ છે. એવા તત્ત્વમાં શુચિપણું જ ભરેલું છે. આ તત્ત્વમાં એકલું અશુચિ ભરેલું છે. આ..હા..! કહો, સમજાણું કાંઈ ?

'હાડકાં, (વસાદિતૈં) ચરબી વગેરેથી અપવિત્ર છે અને જેમાં ઘૃણા-ગ્લાનિ ઉત્પન્ન કરવાવાળાં નવ દરવાજા...' નવ દ્વારમાંથી મેલ ઝરે છે. ભગવાનના અસંખ્ય પ્રદેશમાંથી આનંદ ઝરે એવો આત્મા (છે). અસંખ્ય પ્રદેશનું ધામ, અનંત ગુણનું સ્થાન, અસંખ્ય પ્રદેશે શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિના ઝરણા ઝરે એવો એ આત્મા અને આ નવ દ્વારે મેલ ઝરે. સમજાણું કાંઈ ? બે આંખ છે ને ? બે કાન, નાક, એક નાકના બે છિદ્ર, એક મોઢું અને પેશાબ ને ઝાડા ને આ છિદ્રો એવા નવ છિદ્રથી મેલ ઝરે છે. ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશી પ્રભુ, જેના એક એક પ્રદેશમાં અનંત અનંત બેહદ અચિંત્ય અપરિમિત શાંતિથી ભરેલું તત્ત્વ છે. જેની નજરું કરતાં, જેની નજરું કરતાં ન્યાલ થાય. સમજાણું કાંઈ ? એ નજર ન મળે. આહા..હા..! એવી ચીજને ન જોતાં, એની ભાવના ન કરતાં આ એકલા શરીર મારું એને (પોતાનું) કરે છે (એ) મૂઢ છે. આ અશુચિ ભાવના કરવામાં શરીર ઉપર દ્વેષ નથી. સમજાણું કાંઈ ? દ્વેષ માટે નથી, જ્ઞાન કરવા માટે છે કે, હું આત્મા આનંદથી ભરેલો સત્ પદાર્થ છું. સમજાય છે કાંઈ ? શરીરમાં 'નવ દરવાજા વહે છે...' સમજાણું કાંઈ ?

'એવા શરીરમાં પ્રેમ-રાગ કેમ કરાય ?' અરે...! યારી કેમ કરે છે ? જુઓ ! આ ગ્રંથકાર કહે છે, ભાઈ ! આ શરીર માટીનો પિંડલો, વસા ને ચરબીનું ઘર (છે) એમાં તને પ્રીતિ કેમ થાય છે ? કહો, ભાઈ ! છે એમાં ? જુઓ ! એમાં લખ્યું છે ? છે ? કેમ યારી કરે છે ? અરે..! ભગવાનઆત્મા તું. તારા ઘરની વાતું કરતા કેવળી પૂરી ન કહે એવી તારી ચીજ અને એનો તને પ્રેમ નથી અને આ ધૂળનો પ્રેમ છે,

ભાઈ ! ક્યા રસ્તે તારે જાવું છે ? સમજાય છે કાંઈ ? જ્યાં વીંછી ને સર્પો જ્યાં પડ્યા છે એ રસ્તે જઈને ડંખાવું છે તારે ? શું કરવું છે ? આહા..હા..!

ભગવાનઆત્મા, જેમાં એકાગ્ર થવામાં કોઈનો આધાર, શરણ જરૂર નથી. શરીર નીરોગી હોય, મન ઠીક હોય, વાણી ઠીક હોય, શરીર આમ બેઠું હોય, એને કોઈની જરૂર નથી. એવો ભગવાનઆત્મા એની શ્રદ્ધાના, જ્ઞાનની ભાવના ન કરતા કહે છે કે, એકલા શરીરનો પ્રેમ કરીને પડ્યો છો. ભાઈ ! એ પ્રીતિ છોડ. કેમ પ્રીતિ કરે છે ? એમ છે ને ?

ભાવાર્થ :– 'આ શરીર તો માંસ, લોહી, પરુ, વિષ્ટા વિગેરેની કોથળી છે...' આહા..હા..! જાણે માંસના લોચાને કટકા દઈએ, બટકા ભરી લઈએ, તેમાંથી શું કરીએ ? ચૂસીએ ? આહા..હા..! ભાઈ ! આ તો હાડકાં, માંસ, વિષ્ટા ચુસવાનું છે. કહે છે, 'અપવિત્ર છે; તથા નવ દ્વારોથી મેલને બહાર કાઢે છે, એવા શરીરમાં મોહ-રાગ કેમ કરાય ?' ભાઈ ! એની રુચિ કેમ કરાય ? સમજાય છે ? અને રુચિ કર્યા પછી આસક્તિ પણ કેમ કરાય ? સમજાય છે કાંઈ ?

'આ શરીર ઉપરથી તો માખની પાંખ જેવી પાતળી ચામડીથી મઢેલું છે...' એકલી ચામડી કરીને શરીર ઊભુ રાખે. આમ રૂપાળું લાગે એલા ... સમજાણું કાંઈ ? સોનાના પાંદડા નથી આવતા ? શું કહેવાય ? વરખ, વરખ. હાડકાં ઊભા રાખીને સોનાનો વરખ લગાડ્યો હોય. આ કોથળી હાડકાં કાઢીને નાખ્યાં હોય ને એના ઉપર સોનાનો વર્ક લગાડ્યો હોય. સમજાણું કાંઈ ? એમ આ સોનાનો વરખ ને ચામડી વળગાડી છે અંદરમાં. અંદર તો એકલા હાડકાં, ચામડા છે, ભાઈ ! અંદર ભગવાનઆત્મા અખંડ આનંદનો કંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, એની દૃષ્ટિ કરીને એની ભાવના કર. આમાં છે કાંઈ ? ધૂળેય નથી કાંઈ. આહા..હા..! તો શું હશે આમાં ? ભાઈ ! આઠ આઠ મહિના સુધી આમ પગ ટીંગાડી રાખીને ન્હોતા પડ્યા ? ધૂળમાંય સુખ ન્હોતું. પગ તૂટ્યો તે દિ' આઠ મહિના આમ (રહ્યા હતા). ધૂળમાંય સુખ નથી. આહા..હા..!

'તેની અંદરની હાલતનો વિચાર કરવામાં આવે તો તેમાં અપવિત્ર વસ્તુઓ ભરી છે. તેથી તેમાં મમતા-અહંકાર કે રાગ કરવો નકામો છે.' કામ તારું કાંઈ સરે એવું

નથી, બાપુ ! આહા..હા..! આવો એક ભગવાન તું, તારી વાત કરતા નજરામણું મળે. આહા..! સમજાય છે ? એની પ્રીતિથી વાત સાંભળતા પણ ન્યાલ થાય એવી એ ચીજ (છે). આની માંડી. આ શરીર સારું નથી, હોં ! એ શરીરને દુઃખે દુઃખી હોં! અને શરીરને સુખે સુખી. માળા પણ કેટલી મૂઢતા રગડ... રગડ... રગડ... રગડ (કરવી છે ?) હવે એના ફળ તરીકે વળી પાછા આથી અનંતા ગુણા દુઃખોમાં અવતાર (લેશે). પછી અનંત ગુણા દુઃખોમાં (જાય). એ નરકના દુઃખો ! ભગવાન જાણે ને એ ભોગવે.

એવી ચાર ગતિમાં દુઃખો એણે ભોગવ્યા. ભાન નો મળે, ભાન. વર્તમાન ભાળ્યું ત્યાં થઈ રહ્યું. આને સગવડતા ને મારે નહિ, આને પૈસા ને મારે નહિ, (આને) નીરોગતા કૂદે છે. લોહીથી કૂદે હાંઢડા જેવો ને મારે તો પગ પણ ઊંચો થાતો નથી. (એક મુમુક્ષુ કહેતા), આ બધા નીરોગી, પાપી છે ને આપણે આ નથી તોપણ... આહા..હા..! ઊંધી દૃષ્ટિ, હવે કોને સારા કહેવા ? શરીરના પાસડા. ન્યાંથી એકાકર થઈને જાશે નરકમાં, જાશે નિગોદમાં ક્યાંય પાછો માણસનો પત્તો અનંતકાળે નહિ ખાય. શેના વખાણ કરે છે તું ? હેં ?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– હા. અરે..! હરણિયાને મારીને આમ કૂદે. ગોરો. અમારે ન્યાં છે ને ? 'ચમારગામ'. હરણને મારીને કૂદીને પડ્યો ને પેલો, પોતાના ઓલા હોય ને ? આ આમ હાથ નાખીને આમ પાટલુનમાં હાથ નાખીને આમ કૂદ્યો. 'ચમારગામ' નામ છે, હમણા 'નબીરપુર' આપ્યું છે. 'પાલેજ' પાસે છે. આહા..હા..! નરકના નમૂના તો અહીંથી દેખાય છે કે નહિ ? નમૂનો લઈને જાય નરકમાં. ધર્મના નમૂના અહીંથી શાંતિ વેદતા મોક્ષમાં ચાલ્યા જાય. એ નમૂનો લઈને જાય છે, અમથો મફત જાય છે કાંઈ ? સમજાણું કાંઈ ? આહા..!

'અહીં શરીરને મલિન બતાવવાનો આશય-ભેદજ્ઞાન દ્વારા શરીરના સ્વરૂપનું જ્ઞાન કરાવી,...' જુદું બતાવવું છે. અશુચિ કરીને દ્વેષ કરવો નથી. એ તો સ્વતંત્ર પદાર્થ જગતની ચીજ છે. રજકણો જગતના અહીં આવીને ખડકાણા, ગોઠવાણા છે. એ કાંઈ આત્માના નથી ને આત્માને કારણે આવ્યા પણ નથી. આત્માને કારણે આવ્યા પણ

નથી. આ એની યોગ્યતાને કારણે આ ક્ષેત્રાંતરે પર્યાય પામીને પરિણમી રહ્યા છે. સમજાણું કાંઈ ? આહા..!

'પણ શરીર પ્રત્યે દ્વેષ ઉત્પન્ન કરાવવાનો નથી. નિજ પવિત્રપદમાં રુચિ કરાવાવનો છે. શરીર તેના સ્વભાવથી જ અશુચિમય છે તો આ ભગવાનઆત્મા નિજસ્વભાવથી જ શુદ્ધ અને સદા શુચિમય-પવિત્ર ચૈતન્ય પદાર્થ છે. તેથી સમ્યગ્દષ્ટિ જીવ...' સાચી દૃષ્ટિ જીવ. પેલી ખોટી દૃષ્ટિ છે. શરીરે ઠીક તે ઠીક, એ મિથ્યાદૃષ્ટિ છે. સાચી દૃષ્ટિ જીવ – ભગવાનઆત્મા રાગ અને શરીરથી નિરાળો એવી જેની દૃષ્ટિ છે એવો ધર્મી 'પોતાના શુદ્ધ આત્માના સન્મુખતા વડે,...' સ્વભાવની સન્મુખ વડે 'પોતાના પર્યાયમાં શુચિપણાની (પવિત્રતાની) વૃદ્ધિ કરે છે તે અશુચિ ભાવના છે.' હવે આસ્રવ ભાવના, જુઓ !

---

## ૭-આસ્ત્રવ ભાવના

**જો યોગનકી ચપલાઇ, તાતૈ હ્વૈ આસ્રવ ભાઇ;**
**આસ્રવ દુખકાર ઘનેરે, બુધિવંત તિન્હૈં નિરવેરે. ૯.**

અન્વયાર્થ :– (ભાઇ) હે ભવ્ય જીવ ! (યોગનકી) યોગની (જો) જે (ચપલાઇ) ચંચળતા છે (તાતૈં) તેનાથી (આસ્ત્રવ) આસ્ત્રવ (હ્વૈ) થાય છે, અને (આસ્ત્રવ) તે આસ્ત્રવ (ઘનેરે) ઘણું (દુખકાર) દુઃખ કરનાર છે; માટે (બુધિવંત) સમજદાર (તિન્હૈં) તેને (નિરવેરે) દૂર કરે.

ભાવાર્થ :– વિકારી શુભાશુભ ભાવરૂપ જે અરૂપી અવસ્થા જીવમાં થાય છે તે ભાવઆસ્ત્રવ છે, અને તે સમયે નવીન કર્મયોગ્ય રજકણોનું સ્વયં-સ્વતઃ આવવું (આત્માની સાથે એકક્ષેત્રમાં આગમન થવું) તે દ્રવ્યાસ્ત્રવ છે. [અને તેમાં જીવના અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.]

પુણ્ય-પાપ બેય આસ્ત્રવ અને બંધના ભેદ છે.

પુણ્ય :– દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત વગેરે શુભ ભાવ સરાગી જીવને હોય છે તે અરૂપી અશુદ્ધ ભાવ છે; અને તે ભાવ-પુણ્ય છે અને તે સમયે નવીન કર્મયોગ્ય

રજકણોનું સ્વયં-સ્વતઃ આવવું (આત્માની સાથે એકક્ષેત્રમાં આગમન થવું) તે દ્રવ્યપુણ્ય છે. [તેમાં જીવના અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.]

પાપ :– હિંસા, અસત્ય, ચોરી, ઇત્યાદિ જે અશુભ ભાવ છે તે ભાવ પાપ છે અને તે સમયે કર્મયોગ્ય પુદ્ગલોનું આગમન થવું તે દ્રવ્યપાપ છે. [તેમાં જીવના અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.]

પરમાર્થથી (ખરેખર-વાસ્તવમાં) પુણ્ય-પાપ (શુભાશુભ ભાવ) આત્માને અહિતકર છે, તથા આત્માની ક્ષણિક અશુદ્ધ અવસ્થા છે. દ્રવ્યપુણ્ય-પાપ તો પર વસ્તુ છે તે કાંઇ આત્માનું હિત-અહિત કરી શકતા નથી. આમ બરાબર નિર્ણય દરેક જ્ઞાની જીવને હોય છે, અને આ પ્રમાણે વિચાર કરી સમ્યગ્દષ્ટિ જીવ સ્વદ્રવ્યના આલંબનના બળથી જેટલા અંશે આસ્ત્રવભાવને દૂર કરે છે તેટલા અંશે તેને વીતરાગતાની વૃદ્ધિ થાય છે, તેને આસ્ત્રવ ભાવના કહેવામાં આવે છે.

---

**જો યોગનકી ચપલાઇ, તાતૈ હ્વૈ આસ્રવ ભાઇ;**
**આસ્રવ દુખકાર ઘનેરે, બુધિવંત તિન્હેં નિરવેરે. ૯.**

જુઓ ! આ એક વિશેષણ આપ્યું. અન્વયાર્થ :– 'હે ભવ્ય જીવ ! (યોગનકી ચપલાઈ)...' આ આત્માના પ્રદેશનું કંપન એ નવા આવરણો આવવાનું કારણ (છે). એમાં જેટલા પ્રમાણમાં કષાયના પરિણામ (થાય); કંપન છે એ તો પરમાણું આવવાનું કારણ અને એ કંપનમાં જેટલા પ્રમાણમાં શુભ-અશુભભાવનો કષાય છે એ નવા આસ્રવનું મૂળ કારણ એ છે, મૂળ કારણ એ છે. કંપન છે એ પરમાણુંને આવવાનું નિમિત્ત છે અને એમાં જેટલો કષાયભાવ અહીં છે એટલો પરમાણુમાં સ્થિતિ અને રસ પડે છે. સમજાણું કાંઈ ? નાવમાં જેમ છિદ્ર હોય અને પાણી ભરાય એમ આત્મામાં જેટલા પ્રમાણમાં શુભ અને અશુભભાવનો મેલ છિદ્ર પડ્યું એટલા નવા આવરણો આવે છે. સમજાણું ?

'ચંચળતા છે તેનાથી આસ્રવ થાય છે,...' આસ્રવ એટલે એક તો પરિણામે પોતે ભાવઆસ્રવ અને નવા રજકણો આવે તે દ્રવ્ય આસ્રવ. સમજાણું કાંઈ ? શુભ અને




અશુભ કષાયના ભાવ એ ભાવઆસ્રવ, ભાવ મલિન આસ્રવ (છે), એ સ્વરૂપમાં નથી ને પ્રગટ થયા અને એને કારણે નવા રજકણો આવે એમાં સ્થિતિ, રસાદિ પડે એ દ્રવ્યઆસ્રવ (છે). સમજાય છે કાંઈ ?

'આસ્રવ થાય છે, અને તે આસ્રવ ઘણું દુઃખ કરનાર છે;...' જુઓ ! એ શુભ અને અશુભભાવ દુઃખના કરનારા છે. બેય. બેય કહ્યું ને ? જુઓને ! શુભ ને અશુભભાવ... ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એનાથી વિપરીત પુણ્ય-પાપના ભાવ બેય વિકાર આસ્રવ એ પ્રત્યક્ષ વર્તમાન દુઃખરૂપ છે અને એનું બંધન–રજકણો એ પણ ભવિષ્યમાં દુઃખના જ નિમિત્તો છે. સમજાય છે કાંઈ ? તે 'માટે (બુદ્ધિવંત) સમજદાર...' મૂઢને શું કહેવું એમ કહે છે. ભાઈ ! તારો સંસારમાં રખડવાનો આરો લાવવો હોય... સમજાય છે ? અને મોક્ષના વારામાં તારે આવવું હોય (તો એને માટે આ વાત છે). એ શુભ-અશુભભાવ દુઃખદાયક છે. એનાથી રહિત ભગવાન શાંતિનું કારણ છે.

'માટે સમજદાર તેને દૂર કરે !' શુભ-અશુભભાવને રોકે, શુભ-અશુભભાવને રોકે. શી રીતે ? પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય લઈ એ ભાવને રોકે. સમજાણું કાંઈ ? મહાન પદાર્થ પ્રભુ ! સિદ્ધનો પિંડલો પ્રભુ આત્મા, એનો આશ્રય લઈ શુભ-અશુભભાવને રોકે, દુઃખદાયકને રોકે. કહો, સમજાય છે કાંઈ ? એ...! દેવાનુપ્રિયા ! આ શુભભાવ દુઃખનું કારણ કહ્યું, નગ્નપણું-ફગ્નપણું ક્યાં ગયું ? આ તો પહેલું કહ્યું હતું તેની સામે આ (કહ્યું). નગ્ન થઈ જાઓ હવે, શું નગ્ન (થાય) ? નાગા જ છે

બધા, કોણ નથી ? શરીરની અવસ્થા નગ્ન કરે કોણ ? સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા એ શુભ-અશુભ લાગણીના લુગડા વિનાનો છે. શુભ અને અશુભ રાગની લાગણી વિનાનો ભગવાન છે. એવા આત્માની દૃષ્ટિ કર અને આવા શુભાશુભભાવને રોક. સમજાણું કાંઈ ? 'નિરવેરે' (એટલે) રોકે એમ.

ભાવાર્થ :– 'વિકારી શુભાશુભ ભાવરૂપ જે અરૂપી અવસ્થા જીવમાં થાય છે...' તે જીવમાં થાય છે. એ દયા, દાન, વ્રતના શુભભાવ, હિંસા, જૂઠુંના અશુભભાવ એ આત્માની અવસ્થામાં થાય છે. 'તેને ભાવઆસ્રવ કહે છે,...' એ ભાવઆસ્રવ ખરા તો એ જ આસ્રવ છે. 'અને તે સમયે નવીન કર્મયોગ્ય રજકણોનું સ્વયં-સ્વતઃ...' એની મેળાએ કર્મનું એક ક્ષેત્રમાં આવવું થાય 'તે દ્રવ્યાસ્ત્રવ છે.' રજકણો આવે તે. '(અને તેમાં જીવના અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.)' શુભાશુભ ભાવ (નિમિત્તમાત્ર છે). નવા રજકણોનું એના ઉપાદાન કારણે આવવું અને શુભાશુભ ભાવનું એમાં નિમિત્તપણે થવું. એ શુભાશુભભાવ જ આત્માને દુઃખદાયક છે.

'પુણ્ય-પાપ બેય આસ્રવ અને બંધના ભેદ છે.' સમજાણું ? 'યોગનકી ચપલાઈ' કીધું ને ? બેયને રોકો. હવે આવી તો ચોખ્ખી વાત આમાં મુકી છે છતાં એ કહે કે, નહિ. એ..ઇ..! એ 'છ ઢાળા'ના 'સોનગઢે' અર્થ કર્યા છે, એમાં નથી, ફલાણું નથી. (એમ કોઈક કહે છે). આ શું કહે છે આ પણ ? 'બુધિવંત તિન્હૈં નિરવેરે, આસ્રવ દુખકાર ઘનેરે, બુધિવંત તિન્હૈં નિરવેરે.' શુભ-અશુભભાવ તો આસ્રવ છે.

મુમુક્ષુ :– પરંપરા...

ઉત્તર :– શેમાં પરંપરા ? ધૂળમાં ? પરંપરા એટલે વર્તમાનમાં નથી પણ ભવિષ્યમાં એને ટાળશે ત્યારે થશે એમ પરંપરા(નો અર્થ છે). સમજાણું કાંઈ ? ઇ એમ કહે છે. પાપના આસ્રવ પરિણામથી પરંપરા ધર્મ થાતા હશે ! આસ્રવ પરિણામ પરંપરા અનર્થનું કારણ છે એમ 'કુંદકુંદાચાર્યે' બાર અનુપ્રેક્ષામાં તો લખ્યું છે. વિકાર, વિકાર તે વિકાર અર્થનું કારણ થાય ? વિકાર અનર્થનું કારણ છે. લ્યો ! સમજાણું કાંઈ ? શુભ-અશુભભાવ બેય અનર્થનું કારણ છે, બંધનું કારણ છે. પુણ્ય ને પાપ બેય. પુણ્ય સોનાની બેડી, પાપ લોઢાની બેડી લખ્યું છે, હોં! એમાં. (સમયસાર) પુણ્ય-પાપ અધિકારમાં (આવે છે ને ?) એમણે લખ્યું છે, આમણેય લખ્યું છે આમાં આણે લખ્યું

છે, હોં! બુધપુરુષોં ને પુણ્ય-પાપ કાર્યોં કો નહીં કિયા. આત્મા કે અનુભવ મેં ચિત્ત લગાયા. ક્યોં ? દેખો ! શાસ્ત્રકારોં ને પાપ કો લોહે કી બેડી, પુણ્ય કો સોને કી બેડી કહા હૈ. આ લખ્યું છે, ભાઈ ! આમાં હોં ! દસમાં શ્લોકમાં છે.

મુમુક્ષુ :– ... ફેર ન પડ્યો ?

ઉત્તર :– શું ફેર પડ્યો ? લોઢાનો ભાવ વધ્યો. અહીં તો કહે છે, ભાઈ ! આ ભગવાનઆત્મા હળવો અને શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે. એમાં જેટલા પ્રમાણમાં શુભ અને અશુભભાવ થાય એ બધા દુઃખદાયક અને વિકારી છે. લાખ વાતની વાત નિશ્ચય એક નિશ્ચય ઉર આનો. આ વિના તારો આરો ત્રણકાળમાં આવવાનો નથી. સમજાય છે કાંઈ ?

પુણ્ય :– 'દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત વગેરે શુભભાવ સરાગી જીવને હોય છે તે અરૂપી અશુદ્ધભાવ છે;...' અવિકારી દશાથી ઊલટી અવસ્થા છે, 'અને તે ભાવ પુણ્ય છે અને તે સમયે નવીન કર્મયોગ્ય રજકણોનું સ્વયં-સ્વતઃ આવવું (આત્માની સાથે એકક્ષેત્રમાં આગમન થવું) તે દ્રવ્યપુણ્ય છે. (તેમાં જીવના અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.)' સ્વતંત્ર બેય ચીજ છે. આત્મા શુભ-અશુભભાવ કરે એ અશુદ્ધ પરિણામ છે, એ આસ્રવભાવ છે. નવા રજકણોને નિમિત્તમાત્ર કહેવાય છે.

આમ ધર્મી જીવ આસ્રવની ભાવના, ચિંતવના વારંવાર કરે અને આત્મા શુદ્ધ સન્મુખનું લક્ષ રાખીને શુદ્ધિ વધારે. કહો, સમજાય છે કાંઈ ? અરે...! જ્યારે હોય ત્યારે એણે છીંડી જ ગોતી છે. છટકવાની છીંડી – અહીંથી થશે, શુભભાવ આવ્યો તો આ છે. હવે શુભભાવ અનંત વાર કર્યો, સાંભળને ! નવમીં ગ્રૈવેયકે ગયો શુભ વિના ગયો હશે ? શુક્લલેશ્યા કેવી હતી ! નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો, અનંત વાર દિગંબર જૈન સાધુ થઈને નવમી ગ્રૈવેયક ગયો. સમજાય છે કાંઈ ? શુભભાવ તે પુણ્ય છે, સંવર-બંવર, અંશે (પણ) ધર્મ-બર્મ ત્રણકાળ, ત્રણલોકમાં નથી. ભગવાન વીતરાગ માર્ગમાં એને સંવર કહેતા નથી, શુભભાવને સંવર નહિ. સમજાણું કાંઈ ? એ તો પહેલા અમારે બહુ ચર્ચા ચાલતી. 'ધ્રાંગધ્રા'માં (અમુક ભાઈઓ) હતા ને ? ક્યાં ગયા ? પેલા નહિ ભાઈ ? શુભભાવ એ સંવર (છે), એ 'પ્રશ્ન વ્યાકરણ'માં

આવે છે. (સંવત) ૧૯૭૬ની સાલમાં પહેલા ગયા ત્યારે (ચર્ચા) ચાલતી હતી. ૧૯૭૬. 'પ્રશ્ન વ્યાકરણ'માં એવો ભાવ આવે છે. શુભભાવ સંવર... શુભભાવ સંવર... શુભભાવ સંવર... ભાઈ ! શુભભાવ સંવર હોય નહિ. સમજાણું કાંઈ ? (એ લોકો) બહુ ચર્ચા (કરતા હતા).

(અહીંયા) કહે છે, પાપ :– 'હિંસા, અસત્ય, ચોરી, ઇત્યાદિ જે અશુભભાવ છે તે ભાવ પાપ છે અને તે સમયે કર્મયોગ્ય પુદ્ગલોનું આગમન થવું...' (નવા કર્મમાં આવે છે) 'તે દ્રવ્યપાપ છે.' રજકણ. (તેમાં જીવના...)' ભાવ–પાપ પરિણામ તે નિમિત્ત છે.

'પરમાર્થથી (ખરેખર-વાસ્તવમાં) પુણ્ય-પાપ (શુભાશુભ ભાવ) આત્માને અહિતકર છે,...' લખ્યું છે, દેખોને ! 'આસ્રવ દુઃખકાર ઘનેરે, બુદ્ધિવંત તિન્હેં નિરવેરે.', 'જો યોગનકી ચપલાઈ, તાતૈં હ્વૈ આસ્રવ ભાઈ;' તેથી આસ્રવ છે ભાઈ, એમ કહે છે. સમજાણું ? હે ભાઈ ! એ આસ્રવ છે એમ કહે છે. 'આસ્રવ દુઃખકાર ઘનેરે,...' એ આસ્રવ દુઃખકાર ઘનેરે. શાસ્ત્રમાં બેય દુઃખ પરિણામ, દુઃખનું કારણ કહ્યું. 'બુદ્ધિવંત તિન્હેં નિરવેરે.' સમજુ આત્માના જ્ઞાની એ શુભાશુભ ભાવને અટકાવે છે અને આત્માની સન્મુખ થાય છે, તેને સંવર થાય છે. સમજાણું ?

'તથા આત્માની ક્ષણિક અશુદ્ધ અવસ્થા છે.' શુભ-અશુભભાવ આત્મા ત્રિકાળ આનંદમૂર્તિ એની શુભાશુભ ભાવ અશુદ્ધ અવસ્થા છે. સમજાણું કાંઈ ? 'દ્રવ્ય પુણ્ય-પાપ તો પર વસ્તુ છે તે કાંઈ આત્માનું હિત-અહિત કરી શકતા નથી.' જડ કર્મ કાંઈ હિત-અહિત કરતા નથી. 'આમ બરાબર નિર્ણય દરેક જ્ઞાની જીવને હોય છે, અને આ પ્રમાણે વિચાર કરી સમ્યગ્દષ્ટિ જીવ સ્વદ્રવ્યના આલંબન દ્વારા...' ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એના અવલંબનના આશ્રયના એકાકાર દ્વારા 'જેટલા અંશે આસ્રવભાવને દૂર કરે છે તેટલા અંશે તેને વીતરાગતાની વૃદ્ધિ થાય છે,...' શુદ્ધિની વૃદ્ધિ થાય. 'તેને આસ્રવ ભાવના કહેવામાં આવે છે.' લ્યો ! સમજાણું કાંઈ ?

આસ્રવ કરવાની ભાવના કરવી ? કે આસ્રવ દૂર કરવાની ભાવના કરવી ? એમ કીધું અહીં. પુણ્ય-પાપના ભાવ 'બુદ્ધિવંત તિન્હેં નિરવેરે, દુઃખકાર ઘનેરે' (છે) માટે.

એમ કીધું. ચૈતન્ય જ્ઞાનાનંદ મૂર્તિ, એને અંતર દૃષ્ટિમાં લઈને શુભાશુભ ભાવ દુઃખદાયક છે (એને) નિરવેરે–છોડે કે કરે ? ભાવના ભાવે આસ્રવની કે, પુણ્ય હોય તો ઠીક ને પુણ્ય હોય તો આમ ઠીક ને ? સમજ મેં આયા ? મિથ્યાદૃષ્ટિ એમ માને છે. પુણ્ય આસ્રવ હોય તો ઠીક. જ્ઞાની એને છોડવા માગે છે. આહા..હા...! બે ભાવના થઈ. (હવે) ત્રીજી.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ક્યાં ચડાવે ? ધૂળમાં ? ઇ કહે, આત્મા પુણ્ય-પાપના ભાવ રહિત એકાગ્રતા કરે એ ઊંચે ચડે. ઓલો નીચે ઉતરતો જાય. આહા..હા..! નીચે એટલે ચાર ગતિ. આત્માના શુદ્ધ સ્વભાવની ગતિ અંતરમાં એકાગ્ર થાય તેમ ઊંચો ચડતો જાય. પોતાના સ્વભાવથી ખસીને પુણ્ય-પાપમાં આવતો જોય એમ નીચે પડતો જાય. આહા..!

---

## ૮-સંવર ભાવના

**જિન પુણ્ય-પાપ નહિં કીના, આતમ અનુભવ ચિત દીના;**
**તિનહી વિધિ આવત રોકે, સંવર લહિ સુખ અવલોકે. ૧૦.**

અન્વયાર્થ :– (જિન) જેઓએ (પુણ્ય) શુભ ભાવ અને (પાપ) અશુભ ભાવ (નહિં કીના) કર્યા નથી, અને માત્ર (આતમ) આત્માના (અનુભવ) અનુભવમાં [શુદ્ધ ઉપયોગમાં] (ચિત) જ્ઞાનને (દીના) લગાવ્યું છે (તિનહી) તેઓએ (આવત) આવતાં (વિધિ) કર્મોને (રોકે) રોક્યા છે અને (સંવર લહિ) સંવર પ્રાપ્ત કરીને (સુખ) સુખનો (અવલોકે) સાક્ષાત્કાર કર્યો છે.

ભાવાર્થ :– આસ્ત્રવનું રોકાવું તે સંવર છે. સમ્યગ્દર્શનાદિ વડે મિથ્યાત્વાદિ આસ્ત્રવો રોકાય છે. શુભ ઉપયોગ અને અશુભ ઉપયોગ બન્ને બંધના કારણ છે એમ સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રથમથી જ જાણે છે. જોકે સાધકને નીચલી ભૂમિકામાં શુદ્ધતાની સાથે અલ્પ શુભાશુભ ભાવ હોય છે તોપણ તે બન્નેને બંધનું કારણ માને છે, તેથી

સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વદ્રવ્યના આલંબનવડે જેટલા અંશે શુદ્ધતા કરે છે તેટલા અંશે તેને સંવર થાય છે, અને ક્રમે ક્રમે તે શુદ્ધતા વધારીને પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત કરે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પોતે સ્વસન્મુખતાપૂર્વક જે શુદ્ધતા (સંવર) પ્રાપ્ત કરે છે તે સંવર ભાવના છે.

---

હવે સંવર ભાવના. દેખો ! 'જિન પુણ્ય-પાપ નહિં કીના, આતમ અનુભવ ચિત દીના;' લ્યો ! આ તો દેશી હિન્દી 'દૌલતરામજી'ની છે. 'દૌલતરામ' (કૃત) 'છ ઢાળા'. સાદી દેશી ભાષા છે.

**જિન પુણ્ય-પાપ નહિં કીના, આતમ અનુભવ ચિત દીના;**
**તિનહી વિધિ આવત રોકે, સંવર લહિ સુખ અવલોકે. ૧૦.**

કેટલો શબ્દ મૂક્યો છે, જુઓ ! ઓહો..હો..! સાક્ષાત કરે સંવરને–સુખને, એમ. અન્વયાર્થ :– 'જેઓએ શુભભાવ અને અશુભભાવ કર્યા નથી,...' દેખો ! જે સમ્યગ્દૃષ્ટિ આત્માના શુદ્ધ પવિત્ર દૃષ્ટિમાં શુભ-અશુભભાવ કરવું છોડી દઈને 'અને માત્ર આત્માના અનુભવમાં...' દેખો ! શુભ અને અશુભભાવ બેય બંધનું કારણ છે. આત્માના તરફની દૃષ્ટિ જ્ઞાન શુદ્ધ ઉપયોગ તે જ મોક્ષનું કારણ છે. 'જિન પુણ્ય-પાપ નહિં કીના, આતમ અનુભવ ચિત દીના;...' દેખો ! ઓલા પુણ્ય-પાપ ભાવ આત્મા નહિ. હૈ કિ નહિ ઇસમેં ? ઘણું સમાડ્યું છે. જેણે ભગવાનઆત્મા, એ પુણ્ય-પાપના આસ્રવના પરિણામ રહિત જેણે જાણ્યો, જોયો, માન્યો છે એવા જીવે પુણ્ય-પાપને કરવું છોડી દઈ ને આતમ અનુભવમાં ચિત્ત દીધું છે. આત્માની શુદ્ધ પરિણતિમાં જેણે ચિત્ત દીધું છે. પછી પરિણતિ ઉપયોગ થાય ત્યારે શુદ્ધતા થાય. સમજ મેં આયા ? આ..હા..!

'જિન પુણ્ય-પાપ નહિં કીના,' એ યોગની ચપલાઈ સામે આ લીધું. 'આતમ અનુભવ ચિત દીના;...' ભગવાનઆત્મા શાંત અનાકૂળ આનંદસ્વરૂપ, એને અનુસરીને અનુભવ કરવો.

અનુભવ રત્ન ચિંતામણિ અનુભવ હૈ રસ કૂપ,
અનુભવ મારગ મોક્ષનો ને અનુભવ મોક્ષ સ્વરૂપ.

અરે..! એ વાત રુચે નહિ અને શુભ-અશુભભાવ રુચે એના નિવેડા–આરા ક્યાંથી આવે ? અહીં તો જન્મ-મરણ રહિત દશા ન થાય એ દશાને દશા જ ગણવામાં આવતી નથી. આહા..હા..! સ્વર્ગ મળે કે નરક મળે કે રાજા થાવ કે રંક થાવ, પાંચ પાંચ લાખના અશ્વ–ઘોડા 'અમેરીકા'ના થાવ. મોટા અશ્વ ને બળદ થાય છે ને ?

મુમુક્ષુ :– શરતના ઘોડા ?

ઉત્તર :– હા, શરતના ઘોડા મોટા, બળદ પણ મોટા મોટા લાખ લાખ, સવા સવા લાખના (થાય). સમજાય છે ? એ બધા ચાર ગતિના સ્થાન દુઃખરૂપ, દુઃખરૂપ (છે). શુભ-અશુભભાવ કરવાનો ભાવ જેણે છોડ્યો છે અને ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ જ્ઞાનાનંદ ભગવાન, એની જેણે ભાવના કરી છે, એ ભાવના કહો કે અનુભવ કહો કે શુદ્ધ ઉપયોગ કહો, એમાં જેણે પોતાનું ચિત્ત દીધું છે તેણે 'આવતાં (વિધિ) કર્મોને રોક્યા છે...' એ કર્મને રોકે છે. દેખો ! શુભ-અશુભભાવ એ કર્મને આવવાનું કારણ છે અને શુભાશુભ ભાવ રહિત આત્માના ભાવની શુદ્ધતાની દશા એ કર્મને રોકવાનું કારણ છે. એમાં છે કે નહિ ?

આત્માના અનુભવમાં ચિત્ત રાખ્યું છે. ઓ..હો..! સમજાણું ? શુદ્ધ સ્વરૂપ પોતાનું નિજ આનંદ મહાન પરમેશ્વરપદ પોતાનું (છે). અરે..! પોતાનું પરમેશ્વરપદ ભૂલી અને પામર પુણ્ય-પાપના પામર પદમાં જેની પ્રીતિ છે એને ચાર ગતિમાં રખડવાના ફળ છે. સમજાણું કાંઈ ? પોતાના પરમેશ્વર પદને સંભારનાર, યાદ કરનાર, એમાં ચિત્ત દેનાર શુભાશુભભાવને કરતો નથી. જેટલા પ્રકારમાં શુદ્ધભાવની પરિણતિ કરે છે એટલા પ્રકારમાં તેને કર્મ આવતા રોકાય જાય છે. તેને ભગવાન સંવર કહે છે, એને ભગવાન સંવર કહે છે. આ તો હિન્દી ભાષા(માં) 'છ ઢાળા' 'દૌલતરામજી' કૃત છે.

મુમુક્ષુ :– જ્ઞાનીની તો આવી જ વાત હોય.

ઉત્તર :– એવી જ વાત હોય ને, બીજી શું વાત હોય ? આહા..! 'દૌલતરામજી' કહતે હૈં તો અપને ઘર કી બાત નહીં કરતે હૈં. સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્માએ જે કહ્યું છે (તે) 'છ ઢાળા'માં (કહે છે) અને હિન્દી 'છ ઢાળા', સાદી હિન્દી ભાષા છે, ૯૩ ગાથા છે. સમજાણું ? જુઓને ! સંવરની વ્યાખ્યા છે. પુણ્ય ને પાપ એ સંવર નહિ,

એ આસ્રવ (છે).

મુમુક્ષુ :– શુભજોગ સંવર નહિ ?

ઉત્તર :– ઇ શુભ જોગ પુણ્ય કીધું ને. એ પુણ્ય કીધું હતું. આસ્રવ કીધો ને. પુણ્ય કહો કે શુભ યોગ કહો, પુણ્યભાવ પુણ્ય કહો કે શુભ યોગ કહો બેય એક જ છે. ભાવ પુણ્ય કહો કે શુભ જોગ કહો, ભાવ પાપ કહો કે અશુભ જોગ કહો. દ્રવ્ય પુણ્ય-પાપ એ રજકણ જડની દશા અને ભાવ પાપ-પુણ્ય એ આત્માની અશુદ્ધ દશા, એ વાત માથે આવી ગઈ. અરૂપી અશુદ્ધભાવ. પોતાનું પરમેશ્વરપદ જ હજી ગોઠે નહિ, પોતાનું પરમેશ્વરપદ જે હજી રુચે નહિ, એને પરમેશ્વર પદ પ્રાપ્ત કરવાનું વીર્ય કેમ સ્ફૂરે ? જેને પુણ્ય ને પાપના ભાવ જે પામરભાવ રુચે એને આત્મ પરમેશ્વરપદ કેમ રુચે ?

એથી અહીંયાં ગ્રંથકાર કહે છે 'દૌલતરામજી' પંડિત થયા. સમજે ? કે, 'જિન પુણ્ય-પાપ નહિં કીના, આતમ અનુભવ ચિત દીના;' એ આત્મઅનુભવ કોને હશે ? આઠમા-નવમાની વાત હશે આ ? આ તો પહેલેથી વાત કરે છે. સમજાય છે કાંઈ ? 'તિનહી વિધિ આવત રોકે, સંવર લહિ સુખ અવલોકે.' દેખો ! ભાષા. એ ધર્મી જીવ પોતાના અત્મામાં, અનુભવમાં ચિત્ત દઈને શુભાશુભ ભાવને રોકે છે. એ 'સંવર પ્રાપ્ત કરીને સુખનો સાક્ષાત્કાર કર્યો છે.' સુખને અવલોકે છે. ઇ અતીન્દ્રિય આનંદને જોવે છે. શું કહ્યું ? કે, પુણ્ય-પાપના ભાવ એ દુઃખરૂપ છે. સામે દુઃખકારી કહ્યું હતું ને ? સામે દુઃખકારી કહ્યું હતું ને ? નવમામાં. 'આસ્રવ દુઃખકાર'. ત્યારે સંવર આનંદને અવલોકે છે અર્થાત્ સંવરમાં આનંદ થાય છે. એને સંવર કહીએ. અતીન્દ્રિય આનંદને (અવલોકે છે). આત્મા અતીન્દ્રિય આનંદ એનું અવલોકન–તેનું સાક્ષાત્કાર થવું એવી દશામાં જે સુખનો આનંદ આવે એ દશાને સંવર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

બહારમાં એને બીજા કરતા સારો કહે ને તો ખુશી થઈ જાય. આ પુણ્ય-પાપ કરતા ને સ્વર્ગ કરતા તું સારો છે એમાં ખુશી નથી થાતો. ઉં..હું..હું (કરે છે). બીજા કરતા એમ કહે કે, હા હોં, તમે તો બહુ હોંશિયાર હોં, ઓ..હો..! એના કરતા તમે બહુ બુદ્ધિશાળી. (એને એમ થાય કે), બીજા કરતા અધિક તો ઠરાવ્યો. અહીં કહે છે કે, એલા પણ પુણ્ય-પાપના ભાવ અને શરીર કરતા તું જુદો સારો છો. (તો કહે),

ના, ઇ નહિ ભાઈ સાહેબ. જુઓને ભાઈ, બાપ પાસે પૈસા નહોતા, તમે આટલી ઉન્નતથી કર્યા, ભેગા કર્યા, આવું કર્યું, મકાનો કર્યા... સમજ્યા ને ? બાહુબળે કમાણા, બાહુબળે મકાનો કર્યા, બાહુબળે આબરું મેળવી ને હવે ભૂહાંડીયો વાળીને ચાલ્યા જાવ. મરીને જાવ હવે હેઠે. શેના કર્યા ? ધૂળ કર્યા તેં ? ત્યાં એને ખુશી થાય, હા. તમે તો બહુ, ભાઈ ! ઝાડ રોપ્યા છે, આંબા રોપ્યા છે, બાપા ! તમે તો, ઓહો..હો..! એમ કહે. ઇ (એક ભાઈ) કહેતા. ગરાસિયાઓ (બીજા ભાઈને કહેતા), આંબા રોપ્યા છે. એ તો માણસ અમીર માણસ હતા. પણ આ તો લોકો ... તો (એમ કહે), ઓહો..હો..! પૈસા ખર્ચ્યા, આ કર્યું, આ કર્યું, આ કર્યું, આંબા રોપ્યા, બાપા ! આંબા પાકવાના હવે. અરે..! ભગવાન ! ઇ ખુશી થાય. અહીં કહે છે કે, એલા તેં આંબા રોપ્યા, આત્માના પવિત્ર ભાવની રુચિ અને દૃષ્ટિ કર, શુભાશુભ ભાવની રુચિ છોડ. તેં આંબા રોપ્યા ત્યાં કેવળજ્ઞાનના કંદના ફળ પાકશે. (તો કહે), ઇ નહિ.. ઇ નહિ.

નિમિત્ત અને શુભ પરિણામ વિના ચાલે એવું તારું તત્ત્વ છે, સાંભળને ! એવો સ્વાધીન ભગવાન, જેની નજરું કરતા વિકારનો નાશ થાય, જેની નજરું કરતા ન્યાલ દશા પ્રગટે, જેની નજરું કરતા પરમાત્મા પોતે છે એમ પ્રતીતમાં આવે. એવો ભગવાનઆત્મા એ તને રુચે નહિ. અહીં સંવર અધિકાર છે, સાક્ષાત્કાર કર, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ભાઈ ! શેઠે બહુ કર્યા હશે. સંવર બહુ કર્યા છે, કહે છે. ભાઈ ! એમ કહે, અત્યાર સુધી સંવર ઘણાં કર્યા. ઇ સંવર ધૂળમાંય સંવર નહોતા. મિથ્યાત્વભાવ હતો ને માનતા કે અમે સંવર કર્યા. એ... ભાઈ ! ઇ ભાઈએ બહુ સામાયિક કરી હતી. આહા..હા..!

ભાઈ ! એકકોર પ્રભુને મુકીને તું વાતું કર. આ પ્રભુ પોતે બિરાજતા હોય અને એના દુશ્મનો હોય એની સાથે તું મેળ કર, એ પ્રભુ શી રીતે પ્રસન્ન થશે ? સમજાણું કાંઈ ? આહા..હા..! ભગવાન પરમેશ્વર બિરાજે છે ને ! આનંદકંદવાળું તારું (સ્વરૂપ), એની સામું ન જોઈને એકલા વિકારની સાથે પ્રેમ કરીને પડ્યો, એ પ્રભુ પ્રસન્ન થઈને શી રીતે પ્રગટશે ? સમજાણું કાંઈ ?

અહીં તો ભાષા ભારે મુકી છે ! સુખને અવલોકે. ભાષા જુદી છે, જોયું ? પેલો દુઃખને અવલોકતો. શુભ-અશુભભાવ એ દુઃખને અવલોકતો. એ દુઃખ છે એમ જાણતો

નહોતો પણ દુઃખ ઉપર એની નજરું હતી. અજ્ઞાનીની અનાદિથી શુભ અને અશુભભાવમાં દુઃખમાં નજરું હતી. આ આત્મા દુઃખ અને આસ્રવ વિનાના ચીજ છે એમ જ્યાં નજર કરતાં એ સંવરના ભાવમાં આત્મા આનંદરૂપે અવલોકે અને એની પર્યાયમાં આનંદનું અવલોકનનું વેદન થાય એને ભગવાન સંવર કહે છે. આહા..હા..! કહો, ભાઈ ! સાક્ષાત્કાર કર્યો. સમજાય છે ? 'સંવર લહિ સુખ અવલોકે...' આમાં કાંઈ શબ્દાર્થ નથી. સુખ પ્રાપ્તિ કિયા, બસ ! એટલો જ અર્થ કર્યો છે. સંવર મેં આનંદ કી અનુભૂતી હોતી હૈ, એટલું કહ્યું છે. સંવર મેં આનંદ કી અનુભૂતી. આમાં શું કર્યું છે ? સાક્ષાત્કાર કિયા, ઠીક કર્યું છે. આ પહેલા મુક્યું. સંવર સુખકા સાક્ષાત્કાર કિયા હૈ. આપણે લખ્યું છે. એમાંથી લખ્યું છે, મૂળ એમાંથી બનાવ્યું છે. સમજાણું ?

મુમુક્ષુ :- જોરદાર છે.

ઉત્તર :- જોરદાર છે. એવું સ્વરૂપ જ છે, એમ કહે છે. જે અનંત કાળથી શુભ-અશુભભાવની ભાવના ભાવતા એકલા દુઃખના જ વેદનને એણે જોયું છે. એ શુભ-અશુભભાવની ભાવના છોડી, ચૈતન્ય સ્વરૂપ ભગવાનઆત્મા એની ભાવના કરતા જે સુખનું અવલોકન થતાં વર્તમાન દશામાં પણ સુખ પ્રગટ થતાં એ સુખને અવલોકે એટલે સાક્ષાત્કાર કરે છે. જે સુખ શક્તિમાં પડ્યું હતું... સમજાય છે કાંઈ ? જે સુખ શક્તિમાં હતું એને એકાગ્ર કરીને સાક્ષાત પર્યાયમાં સુખને પ્રગટ કરે છે. તેને સંવર કહેવામાં આવે છે અને એ સંવર મુક્તિનો ઉપાય છે, એમ ભાવના ભાવે છે, લ્યો ! (વિશેષ કહેશે...) (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)

❀

## વીર સંવત ૨૪૯૨, ફાગણ સુદ ૧૩, શનિવાર
## તા. ૦૫-૩-૧૯૬૬, શ્લોક–૧૦, ૧૧. પ્રવચન નંબર–૪૩

'દૌલતરામજી' કૃત 'છહ ઢાલા' હૈ. ઉસમેં પાંચવીં ઢાલ ચલતી હૈ. દસવીં ગાથા, સંવર ભાવના આઠવીં હૈ. દેખો ! સંવર ભાવના કિસકો કહતે હૈં ? કિ, 'આસ્રવ કો રોકના સો સંવર હૈ.' ભાવાર્થ હૈ, ભાવાર્થ. આસ્રવ ક્યા (હૈ) ? 'સમ્યગ્દર્શનાદિ દ્વારા મિથ્યાત્વાદિ આસ્રવ રુકતે હૈં.' પહલે તો અપના શુદ્ધ આનંદસ્વરૂપ કા અભેદ સ્વભાવ કી દૃષ્ટિ અનુભવ મેં કરકે મિથ્યાત્વ કા આસ્રવ રુકતા હૈ. સમજ મેં આયા ? દેખો ! ચિત્ર મેં ઢાલ લી હૈ ના, ઢાલ ! ઢાલ. ઢાલ હોતી હૈ ના ? ઢાલ. શસ્ત્ર કો રોકને કી ઢાલ હોતી હૈ ના ? ભૈયા ! ઐસે ક્યા ? આત્મા શરીર, કર્મ, પુણ્ય-પાપ કે ભાવ સે રહિત ઔર અપને શુદ્ધ આનંદાદિ અનંત ગુણ સહિત, ઐસા અપના શુદ્ધ સ્વરૂપ એકરૂપ આનંદરૂપ (હૈ) ઉસકા અંતર મેં એકાકાર હોકર અનુભવ કી દૃષ્ટિ કરકે સમ્યગ્દર્શન પ્રગટ કરના વહી મિથ્યાત્વરૂપી આસ્રવ રોકને કી ઢાલ હૈ. સમજ મેં આયા ? ઢાલ.. ઢાલ. ઇસકા નામ ભી 'છહ ઢાલા' હૈ ના ? 'છહ ઢાલા'. ઢાલ.

મિથ્યાશ્રદ્ધા, જો આત્મા પૂર્ણ અનંત શુદ્ધ આનંદકંદ હૈ, ઉસકો એક સમય કે અંશ જિતના માનના અર્થાત્ ઉસકો પુણ્ય-પાપ કા વિકારવાલા માનના ઔર ઉસકો શરીર, કર્મ સહિત હી માનના ઔર શરીર, કર્મ આદિ પરપદાર્થ કી ક્રિયા કરનેવાલા માનના વહ મિથ્યાત્વ આસ્રવ હૈ.

મુમુક્ષુ :– જૈનને બધું હોય ?

ઉત્તર :– જૈન કિસકો કહના ? સંપ્રદાય મેં જન્મ લિયા તો જૈન હો ગયે ? ભગવાનઆત્મા જો અપના પૂર્ણ સ્વરૂપ શુદ્ધ એકરૂપ (હૈ) ઉસકી અનાદિ સે દૃષ્ટિ

છૂટકર, પરપદાર્થ (જો) અપને સે ભિન્ન હૈં, ઉસકા કર્તા માનતા હૈ. કર્તા માનતા હૈ તો અપને કો ઔર પર કો એક માને બિના પર કા કર્તા માન સકતા નહીં. બરાબર હૈ ?

અપને અલાવા પરપદાર્થ શરીર, વાણી, કર્મ આદિ જડ અથવા અન્ય જીવ ઉસકા કાર્ય મૈં કર સકતા હૂં ઔર મૈં ઉસ કાર્ય કા કારણ હૂં, ઐસા માનનેવાલા પરદ્રવ્ય કો હી (અપને સાથ) એકરૂપ માનતા હૈ. પર સે પૃથક્ વહ માનતા નહીં. ઉસકા નામ હી મિથ્યાત્વભાવ હૈ.

દૂસરા, શુભ ઔર અશુભભાવ જો પુણ્ય-પાપ વિકારભાવ હૈ વહ મલિન, વિકૃત, ઉપાધિ વિભાવ હૈ, ઉસકા ભી મૈં કરનેવાલા ઉસ વિકાર કો હી અપને સ્વભાવ મેં અપનાતા હૈ ઔર અપના માનતા હૈ, ઉસકા નામ મિથ્યાદર્શન આસ્રવ હૈ. ભાઈ ! કૌન અભી કોઈ આયા થા ના ? આપ કે સાથવાલા કોઈ થા. કોઈ આયા થા, કહતા થા કિ, હમ લોગ સબ મિલકર ભાષણ કરતે હૈં. કોઈ કહતા થા. અભી આયે થે ના ? સુનકર ઉસે લગા કિ, યહ કરને જૈસા લગતા હૈ, યહાં રહને જૈસા હૈ. સુનકર ઐસા હો ગયા. ઐસા બોલે થે બેચારે. હમ તો ભાષણ કરે. ફિર મૈંને આપ કા નામ દિયા. આહા..હા...! અરે..! ભાષણ કૌન કરે ? યહ જડ કી પર્યાય (હૈ). દૂસરે કો કૌન સુધાર સકે ? વહ પર કી પર્યાય (હૈ).

યહાં તો કહતે હૈં કિ, અપને મેં પુણ્ય-પાપ કા ભાવ જો શુભ-અશુભ હૈ વહ અપને સ્વરૂપ મેં નહીં, તો ઉસકા કર્તા હો તો ઉસકી વિકાર ઉપર હી હૈ. ઔર વિકાર પર દૃષ્ટિ હોને સે નિર્વિકારી ભગવાન શુદ્ધ ચિદાનંદ (કા) ઉસકી દૃષ્ટિ મેં અનાદર હૈ. સમજ મેં આયા ? સૂક્ષ્મ બાત હૈ. અનંતકાલ મેં ઉસને ક્યા આત્મા, ક્યા વિકાર ઔર ક્યા પર ઉસકા કભી ભેદજ્ઞાન કિયા નહીં. ઔર ભેદજ્ઞાન હી સંવર હૈ. સંવર હૈ ના ? દેખો !

'ભેદજ્ઞાન હી જ્ઞાન હૈ, બાકી બૂરો અજ્ઞાન, ધર્મદાસ ક્ષુલ્લક કહે, હેમરાજ તુ માન.' ભેદજ્ઞાન ક્યા (હૈ) ? કિ, આત્મા શુભ-અશુભભાવ કૃત્રિમ ક્ષણિક સે ભી ભિન્ન હૈ ઔર પરદ્રવ્ય સે તો ત્રિકાલ ભિન્ન હૈ હી ઔર અપને સ્વરૂપ મેં વર્તમાન મેં અલ્પ જ્ઞાન, દર્શન, વીર્ય કા જો અલ્પ વિકાસ દિખતા હૈ વહ એક સમય કી અવસ્થા

હૈ. વહ પૂર્ણ આત્મા નહીં. ઉસ અવસ્થા કી દૃષ્ટિ છોડકર, શુભાશુભભાવ કી પ્રીતિ–રુચિ છોડકર, પર કી રુચિ છોડકર અપને અખંડ જ્ઞાયક સ્વભાવ મેં અંતર્મુખ મેં અંતરદૃષ્ટિ કરના ઉસકા નામ સમ્યગ્દર્શન (હૈ). મિથ્યાદર્શન રોકને કો વહ ઢાલ હૈ. સમજ મેં આયા ? (ઉન્હોં ને) મહાસત્તા કા પ્રશ્ન કિયા થા. ભગવાનઆત્મા...!

**જિન પુણ્ય-પાપ નહિં કીના, આતમ અનુભવ ચિત દીના;**
**તિનહી વિધિ આવત રોકે, સંવર લહિ સુખ અવલોકે. ૧૦.**

ઇતને શબ્દ (હૈં). 'દૌલતરામજી' ને એક પંક્તિ મેં, ગાગર મેં સાગર દિયા હૈ. 'જિન પુણ્ય-પાપ નહિં કીના,' દૂસરી બાત તો કહાં રહી ? યહાં તો 'કીના' પર વજન હૈ. પર કા કરના તો કહાં રહા ? લેકિન શુભ ઔર અશુભભાવ ભી મેરી ચીજ નહીં. ઉસકો ભી દૃષ્ટિમેં સે છોડકર 'આતમ અનુભવ ચિત દીના;' ભાઈ ! યહાં 'કીના' શબ્દ હૈ ના ? ઉસ પર પૂરા વજન હૈ.

'જિન પુણ્ય-પાપ નહિં કીના,' જિસને ભગવાનઆત્મા પર અંતર ચિંતવન કી એકાગ્રતા દ્વારા, શુભાશુભભાવ કા કર્તા ન હુઆ ઔર પુણ્ય-પાપ પર સે જિસને લક્ષ્ય છોડ દિયા. 'આતમ અનુભવ ચિત દીના;' આત્મા ભગવાન અનાકુલ આનંદ કા ભંડાર ભરા હૈ. મહાઆનંદ કા લાભ ઐસા જો મોક્ષ, ઉસકા કારણ જો મોક્ષમાર્ગ, ઉસકા કારણ જો આત્મદ્રવ્ય. મહાઆનંદ કા લાભ જો મોક્ષ... સમજ મેં આયા ? મોક્ષ કી વ્યાખ્યા યહ (હૈ). વહ પહલે આ ગયા હૈ. મહાઆનંદ કા લાભ મોક્ષ (હૈ). યહાં આ ગયા હૈ ના ? 'નિયમસાર' મેં આ ગયા. 'નિયમસાર' મેં. મહાઆનંદ કા લાભ. અપની પર્યાય મેં અતીન્દ્રિય મહાઆનંદ કા લાભ (હોના) વહ મોક્ષ (હૈ). ઉસકા કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જો અપૂર્ણ, અપૂર્ણ અલ્પ આનંદરૂપ (હૈ), સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અલ્પ આનંદરૂપ, વહ મહાઆનંદરૂપ કા કારણ મોક્ષ કા માર્ગ (હૈ). સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. ઇસ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કા કારણ દ્રવ્ય સ્વભાવ (હૈ). સમજ મેં આયા ?

દ્રવ્ય નામ વસ્તુ. એક સમય મેં સચ્ચિદાનંદ પૂર્ણ શુદ્ધ જ્ઞાન, શુદ્ધ દર્શન, શુદ્ધ આનંદ આદિ એકરૂપ વસ્તુ દ્રવ્ય, જિસકો યહાં 'નિયમસાર' મેં કારણપરમાત્મા કહા. યહાં ઉસકો દ્રવ્ય કહા, ધ્રુવ કહા. યહ ધ્રુવ મોક્ષમાર્ગ કી પર્યાય કા કારણ (હૈ), મોક્ષમાર્ગ

કી પર્યાય મોક્ષ કા કારણ (હૈ). મોક્ષ કા કારણ મોક્ષમાર્ગ કી પર્યાય ઔર મોક્ષમાર્ગ કી પર્યાય કા કારણ દ્રવ્ય સ્વભાવ (હૈ). સમજ મેં આયા ? ક્યા (કહા) ?

મુમુક્ષુ :- અલ્પતા ક્યોં કહા ?

ઉત્તર :- થોડા હૈ ના ? ઉસમેં અભી મોક્ષમાર્ગ હૈ. પૂર્ણ નહીં, પૂર્ણ તો મોક્ષ હો તબ હોતા હૈ. પૂર્ણ મોક્ષપર્યાય તો પૂર્ણ આનંદ હોતા હૈ તબ હોતા હૈ. યહ તો કારણરૂપ અલ્પ શુદ્ધતા હૈ. પૂર્ણ શુદ્ધતા પ્રગટ હો તો મોક્ષ હો જાયે.

મુમુક્ષુ :- સમ્યક્ત્વ કી અલ્પતા ક્યોં કહી ?

ઉત્તર :- સમ્યગ્દર્શન કી અલ્પતા નહીં. સમ્યગ્દર્શન-જ્ઞાન મેં અલ્પ આનંદ હૈ. મોક્ષમાર્ગ મેં અલ્પ આનંદ (હૈ). માર્ગ હૈ ના ? કારણ હૈ ના ? કાર્ય હુઓ તો પૂર્ણાનંદ હો ગયા. ઉસકા આશ્રય જો કરના હૈ, સમ્યગ્દર્શન કા આશ્રય હૈ વહ તો પૂર્ણાનંદ આત્મદ્રવ્ય હૈ. પરંતુ આનંદ કી પ્રતીતિ હુઈ ઉસમેં આનંદ આયા વહ અલ્પ આનંદ આયા હૈ. પૂર્ણ આનંદ પ્રગટ હો જાયે તો મોક્ષ હો જાયે. સમજ મેં આયા ? આહા..હા...!

યહાં કહતે હૈં, 'આતમ અનુભવ ચિત દીના;' દેખો ! ભાષા કૈસી હૈ ? 'જિન પુણ્ય-પાપ નહિં કીના,' શુભ-અશુભભાવ, દૂસરી બાત તો કહાં રહી ? શરીર, કર્મ, બાહ્ય પદાર્થ કા કાર્ય તો નહીં પરંતુ શુભ-અશુભભાવ ભી નહીં કિયા ઉસને આતમ અનુભવ ચિત્ત દિયા. આત્મા અખંડ જ્ઞાયકમૂર્તિ હૈ, ઉસમેં ઉસકા મન લગા. ક્યા હુઆ ? 'અનુભવ' શબ્દ (કા અર્થ) શુદ્ધઉપયોગ હૈ. શુભ-અશુભભાવ હૈ ના ? પુણ્ય ઔર પાપ શુભ-અશુભભાવ હૈ, આસ્રવ હૈ. ઉસકો રોકકર અર્થાત્ ઉસ ઓર કા લક્ષ્ય ઔર કર્તાપને કી બુદ્ધિ છોડકર, ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ આત્મતત્ત્વ હૈ ઉસમેં ચિત્ત લગાયા તો શુદ્ધ ઉપયોગ મેં આત્મા કા ભાન હુઆ કિ, યહ આત્મા શુદ્ધ આનંદકંદ હૈ. ઐસા શુદ્ધભાવ હુઆ ઉસકે અશુદ્ધભાવ રુકતે હૈં ઔર ઉસકે કર્મ ભી રુક જાતે હૈં. ભાઈ ! યે તો બહુત સંક્ષિપ્ત શબ્દ મેં કહા હૈ. ગાગર મેં સાગર ભર દિયા હૈ. યે 'છહ ઢાલા' તો બહુત ચલતી હૈ કિ નહીં ? લેકિન અર્થ સમજે નહીં.

'આત્મ અનુભવ ચિત દીન; તિનહી વિધિ આવત રોકે,...' ઢાલ. 'વિધિ' નામ આઠ કર્મ. ઉસમેં દો બાજુ ઢાલ લી હૈ, દેખો ! એક ઓર ચાર કર્મ ઔર દૂસરી




ઓર ચાર કર્મ. એક ઘાતિ ઔર અઘાતિ. ભગવાનઆત્મા અપને સ્વભાવ મેં શુદ્ધતારૂપી દૃષ્ટિ ઔર જ્ઞાન કે કારણ અંતર મેં રુકા તો ઉસકો પુણ્ય-પાપ કા ભાવ આદિ બંધ આદિ રુક જાતે હૈં. બાદ મેં 'વિધિ આવત રોકે' વે રુક ગયે. 'સંવર લહિ સુખ અવલોકે.' મહા શબ્દ પડા હૈ. ભગવાનઆત્મા જિસમેં પરમ મહાઆનંદ હૈ. અતીન્દ્રિય, અતીન્દ્રિય અનંત અનંત અચિંત્ય સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા હૈ. સત્ ચિદ્ આનંદ, શાશ્વત આનંદ, ઉસમેં અંતર એકાગ્ર હોતા (હૈ). કહતે હૈં કિ, સંવર ક્યા ? કિ, જિસમેં સંવર લહિ સુખ સાક્ષાત્કાર કરે. આનંદ કા સાક્ષાત્કાર કરે. આહા..હા...! હૈ ?

'સંવલ લહિ સુખ અવલોકે.' દેખો ! અપને 'સાક્ષાત્' કા અર્થ કિયા હૈ. હિન્દી મેં ભી વહી અર્થ હૈ. જો અનાદિકાલ કા શુભ-અશુભભાવ ઔર પરવસ્તુ કા કર્તા ઐસા જો મિથ્યાત્વભાવ (હોતા થા) વહ દુઃખ કા વેદન કરનેવાલા થા. દુઃખ કા વેદન કરનેવાલા થા. ભૈયા ! સમજે ? પુણ્ય-પાપ કા ભાવ મૈંને કિયા, ઐસે વિકાર કો નિર્વિકારી સ્વભાવ મેં એકત્વ કરકે કર્તા હોતા થા તો વહાં ભ્રમણા મિથ્યાભાવ ઉત્પન્ન

હોતા થા. પરંતુ મિથ્યાભાવ મેં અકેલા દુઃખ થા. સમજ મેં આયા ? ઇસ દુઃખ કા નાશ (કિયા). અપના સ્વરૂપ પુણ્ય-પાપ કે વિકલ્પ સે (રહિત હૈ). કર્મ, શરીર સે તો રહિત હૈ હી, ક્યોં ? કર્મ, શરીર તો આત્મા કી એક સમય કી પર્યાય મેં ભી ઉસકી મૌજૂદગી નહીં હૈ. કર્મ, શરીર કી અજીવ કી આત્મા કી એક સમય કી પર્યાય મેં ભી મૌજૂદગી નહીં હૈ. સમજ મેં આયા ? પરંતુ અપની પર્યાય મેં શુભ ઔર અશુભ જો વિકાર કી મૌજૂદગી એક સમય મેં હૈ,.. સમજ મેં આયા ? એક સમય મેં શુભ ઔર અશુભ, દયા, દાન, કામ, ક્રોધ કા શુભાશુભભાવ આત્મા કી પર્યાય નામ અવસ્થા મેં મૌજૂદગી–હયાતી હૈ, ઉસકી ભી રુચિ છોડકર, જ્ઞાયક ચિદાનંદ પૂર્ણ દ્રવ્ય સ્વભાવ મેં ચિત્ત લગાયા તો મિથ્યાભાવ કા નાશ હોકર અર્થાત્ દુઃખ કા નાશ હોકર અર્થાત્ આત્મા કે સુખ કા સાક્ષાત્કાર–અવલોકન હુઆ. આહા..હા..!

મુમુક્ષુ :– ગાગરમેં સે સાગર નિકલા.

ઉત્તર :– સાગરમેં સે થોડા નિકલા. પૂરા સાગર નહીં નિકલા.

મુમુક્ષુ :– દુઃખ દિખતા નહીં.

ઉત્તર :– હરખ સનેપાતિયા કો દુઃખ કા ભાન નહીં હૈ તો કૈસે દિખે ? હરખ સનેપાતિયા સમજતે હો ? ભૈયા ! વાત, પિત્ત ઔર કફ રોગ નહીં હોતા ? સન્નિપાત. ત્રિદોષ. ત્રિદોષ હોતા હૈ ના ? વાત, પિત્ત, કફ કા રોગ. વક્ર હોતા હૈ તો વહ હંસતા હૈ. ક્યા સુખી હૈ ? નહીં. એ.. દેવાનુપ્રિયા ! સનેપાતવાલા હંસતા હૈ. યહ સનેપાત હૈ. મિથ્યાત્વ, અવ્રત ઔર કષાય. અથવા મિથ્યાત્વ, અજ્ઞાન ઔર કષાય યાની અચારિત્ર. યે તીન કા ઉસે રોગ લગા હૈ. જૈસે વાત, પિત્ત ઔર કફ સન્નિપાત ત્રિદોષ કે કારણ દુઃખી હૈ, ફિર ભી હંસતા હૈ. ઐસે અજ્ઞાની અનાદિ સે અપના શુદ્ધ સ્વરૂપ પરમાનંદ કી દૃષ્ટિ સે વિપરીત દૃષ્ટિ, અપને સ્વરૂપ કે જ્ઞાન સે વિપરીત જ્ઞાન, અપને સ્વરૂપ સે વિપરીત રાગ-દ્વેષ કા આચરણ, ઇન તીનોં કા ઉસકો ત્રિદોષ લગા હૈ. બરાબર હૈ ? ઇસ ત્રિદોષ કે કારણ ઉસે પૂર્ણ દુઃખ હૈ (લેકિન) ભાન નહીં. મૈં દુઃખી હૂં કિ નહીં, માલૂમ નહીં. ભાઈ ! યે દુઃખ નહીં લગતા ? એ... દેવાનુપ્રિયા !

મુમુક્ષુ :– એક બાર વે બહુત રોતે થે.

ઉત્તર :- કબ રોતે થે ? કુછ થા ? સ્ત્રી મર ગઈ તબ ? ક્યા થા ? ઉસ દિન ? હોગા. ઠીક સે યાદ નહીં હૈ. સુખ મેં રોના આતા હૈ, ક્યોં ? દુઃખ હૈ લેકિન ભાન નહીં. કહા ના ? મજબૂત શરીર (હો), ૩૨ સાલ કા યુવાન ઔર વાત, પિત્ત, કફ રોગ ને ઐસા ઘેરા, ઐસા ઘિરાયા (કિ), લોગ દેખે કિ, અભી એક ઘંટે મેં દેહ છૂટા જાયેગા. વહ હંસતા હૈ. વહ સુખ હૈ ? માનતા હૈ. કલ્પના મેં અજ્ઞાન મેં માનતા હૈ. દુઃખ હૈ. હંસતા હૈ વહ દુઃખ હૈ.

ઐસે ભગવાનઆત્મા અપને આનંદસ્વરૂપ કી દૃષ્ટિ, જ્ઞાન ઔર લીનતા છોડકર મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, રાગ-દ્વેષ કે આચરણ મેં રુકકર (સુખી માનતા હૈ). વહ હૈ દુઃખી પૂરા, લેકિન અજ્ઞાની અજ્ઞાન સે સુખ માનતા હૈ. સુખ હૈ હી નહીં. ભાઈ ! કૈસે હોગા યહ ?

મુમુક્ષુ :- દુઃખ માલૂમ ક્યોં નહીં પડતા ?

ઉત્તર :- કહા ના, પાગલ હો ગયા હૈ તો કહાં સે માલૂમ પડે ? સન્નિપાત હો ગયા. ત્રિદોષ મેં ભાન નહીં, કુછ ભાન નહીં. ઓ..હો..હો...! એક શુભરાગ ઉઠના વહ ભી ઉન્માદ, દુઃખ હૈ. આહા..હા...! 'સમાધિશતક' મેં 'પૂજ્યપાદસ્વામી' કહતે હૈં, ઉપદેશ કા એક શુભરાગ ઉઠના (ઉસે ઉન્માદ) આહા..હા...! કહતે હૈં.. ભૈયા ! સમજે ? વહ રાગ હૈ કિ નહીં ? રાગ હૈ વહ ઉન્માદ હૈ. ભગવાનઆત્મા વીતરાગ અનાકુલ આનંદકંદ પ્રભુ હૈ, ઉસસે શુભરાગ ભી આનંદ સે વિપરીત હૈ. વિપરીત હૈ તો શુભરાગ ભી દુઃખરૂપ હૈ. અશુભરાગ તો દુઃખરૂપ હૈ હી, પરંતુ શુભ રાગ હૈ ના ? અપના સ્વરૂપ અનાકૂલ આનંદ, વીતરાગકંદ (હૈ) ઉસમેં સે હટકર શુભ-અશુભ દોનોં ભાવ દુઃખરૂપ હૈં. સમજ મેં આયા ? પરંતુ અજ્ઞાની કો સુખ ક્યા ચીજ હૈ, અંતર મેં ઉસે મિલાન કરને કી તાકત નહીં હૈ તો વહ દુઃખ કો હી સુખ માનતા હૈ. આહા..! સમજ મેં આયા ?

યહાં તો કહતે હૈં, 'જિન પુણ્ય-પાપ નહિં કીના, આતમ અનુભવ ચિત દીના;' ભગવાનઆત્મા શુભાશુભભાવ સે ભી રહિત, ઐસે આત્મા મેં જિસને ચિત્ત દિયા ઉસને આનેવાલે કર્મ કો રોકા. રોકા કા અર્થ-આતે થે ઔર રોકા ઐસા નહીં. ભાષા

તો ઐસી હૈ, દેખો ! 'તિનહી વિધિ આવત રોકે,' સમજ મેં આયા ? અપના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, ઉસમેં દૃષ્ટિ, જ્ઞાન લગાયા તો કર્મ આતે થે ઉસે રોકે, ઉસકા અર્થ ક્યા ? કર્મ આતે થે ઔર અભી રુક ગયે ? લિખા હૈ ઐસા, પરંતુ ઉસકા અર્થ ક્યા ? કિ, ઉસકો કર્મ આતે નહીં, આનેવાલે થે હી નહીં. (આનેવાલે) થે હી નહીં. વહ તો જબ વિકાર કરતા તો ઉસકો નિમિત્ત મેં આનેવાલા થા. યહાં વિકાર નહીં કિયા તો કર્મ આનેવાલા હૈ હી નહીં. પરંતુ આનેવાલા પૂર્વ મેં આયા થા ઉસ અપેક્ષા સે વર્તમાન મેં રોકા ઐસા કહને મેં આતા હૈ. આહા..હા..! ઐસી બાત હૈ. સમજ મેં આયા ?

મુમુક્ષુ :- પૂર્વ મેં જો આયે થે..

ઉત્તર :- પૂર્વ મેં જો આયે થે વે કર્મ પડે હૈં, પડે હૈં, બસ ઇતના.

મુમુક્ષુ :- કિસકો રોકા ?

ઉત્તર :- કહા ના, કિસી કો રોકા નહીં. લેકિન રોકા ક્યોં કહા ? કિ, અપના સ્વભાવ મેં દૃષ્ટિ ઔર જ્ઞાન દિયા તો પહલે જો નહીં દિયા થા ઔર (કર્મ) આયા થા, ઐસે (કર્મ) વર્તમાન મેં નહીં આયા ઉસકો રોકા ઐસા કહને મેં આયા હૈ. સમજ મેં થોડા સૂક્ષ્મ પડેગા. ફિર સે, ફિર સે (લેતે હૈં).

યહાં તો નયે રજકણ હૈ ના ? પહલે મિથ્યાત્વ થા તબ તો મિથ્યાદર્શન કે રજકણ આતે થે. સમજ મેં આયા ? રાગ-દ્વેષ થા તો ચારિત્રમોહ કા રજકણ આતા થા, બસ ઉતના. અબ યહાં સમ્યગ્દર્શન હુઆ તો કર્મ કો રોકા ઉસકા અર્થ ક્યા ? કર્મ આનેવાલે હી નહીં થે. આયા ઔર રોકા કહા વહ તો શબ્દ-કથન હૈ. પૂર્વ કા આયા થા, વહ અભી આયા નહીં. ક્યોંકિ યહાં આત્મા કી દૃષ્ટિ, અનુભવ હુઈ તો કર્મ કા આના ઉસ સમય મેં હુઆ હી નહીં. હુઆ નહીં ઉસકો રોકા ઐસા કહને મેં આતા હૈ. આહા..હા..! સૂક્ષ્મ બાત હૈ.

મુમુક્ષુ :- કર્મ કા ઉદય આયા..

ઉત્તર :- ઉદય આયા નહીં, ઉસકી બાત નહીં. ઉદય કી બાત કૌન કહતા હૈ ? વહ કહાં આયા ? યહાં ઉદય કી બાત નહીં હૈ. નહીં, નહીં. તુમ પકડ નહીં સકે.

ઉદય કી બાત હૈ વહ જડ કી બાત હૈ.

યહાં તો આત્મા પહલે જબ મિથ્યાત્વભાવ કરતા થા ઔર રાગ-દ્વેષ કરતા થા તબ કર્મ આતા થા. કર્મ રજકણ ઉસકે કારણ સે, હાં ! કર્મ કર્મ કે કારણ સે આતા થા. બસ ઇતના. વહ પડા, ઇતના. અબ જબ આત્મા ને અપને સ્વરૂપ મેં ચિત્ત દિયા તો કર્મ આનેવાલા થા હી નહીં. આનેવાલા હૈ ઔર રોકા હૈ ઐસા નહીં હૈ. વહ તો શબ્દ ઐસા બતાયા હૈ. થોડી સૂક્ષ્મ બાતા (હૈ). સમજ મેં આયા ?

આત્મા-અપના શુદ્ધ સ્વરૂપ પરમાનંદ કી મૂર્તિ (હૈ), ઉસકો ભૂલકર પુણ્ય-પાપ કા કર્તા મિથ્યાત્વભાવ મેં હોતા હૈ તો નયા કર્મ ઉસ સમય આનેવાલા થા, ઉસકી યોગ્યતા સે આયા. બસ, ઇતના. અબ જબ અપને આત્મા મેં સમ્યગ્દર્શન પ્રગટ કિયા, અપને મેં ચિત્ત દિયા તો શુભાશુભ ભાવ હુઆ હી નહીં. અપને સ્વરૂપ મેં ચિત્ત દિયા તો મિથ્યાત્વભાવ હુઆ નહીં. મિથ્યાત્વભાવ હુઆ નહીં તો મિથ્યાત્વભાવ સે જો નય કર્મ આનેવાલા થા વહ ભી આયા નહીં. બસ, આયા નહીં ઉસકો રોકા ઐસા કહને મેં આતા હૈ. સમજ મેં આયા ? ભાઈ ! પૂર્વ કે કર્મ કી બાત નહીં હૈ. યહાં તો અભી નયા કર્મ નહીં આયા. નયા કર્મ આનેવાલા થા ઔર નહીં આયા વહ તો એક શબ્દ કી રચના હૈ.

અપને શુદ્ધ સ્વરૂપ કા માનના નહીં થા ઔર મૈં વિકાર હૂં, પુણ્ય-પાપ હૂં, શરીર હૂં, ઐસા વિકારી અંશ કે અસ્તિત્વ મેં ઔર પર કે અસ્તિત્વ કી મોજૂદગી મેં અપના સ્વરૂપ માના થા તો મિથ્યા ભ્રાંતિ થી. ઉસ ભ્રાંતિ કે નિમિત્ત, ભ્રાંતિ નિમિત્ત ઔર નયા દર્શનમોહ આના ઉસકે ઉપાદાન કારણ સે, કર્મ કે ઉપાદાન કારણ સે કર્મ આયા, ઉસકો મિથ્યાત્વ નિમિત્ત કહા. સમજ મેં આયા ? જબ આત્મા ને અપને મેં ચિત્ત દિયા તો મિથ્યાત્વ કા તો નાશ હુઆ. મિથ્યાત્વ કા નાશ હુઆ તો મિથ્યાત્વ કા રજકણ જો પહલે આતા થા વહ અભી નહીં આયા. બહુત સૂક્ષ્મ બાત હૈ. શાસ્ત્ર કી રચના, સમજાવે કૈસે ?

અપને સ્વરૂપ મેં ચિત્ત દિયા તો વિકાર હુઆ નહીં તો નયા આવરણ જો આનેવાલા વહ આયા હીં નહીં. આયા નહીં અર્થાત્ આનેવાલા થા હી નહીં. આહા..હા...! અરે..!

ભગવાન ! સમજ મેં આયા ? યહાં સમ્યક્ અંતર દૃષ્ટિ હુઈ તો ઉસ સમય મિથ્યાત્વ કા રજકણ આનેવાલા થા ? મિથ્યાત્વભાવ હૈ નહીં તો કહાં સે આનેવાલા થા ? સમજ મેં આયા ? થોડી સૂક્ષ્મ બાત (હૈ). શાસ્ત્ર કી ભાષા ઐસી હૈ કિ, અપને સ્વરૂપ કી દૃષ્ટિ, ચિત્ત લગાયા તો ઉસ સમય મિથ્યાભ્રાંતિ તો હૈ નહીં. ભ્રાંતિ હૈ નહીં તો ભ્રાંતિ જિસમેં નિમિત્ત પડતી થી, ઐસા કર્મ જો પહલે આતા થા, વહ આયા નહીં. આનેવાલા થા હી નહીં. ઇન લોગોં કો વિષય નયા લગે, યહાં તો બહુત બાત ચલ ગઈ હૈ.

મુમુક્ષુ :- આને મેં તો ભ્રાંતિ નિમિત્તથી.

ઉત્તર :- ભ્રાંતિ નિમિત્ત થી.

મુમુક્ષુ :- ન આને મેં ભાવ નિમિત્ત હૈ ?

ઉત્તર :- નિમિત્ત યાની આનેવાલ થા હી નહીં, ઉસકા નામ નિમિત્ત. આનેવાલા કૌન થા ? આનેવાલા હો તો યહાં વિકાર હો. સમજ મેં આયા ? વિકાર નહીં હુઆ તો આનેવાલા થા હી નહીં. સૂક્ષ્મ બાત હૈ. તાત્ત્વિક બાત ઐસી ચીજ હૈ. અપને ઉપાદાન મેં જબ ભ્રાંતિ થી કિ, મૈં રાગ હૂં, પુણ્ય કા કર્તા હૂં, શુભઆસ્રવ કા કર્તા હૂં તબ વહ ભ્રાંતિ મિથ્યાત્વ હૈ. તબ તો દર્શનમોહ કર્મ આતા થા. ઉસકે કારણ, હાં ! જડ કે કારણ (આતા થા). ઉસમેં ભ્રાંતિ નિમિત્ત પડતી થી, બસ, ઇતના. અબ જબ ભ્રાંતિ છૂટ ગઈ તો રજકણ આનેવાલા થા હી નહીં. સમજ મેં આયા ? પૂર્વ કા પડા હૈ વહ તો નાશ હો જાયેગા. વહ તો નિર્જરા મેં કહેંગે. યહ તો સંવર કી બાત હૈ ના ? યહ તો સંવર કી બાત હૈ. પૂર્વ કા પડા હૈ વહ તો શુદ્ધતા કી વૃદ્ધિ કે કારણ નાશ હોગા, પરંતુ યહાં નયા આનેવાલા થા ઔર રોકા ઐસા નહીં હૈ. એ..ઇ...! કઠિન બાત હૈ, ભાઈ !

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કૌન રોકે ? યે કર્મ આતે થે, ઉસે રોક દો, ઐસા હૈ ? ઉસકા અર્થ યહ હૈ કિ, અપને શુદ્ધ સ્વરૂપ મેં જહાં ચિત્ત દિયા તો ભ્રાંતિ હુઈ નહીં તો કર્મ આનેવાલા થા હી નહીં. ઉસકો કર્મ રોકા ઐસા કહને મેં આયા હૈ. સમજ મેં આયા ?

તત્ત્વ તત્ત્વ બહુત (સૂક્ષ્મ હૈ). વહ દૃષ્ટાંત દેતે હૈં ના ? જૈસે તાલાબ હૈ કિ નહીં ? ઉસમેં છિદ્ર હૈ. નાવ લો, નાવ. નાવ મેં છિદ્ર હૈ તો પાની આતા થા. છિદ્ર (બંદ કિયા) તો (પાની) રુક ગયા. પાની આતા થા ઔર રોકા હૈ, ઐસા ? બસ, યહાં બંદ કિયા તો પાની આતા હી નહીં. પાની આનેવાલા હૈ હી નહીં, પાનીવાલા હૈ હી નહીં. છિદ્ર બંદ કિયા તો પાની આનેવાલા હૈ હી નહીં. ઐસે યહાં રાગ-દ્વેષ રુકા તો રજકણ આનેવાલા હૈ હી નહીં. આ..હા...! દોનોં સ્વતંત્ર પદાર્થ હૈં. ભૂલ કરતા થા તો ભૂલ નિમિત્ત (હૈ) ઔર નયા રજકણ ઉપાદાન સે આતા થા ઉસકો નિમિત્ત કહતે હૈં. ભૂલ નિકલ ગઈ, ચિત્ત આત્મા મેં દિયા, તો ભૂલ નહીં હૈ, તો આનેવાલા રજકણ જો પૂર્વ મેં આયા થા વહ તો પડા હૈ, અભી નહીં હૈ, નયા આનેવાલા નહીં હૈ, ઉસકો રોકા ઐસા કહને મેં આતા હૈ. કહો, સમજ મેં આતા હૈ ? વહ તો રોકને કા અર્થ કિયા.

અબ યહાં કહતે હૈં, 'સંવર લહિ સુખ અવલોકે.' ઉસમેં ચૌથે પદ મેં બડા પદ પડા હૈ. દેખો ! સંવર. ભગવાનઆત્મા અપને સ્વરૂપ મેં ચિત્ત લગાયા તો શુભાશુભ પરિણામ સે ચિત્ત હટાયા. ચિત્ત લગાયા તો અંતર મેં આત્મા મેં જો અતીન્દ્રિય આનંદ હૈ, ઉસકો સંવર નામ સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા અવલોકન હુઆ (કિ), યહ આત્મા અતીન્દ્રિય આનંદ હૈ. એક બાત. ઔર ઉસકે સાથ સંવર હુઆ તો વર્તમાન મેં અતીન્દ્રિય આનંદ કા પ્રત્યક્ષ સાક્ષાત્કાર હુઆ, ઉસકા અવલોકન હુઆ, શાંતિ કા વેદન હુઆ, ઉસકા નામ સંવર કહતે હૈં. આહા..હા...!

ફિર સે, ફિર સે કહતે હૈં. થોડી થોડી સૂક્ષ્મ બાત હૈ. અનંતકાલ સે મૂલ તત્ત્વ કી બાત સુની નહીં, સુની નહીં. આહા..! સમજ મેં આયા ? ભગવાનઆત્મા.. આત્મા યાની ક્યા ? પૂર્ણ શાંતિ, પૂર્ણ આનંદ. શાંતિ શબ્દ (કા અર્થ) ચારિત્ર. ગુણ, સમજે ? ગુણ ત્રિકાલ. આનંદ, અનંત જ્ઞાન, અનંત દર્શન.. ક્યોંકિ સ્વભાવ હૈ ના ? સ્વભાવ મેં મર્યાદા નહીં હોતી, મિતતા ન હો, મિત યાની મર્યાદા ન હો, બેહદ જ્ઞાન, બેહદ દર્શન, બેહદ આનંદ, બેહદ શાંતિ, બેહદ વીર્ય, બેહદ પ્રભુતા. ઐસી એક-એક શક્તિ મેં અનંત શક્તિ–સામર્થ્ય (હૈ), ઐસી અનંત-અનંત શક્તિ કા પિંડ એક દ્રવ્ય–વસ્તુ (હૈ). ઐસે દ્રવ્ય મેં ચિત્ત લગાયા. સમજ મેં આયા ? તો કહતે હૈં કિ, આત્મા કા

આનંદ જો હૈ ઉસકા જ્ઞાન સે અવલોકન હુઆ ઔર એકાગ્ર હુઆ હૈ તો જૈસા આનંદ હૈ ઐસા આનંદ પર્યાય મેં ભી વર્તમાન મેં પ્રત્યક્ષ સાક્ષાત્કાર-વેદન હુઆ. આહા..હા..!

સાક્ષાત્કાર ક્યોં કહા હૈ ? અવલોકે કા અર્થ-જૈસા દુઃખ કા વેદન થા વહ વેદન કરનેવાલા તો સાક્ષાત્ વેદન કરતા થા ના ? મિથ્યાત્વ મેં, રાગ-દ્વેષ મેં, વિકાર મેં દુઃખ વેદન કરતા થા, વહ દુઃખી હૈ. મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ દુઃખ હૈ તો વેદન કરતા થા. ભાન નહીં થા. સમજ મેં આયા ? યહાં જહાં આત્મા મેં શુભાશુભ પરિણામ સે, પર ઉપર સે લક્ષ્ય કો હટાકર, અપને મૂલ શુદ્ધ સ્વરૂપ પર ચિત્ત દિયા તો અંતર મેં જો આનંદ હૈ ઉસ આનંદ કા અંશ પ્રગટ વર્તમાન હુઆ, ઉસકે દ્વારા સારા આત્મા આનંદમય હૈ ઐસા પ્રતીતિ મેં લિયા ઔર વર્તમાન અતીન્દ્રિય આનંદ કા અવલોકન-સાક્ષાત્ પ્રગટ હૈ ઉસકા વેદન હુઆ. આહા..હા...! સમજ મેં આયા ?

મુમુક્ષુ :- અશુભથી ઠીક પણ શુભથી કઈ રીતે છૂટવું ?

ઉત્તર :- શુભ ઔર અશુભ દોનોં એક હૈ. છૂટના ક્યા ? શુભ-અશુભ પરદિશા, પરલક્ષ્ય સે ઉત્પન્ન હોતા હૈ. અપના લક્ષ્ય કરને મેં દોનોં પરલક્ષ્યવાલા ભાવ ઉત્પન્ન હોતા નહીં. શુભ-અશુભ દોનોં ભાવ પરલક્ષ્ય સે ઉત્પન્ન હોતે હૈં, સ્વલક્ષ્ય સે નહીં. સમજ મેં આયા ? અરે..! ભગવાન !

મુમુક્ષુ :- સાક્ષાત્કાર કા અર્થ ક્યા ?

ઉત્તર :- સાક્ષાત્કાર કા અર્થ પ્રત્યક્ષ. આનંદ કા પ્રત્યક્ષ વેદન હુઆ. જો આનંદઅંદર શક્તિ મેં થા, આત્મા મેં અતીન્દ્રિય મહાઆનંદ શક્તિ મેં થા, અપ્રગટ થા, વહાં ચિત્ત દિયા તો આનંદ કા અંશ પ્રગટ પર્યાય મેં આયા, ઉસકા સાક્ષાત્કાર કિયા નામ પ્રત્યક્ષ વેદન કિયા. વેદન પ્રત્યક્ષ કિયા. વેદન કોઈ કરતા હૈ ઔર યહાં આનંદ પ્રગટ હુઆ હૈ, ઐસા નહીં. પ્રગટ આનંદમય સુધારસ કા સ્વાદ (આયા). સંવર મેં સુધારસ કા સ્વાદ (આયા). યહ તો અંદર કી ખોલી હુઈ મર્મ કી બાતેં હૈં. સંવર ચીજ કોઈ ઐસી નહીં કિ, ઐસે હી સંવર હો ગયા. સમજ મેં આયા ?

... પુણ્ય-પાપ કે વિકલ્પ કા થા. ઐસી વસ્તુ નિર્વિકલ્પ ચૈતન્ય કા વેદન હુઆ-સ્વાદ આયા. ક્યા (કહા) ? આત્મા કે આનંદ કા સ્વાદ આયા. ઇસ સ્વાદ કો યહાં

પ્રત્યક્ષ કહને મેં આતા હૈ, ઉસકો સાક્ષાત્કાર કહતે હૈં. સમજે થોડા ? યહ તો આત્મા કી અલૌકિક બાત હૈ. અનંતકાલ મેં ઉસ ઓર કા પ્રયત્ન, પ્રયોગ કૈસે કરના, વહ વિધિ સુની હી નહીં. આહા..હા..! સારા સંસાર વિકાર... ઉસ વિકાર સંસાર સે રુચિ હટાકર પ્રથમ મેં, હાં ! પ્રથમ. સારા સંસાર કા અર્થ પુણ્ય-પાપભાવ તો સારા સંસાર વિકાર હૈ.

ભગવાનઆત્મા શાંતિ ઔર આનંદ કી શિલા, આનંદ કી–બર્ફ કી શિલા (હૈ). ઉસમેં જિસને ચિત્ત દિયા (તો) પુણ્ય-પાપ કા આસ્રવ જો દુઃખરૂપ થા વહ રુક ગયા, ઉત્પન્ન નહીં હુઆ. નયા આવરણ ભી ઉસ પ્રકારકા રુક ગયા. આત્મા મેં અતીન્દ્રિય અનાકૂલ શાંતિ કા જો સ્વભાવ થા ઉસમેં ચિત્ત લગાયા કા અર્થ એકાગ્ર હુઆ. એકાગ્ર હુઆ તો વિકાર મેં એકાગ્ર થા વહ તો દુઃખ થા. વિકાર સે હટકર ચિત્ત યહાં લગાયા તો આનંદ કી પર્યાય પ્રગટ હુઈ. સમજ મેં આયા ? ઉસકા નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહતે હૈં. આહા..હા..! સમજ મેં આયા ? ઢાલ લિખા હૈ, દેખો ના ! આઠોં કર્મ (કો ઢાલ સે રોકા હૈ).

'સંવર લહિ સુખ અવલોકે.' એક શબ્દ મેં તો બહુત (ભાવ) ભરા હૈ. ગાગર મેં સાગર ભર દિયા હૈ. પહલે કે પંડિત ને બહુત અચ્છી બાત કી હૈ. અભી બહુત ગડબડ હો ગઈ. (ઇનકો) તો માલૂમ હૈ ના. યહ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ સાક્ષાત્ કેવલજ્ઞાની ને કહા હુઆ તત્ત્વ હૈ. સમજ મેં આયા ? અનંત તીર્થંકર ચલે ગયે, વર્તમાન ભગવાન બિરાજતે હૈં. મહાવિદેહ ક્ષેત્ર મેં પરમાત્મા 'સીમંધર' પ્રભુ આદિ તીર્થંકર બિરાજતે હૈં. સમજ મેં આયા ? જિસકે જ્ઞાન કે એક સમય મેં અપની પર્યાય કા પૂર્ણ અવલોકન મેં લોકાલોક કા અવલોકન હો ગયા. અપને એક સમય કે પૂર્ણ અવલોકન મેં... યહાં આગે કહેંગે. સમજે ? ઇસમેં આગે કહતે હૈં ના ? કહીં પર હૈ. કૈસે ધ્યાન રહે ? '...શિવમગ કહ્યો.' કહીં પર ઐસે શબ્દ હૈ. મોક્ષદશા કા વર્ણન હૈ. છઠ્ઠી ઢાલ કા તેરહવાં શ્લોક હૈ.

નિજમાહિં લોક-અલોક ગુણ-પરજાય પ્રતિબિમ્બિત થયે;
રહિ હૈં અનંતાનંત કાલ, યથા તથા શિવ પરિણયે.

૧૩ વાં શ્લોક હૈ, હિન્દીં મેં ૧૭૫ પન્ના હૈ. હૈ ? ભૈયા ! ૧૩ ગાથા મેં હૈ. છઠ્ઠી ઢાલ કા ૧૩વાં શ્લોક. 'નિજમાહિં લોક-અલોક ગુણ-પરજાય પ્રતિબિમ્બિત થયે;' સમજ મેં આયા ? આત્મા મેં લોક ઔર અલોક પ્રતિબિંબિત હો ગયે. અપની એક સમય કી પૂર્ણ પર્યાય જહાં પ્રગટ હુઈ (તો) ઉસમેં લોકાલોક પ્રત્યક્ષ હો ગયા. યહાં દેખતે હૈં (તો) સબ દેખતે હૈં. સમજ મેં આયા ?

**નિજમાહિં લોક-અલોક ગુણ-પરજાય પ્રતિબિમ્બિત થયે;**
**રહિ હૈં અનંતાનંત કાલ, યથા તથા શિવ પરિણયે.**
**ધનિ ધન્ય હૈં જે જીવ, નરભવ પાય યહ કારજ કિયા;**
**તિનહી અનાદિ ભ્રમણ પંચપ્રકાર તજિ વર સુખ લિયા. ૧૩.**

આહા..હા...! જિસને મનુષ્યભવ પાકર ઐસા આત્માનુભવ કરકે કેવલજ્ઞાન પાયા ... સાદિ અનંત સિદ્ધ હો ગયા. ઉસકી દશા મેં લોકાલોક જ્ઞેય હોતે હૈં. લોકાલોક ઐસે જાનના નહીં પડતા. અપની પર્યાય મેં દેખતે હૈં તો લોકાલોક જાનને મેં આ જાતા હૈ. સમજ મેં આયા ? ભૈયા ! આહા..હા..! દિમાગ મેં આ ગયા.

કહતે હૈં, દેખો ! અબ અપને ભાવાર્થ લેતે હૈં. 'સમ્યગ્દર્શનાદિ દ્વારા મિથ્યાત્વાદિ આસ્રવ રુકતે હૈં. શુભોપયોગ તથા અશુભોપયોગ દોનોં બંધ કે કારણ હૈં ઐસા સમ્યગ્દૃષ્ટિ જીવ પહલે સે હી જાનતા હૈ. યદ્યપિ સાધક કો નિચલી ભૂમિકા મેં શુદ્ધતા કે સાથ અલ્પ શુભાશુભભાવ હોતે હૈં,...' સ્વભાવ મેં જિતની એકાગ્રતા હુઈ ઉતના શુદ્ધ ઔર મોક્ષ કા માર્ગ, જિતના શુભાશુભ પરિણામ હૈ ઉતના બંધ કા માર્ગ જાનતે હૈં. ઉસકો મોક્ષ કા માર્ગ જાનતે નહીં. કર્મધારા ઔર જ્ઞાનધારા. યહાં સંવર ભેદજ્ઞાન હૈ ના ? જિતના ચિત્ત શુદ્ધ મેં લગાયા ઔર દર્શન, જ્ઞાન, ચારિત્ર કી શુદ્ધતા હુઈ વહ જ્ઞાનધારા, વહ મોક્ષધારા (હૈ). જિતના રાગાદિ રહા વહ કર્મધારા, બંધધારા. એક સમય મેં સાધક કો દો ધારા હોતી હૈં. સમજ મેં આયા ?

મુમુક્ષુ :– સમય એક હી ?

ઉત્તર :– સમય એક હી હૈ ના ? આત્મા મેં શુદ્ધતા પ્રગટ હુઈ ઇતના નિર્મલ સંવર, નિર્જરા હૈ ઔર જિતના રાગ હૈ ઉતના બંધ કા કારણ હૈ. એક સમય મેં

દો હૈ ના ! દો ન હો તો પૂર્ણ મોક્ષ હો જાયે યા મિથ્યાદૃષ્ટિ હો જાયે. શુદ્ધતા ઔર અશુદ્ધતા એક સમય મેં દો હૈં. જિતના આત્મા મેં શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટ કી ઇતની શુદ્ધતા (હૈ) ઔર જિતના અભી રાગ રહા, મુનિ કો પંચ મહાવ્રત આદિ કા વિકલ્પ હૈ વહ વિકલ્પ રાગ હૈ. વિકલ્પ, રાગ હૈ વહ અશુદ્ધ હૈ, બંધ કા કારણ હૈ. સાધક મેં કર્મધારા ઔર જ્ઞાનધારા એક સમય મેં દોનોં ચલતી હૈં. યહાં સાધક કી બાત ચલતી હૈ ના ? મોક્ષ મેં તો પૂર્ણ હો ગયા. મોક્ષ મેં તો (દો) હૈ નહીં, એક હી પૂર્ણાનંદ શુદ્ધ ધારા હો ગઈ. સમ્યગ્દૃષ્ટિ સે સાધક હૈ ના ?

સમ્યગ્દૃષ્ટિ, પાંચવે, છટ્ઠે સબ કો દો ધારા રહતી હૈ. સમજ મેં આયા ? યદિ પૂર્ણ શુદ્ધ હો જાયે તો મોક્ષ હો જાયે ઔર પૂર્ણ અકેલી અશુદ્ધતા હો તો વહ તો મિથ્યાદૃષ્ટિ મેં હૈ. સમજ મેં આયા ? અકેલી અશુદ્ધતા, પુણ્ય-પાપ ઔર મિથ્યાભ્રાંતિ અકેલી અશુદ્ધતા (હૈ). વહ તો સંસાર મિથ્યાદૃષ્ટિ હૈ. અકેલી પૂર્ણ શુદ્ધતા મોક્ષ હૈ. જબ સાધકજીવ કો મોક્ષમાર્ગ હુઆ તો અપને ચૈતન્ય મેં જિતની એકાગ્રતા–ચિત્ત લગાયા ઇતની શુદ્ધતા હૈ ઔર બાકી રહા રાગ, ઇતની અશુદ્ધતા હૈ. વહ અશુદ્ધતા બંધ કા કારણ હૈ, શુદ્ધતા સંવર, નિર્જરા કા કારણ હૈ.

મુમુક્ષુ :– મિથ્યાત્વ મેં દૂસરી ધારાકા અંશ...

ઉત્તર :– મિથ્યાત્વ મેં તો એક હી અશુદ્ધ ધારા (હૈ). વહાં તો એક હી હૈ. મિથ્યાત્વ, અજ્ઞાન હૈ. અકેલી અશુદ્ધ ધારા હૈ.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– મિથ્યાત્વ મેં કહાં હૈ, વહ તો અકેલા અજ્ઞાન હૈ. સમ્યગ્દર્શન મેં શુદ્ધધારા ઔર અશુદ્ધધારા દોનોં રહતી હૈં. મોક્ષ મેં અકેલી શુદ્ધતા (હૈ). મિથ્યાદૃષ્ટિ મેં ક્યા હૈ ? પુણ્ય-પાપ મેરા હૈ ઐસા માનતા હૈ ઉસમેં તો અકેલી મિથ્યાત્વ અશુદ્ધ ધારા હી હૈ. અકેલા મિથ્યાત્વભાવ પડા હૈ.

મુમુક્ષુ :– મંદ કષાય થાય તો...

ઉત્તર :– નહીં, નહીં. મંદ કષાય હો યા તીવ્ર કષાય હો, સબ કર્મચક્ર હૈ. સબ મિથ્યાત્વભાવ, અકેલા અશુદ્ધભાવ હૈ.

યહાં તો કહતે હૈં, 'નિચલી ભૂમિકા મેં શુદ્ધતા કે સાથ અલ્પ શુભાશુભભાવ હોતે હૈં,...' યાની સાથ મેં હોતે હૈં, ઐસા કહના હૈ. ભગવાનઆત્મા અપના ચિત્ત જિતના અંતર શુદ્ધ મેં લગાયા, દૃષ્ટિ, જ્ઞાન, સ્થિરતા (હુઈ) ઇતની શુદ્ધતા (હૈ). જિતની રાગાદિ અસ્થિરતા બાકી હૈ ઇતની અશુદ્ધતા (હૈ). સમ્યગ્દૃષ્ટિ કો યા મુનિ કો ભી દો ધારા હૈ. જિતના રાગ હૈ ઇતના બંધ કા કારણ હૈ. જિતની સ્વભાવ કી એકાગ્રતા કા શુદ્ધતા હૈ વહ સંવર, નિર્જરા કા કારણ હૈ. સમજ મેં આયા ?

દોનોં બંધ કા કારણ હૈ. 'ઇસલિયે સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વદ્રવ્ય કે આલમ્બન દ્વારા...' દેખો ! સ્વદ્રવ્ય કે (આલંબન દ્વારા યાની) જ્ઞાનધારા. 'આલમ્બન દ્વારા જિતને અંશ મેં શુદ્ધતા કરતા હૈ ઉતને અંશ ઉસે સંવર હોતા હૈ,...' જિતને અંશ મેં આત્મદ્રવ્ય મેં ચિત્ત લગાયા, એકાકાર શુભાશુભ પરિણામ સે રહિત (હુઆ) ઇતના સંવર હૈ. 'ઔર વહ ક્રમશઃ શુદ્ધતા મેં વૃદ્ધિ કરકે પૂર્ણ શુદ્ધતા (સંવર) પ્રાપ્ત કરતા હૈ. યહ સંવર ભાવના હૈ.' યહ સંવર ભાવના હુઈ. અબ નિર્જરા (ભાવના). સમ્યગ્દૃષ્ટિ જીવ નિર્જરા ભાવના ભાતે હૈં. મુનિ ભી નિર્જરા આદિ બારહ ભાવના કરતે હૈં.

મુમુક્ષુ :– સંવર પ્રાપ્ત કરતા હૈ ઔર બાદ મેં મોક્ષ હો જાતા હૈ...

ઉત્તર :– હાં તો બાદ મેં મોક્ષ હો ગયા ના. વહ સંવર યાની પૂર્ણ શુદ્ધતા. પૂર્ણ શુદ્ધતા, પૂર્ણ ચારિત્ર હો ગયા, ઐસે લેના. અપૂર્ણ નહીં રહા. વહાં 'સંવર લહી સુખ અવલોકે.' ઐસા હૈ ના ? ઉસકા અર્થ પૂર્ણ કર દિયા.

---

## ૯-નિર્જરા ભાવના

**નિજ કાલ પાય વિધિ ઝરના, તાસોં નિજ કાજ ન સરના;**
**તપ કરિ જો કર્મ ખિપાવૈ, સોઇ શિવસુખ દરસાવૈ. ૧૧.**

અન્વયાર્થ :– જે (નિજ કાલ) પોતપોતાની સ્થિતિ (પાય) પૂર્ણ થતાં (વિધિ) કર્મો (ઝરના) ખરી જાય છે (તાસોં) તેનાથી (નિજ કાજ) જીવનું ધર્મરૂપી કાર્ય (ન સરના)

સરતું નથી-થતું નથી, પણ (જો) જે [નિર્જરા] (તપ કરિ) આત્માના શુદ્ધ પ્રતપન દ્વારા (કર્મ) કર્મોનો (ખિપાવૈ) નાશ કરે છે [તે અવિપાક અથવા સકામ નિર્જરા છે] (સોઇ) તે (શિવસુખ) મોક્ષનું સુખ (દરસાવૈ) દેખાડે છે.

ભાવાર્થ :– પોતપોતાની સ્થિતિ પૂર્ણ થતાં કર્મોનું ખરી જવું તો દરેક સમયે અજ્ઞાનીને પણ થાય છે. તે કાંઇ શુદ્ધિનું કારણ થતું નથી. પરંતુ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આત્માના શુદ્ધ પ્રતપન વડે જે કર્મો ખરી જાય છે. તે પ્રમાણે શુદ્ધિની વૃદ્ધિ થતાં થતાં સંપૂર્ણ નિર્જરા થાય છે, ત્યારે જીવ શિવસુખ (સુખની પૂર્ણતારૂપ મોક્ષ) પામે છે. એમ જાણતો સમ્યગ્દષ્ટિ જીવ સ્વદ્રવ્યના આલંબન વડે જે શુદ્ધિની વૃદ્ધિ કરે છે તે નિર્જરા ભાવના છે.

---

'નિજ કાલ પાય વિધિ ઝરના, તાસોં નિજ કાજ ન સરના;' (એક મુમુક્ષુ) બોલતે થે ના ? 'નિજ કાર્ય ન સરના.' એ..ઇ...! તેરાપંથ મેં આતા હૈ ના ? સ્થાનકવાસી મેં તેરાપંથી હૈ ના ? વહ કહતે હૈં, મિથ્યાદૃષ્ટિ મેં કુછ ભી કરે તો 'નિજ કાજ ન સરના'. યહાં 'નિજ કાજ ન સરના' (આયા હૈ).

નિજ કાલ પાય વિધિ ઝરના, તાસોં નિજ કાજ ન સરના;
તપ કરિ જો કર્મ ખિપાવૈ, સોઇ શિવસુખ દરસાવૈ. ૧૧.

ઉસકા શબ્દાર્થ દેખો ! 'નિજ કાલ પાય' અપની-અપની કર્મ કી સ્થિતિ પાકર, જો 'પૂર્ણ હોને પર કર્મ ખિર જાતે હૈં ઉસસે જીવ કા ધર્મરૂપી કાર્ય નહીં હોતા;...' ક્યા કહતે હૈં ? ક્યા કહતે હૈં ? જો કોઈ અપના પૂર્વ કર્મ બાંધા થા, ઉસ બંધે હુએ કા પાક આયા, વહ પાક આકર ખિર જાતા હૈ. સમજ મેં આયા ? સવિપાક. સવિપાક નિર્જરા કહતે હૈં. ક્યા કહા ? પૂર્વ કા જો કર્મબંધ પડા હૈ, ઉદય આકર પાક આયા વહ ખિર જાતે હૈં. દેખો ! ઉસમેં લિખા હૈ. દેખો ! પકકર ખિર જાતા હૈ ના ? ઐસા અંદર મેં લિખા હૈ. પૂર્વ કા કર્મ આયા વહ ખિર જાયે, વહ તો ઉસકા પાક આયા ઔર ખિર જાતા હૈ. ઉસમેં આત્મા કા કોઈ કાર્ય સિદ્ધ હોતા નહીં. ઉસમેં

અપના કુછ લાભ નહીં હૈ. ઉસમેં અપના કાર્ય નહીં હોતા. ઉસમેં ક્યા કાર્ય હો ? પૂર્વ કા કર્મ ઉદય મેં આતા હૈ વહ ખિર જાતા હૈ. વહ તો પ્રત્યેક પ્રાણી કો હૈ. નિગોદ કો ભી હૈ. એકેન્દ્રિય સે લેકર મિથ્યાદૃષ્ટિ આદિ સબ કો પૂર્વ કા કર્મ આતા હૈ વહ ખિર જાતા હૈ, ઉસમેં ક્યા ? આત્મા કા કાર્ય સિદ્ધ નહીં હોતા.

'કિન્તુ (જો નિર્જરા) (તપ કરિ કર્મ ખિપાવે)...' તપ કી વ્યાખ્યા-સ્વરૂપ કા આનંદ અવલંબન લેકર ઇચ્છા કી ઉત્પત્તિ ન હો ઉસકા નામ તપ (હૈ). યહાં તપ નામ 'પ્રતપન ઇતિ તપઃ' ભગવાનઆત્મા અપની શુદ્ધ દૃષ્ટિ લગાઈ હૈ, બાદ મેં વિશેષ શુદ્ધતા મેં એકાકાર હોના, અતીન્દ્રિય આનંદ કા પર્યાય મેં ઓપ આના (શોભાયમાન દશા કા હોના), પ્રતપન ઇતિ, આત્મા ઉગ્ર નિર્મલ પર્યાય સે શોભિત હો ઉસકા નામ ભગવાન યથાર્થ તપ કહતે હૈં. નીચે આયેગા. દેખો ! સમજ મેં આયા ? 'પ્રતપન ઇતિ તપ' ઐસા હૈ. હૈ ના ? 'શુદ્ધ પ્રતાપના દ્વારા કર્મ ખિર જાતે હૈં..' દેખો ! અંદર લિખા હૈ. ભાવાર્થ મેં લિખા હૈ. 'આત્મા કે શુદ્ધ




પ્રતપન દ્વારા જો કર્મ ખિર જાતે હૈં...' ભાવાર્થ મેં લિખા હૈ. ચૌથી પંક્તિ. ઔર શબ્દાર્થ મેં યહાં હૈ, દેખો ! 'આત્મા કે શુદ્ધ પ્રતપન દ્વારા..' અકેલા પ્રતપન નહીં, કાયક્લેશ આદિ નહીં. શુદ્ધ પ્રતપન. ભગવાનઆત્મા અનાકૂલ આનંદ કી જો દૃષ્ટિ હુઈ હૈ ઉસમેં

ઉગ્રતા સે લીન હોકર, પ્રયત્ન-વિશેષરૂપ સે પુરુષાર્થ કી જાગૃતિ સ્વભાવ કી ઓર હુઈ હૈ, ઉસકા નામ તપસ્યા કહને મેં આતા હૈ. સમજ મેં આયા ? બાહર કે જો ૧૨ પ્રકાર હૈં વહ તો શુભભાવ હૈં. વહ તો અનંતબાર કિયા, ઉસમેં ક્યા હૈ ? વહ તો પૂર્વ કા બંધ પડા હૈ વહ કર્મ ખપતે હૈં.

દર્શન-જ્ઞાન-ચારિત્ર કે બાદ તપ લેતે હૈં ના ? પહલે સંવર મેં લિયા કિ, દર્શન-જ્ઞાન-ચારિત્ર હુઆ તો રોકા. અબ તપ (લેતે હૈં). તપ કા અર્થ ક્યા ? જો શુદ્ધતા હૈ ઉસમેં ઉગ્રતા (સે) અંતર મેં શુદ્ધતા બઢી. જૈસે સોને મેં-સુવર્ણ મેં ગેરુ લગાકર,.. ગેરુ હોતા હૈ ના ? ગેરુ. લાલ ગેરુ. સોને પર ગેરુ લગતા હૈ તો સોના શોભતા હૈ, ઓપતા હૈ, શોભતા હૈ, પ્રદીપ્ત હોતા હૈ, ચકચકાટ હોતા હૈ. સોને પર ગેરુ લગાને સે. ઐસે ભગવાનઆત્મા અપને શુદ્ધ (સ્વરૂપ મેં) ચિત્ત દિયા થા ઉસમેં વિશેષ એકાગ્રતારૂપી ગેરુ લગાયા. વિશેષ શુદ્ધતા મેં આનંદ, અતીન્દ્રિય આનંદ કા પ્રતપન અંદર હુઆ વહ આત્મા કી પર્યાય મેં મહા ઉગ્ર શોભાયમાન દશા હુઈ ઉસકો તપ કહતે હૈં. વહ નિર્જરા કા કારણ હૈ. આહા..હા..!

ચારિત્ર સે ભી તપ કી વિશેષ વ્યાખ્યા હૈ કિ નહીં ? ચારિત્ર હૈ સ્વરૂપ મેં લીનતા. દર્શન મેં પ્રતીતિ, જ્ઞાન મેં સ્વજ્ઞેય કા ભાન, ચારિત્ર મેં લીનતા. તપ મેં ભી ઉસકી વિશેષ ઉગ્રતા કા નામ તપ હૈ. સમજ મેં આયા ?

મુમુક્ષુ :- 'મહાવીર' ભગવાન ને ઐસા તપ કિયા થા.

ઉત્તર :- ઐસા તપ કિયા થા. છ મહિને ઐસા કિયા થા, ઐસા નહીં. ઐસા તપ ભગવાન ને અંદર કિયા થા. અંદર મેં ધ્યાનાગ્નિ લગાઈ, ઐસી અગ્નિ પ્રજ્વલિત (કી), આનંદ કો પ્રજ્વલિત કરકે અતીન્દ્રિય આનંદ કા સ્વાદ મેં ઉગ્ર અનુભવ કરતે થે ઉસકા નામ તપ હૈ. તબ ઇચ્છા કી ઉત્પત્તિ નહીં હોતી થી. અતીન્દ્રિય આનંદ કે સ્વાદ કે અનુભવ મેં (ઇચ્છા નહીં હોતી થી). સમજ મેં આયા ? લોગ કહતે હૈં કિ, બાહર સે આહાર નહીં લિયા, આહાર નહીં ખાયા વહ તપ હૈ. ઐસા તો અનંતબાર કિયા, ઉસમેં (ક્યા) આયા ? વહ તો બાહર કી ચીજ હૈ. પરમાણુ કા આના ઔર જાના વહ તો ઉસકે કારણ સે હૈ. ઇચ્છા કદાચિત્ મંદ હુઈ હો તો વહ પુણ્ય હૈ.

મુમુક્ષુ :- હજારોં બાર જાતા હૈ તો ભી કુછ નહીં હોતા.

ઉત્તર :- ધર્મ એક ક્ષણ મેં હોતા હૈ. આયા ના ? 'મુનિવ્રત ધાર અનંતબાર ગ્રિવક ઉપજાયો.' પહલે આયા ના ? 'મુનિવ્રત ધાર અનંતબાર ગ્રિવક ઉપયાજો, પૈ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મજ્ઞાન, ત્રિગુપ્તિ મેં અંદર રુક ગયા. મન સે, વાણી સે, દેહ સે રુકકર અંદર મેં સ્થિર હો ગયા (ઉસમેં) એક ક્ષણ મેં જો શુદ્ધતા પ્રગટ હોતી હૈ (ઔર) કર્મ કા નાશ કરતે હૈં. આહા..હા..! અભી આત્મા કી કીંમત નહીં ઇસલિયે યે નહીં ખાના, નહીં પીના વહ તપ, ઔર ઉસ તપ સે ધર્મ હોગા (ઐસા માનતે હૈં).

મુમુક્ષુ :- આસાન પડતા હૈ.

ઉત્તર :- આસાન ક્યા ? રાગ આસાન હોતા હૈ.

યહાં તો કહતે હૈં, 'આત્મા કે શુદ્ધ પ્રતપન દ્વારા કર્મોં કા નાસ કરતી હૈ (વહ અકામ અથવા સકામ નિર્જરા હૈ).' અવિપાક નિર્જરા. અપને પુરુષાર્થ (સે) અનુભવ કરકે આનંદ કા અનુભવ કરકે જો કર્મ ખિર જાતે હૈં, ઉસકો અકામ નિર્જરા ન કરકે સકામ નિર્જરા હૈ. ઔર સવિપાક નહીં પરંતુ વહ અવિપાક હૈ.

'યહ મોક્ષ કા સુખ દિખલાતી હૈ.' દેખો ! સંવર મેં ભી લિયા. 'સંવર લહિ સુખ અવલોકે.' યહાં 'શિવસુખ દરસાવૈ.' (ઐસા કહા). નિર્જરા કરતે.. કરતે.. કરતે.. કરતે આનંદ કી શુદ્ધતા બઢ જાયે, અતીન્દ્રિય આનંદ કરતે.. કરતે પૂર્ણ આનંદ હો જાયે ઉસકા નામ મોક્ષ (હૈ). આહા..હા..! નિર્જરા મેં સુખ હૈ, દુઃખ નહીં, આનંદ હૈ. ઉપવાસ કરને સે કષ્ટ દિખતા હૈ વહ તો આર્તધ્યાન હૈ.

અંતર મેં આત્મા કે અતીન્દ્રિય આનંદ કે સ્વાદ મેં જિસકો માલૂમ નહીં કિ ઇચ્છા ઉત્પન્ન હોતા હૈ કિ નહીં, ઐસે આનંદ મેં લીન, અતીન્દ્રિય મેં લીન હો જાના ઉસકા નામ તપ હૈ. આહા..હા...! સમજ મેં આયા ? બાકી તો લંઘન હૈ. 'ટોડરમલજી' મેં આયા ના ? નિર્જરા કરતે-કરતે શિવસુખ કો દિખલાતી હૈ. વર્તમાન મેં ભી નિર્જરા સુખ કો દર્શાતી હૈ. નિર્જરા મેં ભી, જબ સંવર મેં સુખ કા ભાન હૈ તો નિર્જરા મેં ભી સુખ કી વિશેષ વૃદ્ધિ કા ભાન હૈ. આહા..હા...! સમજ મેં આયા ? જબ સંવર

મેં સુખ કા સાક્ષાત્કાર હોતા હૈ, તો નિર્જરા મેં વિશેષ શાંતિ કા, આનંદ કા સાક્ષાત્કાર હોતા હૈ, ઐસા કહતે હૈં. નિર્જરા ઐસી નહીં હૈ કિ... લેકિન તુજે આનંદ વૃદ્ધિ હુઈ કિ નહીં ? અતીન્દ્રિય આનંદ કી વૃદ્ધિ હોના વહ નિર્જરા હૈ. શુદ્ધઉપયોગ કો નિર્જરા કહા હૈ. સમજ મેં આયા ?

(યહાં) કહતે હૈં, મોક્ષ કા સુખ દર્શાવે. (સંવર મેં) અવલોકે, યહાં અધિક દિખાતે હૈં. સંવર મેં જિતના સુખ હૈ ઉસસે નિર્જરા મેં વિશેષ આનંદ હૈ. ઉસકા નામ નિર્જરા કહતે હૈં. ઐસી ભાવના સમ્યગ્દૃષ્ટિ યથાર્થપને ભાતે હૈં. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

❁

## વીર સંવત ૨૪૯૨, ફાગણ સુદ ૧૪, રવિવાર
## તા. ૦૬-૩-૧૯૬૬, શ્લોક-૧૧, ૧૨, ૧૩. પ્રવચન નંબર-૪૪

'દૌલતરામજી' કૃત 'છ ઢાળા'. પાંચમી ઢાળની ૧૧મી ગાથા છે. આમાં નિર્જરાની ભાવના સમ્યગ્દૃષ્ટિ ભાવે છે. નિર્જરા કોને કહેવી ? અને એ નિર્જરાની યથાર્થતા કોને હોય ? જેને આત્મા... તપથી નિર્જરા કીધી છે ને ? તપ ક્યારે કહેવાય ? કે, પહેલો આત્મા જ રાગ ને શરીરથી ભિન્ન છે એવું પોતાના સ્વરૂપનું સમ્યગ્જ્ઞાન શુદ્ધ થયું હોય, એ એમાં ઠરવાનો પ્રયત્ન કરે એને તપ કહેવામાં આવે છે. વાસ્તવિક તપ એ છે. સમજાણું કાંઈ ?

તપવું-પ્રતપન થવું - શોભિત થવું. આ આત્મા... નિજ પદની સંભાળ જેણે પહેલી કરી છે... સમજાય છે કાંઈ ? મારું સ્વરૂપ વીતરાગ શુદ્ધ સ્વરૂપ છું, પુણ્ય-પાપના રાગ રહિત મારી ચીજ તદ્દન નિર્મળ, આનંદ છે એવું જ્યાં સમ્યગ્જ્ઞાન ને દર્શન પ્રથમ થયું છે એને આવી નિર્જરા હોય છે, એને તપ હોય છે. અહીં 'તપ' શબ્દ વાપર્યો છે ને એમણે ? 'તપ કરિ જો કર્મ ખિપાવૈ,...' એને સ્વભાવમાં પુરુષાર્થની ઉગ્રતા દ્વારા કર્મ ખપે છે. કહો, સમજાણું કાંઈ ? કહે છે કે, કર્મ તો અનાદિથી ખપે છે. કઈ રીતે (ખપે છે) ? કે,

ભાવાર્થ :- 'પોતપોતાની સ્થિતિ પૂર્ણ થતાં કર્મોનું ખરી જવું તો દરેક સમયે અજ્ઞાનીને પણ થાય છે.' પૂર્વે જે કર્મ બંધાયેલા છે એના પાક કાળે, એનો પાકનો સમય આવે તે સમયે પાક થઈને ઉદય થઈને તો ખરી જાય. એ તો અનાદિથી એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચોઇન્દ્રિય, નિગોદ, અભવિ અને ભવિ બધાને. સમજાણું કાંઈ ? એ તો સવિપાક નિર્જરા કહેવામાં આવે છે. સવિપાક એટલે કર્મ પાક થઈને ખર્યું. એમાં કાંઈ આત્માને લાભ નથી. સમજાણું કાંઈ ?

'તે કાંઈ શુદ્ધિનું કારણ થતું નથી. પરંતુ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આત્માના શુદ્ધ પ્રતપન વડે...' ચાર બોલ લીધા. પેલો 'તપ' શબ્દ છે ખરો ને ? પહેલો તો આત્મા એની દૃષ્ટિમાં, રુચિમાં આખો પૂર્ણાનંદ જેને પોસાણો હોય છે, પોષાય છે. પોષાય એટલે ? હવે આજ તો કાઠિયાવાડી ભાષા સાદી થઈ ગઈ. કાલ તો હિન્દી હતી ને ? જેને પુણ્ય-પાપનું પોષાણ નથી, શરીરાદિની ક્રિયાનું પણ જેને સ્વામીપણું નથી. એક સહજ સ્વરૂપ ચૈતન્ય પૂર્ણ આનંદનો કંદ આત્મા છે એનું જેને અંતર સ્વામીપણું, દૃષ્ટિપણું પ્રગટ્યું છે,... ભાઈ ! એને સમ્યગ્જ્ઞાની કહેવામાં આવે છે. આહા..હા..! એ સમ્યગ્જ્ઞાનીને ઉગ્ર પુરુષાર્થ સ્વભાવમાં હોય છે એને નિર્જરા કહેવામાં આવે છે.

શુદ્ધિની વૃદ્ધિ તેને નિર્જરા કહે છે અથવા શુદ્ધોપયોગને નિર્જરા કહે છે અથવા અશુદ્ધતાના નાશને નિર્જરા કહે છે અથવા અશુદ્ધતાનું નિમિત્ત ટળ્યું એટલે કર્મનું જેટલું ટળવું (થાય) એને દ્રવ્યનિર્જરા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? નિર્જરાના ઘણાં પ્રકાર પડ્યા. અહીં ભાવનિર્જરાની વાત છે. જેને ભરોસે ભગવાન આખો આત્મા આવ્યો છે. આહા..! સમજાય છે કાંઈ ? જેનો ભરોસો પુણ્ય ને પાપના ભાવમાંથી અને શરીરની ક્રિયામાંથી ઊડી ગયો છે. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ આનંદકંદ અનાકૂળ પ્રભુ છે એવો જેને અંતરમાં જ્ઞાન, ભાન થઈને ભરોસો, પ્રતીત ઉત્પન્ન થઈ છે એને સમ્યગ્દર્શન કહે છે. અને સમ્યગ્જ્ઞાન-એ આત્મા જેણે જાણ્યો કે, આ આત્મા પવિત્ર શુદ્ધ છે એવું જે જ્ઞાન. અને એની સાથે સ્વરૂપમાં સ્થિરતાનો અંશ જે રમણતા, રમણતા, લીનતા (થાય) એને ચારિત્ર કહે છે અને એ સહિતની શુદ્ધિની વૃદ્ધિ એને તપ કહે છે. ભારે વ્યાખ્યા ! સમજાય છે કાંઈ ?

અહીં 'તપ' શબ્દ છે ને ? 'નિજ કાલ પાય વિધિ ઝરના, તાસોં નિજ કાજ ન સરના;...' સમજાણું ? તે શબ્દ તેરાપંથીમાં પણ આવે છે, (એક મુમુક્ષુ) વારંવાર કહે છે. 'નિજ કાજ ન સરના;...' એના એ ઠેકાણે કહે છે કે, મિથ્યાદૃષ્ટિની ક્રિયા અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો. દયા, દાન આદિ (કર્યા) છતાં કાંઈ કાર્ય સર્યું નહિ. વળી ફરીવાર એમ કહે કે, જેટલી દયા આદિના ભાવ, પરને નમાડવાના આદિના. જે નિર્દોષ હોય તે ભગવાનની આજ્ઞામાં, એમ ઇ કહે છે. બેનો અનાદિનો વિરોધ

છે. એના ને એના વચનમાં વિરોધ છે એમ (એક મુમુક્ષુ) કાઢતા હતા. ત્યાં ગામમાં બહુ તેરાપંથી છે ખરા ને. આ 'નિજ કાજ ન સરના;...' ઇ શબ્દ એનામાં પડ્યો છે.

અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો. દયા, દાન, શુભભાવ, કરુણા, કોમળતા ઘણી કરી પણ એ શુભભાવ (હતા), એમાં કાંઈ નિજ કાજ સર્યું નહિ. સમજાણું કાંઈ ? એ તો અકામ નિર્જરા અથવા સવિપાક નિર્જરા પાક દઈને ખર્યું એનું નામ એ સવિપાક કે અકામ છે. સકામ અને અવિપાક નિર્જરા એને થઈ નથી. સમજાણું કાંઈ ? અવિપાક ને સવિપાક, એ કાંઈ જૈનમાં પડ્યા એનેય ખબર ન મળે. જે વીતરાગના મૂળ એકડા (છે એની ખબર ન મળે).

આત્મા અંતરના આત્માના ભાન વિના શુભભાવ આદિના પરિણામથી સહેજે પૂર્વના કર્મનો ઉદય આવીને ખરી જાય અથવા શુભભાવમાં કોઈ પાપના રજકણો ખરે એ કાંઈ સાચી નિર્જરા નથી. એ વસ્તુસ્થિતિ નથી એ તો અનંતવાર એવું બની ગયું છે, જેને સવિપાક નિર્જરા અથવા અકામ નિર્જરા કહે છે. અહીંયાં તો ધર્મીને જે નિર્જરા થાય, આત્મા જ્ઞાનાનંદ શુદ્ધનું ભાન થઈ અને શુદ્ધિની વૃદ્ધિ વધે, અશુદ્ધતા ઘટે, કર્મ ટળે અને ભવ ઘટે એવી દશાને નિર્જરા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

કહે છે કે, 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આત્માના શુદ્ધ પ્રતપન વડે...' પ્રતપન– તપવું. ઉગ્ર પુરુષાર્થથી અંતર આનંદના ઘોલનમાં, અતીન્દ્રિય આનંદના ઘોલનમાં એકલો આનંદ જ્યાં તરવરે... સમજાણું કાંઈ ? જ્યાં અતીન્દ્રિય આનંદની લહેજતનો સ્વાદ ઉગ્ર આવે એને ભગવાન શુદ્ધિની વૃદ્ધિ અથવા શુદ્ધોપયોગ અથવા નિર્જરા કહે છે. કહો, ભાઈ !

મુમુક્ષુ :– સમ્યગ્દષ્ટિને નિર્જરા હોય છે.

ઉત્તર :– એને જ હોય છે. એ વાત તો કહેવાય છે આ. ક્યાં રહે છે ? ભાનમાં કહે છે. આજ પાછા સવારમાં પોકાર કરતા આવતા નહોતા ? મારા પાપનો ઉદય હશે કે આ રોગ આવ્યો ? લ્યો ! એ માંડી પાધરી. માન્યું છે ને કે, મને આવ્યું. થયું શરીરમાં ને (માને કે) મને આવ્યું. આ કહેવું કોને ?

મુમુક્ષુ :– શરીર કેનું ?

ઉત્તર :– શરીર જડનું.

મુમુક્ષુ :– અત્યારે ?

ઉત્તર :– અત્યારે. અત્યારે (નહિ) તો કોનું છે આ આત્માનું છે આ ? આ તો માટી છે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ઇ ભાઈનું નહિ ?

ઉત્તર :– એમનો આત્મા છે. એને આ ભાષા કહેવાય છે. શરીર પણ કે દિ' એનું હતું ? અને આત્માનું નામ કે દિ' હતું ? આહા..હા..!

મુમુક્ષુ :– આ મારું છેએમ કહું છું એટલે દુઃખ થાય છે.

ઉત્તર :– કહુ છું એટલે નહિ, માને છે માટે. ઇ માની રહ્યો છે. ઓલો કાઠિ એક હતો ને ? સાંભળ્યું હતું ? એ કાઠિને જમણે પગે ગૂમડું થયેલું. ગૂમડું. કાઠિ હતો. ફોડા.. ફોડા.. ગૂમડું. પછી પેલો વાળંદ વારંવાર પાટો બાંધે. વાળંદ, વાળંદ. વાળંદ હોય ને ? નાઈ. પાટો બાંધે વળી છોડે, પાછો બાંધે. પણ ઉં..ઉં.. કરે, ઉં..ઉં.. કરે. કરતાં... કરતાં... કરતાં... કરતાં... કરતાં... મહિનો, બે મહિને મટી ગયું. મટી ગયું ને પછી સરખું થઈ ગયું તો પણ થોડો પાટો બાંધી રાખે. પછી તો પાટો જ્યાં છોડે ત્યાં ઉં..હું.. કરે. મટી ગયેલું તો પણ. પછી એકવાર પાટો છોડીને વાળંદે આ પગે બાંધી દીધો. ઇ પાટો જ્યાં છોડે ત્યાં ઉં..ઉં.. કરે. પણ શું છે ? ક્યાં બાંધ્યો છે આ ?

મુમુક્ષુ :– ઉં..ઉં.. કરવાની ટેવ પડી ગઈ છે ?

ઉત્તર :– ટેવ પડી ગઈ છે એને. ભાઈ ! ઇ ઉં..ઉં.. કરવા માંડ્યો. મટી ગયું, વાળંદને ખબર કે, આ મટી ગયું છે હવે, કાંઈ છે નહિ આને, છતાં એ પાટો બાંધે ત્યારે ઉં..ઉં.. કરે. પછી એ પાટો છોડીને આ પગે બાંધ્યો. સાજે પગે બાંધ્યો. ન્યાં જ્યાં છોડે તો ઉં..ઉં.. (કરે). પણ ક્યા પગે છે આ ? આ ગૂમડું તો અહીં રહ્યું, મટી ગયું છે ને અહીં ક્યાં રાડ પાડે છે તું ? હે...! કોણે બાંધ્યો ? પણ બાંધ્યો ગમે તેણે. પણ વાંક કાઢે એનો, કોણે બાંધ્યો ઇ ? પણ બાંધ્યો. તને અક્કલ નથી આ ગૂમડું અહીં છે ને તું રાડ પાડે છે અહીંથી ? એમ શરીરમાં ગૂમડું ને રાડ પાડે

આત્મા, એમ અહીં કહે છે. સમજાણું કાંઈ ? માને છે ને ! જડની દશા જડમાં વર્તે છે. એ આત્માને અડી પણ નથી ને આત્મામાં વર્તતી પણ નથી.

મુમુક્ષુ :– શરીરથી હું જુદો છું એમ ભાસ્યું જ નથી.

ઉત્તર :– ભાસ્યું નથી એ તો ઠીક પણ એમ છે. ન ભાસે તો પણ શરીરની અવસ્થા ચૈતન્યમાં આવી જ નથી. ન માને તો પણ શરીરની અવસ્થા આત્મામાં આવી જ નથી. આવી જ નથી ને માને કે, મને આ થઈ છે એ તો મૂઢની રાડ્યું પોકાર છે. ભાઈ ! આજ સવારમાં પોકાર કરીને આવ્યા પાછા, એ..ઇ..! મારો પાપનો ઉદય ? લ્યો ! ઠીક. આ બધાને પુણ્યના ઉદય છે.

અહીં કહે છે, આવી જેણે શરીરની દશા એ મારી માની છે એને તો મિથ્યાદૃષ્ટિપણામાં જરીએ આત્માનો લાભ નથી. શરીર તો નહિ પણ પુણ્ય ને પાપના ભાવ થાય એ પણ વિકાર છે, એ હું નહિ. સમજાણું કાંઈ ? કેમકે ભગવાન એને આસ્રવ કહે છે. જેમ શરીર અજીવ છે, કર્મ અજીવ છે, વાણી અજીવ છે, એમ પુણ્ય ને પાપના ભાવ આસ્રવ છે. તો આત્મા આસ્રવ અને અજીવ નથી. આત્મા આસ્રવ અને અજીવ નથી. ત્યારે છે શું ? એ આનંદ અને ચૈતન્યની મૂર્તિ તે આત્મા છે. આહા..! સમજાણું કાંઈ ? એવા ચૈતન્ય ને આનંદ... અહીં તો જ્ઞાન અને આનંદ બે વસ્તુ વધારે લેવી છે. સમજાણું કાંઈ ?

જ્ઞાન અને આનંદ એ આત્માનું સ્વરૂપ (છે) એવું જ્યાં અંતરમાં પોતાપણાનો અંતર ભરોસો ભાવ (થયો કે) ભગવાનઆત્મા હું છું, એમ આવ્યું છે એને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. એની પ્રતીતિને સમ્યગ્દર્શન કહેવાય છે. પછી એમાં સ્થિરતા થાય તેને ચારિત્ર કહેવાય છે અને પછી ઉગ્ર પુરુષાર્થ દ્વારા આનંદની ઉજળાઈ વિશેષ વધે એને તપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? બહુ વ્યાખ્યા ફેર. આ તો વરસીતપ કરે ત્યાં (માને કે) અપવાસ થઈ ગયા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના. ધૂળમાંય નથી, ન્યાં અપવાસ ક્યાં હતો ન્યાં ? આત્મામાં અંદરમાં શુદ્ધતા પ્રગટે એ તપસ્યા છે. એવી તો લાંઘણું અનંત વાર કરી. ઇ તો કીધું ને

માથે ? 'નિજ કાજ ન સરના;'. અનંત વાર એવા માસખમણ શું બાર બાર મહિનાના અપવાસ કર્યા. નવમી ગ્રૈવેયક ગયો ત્યારે. પહેલું છે, જુઓ ! 'નિજ કાલ પાય વિધિ ઝરના, તાસોં નિજ કાજ ન સરના;' છે ભાઈ ? એ બધા ભાઈ ન્યાં સાંભળવામાં ઇ હતા ન્યાં. તમે બધાં એક હારના હતા કે નહિ ત્યાં ? કે, હા. અપવાસ કરે એને નિર્જરા છે. શેનો અપવાસ પણ ? રોટલા ન આવ્યા એમાં આત્માને અપવાસ ક્યાંથી થઈ ગયો ? એ રોટલો તો જડ છે. અને કદાચિત એમાં રાગની મંદતા શુભ કરી હોય તો એ પુણ્ય છે. ધર્મ ક્યાંથી ન્યાં આવ્યો ?

ધર્મ તો પુણ્ય ને પાપના રાગ રહિત દેહની ક્રિયાના લક્ષ વિના એકલા ચૈતન્યના પૂર્ણ સ્વભાવના લક્ષે દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતા થાય એને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? લક્ષ એટલે ધ્યેયે. આહા..હા..! એને કર્મની નિર્જરા થાય અથવા અશુદ્ધતા ટળે અને શુદ્ધતા વધે તેને સાચી નિર્જરા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ભગવાને આ કર્યું હતું.

ઉત્તર :- ઇ આ કર્યું હતું, ભગવાને ઇ કર્યું નહોતું.

મુમુક્ષુ :- માસખમણ ક્યાં હતા...

ઉત્તર :- માસખમણની વ્યાખ્યા જ ખોટી છે. એમણે આ કર્યું હતું. પછી એટલા મહિના સુધી એને આહાર આવવાનો જોગ નહોતો. લોકોએ ઇ દેખ્યું, અંતરમાં આ દેખ્યું. અંતરમાં અતીન્દ્રિય આનંદના અંતર મશગુલ થતાં છ છ મહિના સુધી આહાર લેવાની ઇચ્છા જ ન આવી એનું નામ અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ, એનું નામ તપ છે. એવો ભગવાને તપ કર્યો હતો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઇ એમ માનતા હતા ને જાણતા હતા. અજ્ઞાની પેલા રોટલા ન ખાધા એમ માને છે. સમજાણું કાંઈ ? બેને જોવાની દૃષ્ટિ ફેર છે.

'તે અવિપાક...' દેખો ! ભગવાનઆત્મા.. અંતર જ્યાં શુદ્ધતા ભરી છે તેમાં દૃષ્ટિ ન પડે તો શુદ્ધતાની વૃદ્ધિ થાય શી રીતે ? સમજાણું કાંઈ ? પુણ્ય-પાપના ભાવમાં શુદ્ધતા પડી છે ? આહાર-પાણી જવા-આવવામાં શુદ્ધતા પડી છે ? શુદ્ધતા તો અંદર

પડી છે. ભગવાન ચૈતન્યમૂર્તિ નિર્વિકલ્પ વીતરાગ સ્વરૂપથી ભરેલો (છે) એમાં દૃષ્ટિ પડતાં, એનું જ્ઞાન થતાં, એમાં ઉગ્રતાના પુરુષાર્થ દ્વારા અશુદ્ધતા ટળે અને કર્મની નિર્જરા શુદ્ધોપયોગથી થાય એમ કહેવામાં આવે છે. આહા..હા..!

બહુ ફેરફાર થઈ ગયો છે ને. આ બાર મહિનામાં એક વરસીતપ કર્યો, જાવ. થઈ ગયો (ધર્મ). પાંચ હજાર, દસ હજાર (ખર્ચી નાખે). ગૃહસ્થ માણસ હોય તો એક વરસીતપે લાખ ખર્ચી નાખે. થઈ ગયા ધર્મના ઉજવણા ! ધૂળમાંય નથી ધર્મ, સાંભળને હવે. તારા લાખ શું કરોડ ખર્ચી નાખને. રાગ મંદ હોય તો કદાચિત્ શુભભાવ પુણ્ય બાંધે. સમજાય છે ? ધર્મ-બર્મ નહિ, નિર્જરા-નિર્જરા નહિ.

અહીં એ કહે છે, પોતાના આત્માના પ્રતપન વડે કર્મોનું અથવા અશુદ્ધતાનું ખરી જવું એ અવિપાક અથવા સકામ નિર્જરા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? 'તે પ્રમાણે શુદ્ધિની વૃદ્ધિ થતાં થતાં સંપૂર્ણ નિર્જરા થાય છે,...' બધું આખું ખરી જાય છે, એમ. 'ત્યારે જીવ શિવસુખ (સુખની પૂર્ણતારૂપ મોક્ષ) પામે છે.' પાઠમાં એમ છે ને ? 'સોઈ શિવસુખ દરસાવૈ'. એ તો નિર્જરામાં પણ આનંદ, સુખ દર્શાવે છે. નિર્જરામાં પણ આત્માના અનિન્દ્રિય આત્માના આનંદનું દર્શન થાય છે અને પૂર્ણ થતાં મોક્ષ થઈ જાય છે, એમ કહેવું છે. નિર્જરામાં પણ આત્માના અતીન્દ્રિય આનંદનું અવલોકન પ્રત્યક્ષ વિશેષ થાય ત્યારે તેને નિર્જરા કહેવાય. આહા..હા..! શિવસુખ દર્શાવે એટલે ત્યાં મોક્ષના સુખનો અંશ દેખાય છે. નિર્જરામાં આત્માનું અતીન્દ્રિય આનંદનું, સ્વાદનું વેદન (આવે છે). આત્મા અતીન્દ્રિય આનંદમય છે એના સ્વાદનું વેદન (થાય છે) એને ભગવાન નિર્જરા કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :– આ તો આસ્રવને નિર્જરા કહે.

ઉત્તર :– આસ્રવને નિર્જરા માને (ઇ) મિથ્યાત્વને પોશે છે અને માને છે કે, અમે ધર્મ કરીએ છીએ. ક્યાં વસ્તુની ખબર છે ? સમજાણું કાંઈ ? આ બાજુ થોડી જગ્યા છે. થોડા આમ નજીક આવજો. બહાર થોડા બેઠા છે. છોકરાઓ બહાર છે ઇ અંદરમાં આવી જાવ. શું કહ્યું?

જ્યારે આત્મામાં નિર્જરા નામ શુદ્ધિની વૃદ્ધિ થાય ત્યારે આનંદની વૃદ્ધિનો દેખાવ અંદરમાં વિશેષ થાય. આહા..હા..! અતીન્દ્રિય આનંદ (વિશેષ આવે) એને ભગવાન

તપસ્યા કહે છે. બાકી તો બધાને લાંઘણ કહે છે.

મુમુક્ષુ :- તો પછી વરસીતપ કરવાનો હેતુ શો ?

ઉત્તર :- એ તો આ બધાં અજ્ઞાનમાં, જગતમાં માન મળે ને કાંઈક ધર્મ થાશે એમ માન્યતા, માન્યતા. હતો કે દિ' ધર્મ ન્યાં ? દુનિયામાં લોકો વખાણે. ઘરે બૈરાં હોય, કાંઈક ઓલું હોય, વિધવા હોય, પૈસા હોય ઘરે. મલાવો થાય, પચાસ હજાર ખર્ચે, ધણીની ઉંમર મોટી થઈ હોય, પોતે નાની હોય ને એમાં અપવાસ કરે તો વળી મલાવા કરે, પાંચ હજાર ખર્ચીને દસ હજાર (ખર્ચીને) મલાવા લહેર કરે. સમજાણું ?

મુમુક્ષુ :- રૂઢિ પ્રમાણે ઉપદેશ....

ઉત્તર :- એ તો અનાદિનો રૂઢિનો ઉપદેશ છે, સત્ય નહિ.

આત્માના અંતરના સન્મુખના ભાન વિના જેટલી ક્રિયાકાંડના રાગ મંદ થાય એમાં આત્માને કાંઈ લાભ નથી. ભવકષ્ટ નહિ. પુણ્ય બાંધે, પુણ્યભાવ હોય, બાંધે, બંધન પામે. એમાંથી સ્વર્ગાદિમાં (જાય). આ તો અત્યારે એવા પુણ્ય ક્યાં કરે છે, આ તો માન ને સન્માન ને ગમે ને મરી જાય છે. બહુ પુણ્ય હોય તો સ્વર્ગમાં જાય, ન્યાંથી મરીને ઢોર થાય, ઢોર થઈને નરકમાં જાય. એમાં બીજું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ ? આકરી વાત છે, ભાઈ !

અનંતકાળ.. અહીં કીધું ને ? 'નિજ કાલ પાય વિધિ ઝરના,...' એ તો 'નિજ કાજ ન સરના;...' એ તો એને પાકે કાળે ખરી ગયું એમાં કાંઈ આત્માનો લાભ નથી. 'તપ કરિ જો કર્મ ખિપાવૈ, સોઈ શિવસુખ દરસાવૈ.' લ્યો ! 'એમ જાણતો સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વદ્રવ્યના આલંબન વડે...' સ્વદ્રવ્યનું આલંબન અંતર લઈ, અંતર્મુખ થઈ અને 'શુદ્ધિની વૃદ્ધિ કરે છે તે નિર્જરા ભાવના છે.' એને શુદ્ધિ વધે છે. નિર્જરાની ભાવના કરતા, શુદ્ધ સ્વભાવની એકાગ્રતા કરતાં શુદ્ધતા વધે એને નિર્જરા કહે છે. એ નવમી (ભાવના) કીધી.

## ૧૦-લોક ભાવના

**કિનહૂ ન કરૌ ન ધરૈ કો, ષટ્દ્રવ્યમયી ન હરૈ કો;**
**સો લોકમાંહિ બિનસમતા, દુખ સહૈ જીવ નિત ભ્રમતા. ૧૨.**

અન્વયાર્થ :– આ લોકને (કિનહૂ) કોઇએ (ન કરૌ) બનાવ્યો નથી, (કો) કોઇએ (ન ધરૈ) ટકાવી રાખ્યો નથી, (કો) કોઇ (ન હરૈ) નાશ કરી શકતા નથી; [અને આ લોક] (ષટ્દ્રવ્યમયી) છ દ્રવ્યસ્વરૂપ છે-છ દ્રવ્યોથી ભરેલો છે. (સો) એવા (લોકમાંહિ) લોકમાં (બિન સમતા) વીતરાગી સમતા વિના (નિત) હંમેશાં (ભ્રમતા) ભટકતો થકો (જીવ) જીવ (દુખ સહૈ) દુઃખ સહન કરે છે.

ભાવાર્થ :– બ્રહ્મા વગેરે કોઇએ આ લોકને બનાવ્યો નથી, વિષ્ણુ અગર તો શેષનાગ વગેરે કોઇએ ટકાવી રાખ્યો નથી, તથા મહાદેવ વગેરે કોઇથી પણ નષ્ટ કરી શકાતો નથી; પણ આ છ દ્રવ્યમય લોક છે તે પોતાથી જ અનાદિ-અનંત છે. છએ દ્રવ્યો નિત્ય સ્વ-સ્વરૂપે ટકીને નિરંતર પોતાના નવા નવા પર્યાયો (અવસ્થા)થી ઉત્પાદ-વ્યયરૂપે પરિણમન કર્યા કરે છે. એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો અધિકાર નથી. આ છ દ્રવ્યસ્વરૂપ લોક તે મારું સ્વરૂપ નથી, તે મારાથી ત્રિકાળ ભિન્ન છે, હું તેનાથી ભિન્ન છું, મારો શાશ્વત ચૈતન્યલોક તે જ મારું સ્વરૂપ છે. એમ ધર્મી જીવ વિચારે છે અને સ્વસન્મુખતા દ્વારા વિષમતા મટાડી સામ્યભાવ-વીતરાગતા વધારવાનો અભ્યાસ કરે છે તે લોક ભાવના છે.

---

દસમી લોક ભાવના. સમ્યગ્દષ્ટિ જગતના તત્ત્વોનો વિચાર કરીને લોક ભાવના ભાવે છે.

**કિનહૂ ન કરૌ ન ધરૈ કો, ષટ્દ્રવ્યમયી ન હરૈ કો;**
**સો લોકમાંહિ બિનસમતા, દુખ સહૈ જીવ નિત ભ્રમતા. ૧૨.**

જુઓ ! અહીં (આ) શબ્દ (ઉપર) વધારે (વજન છે). 'બિન સમતા' નામ સમ્યગ્દર્શન, જ્ઞાનને સમતા કહેવામાં આવે છે.




આ લોક ચૌદ બ્રહ્માંડ છે. ચૌદ બ્રહ્માંડ ઊભા પુરુષને આકારે સર્વજ્ઞ પરમેશ્વર ભગવાન તીર્થંકરે જોયો છે. લોક – આમ (કમર ઉપર) હાથ રાખીને માણસ ઉભો હોય, એનો ઘેરાવો આવે એવો લોકનો દેખાવ છે. ચૌદ રાજુ–બ્રહ્માંડનો. ઊર્ધ્વમાં મોક્ષ અને સ્વર્ગ છે, મધ્યમાં મનુષ્ય ને ઢોર છે, અધોમાં નારકી (છે). એવો લોક 'કોઈએ બનાવ્યો નથી.' એ બનાવ્યો નથી. કોઈ એનો કર્તા નથી, અનાદિ એ વસ્તુ છે. સમજાય છે કાંઈ ? સર્વજ્ઞના જ્ઞાનમાં (આમ આવ્યું છે). અનાદિથી અનંત સર્વજ્ઞો થતાં આવ્યા છે. એ વિજ્ઞાનીએ છ દ્રવ્ય એમ ને એમ અનાદિ લોક જોયો છે. એમ ને એમ લોક છે. કોઈએ બનાવ્યો નથી. એનો કોઈ કર્તા નથી. બ્રહ્મા એનો કર્તા કોઈ હોય (એમ નથી). શું હશે ? ભાઈ ! (કોઈ) કર્તા નથી.

'કોઈએ ટકાવી રાખ્યો નથી,...' કહે છે ને નાગ ને શું શેષનાગ ટકાવે છે, વિષ્ણુ ટકાવે છે, બધી ગપ વાત છે, ખોટી છે. અનાદિઅનંત છ દ્રવ્યોનો લોક એમ ને એમ અનાદિ ભરેલો છે. અનાદિથી છ દ્રવ્યો છે. અનંત આત્મા, અનંત પરમાણુઓ અનાદિથી એમ છે. એનો આકાર ચૌદ બ્રહ્માંડમાં પુરુષ પ્રમાણે છે, એને કોઈએ કરેલો નથી. ઈશ્વર-બિશ્વર કોઈ કર્તા નથી, વિષ્ણુ એને ટકાવી રાખનાર નથી. સમજાય છે ?

'કોઈ નાશ કરી શકતા નથી;...' કહે છે ને મહાદેવ નાશ કરે. કોઈ નાશ કરતું નથી, એમ ને એમ અનાદિ છે. લ્યો ! 'ષટ્દ્રવ્યમયી છ દ્રવ્ય સ્વરૂપ છે – છ દ્રવ્યોથી ભરેલો છે.' જગતની અંદર છ દ્રવ્ય છે. આત્માના જ્ઞાનની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને શ્રદ્ધવાની, જાણવાની તાકાત છે. સમજાણું કાંઈ ? આ આત્મા એના અનંત ગુણો, એનો એક જ્ઞાન ગુણ, એની એક સમયની એક પર્યાય, એમાં ષટ્ દ્રવ્ય છે એમ જાણવાની એક સમયની તાકાત છે. ષટ્દ્રવ્યને જાણે ને માને ત્યારે એણે એક સમયની પર્યાયની પૂર્ણતા છે એમ માન્યું. આખું દ્રવ્ય તો હજી એકકોર રહી ગયું. સમજાણું કાંઈ ? એક સમયની પર્યાયની તાકાત એટલી છે કે, છ દ્રવ્ય એમ ને એમ

છે. છ દ્રવ્ય અનાદિ અનંત કોઈએ કર્યા નથી, કોઈએ ટકાવ્યા નથી, કોઈથી તેનો અભાવ–વ્યય થતો નથી. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– આવું હોવા છતાં...

ઉત્તર :– છતાં ભાન ન મળે. ઇ કહે છે ને, હમણાં કહે છે. 'બિન સમતા'. સમ્યગ્જ્ઞાન વિના. 'બિન સમતા' શબ્દ પડ્યો છે એમાં દેખો ! એટલે વીતરાગી સમતા વિના, વીતરાગી એટલે અંતર દૃષ્ટિ – ચૈતન્ય હું જ્ઞાતા-દૃષ્ટા છું. જ્ઞાતા-દૃષ્ટાના ભાન વિના એણે ચોરાશીના અવતાર અનંત વાર કર્યા. સમજાણું કાંઈ ? ઓહો..હો...!

'ષટ્દ્રવ્યમયી એવા લોકમાં વીતરાગી સમતા વિના...' એ સમતાનો અર્થ જ છે – વીતરાગ દૃષ્ટિ. આખો આત્મા શુદ્ધ પરમાનંદ, એ ષટ્દ્રવ્યને ને પોતાને જાણવા-દેખવાના જ સ્વભાવવાળો છે. કોઈનો – પરનો કરવાવાળો નહિ અને પોતાના રાગનો પણ કરવાવાળો નહિ. એનું એનું સ્વરૂપ છે. બીજા આત્મા સિવાય જે છ છે, અનંત આત્માઓ અને બધું, એનો પણ કર્તા નહિ ને આત્મામાં થતો રાગ, એનો પણ કર્તા નહિ. એવી કર્તા વિનાની જે જ્ઞાતાની સમતા, એવા જ્ઞાતા-દૃષ્ટાના ભાન વિના ચોરાશી લાખના અવતારમાં અનંત વાર કોઈ સ્થાન જન્મ ને મરણ વિના બાકી રહ્યું નથી. ચોરાશીના અવતારમાં એક એક સ્થાનમાં અનંત વાર અવતર્યો. સમજાણું કાંઈ ? સમજાણું ? ભાઈ ! આ પહેલું આવું નથી, આવું તો પૂર્વ માણસપણામાં અનંત વાર થઈ ગયું છે.

મુમુક્ષુ :– અજ્ઞાનતામાં સમજાતું નથી ને !

ઉત્તર :– સમજવું છે કે નહિ ? ઇ અજ્ઞાનતા ટાળવા માટે આ કહેવાય છે કે રાખવા માટે કહેવાય છે ? સમજાણું કાંઈ ? આહા..! એ નરકની વેદના, એ નરકની વેદના અહીં પાપ કરીને નરકમાં ગયા એની વેદના એ અનુભવ એનો ભગવાન જાણે. એ વેદનામાં આત્માનું ભાન કરી શકે છે. આહા..હા...! સમજાય છે ? એમાં અંદરમાં પડ્યો ને વેદના એટલી... બધા બાંધેલા ને માર... માર... માથે ટીપાય. ઓ..હો...! આ જ સ્થિતિ હશે આમ ને આમ આ શું ? એમાં અંતરથી સ્મૃતિ આવી જાય છે. અહો ! અમને જ્ઞાનીઓએ કહ્યું હતું કે, તમે તો આત્મા છો ને શુદ્ધ ચિદાનંદ જ્ઞાતા છો. એમ અંદર સ્મૃતિ આવતા (ગુલાંટ મારે છે). એટલી પીડા તે અત્યારે

જે માણસ જોવે તો સાંખી શકે નહિ એટલી પીડા ! એનો એક અગ્નિનો તણખો આટલો અહીં લાવે તો આસપાસમાં અનેક જોજનમાં માણસ અમસ્તા અડ્યા વિના મરી જાય એટલો આતાપ લાગે. ત્યાં એ અસંખ્ય અસંખ્ય અબજ વર્ષ રહ્યો. એવા અનંત વાર, એકવાર નહિ એવું અનંત વાર (થયું). એ આત્માના સમ્યગ્દર્શનના ભાન વિના. અને એવા સ્થળમાં પણ આમ ગુલાટ ખાય છે અંદર. ઓહો..! આ પીડા કોને ? ક્યાં ? આ શું છે ? એમ ચૈતન્યને અંતર જોતા સ્વરૂપનું ભાન (થઈને) એવી પીડાના ફળમાં આનંદનું ભાન થઈ જાય છે. એવો ઉગ્ર પુરુષાર્થ આત્મા એવી પીડાના સ્થળમાં પણ કરે છે. સમજાણું કાંઈ ? અહીં ક્યાં હતી પીડા ? ધૂળમાંય નથી હવે.

કહે છે, આત્માની દૃષ્ટિ વિના. હું જ્ઞાયક ચૈતન્ય જગતનો જાણનાર-દેખનાર (છું). રાગનો પણ કરનાર નહિ, શુભભાવનો પણ કર્તા હું નહિ. કેમકે કર્તા માને તેણે વિકાર સ્વરૂપ જ આત્માને માન્યો. હું જ્ઞાન છું, સ્વસંવેદનથી જણાય એવો છું, **'स्वानुभूत्या चकासते'** મારા અંતરની અનુભવની ક્રિયાથી મારી પ્રસિદ્ધિ થાય છે, રાગ ને શરીરની ક્રિયાથી નહિ. એમ સ્વનું ભાન નરકમાં પણ કરે છે, સ્વર્ગમાં પણ કરે છે. સમજાય છે ? પણ ભાન વિના, એણે 'વીતરાગી સમતા વિના...' ભાષા કેવી મુકી છે એમણે ? વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન ને વીતરાગી શાંતિ. એટલે કે, આત્મદૃષ્ટિ, આત્મજ્ઞાન ને આત્મશાંતિ. એના 'વિના હંમેશાં ભટકતો થકો જીવ દુઃખ સહન કરે છે.' જુઓ ! અહીં તો સ્વર્ગમાં પણ દુઃખ સહન કરે છે એમ કીધું. હંમેશા જીવ દુઃખ સહન કરે છે. એનો અર્થ શું થયો ? શેઠાઈમાં ને રાજમાં અને સ્વર્ગમાં દુઃખ જ છે, એમ કહે છે.

મુમુક્ષુ :– સ્વર્ગમાં કાંઈ દુ-ખ હશે ?

ઉત્તર :– દુઃખ છે ઇ કહે છે. એને આ શરીરે વા છે ઇ દુઃખ છે. એ દુઃખ કોણે કીધું ? અંદર આકૂળતા હોળી સળગે છે ઇ દુઃખી છે. ઇ આકૂળતા સ્વર્ગમાં પણ આકૂળતા કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? બીજી ભાષાએ કહીએ તો આત્માની દૃષ્ટિ વિના બધે પંચમહાવ્રતના પરિણામ પાળ્યા એ દુઃખને પાળ્યા હતા, દુઃખી છે, એમ કહે છે. આહા..હા..! ભાઈ ! આહા..! જુઓ ! 'હંમેશાં ભટકતો થકો જીવ દુઃખ સહન કરે છે.' એનો અર્થ શું થયો ? સમજાણું ? ઓલામાં આવ્યું હતું આપણે નહિ ?

મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયૌ;
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ. ૫.

એ જ્ઞાન બીજું આવશે હવે. સમજાણું ? બીજું આવશે. બોધિદુર્લભમાં સમ્યગ્જ્ઞાન વિના, એ સમ્યગ્જ્ઞાન વિના (કહેશે). 'પર સમ્યગ્જ્ઞાન ન લાધૌ,...' પેલું તો પહેલા આવી ગયું. સમજાણું કાંઈ ? એનો અર્થ કે, આત્મા અતઃસ્વરૂપના સમ્યગ્દર્શન-જ્ઞાનના ભાન વિના જેટલું એણે કર્યું ને ફળમાં ગયો એ બધું એને દુઃખરૂપનું જ વેદન હતું. અવ્રતના પરિણામમાં હતો તોપણ દુઃખી અને આત્માના ભાન વિના વ્રતના શુભ પરિણામમાં હતો તોપણ દુઃખી (હતો). કારણ કે, શુભભાવ એ આકુળતા અને દુઃખ છે. એણે અનંતકાળમાં દુઃખ જ ભોગવ્યા છે. ભાઈ ! આહા..હા..! જુઓને શું કીધું ?

'બિન સમતા દુઃખ સહૈ જીવ નિત ભ્રમતા...' કે, નિત ભ્રમણામાં કોઈ નરક ને ઢોર જ બે રાખ્યા છે ? માણસ, દેવ, અનંત વાર ત્યાગી થયો, મુનિ થયો આત્માના ભાન વિના. એ આત્માના ભાન વિના, સમ્યગ્દર્શન-જ્ઞાન વિના જેટલા મહિના મહિનાના અપવાસ કર્યા, મહાવ્રતના પરિણામ કર્યા એ બધા દુઃખરૂપ પરિણામ હતા. છે એમાં ? જુઓ ! ભાઈ ! શેઠિયા પણ દુઃખી છે એમ અહીં તો કહે છે. આકૂળતા કરે છે માટે (દુઃખી છે). ભાઈ ! હવે આ (જીવ) કલ્પે કે, હું દુઃખી છું ને આ સુખી છે.

મુમુક્ષુ :– ક્યાં દુઃખ છે ?

ઉત્તર :– પૈસાવાળા નીરોગી સુખી ! અહીં તો કહે છે કે, મહાવ્રતના ધરનારા પણ દુઃખી છે, તને ભાન નથી, સાંભળને ! આત્માના જ્ઞાન વિનાના એકલા મહાવ્રતના પરિણામ એ તો શુભરાગ છે. એ રાગ છે તે દુઃખ છે, એ દુઃખી છે. તારી દૃષ્ટિ ને દેખવામાં ફેર છે. સમજાણું કાંઈ ? મારે થોડુંક દુઃખ આને સુખ છે, આને સારું છે, આને સારું છે. અહીં તો કહે છે કે, નીરોગ શરીર, એટલું નીરોગ કે જેમાં રોગ પૂર્વે આવ્યો નથી, અત્યારે છે નહિ અને આવવાની તૈયારી નથી એટલું નીરોગી શરીર. અને જેના પંચમહાવ્રતના શુભ પરિણામ – અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય ને અપરિગ્રહના ભાવ (પાળે છે), પણ મિથ્યાદૃષ્ટિ છે - ભાન આત્માનું નથી - માટે તે દુઃખી છે એમ તું જો, એમ કહે છે અહીં તો. બરાબર ?

'જીવ દુઃખ સહન કરે છે.' જુઓને ! આ તો ગાગરમાં સાગર ભરી દીધી છે. 'છ ઢાળા' હિન્દી છે, સાદી હિન્દી. દિગંબરમાં તો ઘણાંને કંઠસ્થ હોય પણ અર્થને સમજે નહિ. 'લોકમાંહિ બિન સમતા...' એક ભગવાનઆત્મા જે આનંદ સ્વરૂપ છે એની દૃષ્ટિ સમતા, સમ્યગ્દર્શન એટલે એ સમતા સમ્યગ્દર્શન છે. સમ્યગ્જ્ઞાન ઇ સમતા – સમભાવ છે. ચારિત્ર પણ ઇ સમભાવ છે. એવા આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન ને શાંતિ વિના એણે અનંત (ભવોમાં) જેટલું કર્યું, જેના ફળમાં સ્વર્ગ આદિમાં ગયો, મોટો શેઠ થયો એ બધાં દુઃખી જ હતાં, દુઃખ જ ભોગવ્યા છે. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– કાયમ દુઃખી નથી.

ઉત્તર :– કાયમ છે એમ અહીં કહે છે. ભાન ક્યાં છે એને ? કાયમ વિકારની વૃત્તિઓ ઊભી થાય છે એ જ એને દુઃખ છે. કાયમ–ચોવીસ કલાક નિરંતર. આહા..હા..! સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા નિર્વિકારી સચ્ચિદાનંદ પ્રભુના આશ્રય લીધા વિના જેટલો અનાદિકાળથી પરદ્રવ્યના આશ્રયે શુભાશુભ ભાવ કરે છે એ બધું એકલું નિરંતર ચોવીસ કલાક દુઃખ જ છે એને.

મુમુક્ષુ :– આશ્વાસન આપનાર હશે ને કોઈ.

ઉત્તર :– હવે આશ્વાસન આપનારો પણ મૂઢ છે. એને ભાન કે દિ' છે ? બેય સરખે સરખા.

મુમુક્ષુ :– તો સુખીને ગોતવો પડશે ને.

ઉત્તર :– સુખી સમ્યગ્દૃષ્ટિ. 'એક સુખીયા જગતમાં સંત, દુરીજન દુઃખીયા રે...' સુખીયા જગતમાં સંત – સમ્યગ્દૃષ્ટિ સુખી (છે). સમજાય છે કાંઈ ? જેને આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ ભગવાનનું અંતર ભાન થઈને આનંદનું અંશે આનંદવેદન આવ્યું એ એક સુખી (છે), બાકી બધા દુઃખી છે. હજારો રાણીને છોડીને સાધુ થયો હોય પણ સમ્યગ્જ્ઞાન ભાન વિના એ દુઃખી, દુઃખી ને દુઃખી છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આંખની ફેરે વાત છે, ભઈ ! આ તો. ચોવીસ કલાક અખંડ ધારાએ, આત્માના આનંદની ધારા જે છે એનું જ્યાં ભાન નથી, એ અખંડ ધારાએ પુણ્ય-પાપના વિકારથી

આકુળતા અને દુઃખને જ ભોગવે છે, એક સમય પણ એને શાંતિ છે જ નહિ. બરાબર છે ? આહા..હા..! શું કીધું આમાં ? સમજાણું આમાં કે નહિ ?

મુમુક્ષુ :– ધ્યાનમાં બેસે તો શાંતિ થાય ને ?

ઉત્તર :– ધૂળમાંય નથી. ચારે હોય તોપણ બળતરા અનેકની હોય છે. અનેક પ્રકાર હોય છે, બાપા ! મોટા રાજા હોય એને રાણી માનતી ન હોય. બહારમાં બધી અનુકૂળતા દેખાય. સમજાય છે ? ઓલી કડક રાણી હોય ગરાસણી, એ વાણિયા જેવી વેવલી ન હોય. એ..ઇ..! ઓલી ગરાસણી હોય સરપણી મોટી. દરબારસિંહ વિચારીને બોલજો અમે પણ ગરાસણી છીએ, હોં ! એમ બોલે. અંદરથી ઊંચો કરે ઓલાને, શું કરે ? ક્યાં જાય ? આ બધાં થયેલા છે ને અમને તો બધાં નામ-ઠામની પણ ખબર છે. એ બધાં અંદર બળતા હોય. બહારથી દેખો તો આમ લુગડા ઊંચા ને આમ રાજ ને મોટરુ ને... પણ અંદર ખબર હોય કે, આ રાણી.. ઘરે જાય ત્યાં રાણીનું આમ જ્યાં દેખે (તો) હાય ! હાય ! આ માનતી નથી. બીજા બધાંય માને પણ આ એક માનતી નથી. સમજાય છે ? છડેચોક કહે, અમારું નામ લેશો નહિ. અમે પણ ગરાસીયા ગરાસણી છીએ, હોં ! ગરાસીયાની દીકરી (છીએ). હાય ! હાય ! અંદર હોળી હળગતી હોય, બહારમાં ધૂળય નથી, મફતનો મૂઢ માની બેઠો છે. આત્મામાં સુખ છે. ઇ કહે (છે), જુઓને !

ભગવાનઆત્મા આનંદનો ગાંઠડો છે. અંતર આનંદના રત્નના લાલ ભર્યા છે અંદર. આહા..હા..! લાલ રત્નની ગાંઠડીઓ. કહે છે કે, ભાઈ ! એ આત્મા તરફની દૃષ્ટિ કર એમાં સુખ છે, એનું જ્ઞાન કર એમાં આનંદ છે, એમાં સ્થિર થા એમાં શાંતિ છે. સમજાણું કાંઈ ? વાત એને કેમ બેસે ? ગોઠવી દીધાં. આમ ભ્રમણ... ભ્રમણ... ભ્રમણ... ભ્રમણ..., બહારમાં... બહારમાં... સળગ્યા જ કરે ચારે કોર. સમજાણું કાંઈ ?

‘જ્યારે જીવ નિશ્ચયરત્નત્રયસ્વરૂપ ધર્મને સ્વ આશ્રયવડે પ્રગટ કરે છે ત્યારે જ તે સ્થિર-અક્ષય સુખને (મોક્ષને) પ્રાપ્ત કરે છે. આવી રીતે ચિંતવન કરી સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વસન્મુખતાનો અભ્યાસ વારંવાર કરે છે તે ધર્મ ભાવના છે.’ વારંવાર અંતર ભગવાન બિરાજે છે પોતે જ, એકલો આનંદનો રસ કંદ આત્મા છે. અતીન્દ્રિય આનંદ

જેવો સિદ્ધને આનંદ છે એવો જ આનંદ અંદર પડેલો છે. સિદ્ધને એક સમયની પર્યાયનો પ્રગટ આનંદ છે. અંદરમાં એવા એવા અનંત પર્યાયનો આનંદ એક આનંદ ગુણમાં પડ્યો છે. અહીંયાં મોહ રહિત થઈને દૃષ્ટિ કરવાનો વખત લેતો નથી. પછી દુઃખી થાય છે. દુઃખી થાય છે પોતાને કારણે અને માને કે કર્મને કારણે, આ પ્રતિકૂળતાને કારણે, આ સગવડતા નથી (એને) કારણે (દુઃખી છું). મૂઢ બહારનો દોષ કાઢીને એનો જ વાંક કાઢ્યા કરે છે. કહો, સમજાણું ?

ધર્મ ભાવના વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ ફરમાવે છે, ભાઈ ! તારો સ્વભાવ તારી પાસે છે ને પ્રભુ ! એની તું એકાગ્ર થઈને ભાવના કર એમાં તને આનંદ છે. લ્યો ! ઇ ચૌદમો બોલ થયો. હવે પાંચમી ઢાળની એક છેલ્લી ગાથા રહી.

---

## આત્માના અનુભવપૂર્વક ભાવલિંગી મુનિનું સ્વરૂપ

સો ધર્મ મુનિનકરિ ધરિયે, તિનકી કરતૂતિ ઉચરિયે;
તાકોં સુનિયે ભવિ પ્રાની, અપની અનુભૂતિ પિછાની. ૧૫.

અન્વયાર્થ :– (સો) એવો રત્નત્રયસ્વરૂપ (ધર્મ) ધર્મ (મુનિનકરિ) મુનિઓ દ્વારા (ધરિયે) ધારણ કરવામાં આવે છે. (તિનકી) તે મુનિઓની (કરતૂતિ) ક્રિયાઓ (ઉચરિયે) કહેવામાં આવે છે. (ભવિ પ્રાની) હે ભવ્ય જીવો ! (તાકોં) તેને (સુનિયે) સાંભળો, અને (અપની) પોતાના આત્માના (અનુભૂતિ) અનુભવને (પિછાની) ઓળખો.

ભાવાર્થ :– નિશ્ચયરત્નત્રયસ્વરૂપ ધર્મને ભાવલિંગી દિગમ્બર જૈન મુનિ જ અંગીકાર કરે છે-બીજો કોઇ નહિ. હવે આગળ તે મુનિઓના સકલચારિત્રનું વર્ણન કરવામાં આવે છે. હે ભવ્યો ! તે મુનિવરોના ચારિત્રને સાંભળો અને પોતાના આત્માનો અનુભવ કરો.

## પાંચમી ઢાળનો સારાંશ

આ બાર ભાવના તે ચારિત્રગુણના આંશિક શુદ્ધ પર્યાયો છે, તેથી તે સમ્યગ્દૃષ્ટિ જીવને જ હોઇ શકે છે. સમ્યક્ પ્રકારે આ બાર પ્રકારની ભાવનાઓ ભાવવાથી વીતરાગતાની

વૃદ્ધિ થાય છે, તે બાર ભાવનાનું ચિંતવન મુખ્યપણે વીતરાગ દિગમ્બર જૈન મુનિરાજને જ હોય છે, અને ગૌણપણે સમ્યગ્દષ્ટિને હોય છે. જેમ પવન લાગવાથી અગ્નિ ભભૂકી ઊઠે છે તેમ અંતરંગ પરિણામોની શુદ્ધતા સહિત આ ભાવનાઓનું ચિંતવન કરવાથી સમતાભાવ પ્રગટ થાય છે, અને તેનાથી મોક્ષસુખ પ્રગટ થાય છે. સ્વસન્મુખતાપૂર્વક આ ભાવનાઓથી સંસાર, શરીર અને ભોગો પ્રત્યે વિશેષ ઉપેક્ષા થાય છે, અને આત્માના પરિણામોની નિર્મળતા વધે છે. [આ બાર ભાવનાઓનું સ્વરૂપ વિસ્તારથી જાણવું હોય તો 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા', 'જ્ઞાનાર્ણવ' વગેરે ગ્રંથોનું અવલોકન કરવું.]

અનિત્યાદિ ચિંતવનથી શરીરાદિને બૂરાં જાણી, હિતકારી ન જાણી તેનાથી ઉદાસ થવું તેનું નામ અનુપ્રેક્ષા નથી, કારણ કે એ તો જેમ પ્રથમ કોઇને મિત્ર માનતો હતો ત્યારે તેનાથી રાગ હતો અને પાછળથી તેનો અવગુણ જોઇને ઉદાસીન થયો, તેમ પહેલાં શરીરાદિથી રાગ હતો પણ પાછળથી તેના અનિત્યાદિ અવગુણ દેખી આ ઉદાસીન થયો, પરંતુ એવી ઉદાસીનતા તો દ્વેષરૂપ છે, પણ જ્યાં જેવો પોતાનો વા શરીરાદિકનો સ્વભાવ છે તેવો ઓળખી, ભ્રમ છોડી, તેને ભલાં જાણી રાગ ન કરવો તથી બૂરાં જાણી દ્વેષ ન કરવો, એવી સાચી ઉદાસીનતા અર્થે અનિત્યતા વગેરેનું યથાર્થ ચિંતવન કરવું એ જ સાચી અનુપ્રેક્ષા છે.

(મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૨)

---

'આત્માના અનુભવપૂર્વક ભાવલિંગી મુનિનું સ્વરૂપ' હવે મુનિનું સ્વરૂપ કહે છે.

સો ધર્મ મુનિનકરિ ધરિયે, તિનકી કરતૂતિ ઉચરિયે;<br>
તાકોં સુનિયે ભવિ પ્રાની, અપની અનુભૂતિ પિછાની. ૧૫.

ગૃહસ્થાશ્રમી ધર્મી જીવને પણ આત્મશ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતા અંશે થયા છતાં એને મુનિપણું લેવાની ભાવના હોય છે. સમજાય છે કાંઈ ? ક્યારે મુનિપણું લઉં ? ક્યારે મુનિપણું (લઉં) ? પુરુષાર્થની નબળાઈને લઈને સ્થિરતા ન થઈ શકે પણ ભાવના તો (હોય છે). 'ભાવના' શબ્દે એ જ ચિંતવના, એકાગ્રતા એ નહિ. ક્યારે મુનિપણું (લઉં) ? 'શ્રીમદ્'માં નથી આવ્યું ?

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?

જુઓ ! મોતીના લાખોના વેપાર હતા, ગૃહસ્થાશ્રમમાં હતા પણ (ભાવના ભાવે છે કે),

ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો ?
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો ?
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

તીર્થંકરો જેવા ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં આવી ભાવના વારંવાર ભાવતા હતા. સમજાય છે કાંઈ ? 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ'. જેને ઘરે છન્નું, છન્નું હજાર પદમણી જેવી રાણી અને જેને ઘરે છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ, અડતાલીસ હજાર પાટણ, બોંતેર હજાર નગર. સમજાય છે ? એ અંતરની દૃષ્ટિના આત્માના ધ્યાનના આનંદમાં એ ભાવના કરતા કે, અરે..! અમે ક્યારે મુનિ થઈએ. અમે તીર્થંકર થઈ આવ્યા છીએ. અમને પણ ચારિત્ર વિના કેવલ નથી. અમે તીર્થંકર છીએ ખાત્રી છે કે, આ ભવમાં કેવલ (પામવાના), પણ એ ચારિત્ર–સ્વરૂપની રમણતા, દર્શન-જ્ઞાન સહિત અંતરની લીનતાની જમવટ વિના અમને પણ મોક્ષ નહિ થાય. કહો, સમજાણું કાંઈ ?

આવે છે ને ? 'ધ્રુવ સિદ્ધિ તિથયરો' એ..ઇ..! આવે છે ક્યાંય ? 'અષ્ટપાહુડ'માં આવે છે. જેને સિદ્ધિ–મુક્તિ નિશ્ચય છે. તીર્થંકરને તો એ ભવમાં 'ધ્રુવ સિદ્ધિ' મુક્તિ નિશ્ચય છે. છતાં પણ એ ભાવના (ભાવે છે કે) અરે..! ક્યારે અમે ચારિત્ર લઈએ ? આહા..! અમારા સ્વરૂપમાં ક્યારે અમે રમીએ ? રમઝટ વાગે. જેમ મોસમમાં વેપારીને મમતાની રમઝટ વાગે છે. ભાઈ ! દુકાન જ્યારે લેવી હશે રમઝટ વાગતી હશે ને બેય જણાને ? ઓહો..! કહે છે કે, એ વખતે કેટલો મોહ હતો. આ સાકર દેવી ને

શું કહેવાય ઇ ? પાઘડી દેવી ને ઢીંકણા દેવી ને બેય જણા ફરતા હતા એ વખતે. એમ જેમ જગતને જે પ્રિય ચીજ મેળવવા માટે મમતાની રમઝટ લાગી હોય, એમ ધર્મીને પ્રિય ચારિત્ર છે એની એકાગ્રતાની રમઝટ વાગી હોય. સમજાય છે કાંઈ ? આહા..હા..! ....

સો ધર્મ મુનિનકરિ ધરિયે, તિનકી કરતૂતિ ઉચરિયે;
તાકોં સુનિયે ભવિ પ્રાની, અપની અનુભૂતિ પિછાની. ૧૫.

સમ્યગ્દર્શન અનુભવ પોતાનો જો. તારું સ્વરૂપ જો, ભાઈ ! એ સિદ્ધ સમાન પ્રભુ છે એની અનુભૂતિ જો. અનુભૂતિને જોઈ અને આવી ભાવના કર, મુનિપણાની ભાવના કર. વિશેષ સ્થિરતા કેમ પ્રગટ થાય એવી ભાવના સમ્યગ્દષ્ટિ જીવને ગૃહસ્થાશ્રમમાં પણ હોય છે. સમજાણું કાંઈ ?

અન્વયાર્થ :- '(સો) એવો રત્નત્રયસ્વરૂપ ધર્મ...' એની સાથે સંધી કરી. પેલો ધર્મ (કહ્યો) હતો ને ઉપર ? 'સો ધર્મ'. 'એવો રત્નત્રયસ્વરૂપ ધર્મ (મુનિનકરિ) મુનિઓ દ્વારા ધારણ કરવામાં આવે છે.' શ્રાવક એ પૂર્ણ ધર્મ ધારી શકતો નથી. પહેલી શ્રાવકની વ્યાખ્યા આવી ગઈ છે. મુનિ સિવાય સર્વ વિરતિ (શ્રાવક). એ મુનિ પણ અંતરમાં મુનિપણું, હોં ! તદ્દન આમ હળવા.. હળવા... ક્યાંય પ્રતિબદ્ધ નથી કે, મારે અહીંયાં અડધો કલાક બોલવું પડશે એવો પ્રતિબદ્ધ નથી. કે અહીંયાં શાસ્ત્ર આટલું લખવું પડશે એવો પણ જેને વિકલ્પમાં પ્રતિબદ્ધ નથી. તદ્દન અપ્રતિબદ્ધ. સમજાણું કાંઈ ? અંતર આનંદ સ્વરૂપમાં રમવા ચારિત્ર જે ધારણ કરે છે, એની અંતરની ઉગ્રતાના પુરુષાર્થમાં ઘણી જ આગમનતા, અતીન્દ્રિયતા હોય છે. કહે છે એવો મુનિ ધર્મ ધારણ કરી શકે છે. ગૃહસ્થાશ્રમમાં એવો ધર્મ શ્રાવક ધારી શકે નહિ.

'તે મુનિઓની ક્રિયાઓ કહેવામાં આવે છે.' એ મુનિની આચરણની ક્રિયાઓ કહેવામાં આવે છે. 'હે ભવ્ય જીવો ! તેને સાંભળો, અને પોતાના આત્માના અનુભવને (પિછાની) ઓળખો.' મૂળ તો આ તારા આત્માને ઓળખ કે, આ આત્મા પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્ય (છે) એનો અનુભવ કર અને પછી આવી ચારિત્રની ભાવના કર અથવા આવી ચારિત્રની વ્યાખ્યા કરી એ તું સાંભળ કે ચારિત્ર કેવું હોય છે. આ છેલ્લી ઢાળ, હવે છઠ્ઠી ઢાળ. સમજાણું ? 'અપની અનુભૂતિ પિછાની.' પોતાના આત્માનો

આનંદ અનુભવ, એ આત્માની અનુભૂતિ–અનુભવ એને ઓળખો.

અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે
ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.

પિછાણો, કહે છે. જુઓ ! ઓ..હો..હો...! દુનિયાની માથાકૂટ મુક. વેપાર ધંધાના વિકલ્પો છોડ, એમ કહે છે. અને આવી મુનિપણાની ભાવના કર. એ વિના, ચારિત્ર વિના મુક્તિ નથી. અને ચારિત્ર એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન વિના હોતું નથી. સમજાણું કાંઈ ?

ભાવાર્થ :– 'નિશ્ચયરત્નત્રયસ્વરૂપ ધર્મને ભાવલિંગી દિગંબર જૈન મુનિ જ અંગીકાર કરે છે–બીજો કોઈ નહિ.' જેને બહાર નગ્ન દશા થઈ ગઈ હોય, અંદરમાં જેને ત્રણ કષાય રહિત આત્માના વીતરાગી આનંદની ઉગ્રતાના અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પડ્યો હોય. સમજાય છે કાંઈ ? એ જંગલમાં પડ્યા હોય તો પણ એ આનંદમાં હોય છે, આનંદમાં મસ્ત હોય છે. મુનિ જંગલમાં હોય પણ અતીન્દ્રિય આનંદનું જ્યાં વેદન ઉગ્ર થઈ ગયું છે, પ્રચુર સ્વસંવેદન (થયું છે), એમ 'કુંદકુંદાચાર્ય' પાંચમી ગાથામાં કહે છે. મુનિઓને પ્રચુર આનંદ–સ્વસંવેદન–સ્વ (નામ) પોતાનું સં–પ્રત્યક્ષ વેદન. પ્રચુર સ્વસંવેદન (થયું છે). સમકિતીને સ્વસંવેદન છે, સમ્યગ્દષ્ટિને સ્વ પોતાનું સં પ્રત્યક્ષ આનંદનું વેદન અંશે છે, મુનિને પ્રચુર સ્વસંવેદન (છે). સમજાય છે કાંઈ ? આહા..! દુનિયા દેખે કે એ દુઃખી છે. ભગવાન કહે છે કે, એ આનંદમાં છે.

જુઓ ! અહીં કહે છે, આહા..હા..! વાઘણ ખાય છે, સિંહણ કોને ખાય ? આનંદને ખાય છે એ આત્મા, અંતરમાં આનંદને લુંટે છે. અતીન્દ્રિય આનંદના સબડકા લે છે. સબડકા ભાષા આતી હૈ તુમ્હારે મેં ? સબડકા. કઢી-બઢી હોય ને ઊંચી કઢી કે દૂધપાક, ખીર (હોય એના) સબડકા (લે). ભાઈ કહે છે સબડકા પણ કહે છે. આપણે મેળ આવતો હોય તો મારે કાઠિયાવાડી 'સબડકો' ભાષા છે. સમજાણું ?

એ આત્મા આનંદનું સરોવર છે. આહા..હા..! જેને તૃષા લાગી હોય અને એ પછી ત્યું મોઢું મુકે. આ બકરી જોઈ ? (એને) પાણીની તૃષા લાગી હતી. બે પગ હેઠે હોય ને બે પગ પાછળ. ઠંડા પાણીના તળાવ ભર્યા હોય ને એમાં તૃષા લાગી

હોય તો એકદમ પીવે. બકરી.. બકરી કહતે હૈ ના ક્યા કહતે હૈં ? બકરી આમ બે પગ નીચે રાખે એટલે કે આમ મોઢું અડાડવું જોઈએ ને ! બે પગ પાછળ. આમ પીવે તો જાણે એ તો એકરસ થઈ ગઈ હોય. પાછળથી કોઈ વાઘ મારવા, કાપવા આવે તો એને ખબર ન રહે, એટલો રસ એને (હોય). એની આંખો પણ ત્યાં હોય, નજર પણ ત્યાં હોય, બધું આખું બધું (લક્ષ ત્યાં હોય). પાછળથી કોઈ ખાવા આવે, મારવા આવે તો ખબર ન હોય, હમણાં પકડશે કે નહિ તોય એને ખબર ન હોય.

એમ કહે છે કે, આત્મામાં મુનિને એટલો આનંદ ચુસતો હોય, અંદરમાં તળાવ ભરેલું (છે). એમ આત્મા આનંદથી ભરેલો ભગવાન છે. એમાં અંતરની એકાગ્રતામાં એટલો આનંદ ચુસે કે સંયોગમાં પરિષહ કે ઉપસર્ગની એને ખબર પડતી નથી. સમજાણું કાંઈ ? એનું નામ મુનિપણું છે. મુનિપણું કાંઈ આલીદુવાલી નથી કે, સાધારણ વાતથી પમાય જાય. સમજાણું કાંઈ ?

એ અહીં કહે છે, એવો ધર્મ તો ભાવલિંગી દિગંબર મુનિ ધારણ કરી શકે. એવો ધર્મ બીજો ગૃહસ્થાશ્રમમાં સમકિતી પણ મુનિનો જે ધર્મ છે એવો ધારી શકે નહિ. મિથ્યાદૃષ્ટિને તો હોય જ શેનો ? અન્યમતિ તો બધાં નાગા ભલે ફરે પણ આ ધર્મ એને હોઈ શકે નહિ. વસ્તુનું ભાન નથી, દૃષ્ટિ નથી, અંતરમાં ક્યાં મારે ઠરવું ? કઈ ચીજમાં ? એ ચીજની ખબર નથી. એ ચીજ કેવી છે, કેવડી છે એની ખબર નથી. અજ્ઞાનીને તો ચારિત્ર હોય નહિ કેમ કે સમ્યગ્દર્શન નથી, કેમકે સમ્યગ્દર્શનનું ધ્યેય જે આખો આત્મા કેવડો છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ ? આહા..હા..!

એ 'નિશ્ચયરત્નત્રયસ્વરૂપ...' ભાઈ ! હવે બધાં જેને-તેને જય મહારાજ (કરે). આ બધાં શેઠિયાએ પણ કરેલા, બહુ માખણ ચોપડેલા. પણ ઇ કહે કે, અમે જાણતા હતા કે, આ બધું આમ કરીએ છીએ. આહા..હા..! સમ્યગ્દર્શનના આનંદના સ્વાદ આગળ વિશેષ આનંદ લેવા ચારિત્ર અંગીકાર કરે છે.

આ ઓલામાં પાઠ એવો છે, આ 'રત્નકરંડ શ્રાવકાચાર'માં, રાગ-દ્વેષ નિવૃત્તિ અર્થે. એમ આવે છે ને ? શ્લોક છે ને ઇ ? ઇ (એક વિદ્વાન) એ પહેલો કહ્યો હતો તે દિ' (સંવત) ૧૯૯૨માં. ૧૯૯૨ની સાલમાં આવ્યા હતા ને ? (એક વિદ્વાન) ને ક્યા કહેવાય બીજા ? ભાઈ ! અત્યારે પેલા 'કલકત્તા'વાળા શું કહેવાય ? ભગત.

એ બે આવ્યા હતા, બે આવ્યા હતા, ૧૯૯૨ની સાલમાં આવ્યા હતા 'હીરાભાઈ'ના મકાનમાં. ત્રીસ વર્ષ થઈ ગયા. તે તે દિ' એમ કહેતા કે, જુઓ ! મુનિઓ તો રાગ-દ્વેષની નિવૃત્તિ અર્થે ચારિત્ર ગ્રહણ કરે છે. માટે રાગ-દ્વેષ ઘટાડવા માટે ચારિત્ર ગ્રહણ કરવું. એ શબ્દ 'રત્નકરંડ શ્રાવકાચાર'માં આવે છે. 'રત્નકરંડ શ્રાવકાચાર'માં આવે છે, રાગ-દ્વેષ નિવૃત્તિ હેત. પણ એનો અર્થ એ થયો કે, વીતરાગતા પ્રગટ કરવા માટે ચારિત્ર છે. સમજાણું કાંઈ ? ઇ શ્લોક તે દિ' બોલ્યા હતા. આહા..હા..!

ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દર્શન-જ્ઞાનની વીતરાગતાનો અંશ આવ્યો હોય છે, ચારિત્રનો અંશ થોડો હોય છે પણ મુનિપણા વિના એવું ચારિત્ર... આહા..! સંયમ ચારિત્ર અને એની એ મીઠાશના આનંદની ઉગ્રતા.. જે દેવને નથી, ઇન્દ્રોને નથી, સમકિતી, શ્રાવકને નથી અને પાંચમાં ગુણસ્થાનવાળા શ્રાવકને (નથી), એટલો આનંદ એને વધી ગયેલો હોય છે. સમજાણું કાંઈ ?

કહે છે, ભાવલિંગી મુનિ એ ચારિત્ર 'અંગીકાર કરે છે - બીજો કોઈ નહિ.' ભાર નહિ સાધારણ જીવનો. 'આગળ તે મુનિઓના સકલચારિત્રનું વર્ણન કરવામાં આવે છે. હે ભવ્યો ! તે મુનિવરોના ચારિત્રને સાંભળો અને પોતાના આત્માનો અનુભવ કરો.' વધારો. સમ્યગ્દર્શન-જ્ઞાન કરો ને એથી પણ વધારો, અનુભવ કરો.

## પાંચમી ઢાળનો સારાંશ

'આ બાર ભાવના તે ચારિત્રગુણના આંશિક શુદ્ધ પર્યાયો છે,...' ચારિત્ર એટલે સંવર છે ને ? સંવરની ભાવના છે ને ? 'તે સમ્યગ્દષ્ટિ જીવને જ હોઈ શકે છે.' આવી ભાવના મિથ્યાદષ્ટિને હોય નહિ. 'સમ્યક્ પ્રકારે આ બાર પ્રકારની ભાવનાઓ ભાવવાથી વીતરાગતાની વૃદ્ધિ થાય છે, તે બાર ભાવનાનું ચિંતવન મુખ્યપણે વીતરાગ દિગંબર જૈન મુનિરાજને જ હોય છે,...' મુખ્યપણે. શ્રાવક કરે છે. 'અને ગૌણપણે સમ્યગ્દષ્ટિને હોય છે.' (આ બધું) પહેલાં કીધું છે, એની વાતો થઈ ગઈ છે, પહેલી વાત થઈ ગઈ છે ને ? બાર ભાવના ભાવતા ભાવતા જેમ અગ્નિને ફૂંક મારે અને અગ્નિ પ્રજ્વળે એમ આત્માની અગ્નિ એકાગ્ર શાંતિ છે એ આવી ભાવના ભાવે તો એ શાંતિ પ્રગટે. દાખલો આવ્યો હતો ને ? ફોટો નહોતો આવ્યો ? શું આવ્યો હતો ફોટો ? દેખાય છે કે નહિ ન્યાં ? એ નથી આમાં. ઓલામાં છે. ભાવનાનો

નહોતો આવ્યો ? પ્રજ્વલિત. ચિત્રમાં અહીંયાં ૧૩૯ પાને છે, હિન્દી દેખો ! જુઓ ! 'ઇન ચિન્તત સમ સુખ જાગૈ, જિમિ જ્વલન પવનકે લાગૈ;...' એ બીજી જ છે. 'ઇન ચિન્તત સમ સુખ જાગૈ,...' એ પાંચમી ઢાળની બીજો શ્લોક છે. 'જિમિ જ્વલન પવનકે લાગૈ;...'

ઇન ચિન્તત સમ સુખ જાગૈ, જિમિ જ્વલન પવનકે લાગૈ;
જબ હી જિય આતમ જાનૈ, તબ હી જિય શિવસુખ ઠાનૈ. ૨.

જુઓ ! આ જુઓ ! અહીં અગ્નિ છે, એમાં જુઓ પેલો ફૂંક મારે છે. અગ્નિ પ્રજ્વળે છે, ફોટો છે. છે કે નહિ ? એમ ભગવાનઆત્મા અંદરના શાંતિના આનંદને જેણે અંતર દૃષ્ટિમાં લીધો છે એ આ બાર ભાવનાની ફૂંક મારે છે તો શાંતિ પ્રજ્વળે – ઉગ્ર થાય છે એમ કહે છે. ભૂંગળી નથી મારતા સોની ? સોની કહતે હૈ (ના) ? તે ભૂંગળીમાંથી ફૂ.. ફૂ... કરે ને ? અગ્નિને પ્રજાળવા. એમ ધર્માત્મા–સોની પોતાનું નિર્મળ સોનું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એણે




અંદર દૃષ્ટિ-જ્ઞાનમાં લીધું છે. એને જરી અશુદ્ધતા થોડી છે, એને બાર ભાવના દ્વારા શુદ્ધતાને પ્રગટ કરીને અશુદ્ધતાનો નાશ કરે છે. કહો, સમજાણું આમાં ? ઇ આવી ગયું, એ બધું આવી ગયું છે. એ વધારે જોવું હોય તો 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માંથી લેવું, લ્યો ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'ની અનીતિની વાત થોડી લીધી છે. એ પાંચ ઢાળા પૂરી થઈ ગયો.

# છઠ્ઠી ઢાળ

(હરિગીત છંદ)

**અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય મહાવ્રતનાં લક્ષણો**

**ષટ્કાય જીવ ન હનનતૈં, સબ વિધ દરવહિંસા ટરી;**
**રાગાદિ ભાવ નિવારતૈં, હિંસા ન ભાવિત અવતરી.**
**જિનકે ન લેશ મૃષા, ન જલ મૃણ હૂ વિના દીયો ગહૈં;**
**અઠદશસહસ વિધ શીલધર, ચિદ્બ્રહ્મમેં નિતરમિ રહૈં. ૧.**

**અન્વયાર્થ :– [પાંચમી ઢાળમાં કહ્યા તે મુનિરાજોને] (ષટ્કાય જીવ)** છ કાયના જીવોને **(ન હનનતૈં)** ઘાત નહિ કરવાના ભાવથી **(સબ વિધ)** સર્વ પ્રકારની **(દરવહિંસા)** દ્રવ્યહિંસા **(ટરી)** દૂર થઇ જાય છે, અને **(રાગાદિ ભાવ)** રાગ-દ્વેષ, કામ, ક્રોધ, માન, માયા, લોભ વગેરેના ભાવોને **(નિવારતૈં)** દૂર કરવાથી **(ભાવિત હિંસા)** ભાવહિંસા પણ **(ન અવતરી)** થતી નથી. **(જિનકે)** તે મુનિઓને **(લેશ)** જરા પણ **(મૃષા)** જૂઠું **(ન)** હોતું નથી, **(જલ)** પાણી અને **(મૃણ)** માટી **(હૂ)** પણ **(વિના દીયો)** દીધા વગર **(ન ગહૈં)** ગ્રહણ કરતા નથી, તથા **(અઠદશસહસ)** અઢાર હજાર **(વિધ)** પ્રકારના **(શીલ)** શિયળને-બ્રહ્મચર્યને **(ધર)** ધારણ કરી **(નિત)** હંમેશાં **(ચિદ્બ્રહ્મમેં)** ચૈતન્યસ્વરૂપ આત્મામાં **(રમિ રહૈં)** લીન રહે છે.

ભાવાર્થ :– નિશ્ચયસમ્યગ્દર્શનપૂર્વક સ્વ-સ્વરૂપમાં નિરંતર એકાગ્રતારૂપે રમી રહે છે એ જ મુનિપણું છે. એવી ભૂમિકામાં નિર્વિકલ્પ ધ્યાનદશારૂપ સાતમું ગુણસ્થાન વારંવાર આવે જ છે. છઠ્ઠા ગુણસ્થાનના કાળે તેમને પાંચ મહાવ્રત, નગ્નતા, સમિતિ વગેરે ૨૮ મૂલગુણના શુભભાવ હોય છે પણ તેમને તેઓ ધર્મ માનતા નથી. તથા તે કાળે પણ તેમને ત્રણ કષાય-ચોકડીના અભાવરૂપ શુદ્ધ પરિણતિ નિરન્તર વર્તે જ છે.

છ કાય (પૃથ્વીકાય વગેરે પાંચ સ્થાવર કાય તથા એક ત્રસ કાય)ના જીવોનો ઘાત કરવો તે દ્રવ્યહિંસા છે અને રાગ-દ્વેષ, કામ, ક્રોધ, માન ઇત્યાદિ ભાવોની ઉત્પત્તિ થવી તે ભાવહિંસા છે. વીતરાગી મુનિ (સાધુ) આ બે પ્રકારની હિંસા કરતા નથી, તેથી તેમને (૧) * અહિંસા મહાવ્રત હોય છે. સ્થૂળ કે સૂક્ષ્મ એ બન્ને પ્રકારનું જૂઠું બોલતા નથી તેથી તેમને (૨) સત્ય મહાવ્રત હોય છે, અને બીજી કોઇ વસ્તુની તો વાત જ શું, પરંતુ માટી અને પાણી પણ દીધા વગર ગ્રહણ કરતા નથી તેથી તેમને (૩) અચૌર્ય મહાવ્રત * હોય છે. શિયળના અઢાર હજાર ભેદોનું સદા પાલન કરે છે અને ચૈતન્યરૂપ આત્મસ્વરૂપમાં લીન રહે છે તેથી તેમને (૪) બ્રહ્મચર્ય (આત્મસ્થિરતારૂપ) મહાવ્રત હોય છે.

---

હવે છઠ્ઠી ઢાળા, છઠ્ઠી ઢાળ. મુનિવ્રતનું મુનિચારિત્રનું સ્વરૂપ છેલ્લામાં કહે છે. બહુ સારી વાત કરી છે. 'છ ઢાળા' 'દૌલતરામે' બહુ સારી, ટૂંકામાં બહુ સરસ (બનાવી છે). ગાગરમાં સાગર ભરી દીધી છે. ઘણાને કંઠસ્થ હોય પણ એના ભાવ સમજે નહિ. (એમ ને એમ) ગોખે રાખે. અમારે (આમને) એમ હતું ને ? યાદ કર્યું હતું. બસ, યાદ કર્યું, જાવ.

મુમુક્ષુ :– પાઠશાળામાં ભણાવે છે.

ઉત્તર :– હા, બધાંને ભણાવે છે. પણ આ તો મોટા છે ને, આ તો પહેલાં (છે), એના દિગંબરના જન્મ છે.

મુમુક્ષુ :– એને સહેલું પડી જાય ને ?

ઉત્તર :– એનું કાંઈ નહિ, સમજે એને સહેલું પડે. પહેલું થોડું ઘણું હોય તો સહેલું પડે ને, એમ કહે છે.

હરિગીત છંદ, લ્યો ! આ હરિગીત કીધું છે એ જ આપણું હરિગીત ? 'અહિંસા,

---

* નોંધ :– અહીં વાક્યો બદલવાથી અનુક્રમે મહાવ્રતોનું લક્ષણ બને છે. જેમકે, બન્ને પ્રકારની હિંસા ન કરવી તે અહિંસા મહાવ્રત છે-એ વગેરે.

* અદત્ત વસ્તુઓનું પ્રમાદથી ગ્રહણ કરવું તે જ ચોરી કહેવાય છે.

સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય મહાવ્રતનાં લક્ષણો...' મુનિને આ પાંચ મહાવ્રત હોય છે. મુનિ–અંતરમાં અતીન્દ્રિય આનંદનું સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, અતીન્દ્રિય આનંદનું સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યું છે, એમાં સમ્યક્ચારિત્ર ઉગ્રપણે શાંતિનું, આનંદનું પ્રગટપણું કર્યું છે એને આવા પંચ મહાવ્રતના શુભ વિકલ્પો (હોય છે). એ વિકલ્પ દ્વારા એનું ચારિત્ર કેવું છે એમ અહીં બતાવવા માગે છે. સમજાણું કાંઈ ?

(હરિગીત છંદ)

ષટ્કાય જીવ ન હનનતૈં, સબ વિધ દરવહિંસા ટરી;
રાગાદિ ભાવ નિવારતૈં, હિંસા ન ભાવિત અવતરી.
જિનકે ન લેશ મૃષા, ન જલ મૃણ હૂ વિના દીયો ગહૈં;
અઠદશસહસ વિધ શીલધર, ચિદ્બ્રહ્મમેં નિતરમિ રહૈં. ૧.

આહા..હા..! 'ચિદ્બ્રહ્મમેં નિતરમિ રહૈં.' મુનિ એટલે.. આહા..હા..! સમજાય છે કાંઈ ? જુઓને ! 'શ્રીમદ્દે' 'અપૂર્વ અવસર'માં કેટલું નાખ્યું છે ! એમાં તો એ નાખ્યું ને ! 'બાહ્યાંતર નિર્ગ્રંથ જો' એ પણ બાહ્યાંતર નિર્ગ્રંથપણું છે. ચિદ્બ્રહ્મ આ આનંદ, ચિદ્ એટલે જ્ઞાન, બ્રહ્મ આનંદ. આ ચિદ્બ્રહ્મ નામ આનંદમાં જે નિત્ય રમી રહે. અતીન્દ્રિય આનંદમાં ચરવું, રમવું. ચારિત્ર છે ને ? ચરવું, ચરવું એટલે આ ઢોર ખોરાક ચરે છે ને ? બહાર જાય (ત્યારે). ચરતે હૈં, કહે છે ને ? આત્મા અંતર અતીન્દ્રિય આનંદની મહા ફસલ ભરી છે, અંદર અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એમાં એકાગ્ર થઈને ચરે છે, અતીન્દ્રિય આનંદને ચરે, રમે... રમે..., લીન... લીન... લીન... લીન... બીજા દેવલોકની ઇન્દ્રાણી આવે, ચળાવે તો ખબર નથી. એટલો આનંદ છે. આહા..હા..! એવા મુનિઓને આવા પંચ મહાવ્રતનો ભાવ હોય છે, એમ કહે છે. છેલ્લો શબ્દ મુકીને (એમ કહ્યું છે). સમજાણું કાંઈ ? (અત્યારે) પેલી મૂળ વાત પડી રહી અને ઉપરની રહી ગઈ. ચોખા (રહી ગયા).

મુમુક્ષુ :– ચોખા એટલે ?

ઉત્તર :– ચોખા એટલે આમ જાણે આ અહિંસા પાળીએ છીએ, મહાવ્રત પાળીએ છીએ. પણ એ ક્યાં ચોખા છે. આ મૂળ વાત રહી ગઈ. અંદર દર્શન-જ્ઞાન ને શાંતિ

ને આનંદ જે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**અન્વયાર્થ :–** 'પાંચમી ઢાળમાં કહ્યા તે **મુનિરાજોને** (ષટ્કાય જીવ) છ કાયના જીવોને ઘાત **નહિ કરવાના ભાવથી...'** લ્યો ! છ કાયના જીવ. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ને ત્રસ. છ કાય જીવ છે, હોં ! જીવ છે એ. એક કણી પૃથ્વીમાં એક કણીમાં અસંખ્ય જીવ છે. પાણીના એક બિંદુમાં અસંખ્ય એકેન્દ્રિય જીવ છે. પૃથ્વી, પાણી, અગ્નિ. અગ્નિના એક તણખામાં અસંખ્ય જીવ. વાયુ, વનસ્પતિ. આહા..! પાંદડું એક (એમાં) અસંખ્ય જીવ છે. બટાટાની કટકીમાં અનંત જીવ છે. ત્રસ–બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય. એ છ કાયની હિંસા કરવાના ભાવથી 'સર્વ પ્રકારની દ્રવ્યહિંસા (ટરી) દૂર જાય છે.' એને એ ભાવ હોતો નથી. શબ્દ અહીં છે, હોં ! જોયું ને ?

'ન હનનતૈં, સબ વિધ દરવહિંસા ટરી;...' 'જીવ ન હનનતૈં, સબ વિધ દરવહિંસા ટરી;...' એમ. એ હણવાનો ભાવ નથી એટલે દ્રવ્યહિંસા એને ટળી ગઈ છે. ભાવ પછી નાખશે. 'ષટ્કાય જીવ ન હનનતૈં, સબ વિધ દરવહિંસા ટરી;' એક એકેન્દ્રિયનો એક દાણો કે કટકો પણ... લીલ, ફૂગ હોય ને ? નીમ, નીમનું (–લીમડાનું) આટલું પાંદડું, આટલી કટકી, હોં ! એમાં અસંખ્ય જીવ છે. એના ઉપર પગ દે ને વ્હોરાવે તો લે નહિ. પાણીનો બિંદુ એના માટે કરેલો હોય તો મરી જાય તો પણ પાણી લે નહિ. એવા જેના છ કાયની દયાના ભાવ હોય છે. સમજાણું કાંઈ ? પણ પેલી ચિદ્બ્રહ્મ(માં) રમવાની ભૂમિકા સહિતની (વાત છે).

છ કાય જીવ છે. છ કાયના માવતર છે, એમ કહે છે. આવે છે ને ? 'છ કાયના પિયર, છ કાયના માવતર,' પિયર, પિયર. કોઈ પ્રાણીને મારાથી દુઃખ ન થાઓ. એકેન્દ્રિય પણ અનંત જીવ એક આટલી કટકીમાં ! પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ છે. ઇ પાંચ શેર, પાંચ શેર, દસ-દસ શેર પાણી સાધુઓ માટે કરીને લે એના વ્યવહારના ઠેકાણા નથી, (તેને નિશ્ચય) વસ્તુ હોઈ શકે નહિ. એથી પહેલી વાત મુકી 'છ કાય જીવ ન હનનતૈં...' હણવાનો ભાવ જેને હોતો નથી. અહીં (લોકોમાં) બહારનું રહ્યું કે, એ છ કાયને ન હણો, છ કાયને ન હણો. પણ છ કાયને ન હણો એ ભાવ છે એ શુભભાવ કોને વ્રતરૂપે હોય છે ? જેને અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને ચિદ્બ્રહ્મમાં રમી રહેલો આનંદ હોય છે એ ભૂમિકાને આવો ભાવ હોય છે. સમજાણું

કાંઈ ? દરેક જીવ ઉપર એને કરુણા ભાવ છે.

'છ કાયના જીવોને ઘાત નહિ કરવાના ભાવથી સર્વ પ્રકારની દ્રવ્યહિંસા (ટરી) દૂર થઈ જાય છે,...' 'ન હનનતૈં' એમાંથી કાઢ્યું છે. ભાવહિંસા પછી કહેશે. 'રાગાદિ ભાવ નિવારતૈં...' જુઓ ! રાગાદિ ભાવ છે એ ટાળ્યા છે. એથી 'હિંસા ન ભાવિત અવતરી,' તેથી ભાવહિંસા થતી નથી, અવતરી એટલે ઉત્પન્ન થતી નથી. કેમ (કે), રાગાદિ ભાવ ટાળ્યા છે એમ કહ્યું છે ને ? રાગાદિ અંદરથી ટાળ્યા છે. રાગ છે એ જ ભાવહિંસા છે. શુભ-અશુભ રાગ છે એ હિંસા છે. એ 'રાગાદિ ભાવ નિવારતૈં...' એવા ભાવને જેણે અંતર ટાળ્યો છે. આહા..હા..!

મુનિ એટલે પરમેશ્વર પદ, મુનિ એટલે 'નમો લોએ સવ્વસાહૂણં', 'નમો લોએ સવ્વ આઈરિયાણં', 'નમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં' પાંચ પદની સાથે એવું જે ચારિત્ર કહે છે કે, શ્રાવકોએ સમ્યગ્દર્શન સહિત એની ભાવના કરવી અને પોતાની દશાને ઓળખવી, કેટલી મારી દશા છે, આવી દશા નથી તેની ભાવના કરવી, એમ કહે છે, હોં ! પહેલું કહ્યું હતું ને ? પિછાણવી, અનુભૂતિ પિછાણવી.

કહે છે, એ છ કાયના જીવનો કોઈ પણ એક કણ. પૃથ્વીનો, પાણીનો, અગ્નિનો, વાયુનો, વનસ્પતિ ને ત્રસ કોઈ જીવને હણતો નથી, નવ નવ કોઠીએ. એમ આવ્યું ને ? 'સબ વિધ' નવ કોટિ–મન, વચન ને કાયા, કરણ, કરાવણ ને અનુમોદન. નવ નવ કોટિએ છ કાયના જીવ નહિ હણવાનો ભાવ એને હોય છે. એવી જેને દયા પ્રગટી છે. ઓહો..હો..! અંદર એટલી વીતરાગતા છે કે, તેથી વિકલ્પ એટલો (આવે છે કે), છ કાયના કોઈ પ્રાણીને મારાથી દુઃખ ન થાય. એને અનંતા જીવની આસ્થા છે ને ? નિગોદમાં અનંત જીવ છે, લીલ-ફૂગમાં અનંત જીવ છે, અનંત જીવ છે. આ કોર લીમડાનો, ફૂલ કહેવાયને ફૂલ, (એમાં) અનંત જીવ છે. એવો ભાવ આત્માના આનંદમાં રમતા ચારિત્રવંત સંતોને આ પહેલું મહાવ્રત આવું હોય છે. એમાંથી ઇ લઈ લેવું. સમજાય છે ?

'રાગાદિ ભાવ નિવારતૈં, હિંસા ન ભાવિત અવતરી' એટલે કે હિંસા થઈ નહિ એ અહિંસા વ્રત કહેવામાં આવે છે, એમ લેવું. એ પાછળ લેશે, એક શબ્દ પેલાએ લખ્યો છે. સમજ્યા ને ? આમાં નહિ હોય. અહીં કહે *નોંધ :– 'અહીં વાક્યો બદલવાથી

અનુક્રમે મહાવ્રતોનું લક્ષણ બને છે.' નીચે છે. ઓલી કોર (છે). વાક્યો બદલાથી એટલે શું ? કે, આ થયું, ન હણવું એ થયું એટલે અહિંસા મહાવ્રત થયું, એમ. છ કાયના કોઈપણ જીવને મન, વચન, કાયે કરી, કરણ, કરાવણ, અનુમોદનથી ન હણવા એનું નામ અહિંસા મહાવ્રત પેહલું થયું. ઓહો..હો..! કહો, મુનિને આવો ભાવ વ્યવહાર હોય છે. ન હોય એમ નહિ. નિશ્ચય એકલો હોય ને વ્યવહાર આવો ન હોય એમ નહિ, વ્યવહાર આવો હોય છે. સમજાણું ?

શ્રાવકના વ્યવહારમાં એકલી ત્રસની હિંસાનો ત્યાગ છે કાં સંકલ્પી હિંસાનો ત્યાગ છે. મુનિને આત્માની એટલી આનંદ દશામાં એટલો એક જરીક વિકલ્પ–છ કાયને ન મારવાનો ભાવ હોય છે. સર્વસાવદ્ય યોગનો ત્યાગ છે. એવી દશા મુનિ ધારણ કરી શકે છે. મહા ઉગ્ર પુરુષાર્થી, જેને એકાદ ભવ આદિમાં મુક્તિની તૈયારી છે એવા જીવો ચારિત્ર (અંગીકાર કરે છે). આવું ચારિત્ર, હોં ! આમ લોકોએ કલ્પેલું, માનેલું, બહારનું એ નહિ. ભાઈ ! આહા..હા..! અંદરમાં રાગનો વિકલ્પ જ્યાં મટી ગયો છે. અહિંસા આત્મામાં પ્રગટ થઈ છે, જુઓ ! અહિંસા અંદરમાં.. આહા..હા..! એને આવો જરીક રાગ–છ કાયને ન મારવા, ન હણવા એ હોય છે. વીતરાગ થઈને એ પણ ટળી જાય છે.

'રાગ-દ્વેષ, કામ, ક્રોધ, માન,...' એ અસત્યની વાત કહે છે. આ ભાવહિંસાની વાત કરે છે. 'રાગ-દ્વેષ, કામ, ક્રોધ, માન, માયા, લોભ વગેરેના ભાવોને દૂર કરવાથી...' એ તો પહેલામાં ભાવહનનનું આવ્યું, અહીંયાં અંતરનું (લે છે). '(ભાવિત હિંસા) ભાવહિંસા પણ (ન અવતરી)...' એટલે ઉત્પન્ન થતી નથી. ઉત્પન્ન થતી નથી એમ અહીં તો કહે છે. 'ન અવતરી'. અંતરમાં એટલી રાગ રહિત ભાવ–અહિંસા દશા થઈ છે ને એટલે એ હિંસાનો ભાવ ત્યાં ઉત્પન્ન થતો જ નથી. એને પહેલું મહાવ્રત અહિંસા વ્રત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– બેયનું છે.

---

* નોંધ :– અહીં વાક્યો બદલવાથી અનુક્રમે મહાવ્રતોનું લક્ષણ બને છે. જેમકે, બન્ને પ્રકારની હિંસા ન કરવી તે અહિંસા મહાવ્રત છે-એ વગેરે.

ઉત્તર :– હા, બેય છે ને. દ્રવ્યહિંસા ટળી અને ભાવહિંસા ગઈ ત્યારે, એમ.

'તે મુનિઓને જરા પણ જૂઠું હોતું નથી,...' જરા પણ જૂઠું હોતું નથી. પ્રાણ જાય તો પણ અસત્ય બોલતા નથી. નવ નવ કોટિએ મન, વચન ને કાયે, કરવું, કરાવવું, અનુમોદવું. એ તો વીતરાગી મસ્ત મુનિ જંગલમાં પડ્યા હોય, વનવાસમાં સિંહની પેઠે અંદર આત્મામાં ગર્જતા હોય. પેલો સિંહ બહારથી ગરજે. આ અંદરમાં ગરજતા હોય. આનંદમાં મશગૂલ, મશગૂલ... એને જરીએ જૂઠું બોલવાનું મન, વચન ને કાયાએ કરવું, કરાવવું, અનુમોદન હોતું નથી. એ બીજું મહાવ્રત થઈ ગયું. જૂઠું હોતું નથી એટલે બીજું મહાવ્રત, એમ.

'(જલ) નામ પાણી અને (મૃણ) નામ માટી પણ દીધા વગર ગ્રહણ કરતા નથી,...' અચેત નિર્દોષ પાણી અને માટી અચેત. એ પણ દીધા વિના લેતા નથી. સમજાય છે કાંઈ ? શરીરમાંથી બળખો નીકળ્યો (હોય), સૂકી ધૂળ હોય ને ? અજ્ઞાનીઓએ માટી નાખી હોય. પાણી અને માટી પણ દીધા વગર ગ્રહણ કરે નહિ. એ ત્રીજું અચોર્યમહાવ્રત છે, અચોર્યમહાવ્રત.

'તથા (અઠદશસહસ) અઢાર હજાર પ્રકારના શિયળને-બ્રહ્મચર્યને ધારણ કરી...' અઢાર હજાર પ્રકારના બ્રહ્મચર્યને ધારણ કરે. આહા..હા..! અઠદશસહસ. લ્યો ! હંમેશા એ બ્રહ્મ(ચર્ય) ધારણ કરીને નિત્ય '(ચિદ્‌બ્રહ્મ) ચૈતન્યસ્વરૂપ આત્મામાં લીન રહે છે.' એ શુદ્ધોપયોગમાં વધારે મુખ્ય તો એકત્વ છે.

મુમુક્ષુ :– અઢાર હજાર ?

ઉત્તર :– એ બધા બ્રહ્મચર્યના પ્રકાર છે, ઘણા પ્રકાર છે, ભેદ છે. ક્રોધથી, માનથી, માયા, લોભ, મંદ રાગ... પૂર્ણ ઉપર થાય છે. સમજાણું ? ઇ પેલામાં લખ્યું છે. અઢારસહસ, શિલાંગ રસધારા આવતું નથી ? એ..ઇ..! પાંચમા 'શ્રમણસૂત્ર'માં શબ્દ આવે છે. અર્થ ખબર ન મળે. પણ એને મોઢે ક્યાંથી (હોય) ? અઢારસહસ શિલાંગત ધારા. અક્ષય આયા ચરિતા. એ પાંચમું શ્રમણ સૂત્ર તમને મોઢે નથી આ બધાંને ઘણાંને મોઢે હોય છે. સંપ્રદાયમાં નહિ ? સ્થાનકવાસીમાં આવે છે. સ્થાનકવાસીમાં મોઢે હોય. સ્થાનકવાસીમાં ઘણાને મોઢે છે. એક 'દરિયાપરી' સિવાય ઘણાને મોઢે

હોય. તમે કરેલું કે નહિ ? એ કરેલું, હવે ભૂલી ગયા હશે. અઢાર હજાર બ્રહ્મચર્યના પ્રકાર છે. એને ધારણ કરી ચૈતન્યસ્વરૂપ આત્મામાં લીન રહે એને મુનિ કહેવામાં આવે છે. એવા મુનિપણાની ભાવના સમ્યગ્દષ્ટિએ અનુભવને વધારવા વારંવાર આવી ભાવના કરવી. ભાવાર્થમાં વિશેષ લેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

❋

## વીર સંવત ૨૪૯૨, ફાગણ વદ ૪, ગુરુવાર
## તા. ૧૦-૩-૧૯૬૬, શ્લોક–૧ થી ૪. પ્રવચન નંબર–૪૭

'દૌલતરામજી' પંડિત હુએ હૈં, દિગંબર પંડિત (થે). ઉન્હોંને યહ 'છહ ઢાલા' (બનાઈ હૈ). 'છહ ઢાલા' પ્રચલિત બહુત હૈ, પરંતુ ઉસકે અર્થ મેં ગંભીરતા બહુત હૈ. છઠવી ઢાલા કી પહલી ગાથા કા ભાવાર્થ. મુનિપના કી બાત કરતે હૈં. મુનિ કૈસે હોતે હૈં ?

મુમુક્ષુ :– પંચમ કાલ કે ?

ઉત્તર :– પંચમ કાલ કે મુનિ. યહાં તો પંચમ કાલ કે પંડિત હૈં. પહલે મુનિ કા જ્ઞાન કરાતે હૈં. આખિર કી છઠવી ઢાલ હૈ ના ? પાંચ ઢાલ તો ચલ ગઈ. ઉસકા ભાવાર્થ હૈ, દેખો !

'નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક સ્વસ્વરૂપ મેં નિરન્તર એકાગ્રતાપૂર્વક રમણ કરના હી મુનિપના હૈ.' મુનિપના કી વ્યાખ્યા. આત્મા–અપના આત્મા નિજાનંદ સ્વરૂપ, નિજ–અપના આનંદસ્વરૂપ (હૈ). ઐસે અંતર મેં આનંદ મેં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રપૂર્વક લીનતા કરના. અંતર સ્વરૂપ શુદ્ધ પરમાનંદ સ્વરૂપ કી પ્રતીત, જ્ઞાન ઔર રમણતાપૂર્વક અંદર મેં લીનતા કરના. 'નિરન્તર એકાગ્રતાપૂર્વક રમણ કરના..' ઉસકા નામ ચારિત્રવંત મુનિ કહને મેં આતા હૈ. મુનિપના કા જ્ઞાન કરાતે હૈં, યથાર્થ ક્યા ચીજ હૈ (ઉસકા જ્ઞાન કરાતે હૈં).

'ઐસી ભૂમિકા મેં નિર્વિકલ્પ ધ્યાનદશારૂપ સાતવાં ગુણસ્થાન બારમ્બાર આતા હી હૈ.' મુનિ કો અંતર આનંદ મેં રમતે-રમતે છઠ્ઠા ગુણસ્થાન, અપ્રમત્ત દશા હૈ વહ વારંવાર આતી હૈ. વહાં સે હઠે (ઔર) છઠ્ઠે ગુણસ્થાન મેં આતે હૈં તો 'પંચ મહાવ્રત, નગ્નતા..' મુનિ નગ્ન હોતે હૈં. 'સમિતિ આદિ અઠ્ઠાઈસ મૂલગુણ કે શુભભાવ હોતે

હૈં,...' ઉન્હેં શુભભાવ રાગ હોતા હૈ, 'કિન્તુ ઉસે વે ધર્મ નહીં માનતે;...' પરમાર્થ ધર્મ નહીં સમજતે. સમજ મેં આયા ? ધર્મ નહીં સમજતે ઉસકા અર્થ પરમાર્થ ધર્મ. વ્યવહાર ધર્મ શુભભાવ આતા હૈ. અંતર આનંદ સ્વરૂપ મેં શુદ્ધોપયોગ મેં બહુત કાલ રમતે હૈં, પરંતુ ઉસમેં રહ ન સકે (તબ) છટ્ઠે ગુણસ્થાન મેં ઐસા ભાવ આતા હૈ. વહ શુભભાવ હૈ.

'ઉસ કાલ ભી ઉન્હેં તીન કષાય ચૌકડી કે અભાવરૂપ શુદ્ધ પરિણતિ નિરંતર વર્તતી હી હૈ.' અંતર મેં રાગ ઔર વિકારરહિત, શુદ્ધ ભગવાનઆત્મા કી નિર્મલ પરિણતિ કી પર્યાય–અવસ્થા તો નિરંતર રહતી હૈ. ઉસકો ભગવાન કે શાસ્ત્ર મેં મુનિપના કહને મેં આયા હૈ. વે 'છહ કાય કે...' જીવોં કી હિંસા નહીં કરતે. '(પૃથ્વીકાયઆદિ પાંચ સ્થાવરકાય..' વહ ત્રસ, ઉસકે ઘાત કી દ્રવ્યહિંસા (ઔર) રાગ-દ્વેષ, કામ, ક્રોધાદિ ભાવહિંસા. ઇસ ભાવહિંસા કે ત્યાગી હૈં. અંતર મેં રાગ-દ્વેષ નહીં હૈ, બાહ્ય મેં બાહ્ય કી છહ કાય કી હિંસા ભી નહીં હૈ.

'વીતરાગી મુનિ યહ દો પ્રકાર કી હિંસા નહીં કરતે,...' અહિંસા મહાવ્રત કા નામ અહિંસા. 'સ્થૂલ ઔર સૂક્ષ્મ–ઐસે દોનોં પ્રકાર કી ઝૂઠ વે નહીં બોલતે, ઇસલિયે ઉનકો (૨) સત્ય મહાવ્રત...' કહને મેં આતા હૈ. 'અન્ય કિસી વસ્તુ કી તો બાત હી ક્યા, કિન્તુ મિટ્ટી ઔર પાની ભી દિયેબિના ગ્રહણ નહીં કરતે, ઇસલિયે...' ઉસકો અચૌર્ય મહાવ્રત કહને મેં આતા હૈ. 'શીલ કે અઠારહ હજાર ભેદોં કા સદા પાલન કરતે હૈં...' ચૈતન્ય ભગવાનઆત્મા, અતીન્દ્રિય સ્વરૂપ મેં લીન રહતે હૈં. ઇસલિયે ઉનકો બ્રહ્મચર્ય–આત્મસ્થિરતારૂપ મહાવ્રત કહને મેં આતા હૈ. ઇતની બાત તો શ્લોક મેં થી ઉસકી ટીકા થી.

'અબ, પરિગ્રહત્યાગ મહાવ્રત, ઇર્યા સમિતિ ઔર ભાષા સમિતિ' કી વ્યાખ્યા દૂસરે બોલ મેં કહતે હૈં. મુનિ કી વ્યાખ્યા કરતે હૈં. મુનિ કા સ્વરૂપ તો બતાના ચાહિયે ના (કિ), ક્યા સ્વરૂપ હૈ ? શ્રાવક કી બાત હો ગઈ, સમ્યગ્દર્શન કી બાત હુઈ, અબ મુનિ કી વ્યાખ્યા મેં અચ્છી બાત આયેગી.

## પરિગ્રહત્યાગ મહાવ્રત, ઇર્યા સમિતિ અને ભાષા સમિતિ

**અંતર ચતુર્દસ ભેદ, બાહિર સંગ દસધા તૈં ટલૈં;**
**પરમાદ તજિ ચોકર મહી લખિ, સમિતિ ઇર્યા તૈં ચલૈં.**
**જગ સુહિતકર સબ અહિતહર, શ્રુતિ સુખદ સબ સંશય હરૈં;**
**ભ્રમરોગ-હર જિનકે વચન, મુખચન્દ્રતૈં અમૃત ઝરૈં. ૨.**

અન્વયાર્થ :– [તા વીતરાગી દિગમ્બર જૈન મુનિ] (ચતુર્દસ ભેદ) ચૌદ પ્રકારના (અંતર) અંતરંગ તથા (દસધા) દસ પ્રકારના (બાહિર) બહિરંગ (સંગતૈં) પરિગ્રહથી (ટલૈં) રહિત હોય છે. (પરમાદ) પ્રમાદ-અસાવધાની (તજિ) છોડી દઇને (ચૌકર) ચાર હાથ (મહી) જમીન (લખિ) જોઇને (ઇર્યા) ઇર્યા (સમિતિ તૈં) સમિતિથી (ચલૈં) ચાલે છે અને (જિનકે) જેમના [મુનિરાજોના] (મુખચન્દ્રતૈં) મુખરૂપી ચંદ્રથી (જગ સુહિતકર) જગતનું સાચું હિત કરવાવાળાં અને (સબ અહિતહર) બધા અહિતનો નાશ કરવાવાળાં (શ્રુતિ સુખદ) સાંભળતાં પ્રિય લાગે એવાં, (સબ સંશય) બધા સંદેહોનો (હરૈં) નાશ કરે એવાં અને (ભ્રમરોગ-હર) મિથ્યાત્વરૂપી રોગને હરનાર (વચન અમૃત) વચનોરૂપી અમૃત (ઝરૈં) ઝરે છે.

ભાવાર્થ :– વીતરાગી મુનિ ચૌદ પ્રકારના અંતરંગ અને દશ પ્રકારના બહિરંગ પરિગ્રહોથી રહિત હોય છે તેથી તેમને પાંચમું પરિગ્રહત્યાગ મહાવ્રત હોય છે. દિવસના ભાગમાં સાવધાની પૂર્વક આગળની ચાર હાથ જમીન જોઇને ચાલવાનો વિકલ્પ ઊઠે તે પહેલી ઇર્યા સમિતિ છે. તથા જેમ ચંદ્રમાંથી અમૃત ઝરે છે તેમ તે મુનિના મુખચંદ્રથી જગતનું હિત કરવાવાળાં, બધાં અહિતનો નાશ કરવાવાળાં, સાંભળતાં સુખ આપનારાં, સર્વ પ્રકારની શંકાઓને દૂર કરનારાં અને મિથ્યાત્વ (વિપરીતતા કે સંદેહ) રૂપી રોગનો નાશ કરનારાં એવા અમૃત વચનો નીકળે છે. એ પ્રમાણે સમિતિરૂપ બોલવાનો વિકલ્પ મુનિને ઊઠે છે તે બીજી ભાષા સમિતિ છે.

નોંધ-ઉપર ભાવાર્થમાં વાક્ય બદલાવાથી ક્રમે કરીને પરિગ્રહત્યાગ મહાવ્રત તથી ઇર્યા સમિતિ અને ભાષા સમિતિનું લક્ષણ થઇ શકે.

પ્રશ્ન :– સાચા સમિતિ કોને કહે છે ?

ઉત્તર :– પર જીવોની રક્ષા અર્થે યત્નાચાર પ્રવૃત્તિને અજ્ઞાની જીવ સમિતિ માને છે, પણ હિંસાના પરિણામોથી તો પાપબંધ થાય છે. જો રક્ષાના પરિણામોથી સંવર કહેશો તો પુણ્યબંધનું કારણ શું ઠરશે ?

વળી મુનિ એષણા સમિતિમાં દોષ ટાળે છે ત્યાં રક્ષાનું પ્રયોજન નથી, માટે રક્ષાને અર્થે જ સમિતિ નથી. તો સમિતિ કેવી રીતે હોય ? મુનિને કિંચિત્ રાગ થતાં ગમનાદિ ક્રિયા થાય છે, ત્યાં તે ક્રિયાઓમાં અતિ આસક્તિના અભાવથી પ્રમાદરૂપ પ્રવૃત્તિ થતી નથી, તથા બીજા જીવોને દુઃખી કરી પોતાનું ગમનાદિ પ્રયોજન સાધતા નથી; તેથી તેમનાથી સ્વયં દયા પળાય છે. એ પ્રમાણે સાચી સમિતિ છે.* (મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૨)

---

દૂસરી ગાથા.

અંતર ચતુર્દસ ભેદ, બાહિર સંગ દસધા તૈં ટલૈં;
પરમાદ તજિ ચોકર મહી લખિ, સમિતિ ઈર્યા તૈં ચલૈં.
જગ સુહિતકર સબ અહિતહર, શ્રુતિ સુખદ સબ સંશય હરૈં;
ભ્રમરોગ-હર જિનકે વચન, મુખચન્દ્રતૈં અમૃત ઝરૈં. ૨.

દેખો ! ભાષા સમિતિ. ભાષા સમિતિ કી વ્યાખ્યા અલૌકિક બાત હૈ. ક્યા કહતે હૈં ? દેખો ! અન્વયાર્થ – શબ્દાર્થ :– ‘(વીતરાગી સંત દિગંબર જૈન મુનિ) (ચતુર્દશ ભેદ) ચૌદહ પ્રકાર કે અંતરંગ તથા (દસધા) પ્રકાર કે બહિરંગ પરિગ્રહ સે રહિત હોતે હૈં.’ ઉનકો વસ્ત્ર-પાત્ર હોતે નહીં. નગ્ન દશા હોતી હૈ, અંતર મેં આનંદ કા ભાન હોતા હૈ. અતીન્દ્રિય તીન કષાય કે અભાવ સે અતીન્દ્રિય આનંદ કા અનુભવ કરતે હૈં. બાહર મેં નગ્ન દશા, વસ્ત્ર-પાત્ર કા ભી ત્યાગ હૈ.

---

* ઈર્યા ભાષા એષણા, પુનિ ક્ષેપણ આદાન;
પ્રતિષ્ઠાપના જુત ક્રિયા, પાંચોં સમિતિ વિધાન.




'પ્રમાદ-અસાવધાની છોડકર...' અબ ઈર્યા સમિતિ કહતે હૈં ના ? પહલે પંચ મહાવ્રત વ્યાખ્યા કી. ઈર્યા સમિતિ. 'પ્રમાદ-અસાવધાની છોડકર ચાર હાથ જમીન દેખર ઈર્યા સમિતિ સે ચલતે હૈં,...' ચાર હાથ પ્રમાણ દેખકર કોઈ પ્રાણી કો દુઃખ ન હો, ઐસે આત્મા કે આનંદપૂર્વક પ્રમાદરહિત ચલતે હૈં. ઉસકા નામ ઈર્યા સમિતિ (હૈ).

અબ ભાષા સમિતિ મેં વિશેષ અલૌકિક બાત હૈ. દેખો ! 'જિન મુનિરાજોં કે મુખરૂપી ચન્દ્ર સે...' દિગંબર સંત આત્મજ્ઞાની આનંદ મેં લીન હોનેવાલે 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' મહા દિગંબર મુનિ હુએ. દેખો ! કૌન લાયા હૈ યહ ? 'કલકત્તા' ? અચ્છા. યે 'કુંદકુંદાચાર્યદેવ' હૈં, દેખો ! વન મેં તાડપત્ર મેં લિખતે હૈં. દો હજાર વર્ષ પહલે સંવત ૪૯ મેં ભરતક્ષેત્ર મેં દિગંબર મુનિ હુએ. 'કુંદકુંદાચાર્ય' તાડપત્ર મેં લિખતે હૈં. 'સમયસાર', 'પ્રવચનસાર' આદિ લિખતે હૈં. ભગવાન કે પાસ ગયે થે. મહાવિદેહક્ષેત્ર મેં 'સીમંધર' ભગવાન બિરાજતે હૈં, વહાં ગયે થે, આઠ દિન રહે થે. વહાં સે (આકર) શાસ્ત્ર બનાતે હૈં, દેખો અંદર. આપ કો 'કલકત્તા' લે જાના હૈ ? કહો, સમજ મેં આતા હૈ ?

મુનિ તો અંતર મેં આનંદ (મેં રહતે હૈં). શ્રાવક ભી ઉસકો કહતે હૈં કિ, જિસકો અંતર મેં શુદ્ધ સ્વભાવ કા અંતર અનુભવ હોકર સમ્યગ્દર્શન હુઆ હો ઔર ઉસકો દેશ–આંશિક ત્યાગ હોતા હૈ. મુનિ તો વિશેષ આત્મા કે આનંદ મેં ઉગ્ર હોતે હૈં. અતીન્દ્રિય આનંદ કા અનુભવ ઔર સર્વ વિરતિ કા ભાવ ઉનકો હોતા હૈ. પંચ મહાવર્ત કી વ્યાખ્યા તો કી. ઈર્યા સમિતિ કહી, અબ ભાષા સમિતિ મેં અલૌકિક બાત કહતે હૈં. સારે જૈનદર્શન કા સાર ભાષા સમિતિ મેં સમા દેતે હૈં. સમજ મેં આયા ? કૈસા હૈ ભાવ ? ભાષા સમિતિ કૈસે બોલે તો બોલે ?

'જિન મુનિરાજોં કે મુખરૂપ ચન્દ્ર સે...' માનો અમૃત ઝરતા હો ! કૈસા અમૃત ? ભાષા સમિતિ મેં કૈસી પ્રરૂપણા હોતી હૈ ? 'જગત કા સચ્ચા હિત કરનેવાલા...' વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ને જો માર્ગ કહા હૈ, વહ માર્ગ મુનિ ભાષા




સમિતિ મેં કહતે હૈં. કૈસા ? 'જગત કા સચ્ચા હિત...' 'સુહિતકર' શબ્દ પડા હૈ ના ? 'જગ સુહિતકર' સુહિતકર કા નામ મોક્ષમાર્ગ અથવા મોક્ષ કા માર્ગ અથવા મોક્ષ. સુહિત–જગત કો ઐસા કહતે હૈં કિ, હે પ્રાણીઓં ! તુમ્હારા પૂર્ણ આનંદરૂપી મોક્ષ, વહ મોક્ષ કા માર્ગ તુમ પ્રગટ કરો. વીતરાગી દશા, ઔર વીતરાગી દશા સે પ્રાપ્ત પૂર્ણાનંદ કી પ્રાપ્તિ કરો. ઐસા સુહિતકર માર્ગ મુનિઓં વાણી મેં કહતે હૈં. કહો ! આહા..હા...! ભાષા દેખો !

'જગત કા સચ્ચા હિત કરનેવાલા...' હિત, પરમહિત. અપના આત્મા શરીર, કર્મ સે રહિત અંદર હૈ ઔર શુભ-અશુભભાવ, વિકાર સે ભી રહિત હૈ, ઐસે અપને આત્મા મેં દૃષ્ટિ લગાઓ, જ્ઞાન કરો ઔર સ્વરૂપ મેં લીન હો. મુનિઓં વીતરાગી ભાષા મેં, સમિતિ મેં હિતકર ઉપદેશ, ઉનકે મુખરૂપી ચન્દ્રમામેં સે સુહિતકર ચન્દ્ર કા અમૃત ઝરતા હૈ. કહો, સમજ મેં આયા ? સુહિતકર–સચ્ચા હિત કરનેવાલા. 'તથા (સબ અહિતકર)...' નાસ્તિ કહતે હૈં. 'અહિત કા નાશ કરનેવાલા...' મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યા રાગ-દ્વેષ કા ભાવ જો અહિતકર હૈ (ઉસકા નાશ કરનેવાલા).

મુમુક્ષુ :– ગરીબી..

ઉત્તર :– ગરીબી અહિતકર નહીં હૈ. સમજ મેં આયા ? ક્યા ? ગરીબ હોના અહિતકર નહીં હૈ વૈસે તવંગર હોના હિતકર નહીં હૈ. ક્યા કહતે હૈં ? પુસ્તક હૈ કિ નહીં ? જગત મેં કોઈ ગરીબ નહીં હૈ, ઐસા યહાં તો કહતે હૈં. તવંગર ભી કોઈ નહીં હૈ. ભાઈ !

મુમુક્ષુ :– તવંગર ભી નહીં ?

ઉત્તર :– ના, ના. તવંગર નહીં હૈ. પર્યાય મેં રાંક–ભિખારી હૈ. જો કોઈ પુણ્ય-પાપ કી ઇચ્છા કરતે હૈં ઔર પુણ્ય કે ફલ કી ઇચ્છા કરતે હૈં, વહ રાંક હૈ, ભિખારી

હૈ. વહ આયા થા, કલ આયા થા કિ નહીં ? દીન.. દીન. 'દીન' શબ્દ કલ આયા થા. ઉસ દીનતો કો નાશ કરનેવાલા ઉપદેશ મુનિ દેતે હૈં. મુનિ કે મુખમેં સે, દિગંબર મુનિ સંત આત્મજ્ઞાની-ધ્યાની, જિનકો અંતર (મેં) છઠ્ઠા-સાતવાં ગુણસ્થાન પ્રગટ હુઆ હૈ, જો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ને જો માર્ગ કહા, ઐસા સુહિતકર માર્ગ કા ઉપદેશ દેતે હૈં. ભૈયા ! તેરા હિત, અપના શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા, ઉસકી અંતર દૃષ્ટિ કરો, આત્મા કા જ્ઞાન કરો, આત્મા મેં લીન હો તો સુહિત–પૂર્ણ મુક્તિ તુજે હોગી. ઐસા ઉપદેશ મુનિરાજ ભાષા સમિતિ મેં ઐસી બાત કરતે હૈં. પાપ કરના, હિંસા કરની, જૂઠ બોલના, તેરી વ્યવસ્થા ઠીક હોગી, લડકા હોગા ઐસી બાત મુનિ કે મુખમેં સે કભી હોતી નહીં. સમજ મેં આયા ?

અહિતકર–અહિત કો કરનેવાલી. મિથ્યાશ્રદ્ધા આદિ.. વિસ્તાર તો બાદ મેં કરેંગે, પહલે સામાન્ય બાત કરતે હૈં. અહિત કા કરનેવાલા, આત્મા કે શુદ્ધ સ્વભાવ કો છોડકર, વિકાર કો અપના માનના, પરચીજ કો અપના માનના વહ મિથ્યાત્વરૂપી ભાવ મહાઅહિતકર હૈ. આ..હા...! અહિતકર હૈ, આત્મા કો નુકસાન કરનેવાલા હૈ. ઉસકો નાશ કરનેવાલી ભાષા કહતે હૈં. રખનેવાલી નહીં (કરતે). આહા..હા...! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જૈસા માર્ગ કહતે હૈં ઐસા માર્ગ ઉસકે મુખમેં સે નિકલના ચાહિયે. ઉસે ભાષા સમિતિ કહતે હૈં. અબ ઉસકા વિસ્તાર કરતે હૈં.

કૈસે કહતે હૈં ? કિ, 'સુનને મેં પ્રિય લગે...' શ્રોતા કો આત્મા કી બાત પ્રિય લગે. ઐસા આનંદસ્વરૂપ ભગવાન, તેરા સ્વરૂપ તો પરમાનંદ હૈ ના ! સમજ મેં આયા ? ભગવાન ! તુ તો પરમાનંદ હૈ ના ! તેરે આત્મા મેં અતીન્દ્રિય આનંદ પડા હૈ ના ! તુ તો શાંતરસ કા તો ભગવાન હૈ ના ! ઐસી પ્રિય ભાષા જિનકે મુખમેં સે ભાષા સમિતિ મેં આતી હૈ. સમજ મેં આયા ? 'સુનને મેં પ્રિય લગે ઐસા...'

'(સબ સંશય) સમસ્ત સંશયોં કો...' નાશ કરનેવાલા. ક્યા માર્ગ હોગા ? કોઈ પુણ્ય-પાપ, પુણ્ય સે ધર્મ હોગા ? પવિત્રતા સે ધર્મ હોગા ? કિ નિમિત્ત સે લાભ હોગા ? કિ સ્વભાવ સે લાભ હોગા ? ઐસા સંશય જો હોતા હૈ, ઇસ સંશય કો નાશ કરનેવાલી વાણી નિકલતી હૈ. સમજ મેં આયા ?

મુમુક્ષુ :– વાણી કા પ્રતાપ તો હૈ ન ?

ઉત્તર :– વાણી કા પ્રતાપ નહીં હૈ, ઉસકે ભાવ કી યોગ્યતા હૈ કિ વાણી મેં ઐસા નિમિત્ત હોતા હૈ, તબ ઉસે સમજ મેં આતા હૈ, તબ સંશય ટાલતે હૈં, ઐસા કહને મેં આતા હૈ.

મુમુક્ષુ :– ઇસમેં કહા હૈ ન ?

ઉત્તર :– કહા હૈ ના. નાશ કરનેવાલી વાણી. જો સમજતા હૈ ઉસે સંશય ટાલને મેં નિમિત્ત હોતી હૈ તો નાશ કરનેવાલી વાણી કહને મેં આતા હૈ. ઓ..હો..! ભગવાન ! સર્વજ્ઞ તીર્થંકરદેવ કહતે હૈં ઐસા મુનિરાજ અંદરમેં સે એક હી બાત કહતે હૈં કિ, ભૈયા ! સર્વ વહી કહતે હૈં, ભૈયા ! તેરા સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ મહાવિદેહ ક્ષેત્ર મેં 'સીમંધર' પ્રભુ બિરાજતે હૈં. સમજ મેં આયા ? ઉનકે પાસ જાકર 'કુંદકુંદાચાર્યદેવ' લાયે, સબ બાત ઐસી હી કહતે થે. ઐસી પરંપરા (મેં) સંતોં ઐસી બાત કરતે હૈં.

સંશય દૂર કરનેવાલી. ઉસકો સંશય ન રહે. ક્યા હોગા ? મૈં પરદ્રવ્ય કા કર સકતા હૂં કિ નહીં ? મૈં પરદ્રવ્ય કો સહાય કરકે ભલા-બૂરા કર સકતા હૂં ? ઔર પરદ્રવ્ય મેરા કોઈ ભલા-બૂરા કર સકતા હૈ કિ નહીં ? ઐસા સંશય હો ઉસકા છેદ કરતે હૈં કિ, તુમ પરદ્રવ્ય કા કુછ કર સકતે નહીં. પરપદાર્થ કા કાર્ય તેરે અધિકાર કી બાત નહીં ઔર પરપદાર્થ સે તેરે મેં કુછ હોતા હૈ, ઐસે તુમ ભી નહીં. સમજ મેં આયા ? સબ સંશયોં કો દૂર કરનેવાલી ભાષા કહતે હૈં. સમજ મેં આયા ? ઐસા ભી હોતા હૈ ઔર ઐસા ભી હોતા હૈ, ઐસા સંશય રહે ઐસી ભાષા વીતરાગ સંતોં કી હોતી નહીં. ઉપદેશ ઐસા હોતા હૈ, ઐસા કહતે હૈં. આહા..હા..! સમજ મેં આયા ?

તેરા આત્મા વીતરાગ આનંદસ્વભાવ સે ભરા હૈ, ઉસકી તુમ અંતર વીતરાગ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ કરો તો તેરા કલ્યાણ હોગા ઔર બીચ મેં રાગ આતા હૈ, પરંતુ ઉસ રાગ સે કલ્યાણ નહીં હોગા. રાગ સે કલ્યાણ હોગા ઔર સ્વભાવ કે આશ્રય સે કલ્યાણ હોગા, ઐસે સંશય કો નાશ કરનેવાલી વાણી નિકલતી હૈ. (રાગ સે કલ્યાણ હોગા) ઐસા હૈ નહીં. સમજ મેં આયા ? ભાષા કૈસી રખી હૈ ! 'દૌલતરામ', 'દોલતરામજી' પંડિત. ૨૦૦ વર્ષ હુએ ના ? કિતને હુએ ? માલૂમ નહીં ? ૧૩૦ ?

અભી હુએ ? ઠીક ! ભાષા તો બહુત અચ્છી લીખી હૈ. 'છહ ઢાલા' જૈન પાઠશાલા મેં પઢાતે હૈં. બહુતોં કો મુખ મેં કંઠસ્થ ભી હોતી હૈ. ઐસા-ઐસા લિખતે હૈં. આખિર કી ગાથા મેં હૈ. વૈશાખ સુદ ૩. બરાબર હૈ, આખિર કી ગાથા મેં હૈ. આખિર મેં હૈ. બરાબર હૈ. ૧૮૯૧ વૈશાખ સુદ ૩. (સંવત) ૧૮૯૧ મેં લિખી હૈ. ૧૩૧ વર્ષ લગભગ હો ગયે. પરંતુ ભાષા કિતની આસાન, સરલ હિન્દી.

વીતરાગ કા માર્ગ કૈસા હૈ ? ઐસા સુહિતકર, અહિત કા નાશકર, સંશય કા ટાલનેવાલા ઔર ભ્રમ રોગ કો મિટાનેવાલા. સમજ મેં આયા ? મુનિ ઐસી વાણી કહતે હૈં. ઐસી વાણી સે વિપરીત મુનિ કહ સકતે નહીં. દેખો ! 'સર્વ અહિત કા નાશ કરનેવાલા, સુનને મેં પ્રિય ઐસા સમસ્ત સંશયોં...' 'સબ સંશય' શબ્દ પડા હૈ ના ? કોઈ સંશય રહે નહીં. ભગવાનઆત્મા તેરી વીતરાગી ચીજ 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. સિદ્ધ સમાન આત્મા હૈ. અંદર સ્વરૂપ કી દૃષ્ટિ કરો, ઉસસે હી કલ્યાણ હોગા. દૂસરે રાગ સે ઔર સંયોગ સે તેરા કલ્યાણ નહીં હોગા. સબ સંશય કો નાશ કરનેવાલી મુનિ ભાષા સમિતિ સે અમૃત ઝરતા હૈ. આહા..હા..! દેખો ! કિતના ડાલા હૈ !

સંશયનાશક 'ઔર (ભ્રમ રોગહર) મિથ્યાત્વરૂપી રોગ કો હરનેવાલા...' લો ! મુનિઓં કી ભાષા તો ભ્રમણા કા નાશ કરનેવાલી હોતી હૈ. મિથ્યા ભ્રમણા–વિપરીત અભિનિવેશ. વહાં લિયા હૈ, દેખો ! વિપરીત અભિનિવેશ જો હૈ કિ, રાગ સે મેરા કલ્યાણ હોતા હૈ, સંયોગ સે મુજે લાભ હોતા હૈ, ઐસા વિપરીત મિથ્યા અભિપ્રાય, ઐસે વિપરીત મિથ્યાત્વ કો નાશ કરનેવાલી મુનિઓં કી વાણી હોતી હૈ. પહલે તો મિથ્યાત્વ કા રોગ બડા (હૈ). દેખો ! '(ભ્રમ રોગહર)' ભાઈ ! કૌન-સા રોગ હૈ ? ઉસમેં લિખા હૈ, દેખો ! ભ્રમરોગ.

મુમુક્ષુ :– યે સહન નહીં હોતા

ઉત્તર :– સહન નહીં હોતા. લો, ઠીક ! અંદર સે વહ આયા. સહન નહીં હોતા હૈ. બૈઠે હો, કુછ હૈ ? બીછુને કાટા હૈ ? ક્યા હૈ ? ખા-પીકર લઠ હોકર આતે હૈં. ક્યા હૈ લેકિન ? મુફ્ત કી મમતા.. મમતા.. મમતા.. આહા..હા...! માર ડાલા. ભ્રમણા ને માર ડાલા, ઐસા કહતે હૈં. શરીર મેં રોગ ઔર ઉસસે મુજે દુઃખ હોતા હૈ, ભ્રમણા

હૈ. 'આત્મ ભ્રાંતિ સમ રોગ નહીં, આત્મભ્રાંતિ સમ રોગ નહીં, સદ્ગુરુ વૈદ્ય સુજાન, ગુરુ-આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન.' ભાષા બોલે, અંદર મેં ઉસે બૈઠે નહીં. કહો, સમજ મેં આયા ?

મુમુક્ષુ :- બહુત પઢા થા.

ઉત્તર :- બહુત પઢા થા, લેકિન એક બાત ભી કહાં અંતર મેં ઉતારી હૈ ? 'આત્મભ્રાંતિ સમ રોગ નહીં.' દેખો ! યહાં 'દૌલતરામજી' કહતે હૈં ના ? '(ભ્રમ રોગહર)' મુનિઓં કી વાણી, વીતરાગ કી વાણી, શાસ્ત્ર કી વાણી, ઐસી હોતી હૈ કિ, ભ્રમરૂપી રોગ કો નાશ કરનેવાલી હૈ. ભ્રમણા અનાદિ સે ક્યા લગી હૈ ? આત્મભ્રાંતિ.

મુમુક્ષુ :- ગાંડો થયો છે...

ઉત્તર :- પાગલ હો ગયા હૈ. હિન્દી ભાષા પાગલ હૈ. સમજ મેં આયા ?

અપના શુદ્ધ આનંદ સ્વરૂપ છોડકર રાગ મેં આનંદ હૈ, શરીર મેં આનંદ હૈ, ઐસે માનના (વહ) ભ્રમણા કા રોગ લગા હૈ. ઉસકો મિથ્યાત્વરૂપી ભ્રમ રોગ લગા હૈ. સમજ મેં આયા ? આહા..હા...! 'આત્મભ્રાંતિ સમ રોગ નહીં, સદ્ગુરુ વૈદ્ય સુજાન.' જાનનેવાલે જ્ઞાની વૈદ્ય હૈં. 'ઔષધ વિચાર ધ્યાન, ગુરુ-આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન.' વિચાર કર, વિચાર કર, ભાઈ ! એક બાત ભી બૈઠી નહીં.

આત્મા સુખી તો સુખી સર્વ વાતે, ઐસે હૈ. આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ. કહા નહીં ? આયા નહીં ? 'ચિન્મૂરતિ કી ધારી...' આતા હૈ કિ નહીં સ્તવન મેં ? 'બાહિર નરકકૃત દુઃખ ભોગત, અંતર સુખ કી ગટાગટી.' નારકી જીવ મેં ભી સમ્યગ્દર્શન-આત્મા કા ભાન હૈ, બાહર મેં દુઃખ હૈ ઔર અંદર મેં આનંદ હૈ. આહા..હા..! સમજ મેં આયા ? 'ચિન્મૂરતિ કી..' આતા હૈ ના ? 'રીતિ લગત મુજે અટપટી' પહલે શેઠ આયે થે ના ? તો પહલે વહ ગાયા થા. લેકિન માલૂમ નહીં થા કી ક્યા હૈ. નરક મેં નારકી કો બાહ્ય દુઃખ હૈ, પરંતુ સમ્યગ્દષ્ટિ હૈ તો ઉસે આત્મા કા ભાન હૈ.

જૈસે 'શ્રેણિક' રાજા. 'શ્રેણિક' રાજા અભી હૈ ના ? નરક મેં હૈ કિ નહીં ? પહલી નરક મેં હૈ. પહલી નરક મેં ચૌરાસી હજાર વર્ષ કી સ્થિતિ મેં હૈ. સમજ મેં આયા ?

ચિન્મૂરત દગધારી કી મોહિ, રીતિ લગતિ હૈ અટાપટી,

બાહિર નારકિકૃત દુઃખ ભોગે, અંતર સુખરસ ગટાગટી.

આપ કો ધૂલ મેં ભી રોગ નહીં હૈ. ઉસકો (–નારકી તો) શરીર મેં ઇતને રોગ હૈં, હજારોં બિચ્છુ કાટતે હૈં, બિચ્છુ કા ડંખ. નહીં, 'બાહિર નારકિ-કૃત દુઃખ ભોગૈ, અંતર સુખરસ ગટાગટી.' ભગવાનઆત્મા સમ્યગ્દર્શન મેં ભ્રમણા કા નાશકર જો સમ્યગ્દર્શન પ્રગટ કિયા (તો) આત્મા કા આનંદ આયા. અંતર મેં આત્મા કે અતીન્દ્રિય આનંદ કા ભાન હુઆ, ઉસકા નામ સમ્યગ્દર્શન (હૈ). ઐસે સમ્યગ્દર્શન કી બાત ભ્રમ ટાલકર મુનિઓં દૂસરે કો સમજાતે હૈં. સમજ મેં આયા ? દેખો ! કિતના લિખા હૈ ! સમજ મેં આયા ? કૌન હૈ ? યે ભી 'દૌલત' હૈ, લો ! ભલે દૂસરે 'દૌલત' (હો). 'અંતર સુખરસ ગટાગટી' સમજે ?

સદન-નિવાસી તદપિ ઉદાસી, તાતેં આસ્રવ છટાછટી,
જે ભવહેતુ અબુધ કે તે તસ, કરત બન્ધ કી ઝટાઝટી.
સંયમ ધરિ ન સકે પૈ સંયમ, ધારન કી ઉર ચટાચટી,
તાસ સુયશ ગુન કી 'દૌલત' કે, લગી રહે નિત રટારટી.

'દૌલતરામજી' કહતે હૈં, દૂસરે 'દૌલતરામજી' હૈં. બહુત અચ્છા (લિખા હૈ). નરક મેં ઇતને-ઇતને દુઃખ હૈં, તો મુનિઓં યહાં મનુષ્ય કો ઐસા ઉપદેશ દેતે હૈં કિ, અરે...! ભૈયા ! તુમ્હારે ભાવ મેં શુભ-અશુભભાવ હોતે હૈં વહ ભી દુઃખ હૈ, આત્મા મેં આનંદ હૈ. પર મેં સુખ માનના ભ્રમ હૈ, મિથ્યાત્વ હૈ, મિથ્યાદર્શન વિપરીત શલ્ય હૈ. આહા..હા..! કહો, કૈસા ઉપદેશ દેતે હૈં ? દેખો ! મુનિરાજ કા ઉપદેશ હોતા હૈ. દુનિયા કો મસ્કા લગાયે ઔર અનુકૂલ (કહે), ઐસા નહીં. આહા..હા..!

'સમસ્ત સંશયોં કા નાશક...' સંશય, વિપરીત ઔર અનધ્યવસાય તીનોં કા હો ગયા. સમજ મેં આયા ? 'ઔર મિથ્યાત્વરૂપી રોગ કો હરનેવાલા વચનરૂપી અમૃત ઝરતા હૈ.' ભાષા સમિતિ મેં જૈનદર્શન કી મૂલ ભાષા સમા દી હૈ, લો ! સમજ મેં આયા ? સંતોં કી ભાષા હોતી હૈ તો ઐસી હોતી હૈ. ભગવાન ! તેરા સ્વરૂપ હમારે જૈસા હૈ. તુમકો રાગ હોતા હૈ વહ દુઃખ હૈ. શરીર, વાણી, પર તો જડ હૈં. ઉસસે ભિન્ન હો. ભ્રમ ટાલ દે. મૈં અલ્પજ્ઞ હૂં, રાગી હૂં (ઐસા) ભ્રમ ટાલ દે. મૈં અલ્પજ્ઞ હૂં, મૈં રાગી હૂં, મૈં કર્મસંબંધ શરીરવાલા હૂં, ઇતના હૂં, ઐસા ભ્રમ છોડ

દે. તુમ સર્વજ્ઞ પૂર્ણાનંદમય હો.

મુમુક્ષુ :– ભ્રમણા હુઈ હૈ.

ઉત્તર :– કિસકી બાત ચલતી હૈ ? ભૂરી ચડી હૈ, ભૂરી. ભ્રમણા કી અજ્ઞાન કી. સમજ મેં આયા ?

કહતે હૈં, 'મિથ્યાત્વરૂપી રોગ...' દેખો ! ભાષા કી હૈ, '(ભ્રમ રોગહર)' મિથ્યાત્વ કા નાશ હો ઐસી ભાષા મુનિ કે મુખમેં સે આતી હૈ. સમજ મેં આયા ? દેવ-દેવી માનો તો ઐસા હોતા હૈ, પૈસા મિલેગા, ઐસા હોતા હૈ, ઐસા હોતા હૈ, ઐસી ભાષા મુનિ કે મુખ સે નહીં આતી. આહા..હા..! ભ્રમરોગ, સંશય ઔર અનધ્યવસાય. ક્યા હોગા કુછ માલૂમ નહીં પડતા ? ઉન સબ કો નાશ કરનેવાલી. બરાબર આત્મા સમજ મેં આ સકતા હૈ. આત્મા કિસી કો પૂછને જાને પડતા નહીં. ઐસી નિઃસંશય બાત મુનિઓં કે મુખમેં સે નિકલતી હૈ. ભૈયા ! ચૈતન્યમૂર્તિ ભિન્ન પ્રભુ દેહ સે ભિન્ન હૈ, કર્મ સે ભિન્ન હૈ, પુણ્ય-પાપ કે રાગ સે ભિન્ન હૈ, પૂર્ણાનંદ સે ભરા હૈ, ઐસી પ્રતીત કર, શ્રદ્ધા કર (તો) સમ્યગ્દર્શન હોગા. મિથ્યાત્વ કા નાશ કરનેવાલી, સંશય કા નાશ કરનેવાલી ભાષા મુનિઓં કે મુખ સે નિકલતી હૈ.

દેખો ! પહલે યહ કહા, મિથ્યાત્વ કા નાશ કરનેવાલી ભાષા નિકલતી હૈ. ભ્રમરોગ, સંશય કી હી પહલી બાત કી. બાદ મેં રાગ કો કમ કરને કી બાદ મેં (કરેંગે). આયા કિ નહીં ઉસમેં ? યહાં તો સંશય, ભ્રમરોગ મિટાને ઔર સુહિત ઔર અહિત – સુહિત કો કરનેવાલી ઔર અહિત કા નાશ કરનેવાલી (હૈ). ઉસમેં રાગાદિ આ ગયા. રાગાદિ ભાવ હૈં, અહિતકર હૈં, આત્મા કા સ્વભાવભાવ હિતકર હૈ. વહ બાત સમુચ્ચય આ ગઈ. અંત મેં મુખ્યરૂપ સે યહાં જોર દિયા. સંશય ઔર ભ્રમણા કો નાશ કરનેવાલે વચન મુનિ કે મુખમેં સે નિકલતે હૈં. ઐસા ઉપદેશ શ્રોતા સુનતે હૈં, શ્રોતા કે ખ્યાલ મેં યહ બાત આની ચાહિયે. ભ્રમણા, પુણ્ય-પાપ મેં સુખ, પર મેં સુખ સબ ભ્રમ હૈ, મિથ્યાત્વ હૈ. ભગવાનઆત્મા મેં સુખ હૈ ઔર ધર્મ હૈ. ધર્મ મેં ભી તેરે આત્મા મેં હૈ. બાહર ધર્મ હૈ નહીં, ઐસી દૃષ્ટિ કરો, ઐસા જ્ઞાન કરો, ઐસી લીનતા કરો, ઐસે મિથ્યાત્વ કા નાશ કા ઉપદેશ દેતે હૈં. ઇર્યા, ભાષા ઔર પંચ મહાવ્રત તીન કી બાત કહી.

ભાવાર્થ :– 'વીતરાગી મુનિ ચૌદહ પ્રકાર કે અન્તરંગ ઔર દસ પ્રકાર કે બહિરંગ પરિગ્રહ સે રહિત હોતે હૈં, ઇસલિયે ઉનકો (૫) પરિગ્રહત્યાગ-મહાવ્રત હોતા હૈ. દિન મેં સાવધાનીપૂર્વક ચાર હાથ આગે કી ભૂમિ દેખર ચલને કા વિકલ્પ ઉઠ વહ (૧) ઇર્યા સમિતિ હૈ. તથા જિસપ્રકાર ચન્દ્ર સે અમૃત ઝરતા હૈ, ઉસીપ્રકાર મુનિ કે મુખચન્દ્ર કે જગત કા હિત કરનેવાલે, સર્વ અહિત કા નાશ કરનેવાલા, સુનને મેં સુખકર, સર્વ પ્રકાર કી શંકાઓં કો દૂર કરનેવાલે ઔર મિથ્યાત્વ (વિપરીતતા યા સન્દેહ) રૂપી રોગ કા નાશ કરનેવાલે ઐસે અમૃત-વચન નિકલતે હૈં. ઇસપ્રકાર સમિતિરૂપ બોલને કા વિકલ્પ મુનિ કો ઉઠતા હૈ વહ (૨) ભાષા સમિતિ હૈ.' દૂસરી સમિતિ હૈ. ઐસા વિકલ્પ ઉઠતા હૈ. સમજ મેં આયા ?

'પ્રશ્ન :– સચ્ચી સમિતિ કિસે કહતે હૈં ?

ઉત્તર :– પર જીવોં કી રક્ષા કે હેતુ યત્નાચાર પ્રવૃત્તિ કો અજ્ઞાની જીવ સમિતિ માનતે હૈં;...' ઐસા નહીં હૈ. 'કિન્તુ હિંસા કે પરિણામોં સે તો પાપબંધ હોતા હૈ. યદિ રક્ષા કે પરિણામોં સે સંવર કહોગે તો પુણ્યબંધ કા કારણ ક્યા સિદ્ધ હોગા ?' પર કી રક્ષા–નહીં મારને કા ભાવ તો પુણ્ય હૈ, સમિતિ નહીં. પર કો નહીં મારને કા ભાવ પુણ્ય હૈ, મારને કા ભાવ પાપ હૈ, સમિતિ નહીં. સમિતિ દૂસરી ચીજ હૈ. અંતર મેં શુભાશુભ રાગ સે રહિત શુદ્ધ અંદર પરિણતિ પ્રગટ કરના ઉસકા નામ યથાર્થ સમિતિ હૈ. સમજ મેં આયા ?

'તથા મુનિ એષણા સમિતિ મેં દોષ કો ટાલતે હૈં;...' 'ટોડલમલજી' 'મોક્ષમાર્ગ પ્રકાશક' (મેં કહતે હૈં) ઉસકા આધાર દિયા હૈ. 'મુનિ એષણા સમિતિ મેં દોષ કો ટાલતે હૈં; વહાં રક્ષા કા પ્રયોજન નહીં હૈ,...' પર કી રક્ષા કા પ્રયોજન નહીં હૈ. યહાં તકરાર કરે. પર કી રક્ષા કા પ્રયોજન નહીં, આત્મા પર કી રક્ષા કર સકતા નહીં. 'રક્ષા કે હેતુ હી સમિતિ નહીં હૈ. તો ફિર સમિતિ કિસપ્રકાર હોતી હૈ ? મુનિ કો કિંચિત્ રાગ હોને પર...' યહ 'મોક્ષમાર્ગ પ્રકાશક' મેં 'ટોડરમલજી' કા લિખા હુઆ હૈ. 'સમિતિ કિસપ્રકાર હોતી હૈ ?' તો કહતે હૈં, થોડે રાગ મેં ગમનાદિ ક્રિયા હોતી હૈ. 'વહાં ઉન ક્રિયાઓં મેં અતિ આસક્તિ કે અભાવ સે પ્રમાદરૂપ પ્રવૃત્તિ નહીં હોતી, તથા દૂસરે જીવોં કો દુઃખી કરકે અપના ગમનાદિપ્રયોજન સિદ્ધ નહીં કરતે, ઇસલિયે

ઉનસે સ્વયં દયા કા પાલન હોતા હૈ; ઇસપ્રકાર સચ્ચી સમિતિ હૈ.' 'મોક્ષમાર્ગ પ્રકાશક' મેં લિખા હૈ.

મુમુક્ષુ :– દયા...

ઉત્તર :– દયા યાની પર જીવ કો મારને કા અભિપ્રાય નહીં હૈ, સહજ હી ઐસા હો જાતા હૈ.

---

### એષણા, આદાન-નિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન સમિતિ

છયાલીસ દોષ વિના સુકુલ, શ્રાવકતનૈં ઘર અશનકો;
લૈં તપ બઢાવન હેતુ, નહિં તન પોષતે તજિ રસનકો.
શુચિ જ્ઞાન સંયમ ઉપકરણ, લખિકૈં ગહૈં લખિકૈં ધરૈં;
નિર્જંતુ થાન વિલોકિ તન-મલ મૂત્ર શ્લેષ્મ પરિહરૈં. ૩.

અન્વયાર્થ :– [વીતરાગી મુનિ] (સુકુલ) ઉત્તમ કુળવાળા (શ્રાવકતનૈં) શ્રાવકના (ઘર) ઘરે અને (રસનકો) છએ રસ અથવા એક-બે રસને (તજિ) છોડીને, (તન) શરીરને (નહિં પોષતે) પુષ્ટ નહિ કરતાં માત્ર (તપ) તપની (બઢાવન હેતુ) વૃદ્ધિ કરવાના હેતુથી [આહારના] (છયાલીશ) છેંતાલીસ (દોષ વિના) દોષના ટાળીને (અશનકે) ભોજનને (લૈં) ગ્રહણ કરે છે.* (શુચિ) પવિત્રતાના (ઉપકરણ) સાધન [કમંડલને], (જ્ઞાન) જ્ઞાનના (ઉપકરણ) સાધન [શાસ્ત્રને] અને (સંયમ) સંયમના (ઉપકરણ) સાધન [પીંછીને] (લખિકૈં) જોઇને (ગહૈં) ગ્રહણ કરે છે [અને] (લખિકૈં) જોઇને (ધરૈં) રાખે છે; [અને] (મૂત્ર) પેશાબ (શ્લેષ્મ) લીંટ વગેરે (તન-મલ) શરીરના મેલને (નિર્જન્તુ) જીવ રહિત

---

* નોંધ :– તે આહારના દોષોનું વિશેષ વર્ણન 'અનગાર ધર્મામૃત' અને 'મૂલાચાર' વગેરે શાસ્ત્રોથી જાણવું. તે દોષોને ટાળવાના હેતુથી દિગંબર સાધુઓને કોઇ કોઇ વખતે મહિનાઓ સુધી ભોજન ન મળે છતાં પણ મુનિ જરાય ખેદ કરતા નથી; અનાસક્તિ અને નિર્મોહ હઠ વગરના સહજ હોય છે. [કાયર જનોને-અજ્ઞાનીઓને આવું મુનિવ્રત દુઃખમય લાગે છે, જ્ઞાનીને સુખમય લાગે છે.]

(થાન) સ્થાન (વિલોકિ) જોઇને (પરિહરૈં) ત્યાગે છે.

ભાવાર્થ :– વીતરાગી જૈન મુનિ-સાધુ ઉત્તમ કુળવાળા શ્રાવકના ઘરે, આહારના છેંતાલીસ દોષોને ટાળી અને અમુક રસો છોડીને (અથવા સ્વાદનો રાગ નહિ કરતાં), શરીરને પુષ્ટ કરવાનો અભિપ્રાય નહિ રાખતાં, માત્ર તપની વૃદ્ધિ કરવા માટે આહાર લે છે, તેથી તેઓને ત્રીજી એષણા સમિતિ હોય છે. પવિત્રતાનું સાધન કમંડળને, જ્ઞાનનું સાધન શાસ્ત્રને અને સંયમનું સાધન પીંછીને જીવોની વિરાધના બચાવવા અર્થે જોઇ-સંભાળીને રાખે છે અને ઉપાડે છે; તેથી તેઓને ચોથી આદાન-નિક્ષેપણ સમિતિ હોય છે. મળ-મૂત્ર, કફ વગેરે શરીરના મેલને જીવરહિત સ્થાન જોઇને છોડે છે તેથી તેમને પાંચમી વ્યુત્સર્ગ અર્થાત્ પ્રતિષ્ઠાપન સમિતિ હોય છે.

---

અબ 'એષણા, આદાન-નિક્ષેપણ ઔર પ્રતિષ્ઠાપન સમિતિ' તીન કી વ્યાખ્યા હૈં. પાંચ મહાવ્રત કા વ્યાખ્યા હો ગઈ, દો સમિતિ કી વ્યાખ્યા હો ગઈ – ઇર્યા ઔર ભાષા (સમિતિ). (ઇસ ગાથા મેં) તીન સમિતિ કી વ્યાખ્યા (કરેંગે). ઇસ છઠવે અધ્યાય મેં મુનિ કી વ્યાખ્યા મેં ભી કૈસા ઉપદેશ હોતા હૈ, વહ બાત ભી ઉસમેં આ ગઈ, બહુત અચ્છી બાત આ ગઈ.

છયાલીસ દોષ વિના સુકુલ, શ્રાવકતનૈં ઘર અશનકો;
લૈં તપ બઢાવન હેતુ, નહિં તન પોષતે તજિ રસનકો.
શુચિ જ્ઞાન સંયમ ઉપકરણ, લખિકૈં ગહૈં લખિકૈં ધરૈં;
નિર્જંતુ થાન વિલોકિ તન-મલ મૂત્ર શ્લેષ્મ પરિહરૈં. ૩.

દેખો ! વીતરાગી સંત, અંતર મેં આનંદ કા ભાન હૈ, ઐસી એષણા સમિતિ (પાલતે) હૈં. ક્યા (કહતે હૈં) ? '(વીતરાગી મુનિ) ઉત્તમ કુલવાલે શ્રાવક કે ઘર...' દેખો ! સાધારણ ઘર મેં જાતે નહીં. ઉત્તમ કુલ, શ્રાવક ધર્માત્મા હો, નિર્દોષ શ્રદ્ધા-જ્ઞાન હો, ઉસે માર્ગ કી ખબર હો ઉસકે ઘર સે આહાર લેતે હૈં, ઐસા કહતે હૈં. દેખો ! પાઠ મેં હૈ ના ? 'શ્રાવકતનૈં ઘર અશનકો.' ઉસે માલૂમ હોતા હૈ, નહીં માલૂમ પડે ઐસા હૈ ? અભી તો કુછએક ભંગી કે ઘર, હરિજન કે ઘર આહાર લેતે હૈં ના ? ઐસા

નહીં હોતા. (એક સાધુ હૈ ના) ? મુહપત્તિ બાંધે ઔર હરિજન કે વહાં આહાર લે. વ્યવહાર કા ભી ઠિકાના નહીં. દિગંબર મુનિ સંત આત્મજ્ઞાની-ધ્યાની અપને શરીર કે નિર્વાહ કે લિયે શ્રાવક કે ઘર, ઉત્તમ કુલ હો વહાં જાયે. સુકુલ હૈ ના ? સુકુલ ઔર શ્રાવક કા ઘર, ઐસે લિયા હૈ ના ? દોનોં બાત લી હૈ. સમજે ના ? સુકુલ ઔર શ્રાવક કે ઘર 'અશનકો'.




'છહોં રસ અથવા એક-દો રસોં કો છોડકર શરીર કો પુષ્ટ ન કરતે હુએ–માત્ર તપ કી વૃદ્ધિ કરને કે હેતુ સે...' તપ યાની મુનિપના. 'છિયાલીસ દોષોં કો દૂર કરકે...' ઉનકે લિયે ચૌકા બનાયા હો તો વે લેતે નહીં. ક્યોંકિ ઉનકે લિયે બનાયા હો તો વહ ઉદ્દેશિક હૈ. મુનિ ભાવલિંગી સંત આત્મજ્ઞાની અંતર આનંદ મેં મસ્ત હૈ, શરીર કો નિભાને કે લિયે ઐસા થોડા વિકલ્પ આતા હૈ તો ઐસા નિર્દોષ આહાર લેતે હૈં. (નીચે ફૂટનોટ મેં લિખા હૈ), 'અનગાર ધર્મામૃત' (ગ્રંથ સે) સમજ લેના.




'પવિત્રતા કે સાધન કમંડલ કો,...' એક કમંડલ હી મુનિ કો હોતા હૈ. 'જ્ઞાન કે સાધન શાસ્ત્ર કો તથા સંયમકે સાધન પીંછીં કો

દેખકર...' દેખકર. દેખકર લે ઔર દેખકર છોડે. 'દેખકર રખતે હૈં. પેશાબ, શ્લેષ્મ...' નાક કી લિટ આદિ હો ના? જીવ-જંતુ ના હો, ન મરે વહાં છોડતે હૈં. 'શરીર કે મૈલ કો જીવરહિત સ્થાન દેખકર ત્યાગતે હૈં.' જહાં કોઈ પ્રાણી કી હિંસા ન હો વહાં છોડતે હૈં. ઉસમેં સબ અર્થ આ ગયા હૈ. ભાવાર્થ આ ગયા.

---

### મુનિઓની ત્રણ ગુપ્તિ અને તેમનો પાંચ ઇન્દ્રિય પર વિજય

સમ્યક્ પ્રકાર નિરોધ મન-વચ-કાય, આતમ ધ્યાવતે;
તિન સુથિર મુદ્રા દેખિ મૃગગણ ઉપલ ખાજ ખુજાવતેં.
રસ રૂપ ગંધ તથા ફરસ અરુ શબ્દ શુભ અસુહાવને;
તિનમેં ન રાગ-વિરોધ પંચેન્દ્રિય જયન પદ પાવને. ૪.

અન્વયાર્થ :– [વીતરાગી મુનિ] (મન-વચ-કાય) મન-વચન-કાયાનો (સમ્યક્ પ્રકાર) ભલી રીતે-બરાબર (નિરોધ) નિરોધ કરીને, જ્યારે (આત્મ) પોતાના આત્માનું (ધ્યાવતે) ધ્યાન કરે છે, ત્યારે (તિન) તે મુનિઓની (સુથિર) શાંત (મુદ્રા) મુદ્રા (દેખિ) જોઇને (ઉપલ) પથ્થર જાણીને (મૃગગણ) હરણ અથવા ચૌપગા પ્રાણીઓનું ટોળું (ખાજ) પોતાની ખંજવાળ-ખુજલીને (ખુજાવતેં) ખંજવાળે છે. [જે] (શુભ) પ્રિય અને (અસુહાવને) અપ્રિય [પાંચ ઇન્દ્રિય સંબંધી] (રસ) પાંચ રસ, (રૂપ) પાંચ વર્ણ, (ગંધ) બે ગંધ (તથા) તથા (ફરસ) આઠ પ્રકારના સ્પર્શ (અરુ) અને (શબ્દ) શબ્દ (તિનમેં) તે બધામાં (રાગ-વિરોધ) રાગ કે દ્વેષ (ન) મુનિને થતાં નથી, [તેથી તે મુનિ] (પંચેન્દ્રિય જયન) પાંચ ઇન્દ્રિયોને જીતવાવાળાં એટલે કે જિતેન્દ્રિય (પદ પાવને) પદને પામે છે.

ભાવાર્થ :– આ ગાથામાં નિશ્ચયગુપ્તિનું તથા ભાવલિંગી મુનિના ૨૮ મૂળગુણોમાંથી પાંચ ઇન્દ્રિયના જયના સ્વરૂપનું વર્ણન કરે છે.

ભાવલિંગી મુનિ જ્યારે ઉગ્ર પુરુષાર્થ વડે શુદ્ધોપયોગરૂપે પરિણમી નિર્વિકલ્પપણે સ્વરૂપમાં ગુપ્ત થાય છે તે નિશ્ચયગુપ્તિ છે અને તે વખતે મન-વચન-કાયાની ક્રિયા સ્વયં રોકાઇ જાય છે; તેમની શાંત અને અચળ મુદ્રા જોઇને તેમના શરીરને પથ્થર

સમજી મૃગનાં (પશુઓના) ટોળાં* ખુજલી ખંજવાળે છે, છતાં તે મુનિઓ પોતાના ધ્યાનમાં નિશ્ચલ રહે છે. તે ભાવલિંગી મુનિને ત્રણ ગુપ્તિ હોય છે.

પ્રશ્ન :– ગુપ્તિ કોને કહે છે ?

ઉત્તર :– મન-વચન-કાયાની બાહ્ય ચેષ્ટા મટાડવા માટે પાપ ચિંતવન ન કરે, મૌન ધારે તથા ગમનાદિ ન કરે તેને અજ્ઞાની જીવ ગુપ્તિ માને છે. હવે મનમાં તો ભક્તિ આદિરૂપ અનેક પ્રકારના શુભ રાગાદિ વિકલ્પો થાય છે, એટલે પ્રવૃત્તિમાં તો ગુપ્તિપણું બને નહિ. (સમ્યગ્દર્શન-જ્ઞાન અને આત્મામાં લીનતા વડે) વીતરાગભાવ થતાં જ્યાં મન-વચન-કાયાની ચેષ્ટા થાય નહિ એ જ સાચી ગુપ્તિ છે.

(મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૧-૩૨)

મુનિઓ પાંચ ઇન્દ્રિયોના પ્રિય (અનુકૂળ) પાંચ રસ, પાંચ રૂપ, બે ગંધ, આઠ સ્પર્શ અને શબ્દરૂપ પાંચ વિષયોમાં રાગ કરતા નથી અને અપ્રિય (પ્રતિકૂળ) ઉપર કહેલાં પાંચ વિષયોમાં દ્વેષ કરતા નથી. એ રીતે પાંચ ઇન્દ્રિયોને જીતવાના કારણે તેઓ જિતેન્દ્રિય કહેવાય છે.

* આ સંબંધમાં સુકુમાલ મુનિનું દૃષ્ટાંત છેઃ– જ્યારે તેઓ ધ્યાનમાં હતા ત્યારે એક શિયાળી અને તેનાં બે બચ્ચાંઓ તેમનો અર્ધો પગ ખાઇ ગયા પણ તેઓ પોતાના ધ્યાનથી જરાપણ ચલાયમાન થયા નહિ. (સંયોગથી દુઃખનો અનુભવ થાય છે-એમ સમજવું)

'મુનિયોં કી તીન ગુપ્તિ ઔર પાંચ ઇન્દ્રિયોં પર વિજ્ય.'

સમ્યક્ પ્રકાર નિરોધ મન-વચ-કાય, આતમ ધ્યાવતે;
તિન સુથિર મુદ્રા દેખિ મૃગગણ ઉપલ ખાજ ખુજાવતેં.
રસ રૂપ ગંધ તથા ફરસ અરુ શબ્દ શુભ અસુહાવને;
તિનમેં ન રાગ-વિરોધ પંચેન્દ્રિય જયન પદ પાવને. ૪.

ઓ..હો..હો...! '(વીતરાગી મુનિ)...' મુનિ કો તીન કષાય કા નાશ હોતા હૈ.

મહાવૈરાગ્ય કા પિંડ હૈં. અંદર મેં ચૈતન્ય કી ધૂન લગી હો. આત્મા કા મોક્ષ કરને કી એકમાત્ર ધૂન અંદર મેં લગી હૈ. કમાને કી ધૂન લગતી હૈ લોગોં કો ? પાગલ હોકર કમાને કી (ધૂન લગતી હૈ). વૈસે ધર્માત્મા કો અપને આત્મા કી ધૂન લગી હૈ. પૂર્ણાનંદ.. પૂર્ણાનંદ.. પૂર્ણાનંદ.. પૂર્ણાનંદ કૈસે પ્રાપ્ત કરું ? ઐસી લીનતા, તલ્લીનતા લગી હૈ.

ઐસે મુનિ 'મન-વચન-કાયા કા ભલીભાંતિ-બરાબર નિરોધ કરકે,...' પાંચ ઇન્દ્રિય કા નિરોધ કરતે હૈં. અઠ્ઠાઈસ મૂલગુણ હૈં ના ? પાંચ ઇન્દ્રિય કા નિરોધ. અતીન્દ્રિય ભગવાનઆત્મા મેં એકાકાર હોકર 'અપને આત્મા કા ધ્યાન કરતે હૈં...' દેખો ! સમકિતી શ્રાવક ભી કભી-કભી અપને આત્મા કા ધ્યાન કરતે હૈં. મુનિ તો બારમ્બાર ધ્યાન કરતે હૈં. સમ્યગ્દષ્ટિ, શ્રાવક કી કભી-કભી ઉપયોગ શુદ્ધ કરતે હૈં. ધ્યાન. મુનિ તો બારમ્બાર અંતર મેં (જાતે હૈં). ક્ષણ મેં વિકલ્પ, રાગ ઉઠતા હૈ (કિ) ઉપદેશ કરું, સુનું ઇતના યા આહાર-પાની. ક્ષણ મેં સપ્તમ (ગુણસ્થાન મેં આતે હૈં). આત્મા આનંદમય ધ્યાન મેં લીન હો જાતે હૈં. યહાં શરીર મેં રહે... બાહર કી ચલને કી ક્રિયા હોતી હૈ ફીર થોડી દેર મેં સ્થિર હો જાયે. ધ્યાન. આહા..હા..! ક્ષણ મેં સપ્તમ આ જાતા હૈ.

ઐસે મુનિ 'અપને આત્મા કા ધ્યાન કરતે હૈં...' દેખો ! આત્મા કા ધ્યાન કરતે હૈં, ભગવાન કા ધ્યાન કરતે હૈં, ઐસા યહાં નહીં કહા. એ..ઇ..! પાઠ હૈ ના ? 'આતમ ધ્યાવતે' મૂલ કી બાત હૈ ના ? 'આતમ ધ્યાવતે.' ભગવાન કા સ્મરણ કરના તો વિકલ્પ હૈ, રાગ હૈ. નવકાર કા સ્મરણ કરના વહ ભી શુભરાગ હૈ, પુણ્યબંધ કા કારણ હૈ, ઐસા કહતે હૈં, દેખો ! મુનિ (કો) વિકલ્પ હૈ તો મન મેં સ્મરણ આદિ આતા હૈ પરંતુ જબ અંદર ક્ષણ મેં (જાતે હૈં તો) આત્મા કો ધ્યાતે હૈં. પાંચ ઇન્દ્રિય કો રોધકર અખંડ આનંદકંદ કા ચિંતવન, શુદ્ધ સ્વરૂપ સન્મુખ હોકર ઉપયોગ લગાતે હૈં. ઉસકા નામ આત્મધ્યાન (હૈ). ઉસ ધ્યાન સે બહુત કર્મ કી નિર્જરા હોતી હૈ.

કહતે હૈં, દેખો ! ચિત્ર દિયે હૈં. ઉસમેં સબ મેં દિયે હૈં, હાં ! યહ એક ચિત્ર દિયા હૈ, દેખો ! ધ્યાન મેં હૈ ના ? મૃગ આકર (અપને શરીર કો) ઘિસતા હૈ. હિરન. 'ઉન મુનિયોં કી સુસ્થિર શાંત મુદ્રા દેખકર...' ઐસે ... જાતે હૈં. શાંતરસ મેં ઇતને લીન લીન હૈ, માનો પત્થર પડા હો !

મુમુક્ષુ :- ખ્યાલ મેં આતા હી હોગા ના ?

ઉત્તર :- ના, ના. ધ્યાન મેં ખ્યાલ આતા નહીં. બાહર વિકલ્પ આ જાયે તો ખ્યાલ આ જાયે. ધ્યાન લગાયે તો ખ્યાલ મેં ભી નહીં આતા. અતીન્દ્રિય ઉપયોગ લગા દિયા, શુદ્ધ ઉપયોગ (હુઆ ઉસ સમય) સમીપ મેં ઢોલ પિટે તો માલૂમ નહીં પડતા. ઠીક ! ઉપયોગ મેં જહાં અંદર મેં લીનતા હુઈ, નિર્વિકલ્પ શુદ્ધઉપયોગ જમ ગયા, (ઉસ સમય) નગાડે બજે, બેંડ બજે તો ભી કુછ માલૂમ નહીં પડતા. એક સ્વજ્ઞેય ઉપર લીનતા હૈ ના ? ઉસકા નામ પરમાર્થ ધ્યાન કહતે હૈં. ખ્યાલ આ જાયે અલગ બાત હૈ. બાહર આયે વિકલ્પ આયા તો ખ્યાલ આવે. ઉપયોગ બહાર હો તો પરિષહ કા ખ્યાલ ન આવે ઐસા નહીં હૈ. ઉપયોગ અંદરમેં સે નિકલકર આયા.

'ટોડરમલજી' ને લિયા હૈ, ભાઈ ! આતા હૈ ના ? 'ટોડરમલજી'. પરિષહ કા જ્ઞાન નહીં હૈ, ઐસા નહીં. જ્ઞાન હોતા હૈ. દેખો ના ! મુનિ ધ્યાન મેં હૈં ના ! ઉપયોગ થોડા બાહર આયે, વિકલ્પ આયે તો ખ્યાલ આવે કિ, કુછ હૈ. જ્ઞાન હોતા હૈ, લેકિન ઉસ વિકલ્પ કે કાલ મેં. નિર્વિકલ્પ મેં તો ધ્યાન મેં હૈં, કુછ માલૂમ નહીં. અકેલા આત્માનંદ. આનંદ અનુભવતા હૂં, ઇતના ભેદ ભી નહીં હૈ. આહા..હા...! ઐસી મુનિ કી દશા, પંચ પરમેષ્ઠી મેં ઉનકો ગિનને મેં આયા હૈ. ઉનકો વીતરાગી પંથ કી બરાબર ખબર હૈ ઔર પ્રગટ દશા હૈ.




'મુનિયોં કી સુસ્થિર મુદ્રા દેખકર ઉન્હેં પત્થર સમજકર...' દેખો ! હૈ ના ? પત્થર. 'ઉપલ.. ઉપલ', '(ઉપલ)' યાની 'પત્થર સમજકર હિરન અથવા ચૌપાયે પ્રાણિયોં કે...' ચાર પૈરવાલે (પ્રાણી). 'અપની ખાજ-ખુજલી કો ખુજાતે હૈં.'

આહા..હા...! ઇતના આનંદ મેં ધ્યાન લગાયા હૈ. આનંદ મેં, હાં ! માત્ર વિકલ્પ નહીં. અતીન્દ્રિય આનંદ મેં ઐસી ધૂન લગ ગઈ કિ, ખબર નહીં. ઐસે બૈઠે હૈં, હિરન આકર (સમજતા હૈ કિ) કોઈ પત્થર પડા હૈ. આહા..હા...! 'શ્રીમદ્જી' કહતે હૈં ના ? 'અપૂર્વ અવસર' મેં નહીં આતા ?

એકાકી વિચરતો વળી સ્મશાનમાં.
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.

દેખો ! ગૃહસ્થાશ્રમ મેં 'શ્રીમદ્જી' થે, 'અપૂર્વ અવસર' કા ગાથા લિખી. સાત સાલ કી ઉમ્ર મેં જાતિસ્મરણ થા. ૩૩ વર્ષ મેં દેહ છૂટ ગયા. સંવત ૧૯૫૭. 'અપૂર્વ અવસર' બનાયા. ઐસી ભાવના ગૃહસ્થાશ્રમ મેં કરતે થે. સમજ મેં આયા ?

'એકાકી વિચરતો વળી સ્મશાનમાં.' અરે...! મૈં અકેલા વિચરું ઔર સ્મશાન મેં કબ જાઉં ? 'વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;' પર્વત મેં વાઘ ઔર સિંહ કા જહાં સમાગમ (હો). 'અડોલ આસન,' આસન અડોલ લગા દેતે હૈં. દેખો ! યહાં લિખા હૈ ના, પત્થર કી ભાંતિ. 'અડોલ આસન, ને...' માત્ર અડોલ આસન નહીં. 'મનમાં નહીં ક્ષોભતા,' ક્ષોભ નહીં. સિંહ કી ગર્જના સુને તો (ભી) ક્ષોભ નહીં. આહા..હા...! ઐસી ભાવના (ભાતે હૈં). અપને પહલે બારહ ભાવના આ ગઈ. ઐસી ભાવના ગૃહસ્થી સમ્યગ્દૃષ્ટિ ભી સંસાર મેં રહતે હૈં (ફિર ભી) ભાવના કરતે હૈં. પૂરા દિન માત્ર પાપ કી ભાવના કરતે હૈં, ઐસા નહીં. સમજ મેં આયા ?

ઐસી ભાવના (ભાતે હૈં કિ), ઓ..હો..! કબ મૈં શાંતિ કા માર્ગ ગ્રહણ કરકે ચારિત્ર(વંત) મુનિ હોઉં ઔર મૈં જંગલ મેં રહકર 'પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.' સિંહ ઔર વાઘ આતે હો (તો ઉન્હેં દેખકર ઐસા લગતા હૈ) હમારા શરીર હમેં નહીં ચાહિયે, ઉસકો ચાહિયે તો વહ હમારા મિત્ર હૈ. લો ! આહા..હા...! હમારે મિત્ર આતે હૈં. ગૃહસ્થાશ્રમ મેં રહકર ઐસી ભાવના કરતે હૈં. ભાવના ન કરે ? આહા..હા..! ઐસા અપૂર્વ અવસર, ઐસા અવસર કબ પ્રગટ હો, ઐસી ભાવના સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ કો બારમ્બાર આતી હૈ. યહ તો મુનિ કી વ્યાખ્યા હૈ. પત્થર

પડા હો ઐસે હો. આહા..હા...!

'અપની ખાજ–ખુજલી કો ખુજાતે હૈં. પ્રિય ઔર (અસુહાવને) અપ્રિય (પાંચ ઇન્દ્રિયોં સમ્બન્ધી) પાંચ, પાંચ વર્ણ, દો ગંધ, આઠ પ્રકારે સ્પર્શ ઔર શબ્દ...' અનુકૂલ-પ્રતિકૂલ. સબ મેં રાગ ઔર દ્વેષ મુનિ કો નહીં હોતા. વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. 'પંચ વિષયમાં રાગ-દ્વેષ વિરહિતતા.' આતા હૈ કિ નહીં ? 'પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો.' અંતર સે દૃષ્ટિ તો હુઈ હૈ. સ્વરૂપ મેં એકાગ્રતા (કરને હેતુ), પંચવિષય સે રહિત હોકર કબ પ્રમાદ છોડકર મૈં મેરે સ્વરૂપ મેં રહૂંગા, ઐસી ભાવના ગૃહસ્થાશ્રમ મેં તીર્થંકરોં ભી કરતે થે. તીર્થંકર ગૃહસ્થાશ્રમ મેં થે, જબ તક મુનિ નહીં હુએ તો ઐસી ભાવના કરતે થે. મુનિ હોને કે બાદ તો બહુત ભાવના સાક્ષાત્ હોતી થી. ઓ..હો...! કર્તવ્ય તો ઇસ આત્મા કા શુદ્ધ વીતરાગભાવ કરના હૈ. યહ કર્તવ્ય હૈ, દૂસરા કોઈ કર્તવ્ય આત્મા કા હૈ નહીં. સમજ મેં આયા ? આહા..હા...! '(ઇસલિયે વે મુનિ) (પંચેન્દ્રિય જયન) પાંચ ઇન્દ્રિયોં કો જીતનેવાલા અર્થાત્ જીતેન્દ્રિય પદ પ્રાપ્ત કરતે હૈં.' અંતર જિતેન્દ્રિયપદ (પ્રાપ્ત કરતે હૈં).

ભાવાર્થ :– 'ઇસ ગાથા મેં નિશ્ચય ગુપ્તિ કા તથા ભાવલિંગી મુનિ કે અટ્ઠાઈસ મૂલગુણોં મેં પાંચ ઇન્દ્રિયોં કી વિજય કે સ્વરૂપ કા વર્ણન કરતે હૈં.' 'ભાવલિંગી મુનિ...' જિસકો આત્મા કા સમ્યગ્દર્શન, આનંદ કા અનુભવ હુઆ હૈ ઔર સ્વરૂપ મેં અંતર વીતરાગતા પ્રગટ હુઈ હૈ. 'ઉગ્ર પુરુષાર્થ દ્વારા શુદ્ધોપયોગરૂપ પરિણમિત હોકર...' ઉગ્ર પુરુષાર્થ દ્વારા. શુદ્ધ ઉપયોગ મેં (રહતે હૈં). જો પંચ મહાવ્રતાદિ હૈં વહ શુભરાગ ઉપયોગ હૈ. ઉસસે હટકર અંતર મેં શુદ્ધ ઉપયોગ મેં ઉપયોગ લગાકર 'નિર્વિકલ્પરૂપ સે સ્વરૂપ મેં ગુપ્ત હોતે હૈં...' આહા..હા...! 'યહ નિશ્ચય ગુપ્તિ હૈ. ઉસ સમય મન-વચન-કાયા કી ક્રિયા સ્વયં રુક જાતી હૈ. ઉનકી શાંત ઔર અચલ મુદ્રા દેખકર, ઉનકે શરીર કો પત્થર સમજકર મૃગોં કે ઝુણ્ડ...'

(ફૂટનોટ મેં દિયા હૈ) 'ઇસ સમ્બન્ધ મેં સુકુમાલ મુનિ કા દૃષ્ટાંત :–' 'સુકુમાલ' મુનિ હૈં ના ? 'જબ વે ધ્યાન મેં લીન થે, ઉસસમય એક શિયાલિની ઔર ઉસકે દો બચ્ચે ઉનકા આધા પૈર ખા ગયે થે,...' દેખો ! હૈ ના ? મુનિ ઉપર ધ્યાન મેં બૈઠે હૈં. શિયાલિની ઔર ઉસકે દો બચ્ચે. ધ્યાન.. આનંદ.. આનંદ.. આનંદ.. દુઃખ

નહીં, હાં ! દુઃખ નહીં. ઉસકા નામ અંતર આનંદ (હૈ). અતીન્દ્રિય આનંદ મેં ઇતને લીન હૈં. જંગલ મેં શિયાલિની આઈ, આધા પૈર ખા ગઈ.

'કિન્તુ વે અપને ધ્યાન સે કિંચિત્ ચલાયમાન નહીં હુએ. (સંયોગ સે દુઃખ હોતા હી નહીં,...)' લિખા હૈ ? અંદર લિખા હૈ ? દેખો ! મુફ્ત મેં મૂઢ માનતા હૈ, ઐસા કહતે હૈં. મૂઢ માનતા હૈ. સંયોગ સે દુઃખ હૈ નહીં. શરીર મેં રોગ.. દેખો ! '(શરીરાદિ મેં મમત્વ કરે તો ઉસ મમત્વભાવ સે હી દુઃખ કા અનુભવ હોતા હૈ–' શરીર મેં રોગ હો, નિર્ધનતા હો વહ દુઃખ હૈ હી નહીં.

મુમુક્ષુ :– પર હમ માનતે હૈ ન ?

ઉત્તર :– મૂઢ હોકર માનતા હૈ કિ, ઉસે દુઃખ હૈ. માન્યતા કા દુઃખ હૈ, ક્યા દુઃખ હૈ ? દેખો ના ! સંયોગ સે દુઃખ હોતા હી નહીં. શરીર પ્રતિકૂલ હો, મિટ્ટી (હૈ) ઉસમેં ક્યા હૈ ? યહ તો મિટ્ટી જડ હૈ, ધૂલ હૈ. નિર્ધનપના બાહર હૈ. સ્ત્રી-કુટુંબ ન હો તો ઉસમેં ક્યા ? વહ દુઃખ હૈ ? દુઃખ બિલકુલ હૈ હી નહીં. મૂઢ ઐસા માનતા હૈ કિ, અરે..! મુજે ઐસા હૈ. ઐસી ઉસકી માન્યતા કા ઉસકો દુઃખ હૈ. આહા..હા...! સમજ મેં આયા ? ઔર અનુકૂલ સંયોગ મેં સુખ નહીં. અનુકૂલ સંયોગ મિલે, પાંચ ઇન્દ્રિય કે વિષય મિલે, પાંચ-પચીસ લાખ પૈસા હૈ, ધૂલ હૈ, સુંદર શરીર હૈ, વહ કહાં સુખ હૈ ? વહ તો ધૂલ હૈ–મિટ્ટી હૈ. મૂઢ અજ્ઞાની 'મુજે ઠીક હૈ' ઐસે મિથ્યાભ્રમ મેં પર મેં અનુકૂલતા મેં સુખ કી કલ્પના કરતા હૈ. મૂઢ હૈ, ભ્રમ મેં પડા હૈ, ઉસે આત્મા કી શ્રદ્ધા કી ખબર નહીં. સમજ મેં આયા ? આહા..હા..! ઐસી બાત કિતની બાર આ જાતી હૈ. બહુત બાર આયી ગઈ હૈ ના !



દેખો ના ! મુનિ જંગલ મેં હૈ. ધ્યાન મેં હૈ, દેખો ! સિંહ બૈઠે હૈં, ઉસ ઓર સિંહ હૈ. એક કોને મેં સિંહ બૈઠા હૈ. ઐસે શિયાલ કી ભાંતિ (બૈઠા હૈ). ગિદડ.. ગિદડ. ગિદડ કહતે હૈં ના ? ગિદડ કી ભાંતિ સિંહ. આત્મા કો ક્યા ? સંયોગ-વિયોગ (બાહર મેં હોતે હૈં). આત્મા મેં આનંદ હૈ. પ્રતિકૂલ સંયોગ દુઃખ નહીં.

પ્રતિકૂલ સંયોગ દુઃખ હૈ વહ માન્યતા હી મિથ્યાદૃષ્ટિ કી હૈ ઔર અનુકૂલ સંયોગ સુખ નહીં. મૂઢ મિથ્યાદૃષ્ટિ માનતા હૈ કિ અનુકૂલતા મેં મૈં સુખી હૂં. દૂસરા ભી ઉસે કલ્પે કિ ઉસકો બહુત અનુકૂલતા હૈ, સુખી હૈ. વહ ભી મૂઢ હૈ, પાગલ હૈ. સમજ મેં આયા ? ભાઈ ! દૂસરા સુખી કલ્પે તો ? મૂઢ હૈ. બાહર મેં સુખ કહાં સે આયા ?

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ અનાકુલ આનંદકંદ આત્મા હૈ, ઉસમેં આનંદ હૈ ઔર ઉસકી વિપરીત માન્યતા કરતા હૈ કિ, યે મુજે સુખ-દુઃખ હૈ. કલ્પના કરતા હૈ ઉસમેં દુઃખ હૈ. બાહર મેં દુઃખ હૈ ? સમજ મેં આયા ? સમિકતી પાંચ ઇન્દ્રિય કે વિષય મેં સુખ માનતે હૈં, ઐસા યહાં કહતે હૈં. સમ્યગ્દૃષ્ટિ પાંચ ઇન્દ્રિય કે વિષય મેં દિખતે હૈં. ૯૬ હજાર સ્ત્રી મેં દિખે, સુખ માનતે નહીં. આહા..હા..! રાગ આતા હૈ ઉસે દુઃખ માનતા હૈ, ઉપસર્ગ માનતે હૈં. સમ્યક્ ધર્મી જીવ સંસાર કે વિષય મેં, ઇન્દ્રાણિ (કા) ભોગ ઇન્દ્ર કો હૈ ઔર ચક્રવર્તી કો, તીર્થંકર કો ૯૬ હજાર પદમણિ જૈસી સ્ત્રિયાં હૈં. ભોગ મેં રાગ આતા હૈ (તો) મહાદુઃખ માનતે હૈં, દુઃખ માનતે હૈં. આહા..હા...! અરે..! યહ ઉપસર્ગ આયા, ઉપસર્ગ આયા. મેરે આત્મા મેં આનંદ (હૈ). યહ આસક્તિ આયી (ઉસમેં) રુચિ મેં નહીં, સુખબુદ્ધિ નહીં. સુખબુદ્ધિ માને તો મિથ્યાદૃષ્ટિ હો જાતે હૈં. સમજ મેં આયા ? આહા..હા..!

(ફૂટનોટ મેં) થોડા લિખા હૈ, 'મમત્વભાવ સે દુઃખ કા અનુભવ હોતા હૈ–' દુઃખ કા અનુભવ કોઈ શરીર કે રોગ કે કારણ સે નહીં. મમતા.. મમતા... મમતા.. અંદર હોલી જલાયે. યે મેરા, યે મેરા, યે મેરા.. ભગવાનઆત્મા અપના હૈ ઉસકી તો ખબર નહીં. સચ્ચિદાનંદ સ્વરૂપ અનાદિઅનંત આનંદકંદ પ્રભુ આત્મા હૈ. સિદ્ધ સમાન આત્મા હૈ, લો ! ભાન નહીં. મમતા કા દુઃખ હૈ. સમજ મેં આયા ?

'મુનિ અપને ધ્યાન મેં નિશ્ચલ રહતે હૈં. ઉન ભાવલિંગી મુનિયોં કો તીન ગુપ્તિયાં હૈં.' બાદ મેં ગુપ્તિ કી વ્યાખ્યા 'ટોડરમલજી' (દ્વારા લિખી હૈ ના) ? (વહ કહતે હૈં). 'મન-વચન-કાયા કી બાહ્ય ચેષ્ટા મિટાના ચાહે, પાપ કા ચિંતવન ન કરે, મૌન ધારણ કરે, તથા ગમનાદિ ન કરે, ઉસે અજ્ઞાની જીવ ગુપ્તિ માનતે હૈં. ઉસ સમય મન મેં તો ભક્તિ આદિરૂપ અનેક પ્રકાર કે શુભરાગાદિ વિકલ્પ ઉઠતે હૈં.' શુભરાગ ઉઠતા હૈ વહ ગુપ્તિ નહીં. વિકલ્પ ઉઠે કિ, મૈં ઐસા ચલૂં, ઐસા ન ચલૂં, વહ તો રાગ

હૈ. ગુપ્તિ તો આત્મા કે આનંદ મેં લીન હો જાયે. સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાન ઔર આનંદ કા નાથ, ધનિ આત્મા, ઉસમેં લીન હો જાયે ઉસકા નામ ગુપ્તિ હૈ. સમજ મેં આયા ?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– વહ સબ અંદર મેં એક હૈ. નિશ્ચય વીતરાગતા.

'ઇસલિયે પ્રવૃત્તિ મેં તો ગુપ્તિપના હો નહીં સકતા. (સમ્યગ્દર્શન-જ્ઞાન ઔર આત્મા મેં લીનતા દ્વારા) વીતરાગભાવ હોને પર જહાં મન-વચન-કાય કી ચેષ્ટા ન હો વહી સચ્ચી ગુપ્તિ હૈં.' યહ 'મોક્ષમાર્ગ પ્રકાશક'મેં સે લિયા હૈ. 'ટોડરમલજી' 'મોક્ષમાર્ગ પ્રકાશક' કે પ્રણેતા, ઉન્હોં ને યહ કહા હૈ. કહો, સમજ મેં આયા ?

'મુનિ પ્રિય (અનુકૂલ) પાંચ ઇન્દ્રિયોં કે પાંચ રસ,...' અનુકૂલ પાંચ રસ, હાં ! મોસંબી કે મીઠે રસ મેં મીઠાસ માનતે નહીં. 'પાંચ રૂપ...' અનુકૂલ ઇન્દ્રાણી કે રૂપ મેં સુખ માનતે નહીં. 'દો ગંધ,...' દુર્ગંધ, સુગંધ. 'આઠ સ્પર્શ...' મુલાયમ (આદિ). 'શબ્દરૂપ પાંચ વિષયોં મેં રાગ નહીં કરતે...' લો ! અનુકૂલતા-પ્રતિકૂલતા મેં (રાગ-દ્વેષ નહીં કરતે). અનુકૂલતા મેં પ્રેમ નહીં, પ્રતિકૂલતા મેં દ્વેષ નહીં. આત્મા મેં ઐસા વીતરાગભાવ પ્રગટ હો ઉસકા નામ યથાર્થ ગુપ્તિ કહને મેં આતા હૈ, ઉસકો જિતેન્દ્રિય કહને મેં આતા હૈ. ઇન્દ્રિયાં, ઇન્દ્રિય કે વિષય, ભાવેન્દ્રિય કો (આત્મા મેં) એકાગ્ર હોકર દૃષ્ટિમેં સે છોડ દે, અંતર મેં એકાગ્ર હો, ઉસકો ભગવાન જિતેન્દ્રિય કહતે હૈં. સમજ મેં આયા ?

'અપ્રિય (પ્રતિકૂલ) ઊપર કહે હુએ પાંચ વિષયોં મેં દ્વેષ નહીં કરતે. –ઇસપ્રકાર પાંચ ઇન્દ્રિયોં કો જિતને કે કારણ વે જિતેન્દ્રિય કહલાતે હૈં.' પાંચ ઇન્દ્રિયોં કો જિતને કે કારણ. પાંચ ઇન્દ્રિયોં કો જિતને કે કારણ જિતેન્દ્રિય (કહલાતે હૈં). જિતને કા અર્થ– અતીન્દ્રિય (આત્મા મેં) ગયે તો પાંચ ઇન્દ્રિય જીતી ઐસા કહને મેં આતા હૈ. કાન મેં લકડી ડાલ દી ઔર આંખ ઐસે બંદ કર દી, ઐસે જીતા, ઐસા નહીં હૈ. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ કી પૂરી ગાંસડી હૈ, આત્મા ભગવાન હૈ. ઉસમેં અંતર મેં નિર્વિકલ્પ આનંદ મેં લીન હો જાના ઉસકા નામ ધર્મ, ઉસકા નામ ગુપ્તિ

ઔર ઉસકા નામ યથાર્થ પ્રવૃત્તિ, નિશ્ચય સમિતિ કહને મેં આતા હૈ. દુનિયા સે દૂસરી બાત હૈ, ભૈયા !

મુમુક્ષુ :– ગન્ને કા રસ મીઠા તો લગતા હોગા ના ?

ઉત્તર :– મીઠા જાને. લગે ક્યા ? તુમ્હેં યહાં ક્યા લગતા હૈ ? શક્કર મીઠી હૈ, ઐસા જાનને મેં આતા હૈ. મીઠાસ આત્મા મેં ઘૂસ જાતી હૈ ?

(વિશેષ કહેંગે...) (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❁

**મુનિઓના છ આવશ્યક અને બાકીના સાત મૂળગુણ**

**સમતા સમ્હારૈં, થુતિ ઉચારૈં, વંદના જિનદેવકો;**
**નિત કરૈં શ્રુતિરતિ, કરૈં પ્રતિક્રમ, તજૈં તન અહમેવકો.**
**જિનકે ન ન્હૌન, ન દંતધોવન, લેશ અંબર-આવરન;**
**ભૂમાહિં પિછલી રયનિમેં કછુ શયન એકાસન કરન. ૫.**

**અન્વયાર્થ :–** [વીતરાગી મુનિ] (નિત) હંમેશા (સમતા) સામાયિક (સમ્હારૈં) સંભારીને કરે છે, (થુતિ) સ્તુતિ (ઉચારૈં) બોલે છે, (જિનદેવકો) જિનેન્દ્ર ભગવાનને (વંદના) વંદન કરે છે, (શ્રુતિરતિ) સ્વાધ્યાયમાં પ્રેમ (કરૈં) કરે છે, (પ્રતિક્રમ) પ્રતિક્રમણ (કરૈં) કરે છે, (તન) શરીરની (અહમેવકો) મમતાને (તજૈં) છોડે છે, (જિનકે) જિનમુનિઓને (ન્હૌન) સ્નાન અને (દંતધોવન) દાંત સાફ કરવાપણું (ન) હોતા નથી, (અંબર-આવરન) શરીરને ઢાંકવા માટે કપડું (લેશ) જરા પણ તેઓને (ન) હોતું નથી; અને (પિછલી રયનિમેં) રાત્રિના પાછળના ભાગમાં (ભૂમાહિં) પૃથ્વી ઉપર (એકાસન) એક પડખે (કછુ) થોડો વખત (શયન) શયન (કરન) કરે છે.

ભાવાર્થ :– વીતરાગી મુનિ હંમેશા (૧) સામાયિક, (૨) સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની સ્તુતિ, (૩) જિનેન્દ્રભગવાનને વંદન, (૪) સ્વાધ્યાય, (૫) પ્રતિક્રમણ તથા (૬) કાયોત્સર્ગ (શરીર ઉપરની મમતાનો ત્યાગ) કરે છે, તેથી તેઓને છ આવશ્યક હોય છે. અને તે મુનિઓ કયારે પણ (૧) સ્નાન કરતા નથી, (૨) દાંત સાફ કરતા નથી, (૩) શરીરને ઢાંકવા માટે જરાપણ કપડું રાખતા નથી તથા (૪) રાત્રિના પાછલા ભાગમાં એક પડખે જમીન ઉપર થોડો વખત શયન કરે છે.

## વીર સંવત ૨૪૯૨, ફાગણ વદ ૫, શુક્રવાર
## તા. ૧૧-૩-૧૯૬૬, શ્લોક-૫, ૬, ૭. પ્રવચન નંબર-૪૮

આ 'દૌલતરામજી' કૃત 'છ ઢાળા' (છે). છઠ્ઠી ઢાળનો પાંચમો શ્લોક છે, ચાર શ્લોક થયા. મુનિઓની વ્યાખ્યા છે. મુનિપણું (કહે છે). છેલ્લી ગાથા, છેલ્લી ઢાળ છે ને ? સમ્યગ્દર્શન-જ્ઞાન, શ્રાવકનો દેશવ્રતની વ્યાખ્યા આવી ગઈ. હવે સકળ વ્રતની વ્યાખ્યા (કહે છે) અને પછી સ્વરૂપ આચરણ ચારિત્રની વ્યાખ્યા (કહેશે).

મુનિઓના છ આવશ્યક અને બાકીના સાત મૂળગુણ.

સમતા સમ્હારૈં, થુતિ ઉચારૈં, વંદના જિનદેવકો;
નિત કરૈં શ્રુતિરતિ, કરૈં પ્રતિક્રમ, તજૈં તન અહમેવકો.
જિનકે ન ન્હૌન, ન દંતધોવન, લેશ અંબર-આવરન;
ભૂમાહિં પિછલી રયનિમેં કછુ શયન એકાસન કરન. ૫.

ઓહો..હો..! અન્વયાર્થ :- 'વીતરાગી મુનિ...' સમ્યગ્દર્શન, જ્ઞાન અને સકળ ચારિત્રથી સહિત છે. એને '(હંમેશાં) સામાયિક સંભારીને કરે છે,...' સમતાનો પ્રયોગ કરે. અંતર વીતરાગપણે કેટલો કાળ હું રહી શકું છું એવો સામાયિકમાં પ્રયોગ કરે. સમતાભાવ... આમ તો મુનિને ત્રણ કષાયનો અભાવ છે. સકલચારિત્ર આદિ પંચ મહાવ્રત આદિ અઠ્યાવીસ મૂળ ગુણના વિકલ્પ હોય છે. એમાં એક સામાયિક પ્રયોગ કરે (છે). શુદ્ધ ચૈતન્યમૂર્તિ અંતર વીતરાગપણાના સ્વભાવના નિર્વિકલ્પ ધ્યાનનો પ્રયોગ કરે. પહેલો સામાયિકનો વિકલ્પ છે. સમજાય છે કાંઈ ? અહીં જાણે કેવળજ્ઞાન પામવાની યોગ્યતા થઈ હોય એવી સામાયિક સમતા હંમેશાં પ્રગટ કરે.

'થુતિ ઉચારૈં,...' જિનેન્દ્ર ભગવાનની સ્તુતિ કરે, વંદન (કરે છે). સમજાણું ? ચોવીસ તીર્થંકર આદિનું સ્તવન કરે. વંદન કરે, ગુરુને વંદન કરે અથવા એકાદ તીર્થંકર જુદા



પાડીને વંદન કરે એને વંદન કહે છે. 'સ્વાધ્યાયમાં પ્રેમ કરે છે,...' શાસ્ત્રનો સ્વાધ્યાય કરે. બીજી કોઈ વિકથા, કૂથળી હોતી નથી. ધ્યાન ને સ્વાધ્યાય, ધ્યાન ને સ્વાધ્યાય. મુનિ કાં અંતર ધ્યાનમાં આનંદમાં લીન હોય, બહાર આવે તો શાસ્ત્રની સ્વાધ્યાય (કરે). ચાર અનુયોગમાંથી જે એમને યોગ્ય લાગે તે પ્રકારે (કરે છે). 'પ્રેમ કરે છે, પ્રતિક્રમણ કરે છે,...' અશુભાદિ ભાવ થયા હોય (તો) પાછા હટવાનું પ્રતિક્રમણ કરે.

'શરીરની મમતાને છોડે છે,...' કાયા. વિસર્ગ, વિસર્ગ, વિસર્ગ છે. શરીરની મમતાને... એટલે આવે છે ને ? સામાયિક, વંદના, પડિકમણા, કાઉસગ્ગ, પચ્ચખાણ. 'જિનમુનિઓને...' અને જે મુનિઓને. ઇ દિગંબર સંત જ હોય છે. અંતરમાં ત્રણ કષાયનો નાશ હોય, બહારમાં નગ્ન દશા હોય. જેને 'સ્નાન,...' ન હોય, સ્નાન. નાવાનું હોય નહિ. બ્રહ્મચારી છે એમાં પણ ચારિત્રવંત છે, સકળ ચારિત્ર (છે). એને સ્નાન હોતું નથી.

'દાંત સાફ કરવાપણું હોતા નથી,...' દાંત સાફ ન કરે. છતાં આ 'બનારસીદાસ' તો કહે છે એમાં, ભાઈ ! કહ્યું હતું ને ? સુગંધ. અદંતધોવનની વ્યાખ્યા કરે છે. પાને છે સાધુના અઠ્યાવીસ મૂળગુણના નામ લીધા છે ને એમાં ? ('સમયસાર નાટક'

ચતુર્દશ ગુણસ્થાન અધિકાર, ગાથા–૮૦).

પંચ મહાવ્રત પાલૈ પંચસમિતિ સંભાલૈ,
પંચ ઇંદ્રી જીતિ ભયૌ ભોગી ચિત ચૈનકૌ.
ષટ્ આવશ્યક ક્રિયા દર્વિત ભાવિત સાધૈ,
પ્રાસુક ધરામૈં એક આસન હૈ સૈનકો.
મંજન ન કરૈ કેશ લુંચૈ તન વસ્ત્ર મુંચૈ,
ત્યાગૈ દંતવન પૈ સુગંધ સ્વાસ બૈનકૌ.

જુઓ ! એવી દશા પ્રગટે. કોઈ પ્રશ્ન કરતા હતા ને ? જુઓ ! અહીંયાં (કહે છે). 'દંતધોવને...' કરતા નથી. મુનિ દાંત ધોવન કરે નહિ તો પણ વચન ને શ્વાસમાં સુગંધ નીકળે. એટલી પવિત્રતા વધી ગઈ છે ને પુણ્ય પણ એટલું વધી ગયું છે, જુઓ ! સ્નાન કરે નહિ, દાંત ધોવે નહિ છતાં જેના વચન ને શ્વાસમાં સુગંધ (હોય). અવાજ નીકળે તો સુગંધવાળો અને શ્વાસ પણ નીકળે તો સુગંધવાળો. એવી મુનિની દશા (હોય છે). ભાવલિંગી છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનમાં બિરાજમાન (છે) એની આવી દશા થઈ જાય છે. ત્યારે તેને ભાવલિંગી સંત મુનિ કહેવામાં આવે છે. સમજાય છે ?

'ન દંતધોવન, લેશ અંબર-આવરન...' જેને એક વસ્ત્રનો કટકો પણ આવરણ ન હોય. વસ્ત્રનો લેવાનો ભાવ હોય ત્યાં મુનિપણું હોઈ શકે નહિ. ભાઈ !

મુમુક્ષુ :– મૂર્ચ્છારહિતપણે લ્યે તો શું વાંધો ?

ઉત્તર :– મૂર્ચ્છારહિત રહી શકે જ નહિ. વસ્ત્ર લેવાનો ભાવ છે એ મૂર્છા છે, એ પરિગ્રહ છે. (કોઈ) કહેતા હતા ને ! વસ્ત્ર લેવાનો ભાવ જ મમતા છે. એ મમતા હોય ત્યાં સુધી મુનિપણું હોઈ શકે નહિ. મુનિની દશા એ જ કુદરતી સ્થિતિ છે. વસ્ત્ર નડતું નથી, વસ્ત્ર પ્રત્યેનો રાગ, એ રાગ છે ત્યાં સુધી એને મુનિપણાની દશા હોઈ શકે નહિ એમ કહે છે.

એક જણા કહેતા હતા આ વાત એવી કરે ને વળી પાછું કહે, વસ્ત્ર નડે. એક જણો કહેતો હતો. (સંવત) ૨૦૦૪ની સાલમાં. બ્રાહ્મણ વાત બહુ સૂક્ષ્મ સારી કરે

વળી કહે કે, વસ્ત્ર હોય તો મુનિપણું નહિ. તો શું વસ્ત્ર નડે છે કાંઈ ? શ્વેતાંબર સાધુ હતા. અહીં ચોમાસુ રહ્યા હતા. વિદ્વાન માણસ. અંદર કહે કે, સો એ સો ટકા તમારી વાત સાચી છે, એકે એક, પણ અમલમાં કેમ મુકવી ? એટલે એમ કે, તમે કહો કે અહીં છોડીને રહો. અહીં કોઈને કાંઈ છે નહિ. અહીં તો માર્ગ કહીએ છીએ. કેમ તમારે કરવું, કેમ નહિ, અમારો કોઈને કાંઈ કહેવાનો અધિકાર નથી. એ બહાર એમ બોલ્યા, ભાઈ ! ઇ કહે છે કે એક વિકલ્પ જરીક રાગ આટલો હોય તો પાપ છે અથવા બંધનનું કારણ છે. વળી કહે કે, વસ્ત્ર રાખે તો મુનિપણું નહિ. વસ્ત્ર જડ નડે ? જડ ન નડે, પણ આત્મામાં આનંદભાવ ત્રણ કષાયનો નાશ જેને અંતર પ્રગટ્યો છે એવી દશામાં એટલી સમતા ને વીતરાગતાનો આનંદ છે કે એને વસ્ત્ર લેવાની વૃત્તિનો વિકલ્પ હોઈ શકે નહિ. એવી જ એ ભૂમિકાની દશા છે. સમજાણું ?

'લેશ અંબર-આવરન...' ન હોય. એક થોડોક કટકો લંગોટી જેટલોય કટકો (ન હોય). ઇ એકલાની વાત નથી, અંદર ત્રણ કષાયનો નાશ થઈ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે. સમતા, વીતરાગતામાં અંદર અતીન્દ્રિય આનંદમાં મ્હાલે છે. દંત ધોવન કરે નહિ છતાં વાણી અને શ્વાસમાં સુગંધ નીકળે, સુગંધ નીકળે એવી જેની અંતર દશા–મુનિની ભાવલિંગ દશા થઈ ગઈ છે. એને જૈનશાસનમાં મુનિ અને સાધુ કહેવામાં આવે છે. ભાઈ !

મુમુક્ષુ :– વસ્ત્ર આવી પડે તો શું કરવું ?

ઉત્તર :– આવી ક્યાંથી પડે ? એની મેળે આવતા હશે ઉપરથી ? પોતે ધ્યાનમાં હોય અને કોઈ ઉપર નાખી દે તો જુદી વાત છે.

મુમુક્ષુ :– શ્રાવકો આપે છે.

ઉત્તર :– શું આપે છે શ્રાવક ? મફતમાં આપે છે ન્યાં શ્રાવક ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આપે, એ તો છે જ ક્યાં, એ તો વસ્તુ જ ક્યાં છે. મુનિને વસ્ત્રના ઉપકરણો ખપે અને એને મુનિ માનવા એની તો વાત ગૃહીત મિથ્યાત્વમાં જાય છે. ભાઈ ! અત્યાર સુધી બધું એવું જ કર્યું છે. કહો, સમજાણું કાંઈ ? આ તો વીતરાગનો

માર્ગ છે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર, એમણે મુનિપણાની છઠ્ઠા ગુણસ્થાનની દશા સકલ ચારિત્રવંતની આવી વર્ણવી છે અને એ રીતે છે, બીજી આડી-અવળી કોઈ આઘી-પાછી કહે તો એ વસ્તુને સમજતો નથી.

કહે છે, 'લેશ અંબર-આવરન' ન હોય. 'શરીરને ઢાંકવા માટે કપડું જરા પણ તેઓને હોતું નથી; અને (પિછલી રયનિ મેં) રાત્રિમાં...' દેખો ! 'ભૂમાહિં પિછલી રયનિમેં' ભૂમિમાં પાછલી રાત્રીમાં કહ્યુ -- થોડો વખત '(એકાસન) એક પડખે...' થોડી નિદ્રા લ્યે. જુઓ ! દશા. મુનિ દશા એટલે શું ! ઓહો..હો..! છઠ્ઠું-સાતમું ગુણસ્થાન જેને આનંદમાં પ્રગટ્યું છે એને એક રાત્રીનો પાછલા ભાગમાં થોડીવાર એક કરવટ એટલે એક જ આસને જરીક થોડી નિદ્રા, એક થોડી સહેજ નિદ્રા આવી જાય. ઘડી, બે ઘડીની નિદ્રા નહિ. એક ઘડી નિદ્રા આવે તો મુનિપણું રહે જ નહિ. સમજાય છે કાંઈ ?




અહીં તો છેલ્લી દશા, છેલ્લી કડી વર્ણવી છે ને ? છેલ્લા ચારિત્રનો અધિકાર (છે). (રાત્રિના) પાછલા ભાગમાં 'એક પડખે થોડો વખત શયન કરે છે.' એવી મુનિની ભાવલિંગી અતીન્દ્રિય આનંદના અનુભવ સહિત વીતરાગ દશા પ્રગટી છે, એવા સકલ ચારિત્રવંતને આવી સ્થિતિ–દશા હોય છે. સમજાણું કાંઈ ? અંદર લખાણ છે ઇ આવી ગયું.

## મુનિઓનાં બાકીનાં ગુણો તથા રાગ-દ્વેષનો અભાવ

ઇક બાર દિનમેં લૈં અહાર, ખડે અલપ નિજ-પાનમેં;
કચલોંચકરત, ન ડરત પરિષહસોં, લગે નિજ ધ્યાનમેં.
અરિ મિત્ર, મહલ મસાન, કંચન કાંચ, નિંદન થુતિ કરન;
અર્ઘાવતારન અસિ-પ્રહારનમેં સદા સમતા ધરન. ૬.

અન્વયાર્થ :– [તે વીતરાગી મુનિ] (દિનમેં) દિવસમાં (ઇક બાર) એક વાર (ખડે) ઊભા રહીને અને (નિજ-પાનમેં) પોતાના હાથમાં રાખીને (અલપ) થોડો (અહાર) આહાર (લૈં) લે છે, (કચલોંચ) કેશલોંચ (કરત) કરે છે. (નિજ ધ્યાનમેં) પોતાના આત્માના ધ્યાનમાં (લગે) તત્પર થઇને (પરિષહસોં) બાવીસ પ્રકારના પરિષહોથી (ન ડરત) ડરતા નથી, અને (અરિ મિત્ર) શત્રુ કે મિત્ર, (મહલ મસાન) મહેલ કે સ્મશાન, (કંચન કાંચ) સોનું કે કાંચ, (નિંદન થુતિ કરન) નિંદા કરનાર કે સ્તુતિ કરનાર, (અર્ઘાવતારન) પૂજા કરનાર કે (અસિ-પ્રહારનમેં) તરવારથી પ્રહાર કરનાર એ સર્વમાં (સદા) હંમેશાં (સમતા) સમતાભાવ (ધરન) ધારણ કરે છે.

ભાવાર્થ :– તે વીતરાગી મુનિ (૫) દિવસે એક વાર (૬) ઊભા ઊભા પોતાના હાથમાં રાખીને થોડો આહાર લે છે, (૭) કેશનો લોંચ કરે છે; આત્મધ્યાનમાં મગ્ન રહી પરિષહોથી ડરતા નથી અર્થાત્ બાવીસ પ્રકારના પરિષહો ઉપર જય મેળવે છે, તથા શત્રુ-મિત્ર, સુંદર મહેલ અથવા સ્મશાન, સોનું-કાચ, નિંદક કે સ્તુતિ કરનાર, પૂજા-ભક્તિ કરનાર અથવા તરવાર આદિથી પ્રહાર કરનાર એ બધામાં સમભાવ (રાગ-દ્વેષનો અભાવ) રાખે છે અર્થાત્ કોઇના ઉપર રાગ-દ્વેષ કરતા નથી.

પ્રશ્ન :– સાચો પરિષહજય કોને કહે છે ?

ઉત્તર :– ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, ડાંસ-મચ્છર, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ, નગ્નતા, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના, સત્કાર-પુરસ્કાર, અલાભ, અદર્શન, પ્રજ્ઞા અને અજ્ઞાન-એ બાવીસ પ્રકારના પરિષહો છે. ભાવલિંગી મુનિને દરેક સમયે ત્રણ કષાયનો (અનંતાનુબંધી વગેરેનો) અભાવ હોવાથી સ્વરૂપમાં સાવધાનીના

કારણે જેટલા અંશે રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી, તેટલા અંશે તેમને નિરન્તર પરિષહજય હોય છે. વળી ક્ષુધાદિક લાગતાં તેના નાશનો ઉપાય ન કરવો તેને તે (અજ્ઞાની જીવ) પરિષહસહનતાકહે છે. હવે ઉપાય તો ન કર્યો અને અંતરંગમાં ક્ષુધાદિ અનિષ્ટ સામગ્રી મળતાં દુઃખી થયો તથા રતિ આદિનું કારણ મળતાં સુખી થયો, પણ એ તો દુઃખ-સુખરૂપ પરિણામ છે, અને એ જ આર્ત્ત-રૌદ્રધ્યાન છે, એવા ભાવોથી સંવર કેવી રીતે થાય ?

પ્રશ્ન :– ત્યારે કેવી રીતે પરિષહજય થાય ?

ઉત્તર :– તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઇ પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ ન ભાસે, દુઃખના કારણો મળતાં સુખી ન થાય પણ જ્ઞેયરૂપથી તેનો જાણવાવાળો જ રહે; એ જ સાચો પરિષહજય છે. (મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૨)

---

હવે છઠ્ઠો શ્લોક. 'મુનિઓનાં બાકીનાં ગુણો તથા રાગ-દ્વેષનો અભાવ.'

ઇક બાર દિનમેં લૈં અહાર, ખડે અલપ નિજ-પાનમેં;
કચલોંચકરત, ન ડરત પરિષહસોં, લગે નિજ ધ્યાનમેં.
અરિ મિત્ર, મહલ મસાન, કંચન કાંચ, નિંદન થુતિ કરન;
અર્ધાવતારન અસિ-પ્રહારનમેં સદા સમતા ધરન. ૬.




સમજાણું કાંઈ ? જુઓ ! આ મુનિપણાની દશા. અન્વયાર્થ :– '(તે વીતરાગી મુનિ) દિવસમાં એક વાર ઉભા રહીને,...' દિવસમાં એક વાર ઊભા (રહીને)... આહા..હા..! એક જ વાર આહાર. 'નિજ-પાનમેં...' એટલે પોતાના હાથ, પાન એટલે હાથ. 'પોતાના હાથમાં રાખીને (અલ્પ) થોડો આહાર લે છે,...' એક થોડો. ફક્ત શરીરના નિર્વાહ પુરતો વિકલ્પ આવ્યો એટલે લે છે.

'કેશલોંચ કરે છે. (નિજ ધ્યાનમેં) પોતાના




આત્માના ધ્યાનમાં તત્પર થઈને...' દેખો ! ભગવાનઆત્મા ! અતીન્દ્રિય આનંદનો સ્વાદ મુનિને ઘણો આવ્યો હોય છે. સમ્યગ્દષ્ટિ જીવને પણ, સમ્યગ્દષ્ટિ જીવ ગૃહસ્થાશ્રમમાં હોય એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો હોય છે ત્યારે એને સમ્યગ્દષ્ટિ કહેવાય છે. શ્રાવક થાય એને તો અતીન્દ્રિય આનંદનો વિશેષ સ્વાદ છે. આત્માનો અતીન્દ્રિય આનંદ, એનો આસ્વાદ. મુનિને તો અતીન્દ્રિય આનંદનો આસ્વાદ પ્રચુર સ્વસંવેદન છે.

એથી કહે છે 'પોતાના આત્માના ધ્યાનમાં તત્પર...' થાય. અહીં શું કહે છે ? સકળચારિત્રની વ્યાખ્યા છે ને ? વિકલ્પ છે ત્યારે મહાવ્રત આદિના પરિણામ હોય છે. પાછા તદ્દન છૂટીને આત્માના ધ્યાનમાં આવી જાય છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને મુનિ ઝુલતા હોય. એક દિવસમાં હજારો વાર આનંદમાં (આવે છે). અંદર અતીન્દ્રિય આનંદનો અનુભવ (છે). ક્ષણમાં આહાર લેવાનો કે બોલવાનો કે સાંભળવાનો કે વાંચવાનો વિકલ્પ ઉઠે. ક્ષણમાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદનો અમૃત સિદ્ધ સમાન આનંદનો અનુભવ લે. એવી દશાને વીતરાગ શાસનમાં મુનિપણું કહેવામાં આવે છે. એવી મુનિપણાની શ્રદ્ધા ન હોય અને બીજી રીતે માને તેની શ્રદ્ધા ખોટી છે.

એ માટે અહીં વર્ણવે છે. 'પોતાના આત્માના ધ્યાનમાં તત્પર થઈને બાવીસ પ્રકારના પરિષહોથી ડરતા નથી,...' ડરે શું ? જ્યાં આત્માના જ્ઞાતા-દૃષ્ટાના આનંદની લહેર પડતી હોય છે. આત્માના જ્ઞાતા-દૃષ્ટાના ઉત્કૃષ્ટ આનંદમાં તૃપ્ત.. તૃપ્ત.. (છે). આત્માની શાંતિમાં તૃપ્ત છે, આત્માની શાંતિમાં તૃપ્ત મુનિ છે. એને પરિષહથી ડર હોય નહિ. જ્ઞાતા-દૃષ્ટાપણે જાણે. એટલો આનંદ અંદર (વધી ગયો છે), જેને ગણધર નમસ્કાર કરે. મુનિ એટલે જેને ગણધર નમસ્કાર કરે ! (તેઓ) ચૌદ પૂર્વ ને બાર અંગની રચના અંતર્મુહૂર્તમાં કરે (ત્યારે ઉચ્ચારે છે) નમો લોએ (સવ્વ સાહૂણં). હે સંત ! આવી જેને અંતર દશા હોય એવા ભાવલિંગીને ગણધર પણ પાંચ નવકારમાં

સ્મરણ કરીને નમસ્કાર કરે છે. એવી દશા મુનિની, પરમેશ્વર પદ એ તો ! આહા..હા..! 'બાવીસ પ્રકારના પરિષહોથી ડરતા નથી,...' હવે બબ્બે બોલ લે છે.

'શત્રુ કે મિત્ર,...' બેયમાં સમતા છે. આ મારા શત્રુ છે ને આ મારા પ્રિય મિત્ર છે એવું એને હોતું નથી. અનુકૂળ – એની સેવા કરનારા મિત્ર ઉપર જેને પ્રેમ નથી અને વિરોધ, નિંદા કરનાર, મારનાર, પ્રહાર કરનાર ઉપર દ્વેષ નથી. એવી વીતરાગતા અંતર પ્રગટેલી હોય છે. 'મહેલ કે સ્મશાન,...' બધા બબ્બે બોલ છે, હોં ! મહેલ ને મસાન. એ કોઈ મહેલ હોય ઊંચો કે સ્મશાન હો બેયમાં સમભાવ (છે). બેયમાં જ્ઞાતા-દૃષ્ટાપણે મુનિને વીતરાગભાવ વર્તે છે. મસાનમાં ઠીક નહિ, મહેલમાં ઠીક એવો એને વિકલ્પ હોતો નથી. આહા..હા..!

'સોનું કે કાંચ, (કંચન કાંચ)...' સોનું કે કાચનો ટુકડો, બેય સરખા છે. અને હીરાની ખાણ ક્યાંક જ્યાં દેખે તો મનમાં એમ ન થાય કે, લાવ કોઈક શ્રાવકને બતાવી દઉં. સમજાણું કાંઈ ? આહા..હા..! જેને બધી ધૂળ સરખી છે. હીરાની ખાણ દેખાય કે કાચના ટુકડા દેખાય. જ્યાં સમતા આત્માના આનંદ અતીન્દ્રિય આનંદની લહેજમાં પડ્યા છે એ અતીન્દ્રિય આનંદને હિલોળે હિલે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ ?

કેટલો હશે આનંદ ? આ બધા તમારે... જુઓ ! ઓલામાં.. મેં કીધું, જુઓ ! કેવા મજા કરે છે આ પૈસાવાળા છે માટે ને ? મેં એક જણાને કહ્યું. ભક્તિમાં કહેતા હતા ને ? ક્યાં ગયો ? પેલો છોકરો હતો ને ? જુઓ ! જુઓ ! આ શેઠિયા, જુઓ ! આ કેવી મજા કરે છે ! પૈસાને લઈને મજા કરતા હશે ને ? જુઓ ! અવાજ કાઢે છે. (તો એણે કહ્યું), ના, ના પૈસાને લઈને નહિ, પૈસા લઈને સુખ નથી એમ કહેતો હતો. (આપણા મુમુક્ષુનો) છોકરો છે ને ? અહીં બેઠો હતો. મેં કીધું, આ જુઓ ! આ શેઠિયા છે, ત્યાંથી અહીં મોટેમોટેથી અવાજ આવે છે. એ પૈસા છોકરાઓને છે ને એને માટે આ બધું થાતું હશે કે નહિ ? મજા માણતા હશે કે નહિ ? એણે કહ્યું, ના, ના એવું નથી.

સોનું ને કંચન બેમાં (સમભાવ છે). આત્માની શાંતિ જેને – મુનિને અંતરમાં વીતરાગી દશા પ્રગટી (છે). સમ્યગ્દૃષ્ટિને વીતરાગતાનો અંશ પ્રગટ્યો છે. શ્રાવકને

વીતરાગતાની ઉગ્રતા થોડી વધી છે, મુનિને તો વીતરાગતા ઘણી વધી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ ટળીને અનંતાનુબંધી ટળ્યો એટલે વીતરાગતાનો અંશ સદાય વર્તે છે. આહા..હા..! શ્રાવક પણ સાચા શ્રાવક, હોં ! વાડાની વાત નથી. સાચા શ્રાવકને પણ સમ્યગ્દર્શન સહિત બે કષાયનો અભાવ (થયો છે). એને વીતરાગતાના અંશની વૃદ્ધિ (થઈ છે). ચોથા ગુણસ્થાનવાળા સર્વાર્થસિદ્ધિના દેવ કરતા વીતરાગતાનો અંશ શ્રાવકને વધી ગયેલો હોય છે, એને શ્રાવક કહેવામાં આવે છે. અને મુનિને તો વીતરાગતાનો અંશ એટલો વધ્યો (છે), ત્રણ કષાયનો અભાવ (થયો છે), એક સંજ્વલનનો કષાય– થોડો વિકલ્પ રહ્યો (છે).

(અહીંયાં) કહે છે, એ કાચ ને સોનું (બેયમાં) સમતા (છે). 'નિંદા કરનાર કે સ્તુતિ કરનાર,...' પ્રત્યે સમભાવ. મારી નિંદા-સ્તુતિ કરે કોણ ? એમ માને છે. સમજાય છે કાંઈ ? નિંદા અને સ્તુતિ કરનાર પ્રત્યે સમભાવ... સમભાવ... સમભાવ... વીતરાગતા વર્તે છે. '(અર્ધાવતારન) પૂજા કરનાર કે અને તરવારથી પ્રહાર કરનાર એ સર્વમાં હંમેશાં સમતાભાવ ધારણ કરે છે.' આહા..હા..! શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... ખળભળાટ કાંઈ ન મળે. બધો કોલાહલ મટી ગયો. મુનિને વીતરાગતા પ્રગટી છે ને ? ત્રણ કષાયનો નાશ થયો છે. શાંત.. શાંત.. શાંત.. અંદર ઠરીને હિમ જેવા થઈ ગયા છે. એવું ચારિત્ર પ્રગટ્યું છે. કહે છે, એ 'હંમેશાં સમતાભાવ ધારણ કરે છે.' લ્યો ! એ ખુલાસો આવી ગયો. (ભાવાર્થમાં) જરીક ખુલાસો કરે છે, પ્રશ્ન છે ને ?

પ્રશ્ન :– 'સાચો પરિષહજય કોને કહે છે ?'

પેલો ભાવાર્થ તો આવી ગયો. સાચો પરિષહજય. પરિષહ કહે છે ને ? પરિષહ. વીતરાગ માર્ગમાં કોને પરિષહજય કહેવામાં આવે છે ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એ ખુલાસો કર્યો છે. પરિષહ (એટલે) બહારથી આમ સહન કરે એમ નહિ.

ઉત્તર :– 'ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, ડાંસ-મચ્છર, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ, નગ્નતા, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના, સત્કાર-પુરસ્કાર, અલાભ, અદર્શન, પ્રજ્ઞા અને અજ્ઞાન - એ બાવીસ પ્રકારના પરિષહો છે. ભાવલિંગી મુનિને દરેક સમયે ત્રણ કષાયનો (અનંતાનુબંધી વગેરેનો) અભાવ હોવાથી સ્વરૂપમાં સાવધાનીના કારણે જેટલા અંશે રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી,...' સમજાણું કાંઈ ?




દરેક સમયે જ્યાં ત્રણ કષાયનો અભાવ છે, વીતરાગતાની અંતર દશા તો પ્રગટી છે. 'તેટલા અંશે તેમને નિરન્તર પરિષહજય હોય છે.' જુઓ ! જેટલા અંશે ત્રણ કષાયનો નાશ થઈને વીતરાગતા થઈ ને એટલો તો સદાય પરિષહજય હોય છે.

'વળી ક્ષુધાદિક લાગતાં તેના નાશનો ઉપાય ન કરવો તેને તે (અજ્ઞાની જીવ) પરિષહસહનતા કહે છે. હવે ઉપાય તો ન કર્યો...' આ 'ટોડરમલ્લજી'ની વાત છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'(માં) કહે છે. 'અને અંતરંગમાં ક્ષુધાદિ અનિષ્ટ સામગ્રી મળતાં દુઃખી થયો...' ક્ષુધા લાગી એમાં અનિષ્ટ, અનિષ્ટ લાગ્યું. એ તો દ્વેષ થયો. 'તથા રતિ આદિનું કારણ મળતાં સુખી થયો,...' આહાર મળતા અંદર રતિ થઈ. 'પણ એ તો દુઃખ-સુખરૂપ પરિણામ છે,...' એ કાંઈ પરિષહજય નથી. દુઃખરૂપ પરિણામ 'અને એ જ આર્ત-રૌદ્રધ્યાન છે,...' એને આર્તધ્યાન ને રૌદ્રધ્યાન કહેવાય છે. 'એવા ભાવોથી સંવર કેવી રીતે થાય ?' એ ભાવથી કાંઈ સંવર હોય નહિ. ક્ષુધા અનિષ્ટ લાગે અને પેટમાં આહાર પડે ત્યારે આમ હા..શ (થાય). એક જણો કહેતો હતો, આહાર જ્યારે હોય ને ? આહાર વખતે સાતમું ગુણસ્થાન આવી જાય. આહા..હા..!

મુમુક્ષુ :– પેટમાં આવી જાય ને એટલે શાંતિ લાગે.

ઉત્તર :– પણ શાંતિ શેની ? એ તો રતિ છે. આહાર પડ્યો, ક્ષુધા લાગી હતી ત્યારે અનિષ્ટ લાગ્યું હતું. એ કાંઈ પરિષહજય નથી અને એ કાંઈ શાંતિ નથી અને આહાર પડતા હા..શ..! (થઈ). તૃષા બહુ લાગી ને મોસંબીનું પાણી પડે એ તો રતિ થઈ, એ પરિષહજય નથી. સમજાણું ? એવા ભાવ...

પ્રશ્ન :– 'ત્યારે કેવી રીતે પરિષહજય થાય ?' 'ટોડરમલ્લજી' કહે છે કે,

ઉત્તર :– 'તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ ન ભાસે,...' જુઓ ! ઇષ્ટ-અનિષ્ટ. એ ક્ષુધા છે તે અનિષ્ટ છે અને આહાર મળ્યો તે ઇષ્ટ છે – બેય માન્યતા મિથ્યાત્વ છે. પ્રતિકૂળ પદાર્થ અનિષ્ટ અને અનુકૂળ પદાર્થ ઇષ્ટ, એ માન્યતા જ ભ્રમ, અજ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ ? કોઈ પદાર્થ પ્રતિકૂળ-અનુકૂળ છે નહિ. અનુકૂળમાં પ્રિતી અને પ્રતિકૂળમાં દ્વેષ એ તો આર્તધ્યાન, રૌદ્રધ્યાન થયું. એમાં પરિષહજય નથી. ત્યાં ધર્મ ન આવ્યો, એમાં ધર્મધ્યાન ન આવ્યું. ધર્મધ્યાન શી રીતે ?

'તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ ન ભાસે,...' હું એક જ્ઞાન સ્વરૂપ છું, એ પદાર્થ મારા જ્ઞેય છે. જ્ઞેય છે – જાણવા લાયક છે, ઇષ્ટ-અનિષ્ટ છે નહિ. ભાઈ ! ઇષ્ટ-અનિષ્ટ હશે કે નહિ ? આ વીંછી અનિષ્ટ નહિ ? વીંછી. આવો મોટો ઠાકરીયો વીંછી કરડતો હોય. એ બધા પદાર્થો જાણવા લાયક જ્ઞેય છે. આત્મા જાણનાર જ્ઞાન છે. એ બે વચ્ચે આ પ્રકારનો સંબંધ છે. તેથી અતિરેક સંબંધ કરીને, વિશેષ સંબંધ કરીને એમ માને કે, આ મને ઠીક નથી, એ મિથ્યાભ્રાંતિમાં ઉત્પન્ન કરેલો ભાવ છે. સમજાણું કાંઈ ? આહા..!

'તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ ન ભાસે, દુઃખના કારણો મળતાં દુઃખી ન થાય...' એ અનિષ્ટ સામગ્રી લાખ-કરોડ હોય તો દુઃખ ન થાય એવા સમતા પરિણામ (હોય) તેને પરિષહજય કહે છે. 'તથા સુખના કારણો મળતાં સુખી ન થાય...' આહાર, પાણી અનુકૂળ મળે, ઠંડી હવા મળે, સારા ગામડા અને સારા રહેવાના સ્થાન, ઠંડી હવા ને આમ તૃષા લાગી હોય ને (પાણી) મળે. એવા કારણ મળતાં એ સુખી ન થાય. સુખી થાય તો રાગ થયો એ તો. 'પણ જ્ઞેયરૂપથી તેને જાણવાવાળો જ રહે; એ જ સાચો પરિષહજય છે.' પરિષહજયની આ વ્યાખ્યા (છે). સમજાણું કાંઈ ? (મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૨) સમજાણું ?

## મુનિઓનાં તપ, ધર્મ, વિહાર તથા સ્વરૂપાચરણ-ચારિત્ર

તપ તપૈં દ્વાદશ, ધરૈં વૃષ દશ, રતનત્રય સેવૈં સદા;
મુનિ સાથમેં વા એક વિચરૈં, ચહૈં નહિં ભવસુખ કદા.
યોં હૈ સકલ સંયમ ચરિત, સુનિયે સ્વરૂપાચરન અબ;
જિસ હોત પ્રગટૈ આપની નિધિ, મિટૈ પરકી પ્રવૃત્તિ સબ. ૭.

અન્વયાર્થ :– [તે વીતરાગી મુનિ હંમેશાં] (દ્વાદશ) બાર પ્રકારના (તપ તપૈં) તપ કરે છે, (દશ) દશ પ્રકારના (વૃષ) ધર્મને (ધરૈં) ધારણ કરે છે અને (રતનત્રય) સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું (સદા) હંમેશાં (સેવૈં) સેવન કરે છે, (મુનિ સાથમેં) મુનિઓના સંઘમાં (વા) અથવા (એક) એકલા (વિચરૈં) વિચરે છે, અને (કદા) કોઇ પણ વખત (ભવસુખ) સંસારના સુખોને (નહિં ચહૈં) ચાહતા નથી. (યોં) આ પ્રકારે (સકલ સંયમ ચરિત) સકલ સંયમ ચારિત્ર (હૈ) છે; (અબ) હવે (સ્વરૂપાચરન) સ્વરૂપાચરણ-ચારિત્ર (સુનિયે) સાંભળો. (જિસ) જે સ્વરૂપાચરણ-ચારિત્ર [સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર ] (હોત) પ્રગટ થતાં (આપની) પોતાના આત્માની (નિધિ) જ્ઞાનાદિક સંપત્તિ (પ્રગટૈ) પ્રગટ થાય છે, તથા (પરકી) પર વસ્તુઓ તરફની (સબ) બધાં પ્રકારની (પ્રવૃત્તિ) પ્રવૃત્તિ (મિટૈ) મટી જાય છે.

ભાવાર્થ :– (૧) ભાવલિંગી મુનિને શુદ્ધાત્મસ્વરૂપમાં લીન રહીને પ્રતપવું-પ્રતાપવંત વર્તવું તે તપ છે અને હઠ વિના છ. ૧૨ બાર પ્રકારના તપના શુભ વિકલ્પ હોય છે તે વ્યવહાર તપ છે. વીતરાગભાવરૂપ ઉત્તમક્ષમાદિ પરિણામ તે ધર્મ છે. ભાવલિંગી મુનિને ઉપર કહ્યાં તેવાં તપ અને ધર્મનું આચરણ હોય છે. તેઓ મુનિઓના સંઘ સાથે અથવા એકલા વિહાર કરે છે. કોઇ પણ સમયે સંસારના સુખને ઇચ્છતા નથી. આ રીતે સકલ ચારિત્રનું સ્વરૂપ કહ્યું.

(૨) અજ્ઞાની જીવ અનશન આદિ તપથી નિર્જરા માને છે, પણ કેવળ બાહ્ય તપ જ કરવાથી તો નિર્જરા થાય નહિ. શુદ્ધોપયોગ નિર્જરાનું કારણ છે તેથી ઉપચારથી તપને પણ નિર્જરાનું કારણ કહ્યું છે. જો બાહ્ય દુઃખ સહન કરવું એ જ નિર્જરાનું કારણ

હોય તો પશુ વગેરે પણ ભૂખ-તૃષાદિ સહન કરે છે.

**પ્રશ્ન :– એ તો પરાધીનપણે સહે છે, પણ સ્વાધીનપણે ધર્મ-બુદ્ધિથી ઉપવાસ આદિ તપ કરે તેને તો નિર્જરા થાય છે ?**

ઉત્તર :– ધર્મબુદ્ધિથી બાહ્ય ઉપવાસાદિક કરે ત્યાં ઉપયોગ તો અશુભ, શુભ વા શુદ્ધરૂપ જેમ પરિણમે તેમ પરિણમો. ઉપવાસના પ્રમાણમાં જો નિર્જરા થાય તો નિર્જરાનું મુખ્ય કારણ ઉપવાસાદિક જ ઠરે, પણ એમ તો બને નહિ, કારણ કે પરિણામ દુષ્ટ થતાં ઉપવાસ આદિ કરતાં પણ નિર્જરા થવી કેમ સંભવે ? અહીં જો એમ કહેશો કે અશુભ-શુભ-શુદ્ધરૂપ ઉપયોગ પરિણમે તે અનુસાર બંધ-નિર્જરા છે, તો ઉપવાસ આદિ તપ નિર્જરાનું મુખ્ય કારણ ક્યાં રહ્યું ? ત્યાં તો અશુભ-શુભ પરિણામ બંધના કારણ ક્યા, તથા શુદ્ધ પરિણામ નિર્જરાનું કારણ કર્યાં.

**પ્રશ્ન :– જો એમ છે તો અનશન આદિને તપ સંજ્ઞા કેવી રીતે કહી ?**

ઉત્તર :– તેને બાહ્ય તપ કહ્યા છે, બાહ્યનો અર્થ એ છે કે બહાર બીજાઓને દેખાય કે આ તપસ્વી છે, પણ પોતે તો જેવો અંતરંગ પરિણામ થશે તેવું ફળ પામશે.

(૩) વળી અંતરંગ તપોમાં પણ પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ત્યાગ અને ધ્યાનરૂપ ક્રિયામાં બાહ્ય પ્રવર્તન છે તે તે બાહ્ય તપ જેવું જ જાણવું-જેવી અનશનાદિ બાહ્ય ક્રિયા છે તેવી એ પણ બાહ્ય ક્રિયા છે, તેથી પ્રાયશ્ચિત્ત આદિ બાહ્ય સાધન પણ અંતરંગ તપ નથી.

પરંતુ એવું બાહ્ય પ્રવર્તન થતાં જે અંતરંગ પરિણામોની શુદ્ધતા થાય તેનું નામ અંતરંગ તપ જાણવું, અને ત્યાં તો નિર્જરા જ છે, બંધ થતો નથી. વળી એ શુદ્ધતાનો અલ્પ અંશ પણ રહે તો જેટલી શુદ્ધતા થઇ તેનાથી તો નિર્જરા છે તથા જેટલો શુભભાવ છે તેનાથી તો બંધ છે. એ પ્રમાણે અનશન આદિ ક્રિયાને તપસંજ્ઞા ઉપચારથી છે એમ જાણવું, અને તેથી જ તેને વ્યવહાર તપ કહ્યો છે. વ્યવહાર અને ઉપચારનો એક અર્થ છે.

ઘણું શું કહીએ ? એટલું જ સમજી લેવું કે-નિશ્ચય-ધર્મ તો વીતરાગભાવ છે તથા અન્ય અનેક પ્રકારના ભેદો નિમિત્તની અપેક્ષાએ ઉપચારથી કહ્યાં છે તેને

વ્યવહારમાત્ર ધર્મસંજ્ઞા જાણવી. આ રહસ્યને (અજ્ઞાની) જાણતો નથી તેથી તેને નિર્જરાનું-તપનું પણ સાચું શ્રદ્ધાન નથી. (મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૩ થી ૨૩૬)

પ્રશ્ન :– ક્રોધાદિનો ત્યાગ અને ઉત્તમ ક્ષમાદિ કયારે થાય ?

ઉત્તર :– બંધાદિના ભયથી વા સ્વર્ગ-મોક્ષની ઇચ્છાથી (અજ્ઞાની જીવ) ક્રોધાદિક કરતો નથી, પણ ત્યાં ક્રોધમાનાદિ કરવાનો અભિપ્રાય તો ગયો નથી. જેમ કોઇ રાજાદિકના ભયથી વા મોટાઇ-આબરૂ-પ્રતિષ્ઠાના લોભથી પરસ્ત્રી સેવતો નથી તો તેને ત્યાગી કહી શકાય નહિ; તે જ પ્રમાણે આ પણ ક્રોધાદિનો ત્યાગી નથી. તે કેવી રીતે ત્યાગી હોય ? કે જે પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ ભાસતાં ક્રોધાદિ થાય છે, પણ જ્યારે તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઇ ઇષ્ટ-અનિષ્ટ ન ભાસે ત્યારે સ્વયં ક્રોધાદિક ઊપજતાં નથી અને ત્યારે જ સાચા ક્ષમાદિ થાય છે.

(મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૨)

(૪) હવે સ્વરૂપાચરણ-ચારિત્રનું વર્ણન ગાથા ૮ માં કહેશે તે સાંભળો. જે પ્રગટ થવાથી પોતાના આત્માની અનંતજ્ઞાન-અનંતદર્શન-અનંતસુખ અને અનંતવીર્ય વગેરે શક્તિઓનો પૂર્ણ વિકાસ પ્રગટ થાય છે અને પરપદાર્થ તરફની બધાં પ્રકારની પ્રવૃત્તિ દૂર થાય છે તે સ્વરૂપાચરણ-ચારિત્ર છે.

---

હવે 'મુનિઓના તપ, ધર્મ,...' મુનિઓના તપ. મુનિઓનો ધર્મ દસ પ્રકારના છે ને ? એનો 'વિહાર તથા સ્વરૂપાચરણ-ચારિત્ર.' એની વ્યાખ્યા શરૂ કરે છે.

તપ તપૈં દ્વાદશ, ધરૈં વૃષ દશ, રત્નત્રય સેવૈં સદા;
મુનિ સાથમેં વા એક વિચરૈં, ચહૈં નહિં ભવસુખ કદા.
યોં હૈ સકલ સંયમ ચરિત, સુનિયે સ્વરૂપાચરન અબ;
જિસ હોત પ્રગટૈ આપની નિધિ, મિટૈ પરકી પ્રવૃત્તિ સબ. ૭.

આ સકલચારિત્ર લીધું, પહેલા દેશચારિત્ર હતું ને ? આ સકળ (ચારિત્ર) લીધું. એકલા સ્વરૂપાચરણમાં વિકલ્પ સાધન નથી. અન્વયાર્થ :– '(તે વીતરાગી મુનિ હંમેશાં)

બાર પ્રકારના તપ કરે છે,...' હંમેશાં અનશન, ઉણોદરી, રસપરિત્યાગ, કાયક્લેશ, વૃત્તિપરિસંખ્યાન, વિવિક્તશય્યાસન, પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ, સજ્ઝાય, ધ્યાન વ્યુત્સર્ગ એમ હંમેશાં બાર પ્રકારના તપ કરે છે છતાં વીતરાગતા વર્તે.

'દસ પ્રકારના ધર્મને ધારણ કરે છે...' ઉત્તમ ક્ષમા, ઉત્તમ નિર્માનતા આદિ હંમેશાં ધારણ કરે છે. વીતરાગ મુનિ તો ગુણના સમૂહ, એકલા ગુણના પોટલા ! આહા..! સમજાય છે કાંઈ ? શ્રાવકની દશા કરતા મુનિદશા તો ગુણના પોટલા, ગુણના ગાંસડા ! એકલો આનંદ... આનંદ... આનંદ... અતીન્દ્રિય વીતરાગતા વર્તે, અતીન્દ્રિય આનંદની વીતરાગતા વર્તે ! એ મુનિપણામાં દસ પ્રકારનો ધર્મ ધારણ કરે છે. ક્ષમા, શાંતિ, નિર્લોભતા આદિ. સમજાય છે ?

'અને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું હંમેશાં સેવન કરે છે,...' મુનિ સમ્યગ્દર્શન (અર્થાત્) આત્મા અખંડ આનંદકંદની અનુભવમાં પ્રતીતિ થઈને સમ્યગ્દર્શનને હંમેશાં સેવે છે, નિરંતર, એમ કહે છે. કોઈ સમય સમ્યગ્દર્શન વિનાનો હોય નહિ. સમજાણું કાંઈ ? મુનિ એને કહીએ કે, જેને એક સમયમાત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન (વિનાનો ન હોય). સમ્યગ્દર્શન એટલે અખંડ મુખ્ય આનંદ સ્વરૂપ ધ્રુવ, એને આશ્રયે થયેલી સમ્યક્ પ્રતીતિ. એને આ ધ્રુવનું ધ્યેય કદી એક સમય પણ ખસે નહિ. સમજાણું કાંઈ ?

એમ સમ્યગ્જ્ઞાન (અર્થાત્) આત્માનું જ્ઞાન, આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપનું જ્ઞાન એક સમય પણ ખસે નહિ. અને સમ્યક્ચારિત્ર (અર્થાત્) સ્વરૂપમાં સ્થિરતા. મુનિને જે અરાગી વીતરાગી પરિણતિ પ્રગટી છે એ એક સમય પણ ખસે નહિ. આહા..હા..! સમજાય છે ? ઊંઘમાં થોડી–જરી નિંદ્રા હોય તો પણ આ રત્નત્રય એને હોય છે. જાગતો હોય તો પણ હોય છે, ચાલતો હોય તો હોય છે. જંગલ જવાની ક્રિયામાં બેઠો હોય તો પણ તેને રત્નત્રય નિરંતર (વર્તે છે). સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી દશા ત્યાં પણ વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

શ્રાવકને બે કષાયનો નાશ થયો છે અને જેટલી સમ્યગ્દર્શન આદિ સ્થિરતા પ્રગટી છે એટલી એને પણ સદાય છે. એને એ છે. નિદ્રામાં હોય, ભોગમાં હોય કે વેપાર-ધંધામાં બેઠો દેખાય છતાં શ્રાવક તો એને કહીએ જેને બે કષાયના અભાવની

વીતરાગતા સદાય વર્તે છે. સમજાણું કાંઈ ? આહા..! કહો, ભાઈ !

લડાઈમાં ઉભો હોય તો સમ્યગ્દૃષ્ટિને એક કષાયનો અભાવ ને ભ્રાંતિનો નાશ સ્વરૂપ આચરણની સ્થિરતાનો અંશ તો ત્યાં સદાય વર્તે છે, લડાઈમાં હોય તો પણ. સમજાય છે કાંઈ ? એને – શ્રાવકને સમકિતી કહેવાય. મુનિની દશાની તો વાત શું કરવી છેલ્લી, અલૌકિક ! જેને અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવાની તૈયારી છે.

તે 'સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું (સદા) સેવન કરે છે,...' છે ને સદા ? હંમેશાં. જોયું ? 'તપ તપૈં દ્વાદશ, ધરૈં વૃષ દશ, ધર્મ દશ, રત્નત્રય સેવૈં સદા;...' આહા..હા..! રત્નત્રય શ્રાવકને હજી ચારિત્ર સકલચારિત્ર નથી એટલે થોડું છે. ચોથા ગુણસ્થાનમાં એ દેશવ્રતના વિકલ્પો નથી. એને સ્વરૂપાચરણનો અંશ સદાય છે. સમજાય છે ? આ મુનિને તો સમ્યગ્દર્શન આત્માના અનુભવની પ્રતીત, આત્માનું જ્ઞાન, આત્મામાં ત્રણ કષાયના ભાવની વીતરાગતા સદા નિરંતર ચોવીસ કલાક હોય છે. સમજાણું કાંઈ ?

ધર્મરૂપે પરિણમ્યો છે ને ? ધર્મ એને કહીએ ને ? આત્મા ધર્મરૂપે પરિણમિ ગયો છે. આવે છે ને ? ભાઈ ! નહિ ? 'પ્રવચનસાર' શુભે પરિણમેલો શુભ, અશુભે પરિણમેલો અશુભ ને શુદ્ધે પરિણમેલો શુદ્ધ. ધર્મે પરિણમેલો ધર્મી, ધર્મી પરિણમી ગયો છે, એને હવે આમ કાંઈ કરવું (એમ) નથી. તેટલી ત્રણ કષાયના નાશની વીતરાગતા આનંદની અંદર પરિણમી ગઈ છે, એ આત્મા જ ધર્મરૂપે થઈ ગયો છે. એ આત્મા છે સદાય માટે સદાય ધર્મરૂપ પરિણમન ચાલુ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

રત્નત્રયને સદા સેવે. બાકી તો અહીં તપ ને એ બધુ લીધું છે. મુનિ પછી રહે શી રીતે ? કહે છે. એ તો મુનિનો તપ ને ધર્મ કીધો. હવે વિહાર (કહે છે). '(મુનિ સાથમાં) મુનિઓના સંઘમાં અથવા એકલા વિચરે છે,...' બે-ચાર સાધુ ભેગા રહે અથવા એકલા પણ (રહે). આત્મધ્યાનની મસ્તીવાળા સ્વતંત્ર આત્માના આનંદ ને અનુભવતા એકલા પણ રહે. 'કોઈ પણ વખત (ભવસુખ) સંસારના સુખોને ચાહતા નથી.' સમજાણું ? ચહૈં નહિ ભવસુખ કદા.' આત્માના આનંદમાં, અતીન્દ્રિય આનંદની લહેરમાં પડ્યા છે. એ કોઈ દિ' સુખની ઇચ્છા (કરતા નથી કે) આવું હોય તો ઠીક, આ

હોય તો ઠીક, ઊની-ઊની દાળ હોય તો ઠીક કે ઊના-ઊના ભજીયા ખાતા હોય કે નહિ ?

મુમુક્ષુ :– ભજીયા તો ઊના ઊના જ ખવાય.

ઉત્તર :– મુનિને ઇચ્છા હોતી નથી. આહા..હા..! આત્માના અતીન્દ્રિય આનંદના આનંદનો અનુભવ વેદે છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ-ભોજન હંમેશાં કરે છે. મુનિ તો અતીન્દ્રિય આનંદનો અનુભવ-ભોજન કરે છે. પાન—સુધારસના–અમૃતના પાણી પીવે છે, એને આવા સુખની ઇચ્છા હોતી નથી. સ્વર્ગની ઇન્દ્રાણી ચળાવવા આવે તો ચળે નહિ. સમજાણું ?

એ 'સંસારના સુખોને ચાહતા નથી. આ પ્રકારે (સકલ સંયમ ચરિત) સકલ સંયમ ચારિત્ર છે;...' લ્યો ! પહેલા દેશવિરત કહ્યું હતું ને એના પાછી આ સકલ ચારિત્ર કહ્યું. મુનિના પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ વગેરે.

મુમુક્ષુ :– મહાનતા થઈ...

ઉત્તર :– મહાનતા થઈ તો જાણે. મહાનતા એનો અર્થ છે કે જ્ઞાન કર્યું. પૂર્વનું યાદ આવે છે એ જુદી વાત છે. જ્ઞાન તો કેવળીને નથી ? જ્ઞાન તો ત્રણકાળ, ત્રણલોકનું થાય છે. જ્ઞાનમાં જાણે કે, આહો..હો..! દુનિયા. ગતકાળમાં આમ જાણતા ને માનતા. એ તો જ્ઞાન કર્યું. સમજાણું કાંઈ ? જ્ઞાન તો કેવળી ત્રણકાળનું કરે છે કે નહિ ?

મુમુક્ષુ :– અહીં વિકલ્પ થાય છે ?

ઉત્તર :– વિકલ્પ નહિ જ્ઞાન થાય છે એમ કહું છું. જ્ઞાનમાં પહેલાની વાત જણાય કે, આમ પહેલા હતું એ જાણ્યું છે. એમાં જાણવામાં શું આવ્યું ? સમજાણું ? સંસારના ભોગો જેટલા આ છે ઇ કેવળી જાણે છે કે નહિ ? કેવળીને રાગ આવે છે ? એમ આને એકસાથે છે, જેટલી સમતા પ્રગટી એકસાથે છે. સમતાની સાથે જ્ઞાતા-દૃષ્ટાપણું સાથે જ છે. પૂર્વનું યાદ આવે એ તો જ્ઞાન થયું, તેથી દુઃખ થયું એમ છે કાંઈ ? વિકલ્પ પણ છે, વિકલ્પ છે તો યાદ (આવ્યું) એમ પણ કાંઈ નથી. જાણે છે. ગતકાળ-ભૂતકાળ જાણે છે. (એ) 'સકલ સંયમ ચારિત્ર છે;...'

'હવે સ્વરૂપાચરણ-ચારિત્ર સાંભળો.' લ્યો ! એ સ્વરૂપમાં નિર્વિકલ્પ ધ્યાનમાં સ્થિર

થઈ જાય એની વાત કરી. સકલ ચારિત્રમાં અઠ્યાવીસ મૂળગુણ સહિત, ત્રણ કષાયભાવ રહિત, અઠ્યાવીસ મૂળગુણ સહિતની વાત કરી. હવે જ્યાં વિકલ્પ આદિ સાધન ને એકલું સ્વરૂપાચરણ (છે તેની) વાત કરે છે. સ્વરૂપાચરણ તો એટલું છે એને પણ વિશેષ સ્વરૂપ આચરણ સ્થિરતાથી હવે વાત કરે છે.

'સ્વરૂપાચરણ-ચારિત્ર સાંભળો.' જોયું ? સમજાણું ? એ સ્વરૂપાચરણનો અંશ તો ચોથે ગુણસ્થાનથી હોય છે. એ વાત પહેલા થઈ ગઈ હતી. પેલામાં હતું ને ? 'જૈન સિદ્ધાંત પ્રવેશીકા'. સમ્યગ્દૃષ્ટિ જીવ ગૃહસ્થાશ્રમમાં હોય એને સ્વરૂપાચારણ-ચારિત્ર (સહિત) અનંતાબંધીનો અભાવ હોય. એટલો શુદ્ધ ચૈતન્ય પ્રભુ દૃષ્ટિમાં અને સ્થિરતાના અંશમાં એટલો વર્તતો હોય છે. અહીંયાં વિશેષ ચારિત્રની અપેક્ષા વિશેષ છે.

'જે સ્વરૂપાચરણ-ચારિત્ર પ્રગટ થતાં (આપની) પોતાના આત્માની જ્ઞાનાદિક સંપત્તિ...' ખજાનો. ઓહો..! સ્વરૂપમાં ઠરતાં (જ્ઞાનાદિક સંપત્તિ પ્રગટ થઈ). કોઈ એમાંથી આમ લઈ કે, જુઓ ! આ તો સકલચારિત્ર કીધું પછી એકલું સ્વરૂપ ચારિત્ર સાતમેથી (હોય). અહીંયાં વાત તો ઉત્કૃષ્ટની એમ કહેવા માંગે છે, વાત તો એ કહેવા માંગે છે. સમજાણું ? કારણ કે, સકલચારિત્ર અને અઠ્યાવીસ મૂળગુણ સહિતનો ત્રણ કષાયનો અભાવ (થયો) એટલું ચારિત્ર છે, પણ વિકલ્પ છે હજી એ રહિત હવે સ્થિરતા બતાવવા માંગે છે. પણ એથી સ્વરૂપાચરણ-ચારિત્ર સાતમે જ હોય અને નીચે ન હોય એમ નથી. આ તો ઉત્કૃષ્ટ ચારિત્રની અપેક્ષાનું સ્વરૂપાચરણ-ચારિત્ર (કહે છે). છઠ્ઠે ગુણસ્થાને મુનિને ત્રણ કષાયનો નાશ એટલું તો ચારિત્ર સ્વરૂપ આનંદ વીતરાગ છે. પણ અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો છે એનો અભાવ કરીને ઠરે છે એની વાત હવે લેવા માંગે છે.

પોતાના આત્મામાં ધ્યાનમાં જ્યાં લીન થયો (તો) કહે છે (કે), એકલું સ્વરૂપનું આચરણ એકલું. 'આત્માની જ્ઞાનાદિક સંપત્તિ પ્રગટ થાય છે,...' અંતરમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ જે છે એ એકાકાર ધ્યાન કરતા પ્રગટ થાય છે. 'તથા પર વસ્તુઓ તરફની બધાં પ્રકારની પ્રવૃત્તિ મટી જાય છે.' લ્યો ! વિકલ્પ આદિ બધાં મટી જાય છે.

ભાવાર્થ :– '(૧) ભાવલિંગી મુનિને શુદ્ધાત્મસ્વરૂપમાં લીન રહીને પ્રતપવું-પ્રતાપવંત વર્તવું તે તપ છે...' આ તપની થોડી વ્યાખ્યા કરી. પહેલો 'તપ' શબ્દ

છે ને ? તપ. પહેલો 'તપ' શબ્દ છે, જુઓ ! 'તપ તપૈં...' મુનિ આવો તપ તપે. 'હઠ વિના બાર પ્રકારના તપના શુભ વિકલ્પ હોય છે...' અનશન, ઉણોદરી આદિનો વિકલ્પ હોય છે. 'તે વ્યવહાર તપ છે.' એ નિશ્ચય તપ તો આનંદનું તપવું, અંદર અતીન્દ્રિય આનંદનું પ્રગટવું એ નિશ્ચય તપ (છે). બાર પ્રકારના તપનો વિકલ્પ એ વ્યવહાર તપ પુણ્યબંધનું કારણ છે.

'વીતરાગભાવરૂપ ઉત્તમક્ષમાદિ પરિણામ તે ધર્મ છે.' બીજી વ્યાખ્યા (કરી). વીતરાગભાવરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત 'ઉત્તમક્ષમાદિ પરિણામ તે ધર્મ છે. ભાવલિંગી મુનિને ઉપર કહ્યાં તેવાં તપ અને ધર્મનું આચરણ હોય છે.' અંદરમાં. આહા..! મુનિ પંચ પરમેશ્વર એકલો ધર્મ થવા જ નીકળ્યો. 'તેઓ મુનિઓના સંઘ સાથે અથવા એકલા વિહાર કરે છે. કોઈ પણ સમયે સંસારના સુખને ઇચ્છતા નથી. આ રીતે સકલ ચારિત્રનું સ્વરૂપ કહ્યું.' લ્યો ! હવે જરીક 'મોક્ષમાર્ગ પ્રકાશક'ની થોડી વાત નાખે છે.

'(૨) અજ્ઞાની જીવ અનશન આદિ તપથી નિર્જરા માને છે,...' અજ્ઞાની (એમ માને છે) આહાર, પાણી છોડ્યા માટે આપણને તપ થઈ ગયું.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એ પણ તપ નથી.

'પણ કેવળ બાહ્ય તપ જ કરવાથી તો નિર્જરા થાય નહિ.' એવી અનશન, ઉણોદરી આદિની બહારથી ક્રિયાકાંડ (કરવાથી) કાંઈ નિર્જરા થાય નહિ. 'શુદ્ધોપયોગ નિર્જરાનું કારણ છે...' જુઓ ! ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં, શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતાનું શુદ્ધ આચરણ કરે એ શુભ વિકલ્પ રહિત, પુણ્યના વિકલ્પ રહિત શુદ્ધ સ્વરૂપને અંતર તપે. એ શુદ્ધોપયોગ તે નિર્જરાનું કારણ છે. 'તેથી ઉપચારથી તપને પણ નિર્જરાનું કારણ કહ્યું છે.' પેલું નિમિત્ત જોડે છે એટલે. બાર પ્રકારના તપ નિમિત્ત છે એને કહ્યું. બાકી ખરેખર તો શુદ્ધોપયોગ તે નિર્જરાનું કારણ છે. 'જો બાહ્ય દુઃખ સહન કરવું એ જ નિર્જરાનું કારણ હોય તો પશુ વગેરે પણ ભૂખ-તૃષાદિ સહન કરે છે.' કહો, સહન કરે છે કે નહિ ? ત્યારે કહે છે કે,

**પ્રશ્ન :–** 'એ તો પરાધીનપણે સહે છે,...' અમે તો આ રોટલા મળે છે ને છોડી દઈએ છીએ. 'પણ સ્વાધીનપણે ધર્મબુદ્ધિથી ઉપવાસ આદિ તપ કરે તેને તો નિર્જરા થાય છે ?' એમ પ્રશ્નકારનો પ્રશ્ન છે.

**ઉત્તર :–** 'ધર્મબુદ્ધિથી બાહ્ય ઉપવાસાદિક કરે...' આ 'ટોડરમલજી'ની ''મોક્ષમાર્ગ પ્રકાશક'ની વ્યાખ્યા છે, હોં ! 'ત્યાં ઉપયોગ તો અશુભ, શુભ વા શુદ્ધરૂપ જેમ પરિણમે તેમ પરિણમો.' પરિણામ ઉપર વાત છે કે બહારની ક્રિયા ઉપર છે ? કહે છે. અપવાસ કરીને બેઠો ને પરિણામ અશુભ હોય. પરિણામ શુભ હોય તો પુણ્ય બાંધે, અશુભ હોય તો પાપ બાંધે, શુદ્ધોપયોગ હોય તો નિર્જરા થાય. 'ઉપવાસના પ્રમાણમાં જો નિર્જરા થાય તો નિર્જરાનું મુખ્ય કારણ ઉપવાસાદિક જ ઠરે, પણ એમ તો બને નહિ, કારણ કે પરિણામ દુષ્ટ થતાં ઉપવાસ આદિ કરતાં પણ નિર્જરા થવી કેમ સંભવે ?' પરિણામ જેના ભૂંડા છે ને બહાર મોઢે આહાર, પાણી પેટમાં પડ્યા નહિ તેથી કરીને પરિણામે બંધ થાય, એને કાંઈ ક્રિયાથી બંધ થતો નથી.

'અહીં જો એમ કહેશો કે અશુભ-શુભ-શુદ્ધરૂપ ઉપયોગ પરિણમે તે અનુસાર બંધ-નિર્જરા છે,...' એને મોઢે કેવડાવ્યું. ભાઈ ! જેવા પરિણામ કરે એ પ્રમાણે બંધ-નિર્જરા (થાય). શુભ-અશુભ પરિણામે બંધ થાય ને શુદ્ધ પરિણામે નિર્જરા થાય. 'તો ઉપવાસ આદિ તપ નિર્જરાનું મુખ્ય કારણ ક્યાં રહ્યું ?' તો ઉપવાસ ને અનશન કારણ રહ્યું નહિ. 'ત્યાં તો અશુભ-શુભ પરિણામ બંધના કારણ ઠર્યાં, તથા શુદ્ધ પરિણામ નિર્જરાનું કારણ ઠર્યાં.' કહો ! નિર્જરાનું કારણ શું થયું આમાં ? શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન સહિતના શુદ્ધ પરિણામ એ નિર્જરાનું કારણ છે. બહારથી અનશન, ઉણોદરી, રસપરિત્યાગ છોડે પણ પરિણામના ઠેકાણા ન હોય તો શું ? શુદ્ધ પરિણામ તે નિર્જરાનું કારણ છે.

**પ્રશ્ન :–** જો એમ છે તો અનશન આદિને તપ સંજ્ઞા કેવી રીતે કહી ?

**ઉત્તર :–** 'તેને બાહ્ય તપ કહ્યા છે,...' એ તો બાહ્ય તપ છે. 'બાહ્યનો અર્થ એ છે કે બહાર બીજાઓને દેખાય કે આ તપસ્વી છે,...' મહિના મહિનાના અપવાસ કરે અને તપસ્વી કહે એના કરતાં એકવાર સ્વાધ્યાય, ધ્યાનમાં બેઠો (એ) બહુ નિર્જરા કરે એને કોઈ તપસી કહે ? કહો, સમજાણું ? સ્વાધ્યાય તપ અને ધ્યાન પણ તપ

છે પણ લોકો બહારથી માને. 'પણ પોતે તો જેવો અંતરંગ પરિણામ થશે તેવું ફળ પામશે.'

'(૩) વળી અંતરંગ તપોમાં પણ પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ત્યાગ અને ધ્યાનરૂપ ક્રિયામાં બાહ્ય પ્રવર્તન છે તે તો બાહ્ય તપ જેવું જ જાણવું...' 'ટોડરમલ્લજી'ના 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો આ ખુલાસો. 'જેવી અનશનાદિ બાહ્ય ક્રિયા છે તેવી એ પણ બાહ્ય ક્રિયા છે,...' એ પણ બાહ્ય ક્રિયા છે. કઈ ? પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય એ બધો વિકલ્પ છે. 'તેથી પ્રાયશ્ચિત આદિ બાહ્ય સાધન પણ અંતરંગ તપ નથી.' પ્રાયશ્ચિત આદિ બાહ્ય (સાધન) અંતરંગ તપ નથી.

'પરંતુ એવું બાહ્ય પ્રવર્તન થતાં જે અંતરંગ પરિણામોની શુદ્ધતા થાય તેનું નામ અંતરંગ તપ જાણવું,...' અંતરંગમાં આત્માની દૃષ્ટિપૂર્વક, સમ્યગ્દર્શનપૂર્વક શુદ્ધ ચૈતન્યના ભાનમાં શુદ્ધતાના વીતરાગી પરિણામ જેટલા થાય તેને નિર્જરાનું કારણ જાણવું, એને અંતરંગ તપ જાણવું. 'અને ત્યાં તો નિર્જરા જ છે,...' લ્યો ! એ અંતરંગ શુદ્ધ પરિણામ આત્માના થાય એ નિર્જરા. 'બંધ થતો નથી. વળી એ શુદ્ધતાનો અલ્પ અંશ પણ રહે તો જેટલી શુદ્ધતા થઈ તેનાથી તો નિર્જરા છે તથા જેટલો શુભભાવ છે તેનાથી તો બંધ છે.' સમજાણું ? થોડો શુભભાવ વિકલ્પ જોડે હોય ને ? એ શુભ પુણ્યનો બંધ છે.

'એ પ્રમાણે અનશન આદિ ક્રિયાને તપસંજ્ઞા ઉપચારથી છે એમ જાણવું, અને તેથી જ તેને વ્યવહાર તપ કહ્યો છે. વ્યવહાર અને ઉપચારનો એક અર્થ છે.' લ્યો ! ઉપચાર તપ કહો, વ્યવહાર તપ કહો, આરોપીત કહો. યથાર્થ તો આત્માના શુદ્ધ ધ્યાન ને દર્શન, જ્ઞાન, ચારિત્રથી નિર્મળ વીતરાગી પરિણામ થાય એ નિર્જરા છે.

'ઘણું શું કહીએ ?' 'ટોડરમલજી' કહે છે. 'એટલું જ સમજી લેવું કે – નિશ્ચયધર્મ તો વીતરાગભાવ છે...' જેટલે અંશે અંતરમાં સમ્યગ્દર્શનપૂર્વક આત્માના નિર્વિકલ્પ દૃષ્ટિપૂર્વક, આત્માની શ્રદ્ધા–સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિપૂર્વક જેટલી વીતરાગ પર્યાય પ્રગટે એટલો ધર્મ ભગવાને કહ્યો છે. બાકી પરિણામ શુભ થાય તે પુણ્યબંધનું કારણ છે, એ ધર્મ છે નહિ. નિશ્ચયધર્મ નથી એ નિશ્ચયધર્મમાં શુભ ને વ્યવહારધર્મ કહેવામાં આવે છે, પુણ્યબંધનું કારણ છે.

'ઘણું શું કહીએ ? એટલું જ સમજી લેવું કે - નિશ્ચયધર્મ તો વીતરાગભાવ છે તથા અન્ય અનેક પ્રકારના ભેદો નિમિત્તની અપેક્ષાએ ઉપચારથી કહ્યાં છે...' જુઓ ! અનેક પ્રકારના ભેદ. બાર પ્રકારના (તપ) આદિ અનેક પ્રકાર, નિમિત્તની અપેક્ષાએ ઉપચારથી ભેદ, નિમિત્તની અપેક્ષાએ ઉપચારથી કહ્યાં છે, વાસ્તવિક એ ધર્મ છે નહિ. પ્રાયશ્ચિત ને વિનય ને વૈયાવૃત્ય, ધ્યાન, સ્વાધ્યાય પરનો વિનય કરે તો એ બધો વિકલ્પ છે. એ તો નિમિત્તથી વાત કરી છે. અંદરમાં જેટલી વીતરાગતા સમ્યગ્દર્શનપૂર્વક પ્રગટી હોય તેટલાને ભગવાન તપ ને ધર્મ કહે છે.

'તેને વ્યવહારમાત્ર ધર્મસંજ્ઞા જાણવી.' જુઓ ! ભેદ, નિમિત્ત, ઉપચાર ને વ્યવહાર ચારે બોલ આવી ગયા એમાં. જેટલું કથન ભેદથી છે, નિમિત્તથી છે એ બધાને ઉપચાર કહેવામાં આવે છે અને વ્યવહાર કહેવામાં આવે છે.

એક માલ લેવો હોય, માલ, પકવાન આદિ. તો ભાવ પૂછે કે, આ કેટલા રૂપિયાનો શેર છે ? કે, ભઈ પાંચ રૂપિયાનો શેર. ત્રાજવા ક્યાં છે ? ત્રાજવા, ત્રાજવા છે ને ? ત્રાજવા લાવ, ધડો કરો, ધડો. સરખું છે કે નહિ ? વળી આ બાજુમાં જેની કોર માલ નાખે એની કોર થોડુંક મીણ-બીણ, લાખ ચોટાડી દીધું હોય (તો) પા શેર, અધ શેર એટલે માલ ઓછો તોળાય. ધડો કરે છે કે નહિ પહેલો ? ધડો કરે છે, ધડો કરે. ત્રાજવા સરખા છે કે નહિ બરાબર ? ભાવ કરે પછી ત્રાજવાનો તોલ બરાબર ધડો કરે. અમારે કાઠિયાવાડીમાં ધડો કહે છે. ધડા કહતે હૈં ના ? એ..ઇ.. ! ત્રાજવાના ધડાને અને તોલના કાટલાને (બરાબર મેળવે). પછી ખાવા વખતે ત્રણ ભૂલી જાય. ખાવા વખતે ગોખ્યા કરતો હશે ? પાંચ રૂપિયાનો શેર આ કાટલાનો ધડો કરીને લીધો છે અને આ પાંચ શેર લીધો છે, પાંચ શેર લીધો છે. (એમ કરે તો) સ્વાદ ન આવે. સમજાય છે કાંઈ ?

એમ ભગવાનઆત્મા નય, નિક્ષેપ, પ્રમાણના જ્ઞાન દ્વારા એ વસ્તુ શું છે એનું પહેલા સત્સમાગમે શ્રવણ આદિ કરીને નક્કી કર્યું હોય. અનંતકાળમાં અનંત અજ્ઞાનીઓ કહે છે એમ નહિ પણ સર્વજ્ઞે કહેલો આત્મા એક સમયમાં અનંત ગુણનો પિંડ આત્મા છે. એક સમયમાં અનંત ગુણની પર્યાય છે. એમ પ્રમાણથી એનું જ્ઞાન વિકલ્પથી, વિકલ્પ દ્વારા, મનના સંગ દ્વારા એ નક્કી કર્યું. નયથી નક્કી કર્યું કે, એક એક ગુણ એક એક નયથી જણાય છે. નિક્ષેપથી નક્કી કર્યું કે, દ્રવ્ય ત્રિકાળ અનંત કેવળજ્ઞાનને પ્રાપ્ત થવાને લાયક જ આ આત્મા છે. સિદ્ધપદની પર્યાયને પ્રાપ્ત થવાને લાયકાતવાળું આ દ્રવ્ય છે. અંદર ભાવમાં હું જેટલો એકાગ્ર થાઉં એટલો વર્તમાન નિર્વિકલ્પ ભાવ પ્રગટ થાય એમ પહેલું નક્કી કરે. પણ નક્કી કરવાના કાળમાં એ થાતો ન હોય. ઓલો ભાવ પૂછે, એમાં તે ટાણે ખાતો ન હોય. અને ખાવું હોય તો કાંઈ તરત દુકાનેથી ઉપાડી લે છે ? લાવ. ભાવ પૂછ્યા વિના ખાવા મંડે ? ભાવ મારે પૂછવો નથી કે ત્રાજવા લાવ ખાવા મંડુ. પેલો ધોલ મારે, કોણ છે આ તે ? ભાઈ !

એમ આત્મા એમાં ગુણો, એની દશા, એમાં વિકાર શું છે એને પહેલા બરાબર જ્ઞાન દ્વારા નક્કી કરવું જોઈએ. કેટલી કિંમતે આત્મા મળે છે અને કેટલી કિંમત જોઈએ તેટલી અત્યાર સુધી ભરી નથી. એ પહેલું બરાબર નક્કી કરવું જોઈએ, નક્કી કર્યા પછી અનુભવ કાળમાં એ ખાતો હોય ત્યારે એ વિચાર રહેતા નથી. ઇ અહીં કહે છે. સમજાણું કાંઈ ? કાંઈ સમજ્યો જ ન હોય પહેલા, સમજ્યા વિના આમ આમ કરવા બેસે એમાં શું સમજે ઇ ? ધ્યાન કરો, શેનું પણ ધ્યાન ? કઈ ચીજ છે, કેટલા ગુણ છે, આગળ કહેશે, જુઓ ! અંદર. 'સુગુણકરંડ...' એ તો સુગુણકરંડ (અર્થાત્) અનંત ગુણનો કરંડિયો છે આત્મા. સમજાય છે કાંઈ ? 'રત્નકરંડ શ્રાવકાચાર' આવે છે ને ? જુઓને ! 'રત્નકરંડ શ્રાવકાચાર' આખો રતનનો કરંડિયો ભર્યો છે. 'સમંતભદ્રાચાર્ય'.

અહીં સુગુણકરંડ (કહે છે). ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંતા અનંતા ગુણનો એ કરંડિયો છે. ખોલ એટલે ખા. સમજાય છે કાંઈ ? અંદર એકાગ્ર થા એટલે અનુભવ કર. પર ઉપર જેટલા વિકલ્પ જાય તેટલામાં તેટલો એ

અનુભવ થતો નથી. ભારે વાત ! માણસને અહીં પહોંચવું એને આકરું લાગે એટલે જાણે કોઈ બીજે રસ્તેથી મળી જાય (એમ ગોતે છે).

કહે છે, 'પ્રમાણ, નય, નિક્ષેપનો વિકલ્પ (ઉદ્યોત) પ્રગટ દેખાતો નથી.' 'ઉદ્યોત ન દિખૈ...' એટલે છે નહિ, એનો અર્થ એમ છે. 'પ્રગટ દેખાતો નથી...' એટલે અબુદ્ધિપૂર્વક કોઈ વિકલ્પ હોય એની વાત નથી. ભગવાનઆત્મા...! રાત્રે કહ્યું હતું ને ? ધ્યાતા ધ્યાન ને ધ્યેય, એ વિકલ્પનો ભેદ નથી. ત્યાં (૯મી ગાથામાં) કહ્યું હતું ને ? 'ચિદ્‌ભાવ કર્મ, ચિદેશ કરતા, ચેતના કિરિયા તહાં;' ભગવાનઆત્મા ચૈતન્ય ભગવાન કર્તા અને શુદ્ધ–પુણ્ય-પાપના રાગ રહિત આત્માની શુદ્ધ દશા તે આત્માનું કામ એ કર્મ, એ કર્તવ્ય, એ કાર્ય અને એ ચૈતન્ય પરિણમે છે, ચૈતન્ય પરિણમે છે રાગ નહિ, પુણ્ય નહિ, એ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ ભગવાન પરિણમીને જે ક્રિયા નિર્મળ થઈ એ ચૈતન્યની ક્રિયા. (એ) ત્રણ પ્રકારના વિચારમાં ભેદ રહેતા નથી. ઓ..હો..હો..! સમજાય છે કાંઈ ?

એમ અહીંયાં ત્રણનો વિક્ષેપ (નથી). પરંતુ એવો વિચાર રહે છે કે, 'હું સદાય (દગ-જ્ઞાન..) અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્યમય છું.' તે પણ હજી વિકલ્પ છે ત્યારે આ વિચાર ચાલે છે. સમજાય છે કાંઈ ? નય, નિક્ષેપ, પ્રમાણનું જ્ઞાન કર્યું હતું એ વિકલ્પ છૂટી ગયા. હવે આ હું છું એમ આવ્યું પણ છે હજી વિકલ્પ રાગ. હું અનંત દર્શનમય (છું). મારામાં અનંત દર્શન છે. દૃષ્ટા સ્વભાવ તે અનંત છે. જેનો સ્વભાવ હોય એને માપ–અંત હોય નહિ, માપ હોય નહિ, અમાપ વસ્તુ છે.

વસ્તુ દૃષ્ટા ગુણ અનંત દર્શન છે, અનંત જ્ઞાન છે. બેહદ જ્ઞાન છે. એકલો જ્ઞાન જ મૂર્તિ ચૈતન્ય સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ એવો અનંત જ્ઞાન તે હું છું. હું અનંત સુખ છું, અનંત આનંદ છું. જુઓ ! આ પહેલાં વિકલ્પો (આવે છે). અનુભવ શુદ્ધોપયોગ થવા પહેલાં આ વિકલ્પોનો વિચાર હોય છે. આહા..હા..! ભારે ! ત્યાં તો ક્યાંય સાંભળવા મળે એવું નથી, નહિ ? 'રતનગઢ'માં શું મળે ? ધૂળના રતન મળે. આ રતન મળે એવું છે ? આ ચૈતન્ય રતન. ચૈતન્ય રત્નાકર એમ ભગવાન કહે છે. ચૈતન્ય રત્નાકર – ચૈતન્યમાં ચૈતન્યના રતનનો સાગર ભર્યો છે ઇ. અનંતા...

અનંતા... અનંતા... અનંતા... અનંતગુણા ગુણો ! આકાશના પ્રદેશ કરતા અનંતગુણા ગુણ છે આત્મામાં. આકાશ જે સર્વ વ્યાપક છે, સર્વ વ્યાપક આકાશ, જેના માપ નથી, જેની હદ નથી એના પ્રદેશો જેટલા અનંત છે એથી એક આત્મામાં અનંતગુણા ગુણ છે. સમજાય છે કાંઈ ? એમાં પણ આ ગુણ મુખ્ય છે એથી મુખ્ય વાત લીધી છે. અનંત ચતુષ્ટય.

હું અનંત દર્શન (સ્વરૂપ છું). હું રાગ છું ને પુણ્ય છું એમ નહિ, હું કર્મવાળો છું એમ નહિ. સમ્યક્ અનુભવ શુદ્ધોપયોગના કાળ પહેલા પણ હું રાગવાળો છું ને કર્મવાળો છું એમ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? હું તો અનંત આનંદમય છું. આહા..! ક્લેશની તો જ્યાં ગંધ નથી, અશાંતિના ભાવની જેમા ગંધ નથી. એવો હું અનંત આનંદના વાસથી વસેલું તત્ત્વ છું. એવો વિકલ્પ, મંદ રાગના વિકલ્પ દ્વારા પણ, મનના સંગ દ્વારા પણ આવો વિચાર શુદ્ધોપયોગની ભૂમિકા થવા પહેલા આવો એક વિચાર હોય છે. આહા..હા..! ભારે વાત ! સમજાણું કાંઈ ?

છ ખંડનો રાજા હોય, છન્નું હજાર સ્ત્રી હોય એ ધ્યાન કરવા બેસે ત્યારે આ પ્રમાણે વિચારે છે. હો એને ઘરે; છ ખંડનું રાજ મારામાં નથી. હું તો અનંત આનંદમય છું. એવો વિકલ્પ ઉઠે છે તો અનંત આનંદમય છું એવો વિકલ્પ હજી ઉઠ્યો છે, એ કાળે પણ હજી શુદ્ધોપયોગનો અનુભવ નથી. હજી આંગણું છે ઇ આંગણું હવે. એ આંગણું છોડીને ગરે ત્યારે અંદરમાં અનુભવ થાય. આંગણું કહતે હૈં ? આંગણું–આંગન કહે છે. સમજાય છે કાંઈ ? આહા..હા..!

વસ્તુ છે ને ? અને વસ્તુ છે તો અનંત ગુણ વસેલા છે. વસ્તુ છે તો અનંત ગુણ એમાં વસેલા છે. જેમ વાસ્તુ કરે તો વાસ્તુ કરે તો કોઈ મકાનમાં કરે કે કોઈ જંગલમાં કરતું હશે ? એમ વસ્તુ ભગવાનઆત્મા છે તો એમાં અનંત અનંત સંખ્યાએ ગુણ વસેલા છે. એમાં હવે પ્રવેશ કરવાનું વાસ્તુ કરવા, ઠરવા જાય છે. તે પહેલા આવો (વિકલ્પ આવે છે કે) હું તો અનંત આનંદમય છું. મારે બાયડી છે કે છોકરા છે કે રાજ છે કે કુટુંબ છે કર્મ છે કે હું રાગવાળો છું, પુણ્યવાળો છું, પાપવાળો છું એ વિકલ્પ નથી ત્યાં. સમજાણું કાંઈ ? એ તો આગળ રહિત કહેશે. 'ચ્યુત કલનિતૈં.' એ કહેશે.

હું આ..હા..! અસ્તિ મહાસત્તા ધામ ભગવાન હોવાપણાના ભાવવાળો પદાર્થ, હોવાવાળો (છે) તો હોવાવાળામાં હોવાપણું શું છે ? પછી નથી શું ઇ પછી કહેશે. કલનિતૈં રહિત છું, અશુદ્ધ આદિ વિકલ્પોથી તો હું રહિત જ છું. સમજાય છે કાંઈ ? ભારે વાત ઝીણી, ભાઈ ! આ માણસને લોકોને સમ્યગ્દર્શનનો ઉપયોગ શું ? શુદ્ધઉપયોગ સમ્યક્ કાળે સ્વરૂપાચરણ-ચારિત્ર (શું) એની ખબર નથી. શુભભાવથી થશે આગળ જતાં શુદ્ધોપયોગ આઠમે થાશે, જાવ. એને કોઈ દિ' ચોથું ગુણસ્થાન થાય નહિ એને કોઈ દિ' આઠમું આવે નહિ.

કહે છે, એ અનંત અનંત... બધું ભૂલી ગયો. જે નય, નિક્ષેપ, પ્રમાણ વડે સાધક માનતો એ સાધકપણું પણ છૂટી ગયું. વિકલ્પથી સાધક માનતો કે, આ બધા વસ્તુને સિદ્ધ કરવાના સાધન છે, એ છૂટ્યા, રહ્યો આટલો વિકલ્પ. 'અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ, અનંત વીર્યમય છું.' પૂર્ણ વીર્યમય, પૂર્ણ બળમય, પૂર્ણ સામર્થ્યમય. મારા સામર્થ્યમાં અનંત સામર્થ્ય પડ્યું છે. અરે.. ! હું હીણો છું અથવા કર્મે મારું સામર્થ્ય હીણ્યું છે એ તો અહીં વાત જ નથી. કર્મે મારું વીર્ય હીણ્યું છે એ તો વાત છે જ નહિ પણ મારું વીર્ય નબળું છે મારે કારણે એ (પણ) અહીં નથી. સમજાણું કાંઈ ? આત્માના સ્વરૂપચારિત્રના કાળમાં આત્માનો અનુભવ, એ સમ્યગ્દર્શન થતાં (પહેલાં), સ્વરૂપનો અનુભવ થતાં પહેલાં એ વિચાર સમ્યગ્દષ્ટિને હોય છે કે સમ્યગ્દર્શન થવા પહેલા અને અનુભવ જ્યારે જ્યારે થાય ત્યારે પહેલાં ધર્મી જીવને હું કર્મથી હણાયેલો છું, કર્મથી મારું જ્ઞાન હણાણું છે એ વિચાર એને હોતા નથી. તેમ મારું જ્ઞાન મારાથી હીણું છે એ પણ વિચાર નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ?

અંતર આત્માના અનુભવમાં, આત્માના સમ્યગ્દર્શનના અનુભવ કાળમાં, સમ્યગ્દર્શન એ અનુભવ કાળમાં મારું જ્ઞાન જ્ઞાનાવરણીએ હણ્યું છે એ વિચારના કાળમાં એ વિચાર હોતો જ નથી. હણાણું નથી, પણ મારું જ્ઞાન અલ્પ મારાથી થયેલું છે એ વાત પણ એના વિકલ્પમાં નથી. સમજાણું કાંઈ ? હું તો અનંત જ્ઞાનમય છું. વસ્તુ... દ્રવ્યદૃષ્ટિ કરવી છે ને ? અનંત અનંત જ્ઞાનમય ભગવાનઆત્મા છે એમ સમ્યગ્દષ્ટિ જીવ અનુભવના શુદ્ધોપયોગ કાળના પહેલા આવો આત્માનો વિચાર કરે છે. આહા..હા..! પૈસાવાળો છું ને એમ અહીં નથી કહેતા. વાળા તો કેટલા વળગ્યા ?

પૈસાવાળા ને છોકરાવાળા ને બાયડીવાળા ને... વાળા વાળા કહતે હૈં ના ? વો પૈર મેં વાળા નીકલતા હૈ ના ? આહા..હા..!

સમ્યગ્દષ્ટિ ધર્મી જીવ આત્માના શુદ્ધ અનુભવના કાળ પહેલા કે એવું સ્વરૂપ ચારિત્રનું આચરણ–સ્વરૂપાચરણ ચારિત્ર, ભગવાન શુદ્ધ ચિદાનંદ પ્રભુ, એના અંતર આચરણમાં સ્થિર થવા પહેલાં પણ આવી એની ભૂમિકામાં આવા વિકલ્પ હોય. અનંત જ્ઞાન છું. હીણું જ્ઞાન નહિ, અનંત જ્ઞાન છું. ઝીણું દર્શન, ઓછું દર્શન નહિ પૂર્ણ દર્શન છું. અલ્પ સુખ નહિ, દુઃખ તો નહિ, દુઃખ તો નહિ, અલ્પ સુખ પણ નહિ, અનંત સુખ છું. આહા..હા..! અનંત વીર્ય છું. વીર્યને અંતરાય કર્મે રોક્યું એ તો છે જ નહિ પણ વીર્ય મારાથી હીણું થયું છે એ પણ અનુભવ પહેલા એ વિચાર નહિ. આહા..હા..! પર્યાયદૃષ્ટિ ઉડાડવી છે ને અહીં તો ? સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા સમ્યગ્દર્શનના અનુભવ કાળમાં ચોથે ગુણસ્થાને અનુભવ હોય છે, પાંચમે ગુણસ્થાને આત્માનો અનુભવ હોય છે ત્યારે પણ આત્મા અનુભવમાં આવ્યા પહેલા એના આવા વિકલ્પના વિચારની ધારા હોય. અનંત બળમય છું, મારા બળને મર્યાદા, હદ નથી. ભલે ક્ષેત્ર આટલું હોય, એટલું ક્ષેત્ર (છે) પણ એનો સ્વભાવ બેહદ.. બેહદ અચિંત્ય આનંદ, પૂર્ણ આનંદ, પૂર્ણ બળ, પૂર્ણ જ્ઞાન-દર્શનમય છું. આહા..હા..! એટલી પ્રતીતિનો વિકલ્પ તો આત્માના સ્વરૂપાચરણ અનુભવકાળ પહેલાં આ ભૂમિકા એને આવે છે. આહા..! સમજાણું કાંઈ ?

'(મો વિખૈં) મારા સ્વરૂપમાં અન્ય રાગ-દ્વેષાદિક ભાવ નથી.' દેખો ! ભગવાનઆત્મા અનંત દર્શન, આનંદમાં અંતર અનુભવ કાળમાં જાય છે, અનુભવમાં જાય છે, પોતાના ઘરમાં જાય છે તે પહેલા રાગ, દયા, દાન, વિકલ્પ એ મારામાં છે જ નહિ. આહા..હા..! ઊંચી વાત છે, ભાઈ ! આ છેલ્લી. ખાસ નિર્વિકલ્પ આત્માના ઉપયોગનું ધ્યાન. સમજાય છે કાંઈ ? ભગવાનઆત્મા... હું તો બેહદ દર્શન, જ્ઞાન, ચારિત્રમય (છું) અને પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે એ રહિત છું, એ સહિત નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? પણ છે ને ? છે ક્યાં ? કોણ કહે છે ?

ભગવાનઆત્મા અનંત બેહદ આનંદ, જ્ઞાન, દર્શનનો દરિયો સમુદ્ર ચૈતન્ય રત્નાકર એમાં મેલ કેવો ? સમ્યગ્દષ્ટિ અનુભવ કરવા કાળ પહેલાં આવો વિચાર

કરે છે. આહા..! અહીં તો હજી એને અરે..રે.. ! આપણે તો કર્મવાળા છીએ ને શરીરવાળા છીએ ને રાગવાળા ને અરે.. ! એ તો પર્યાયદૃષ્ટિનો વિષય થયો, વસ્તુ ક્યાં આવી ? સમજાણું કાંઈ ? વસ્તુ ક્યાં આવી ? વસ્તુ આમ ભગવાન પરમાનંદની મૂર્તિ, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં શુદ્ધ ચિદાનંદ ભગવાનઆત્મા એવો હું રાગ, પુણ્ય-પાપના વિકલ્પથી રાગથી રહિત છું. એવો તો વિચાર શુદ્ધ ભગવાન આનંદનો અનુભવ, અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવા પહેલા આવા વિકલ્પો એ ભૂમિકામાં આવે છે. આહા..! 'મારા સ્વરૂપમાં (આન)...' 'આન' આવ્યું ને ?

પરમાણ-નય-નિક્ષેપકો ન ઉદ્યોત અનુભવમેં દિખૈ;
દગ-જ્ઞાન-સુખ-બલમય સદા, નહિં આન ભાવ જુ મો વિખૈં.

આ તો 'છ ઢાળા' છે. મારા ભગવાનઆત્મામાં, એ અનુભવમાં ધર્મી જીવ અનુભવ થવા પહેલા આ વિચાર કરે છે 'આન ભાવ જુ મો વિખૈં.' નહિ. એ કર્મ શરીર તો નહિ પણ પુણ્ય ને પાપના રાગ જે થાય તે મારામાં નહિ. સમજાય છે કાંઈ ? અને '(મૈં) હું સાધ્ય (અને મૈં) સાધક...' દેખો ! એ સમ્યક્ અનુભવના આનંદ અનુભવ અતીન્દ્રિય આનંદનો અનુભવ.

અનુભવ રત્ન ચિંતામણિ અનુભવ હૈ રસ કૂપ,
અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ મોક્ષસ્વરૂપ.

ઇ અનુભવ. આત્માના આનંદના અનુભવમાં જે શુદ્ધોપયોગ પ્રગટે તે પહેલાંની દશામાં સાધ્ય વસ્તુ સ્વરૂપ, સાધક હું અને... સમજાય છે ? દેખો ! સાધક હું ને સાધ્ય વસ્તુ. પર સાધક તો નહિ. મૈં સાધ્ય-સાધક, ભાઈ ! એમ છે ને ? શું કહે છે ? સાંભળો ! હું સાધ્ય સાધક. સમ્યક્ અનુભવ પહેલા એ વિકલ્પનો વિચાર એવો હોય છે કે, એ રાગની મંદતા મને સાધક છે એમ માનતો નથી. નય, નિક્ષેપ ને પ્રમાણથી જે વિચાર કર્યા એ મને સાધક છે એમ પણ માનતો નથી. હું સાધ્ય ને સાધક છું. જુઓ ! ખૂબી. હું સાધ્ય પૂર્ણાનંદની પ્રાપ્તિ કરનાર અને હું સાધક. મારા શુદ્ધ સ્વભાવનું સાધન સાધક હું જ છું. રાગ, પુણ્ય, દયા, વિકલ્પ એ સાધક-ફાધક છે નહિ. આહા..હા..!

હું.. છે ને ? 'મૈં સાધ્ય સાધક મૈં અબાધક, કર્મ અરુ તસુ ફલનિતૈં;' હું સાધ્ય છું અને હું સાધક (છું)... જુઓ ! આ સાધકની વ્યાખ્યા. દુનિયા તોફાન કરે છે ને કે આ સાધક જોઈએ, આ સાધક જોઈએ. અરે.. ! સાંભળને હવે એ તો વ્યવહાર સાધનની વાત કરી છે. સાધન છે નહિ એને સાધન કહેવું એનું નામ વ્યવહાર છે. ભગવાનઆત્મા શુદ્ધ આનંદ ને અનંત જ્ઞાનનો અનુભવ કરવા પહેલા હું સાધ્ય અને સાધક હું જ છું. મારું આખું સ્વરૂપ તે સાધ્ય અને સાધકપણે પરિણમું છું એ સાધક હું જ છું. કોઈ વિકલ્પ સાધક છે, કષાયની મંદતા મને સાધક મદદ કરે છે અને હું પૂર્ણ સાધ્ય પરમાત્મા છું (એની) ના પાડે છે. એ..ઇ..! ભાઈ !

'પંચાસ્તિકાય'નો સાધ્ય-સાધક. ઇ તો વ્યવહારની વાત થઈ. વ્યવહાર વખતે વિકલ્પ મંદ કષાય (હોય છે). શુદ્ધ ચિદાનંદ સ્વભાવનો આનંદનો અનુભવ હોય ત્યારે પેલા મંદ કષાયને સાધકપણું 'પંચાસ્તિકાય'માં કહ્યું છે. એ અહીં ઊડાડી દીધું છે. સમજાણું કાંઈ ?

'મૈં સાધ્ય સાધક મૈં અબાધક,' હું જ સાધ્ય સાધક (છું). અને કર્મ અને 'તેના ફળોના વિકલ્પ રહિત...' દેખો ! કર્મ અને તેનું ફળ, જડ કર્મ અને તેનું ફળ રાગાદિનું જોડાણ થઈને થવું તે, અલ્પજ્ઞાન, અલ્પદર્શનનું જોડાણ થઈને થવું તે, એ ફળોના વિકલ્પ રહિત (છું), એ વિકલ્પ રહિત છું, ભેદ રહિત છું. આહા..હા..! સમજાણું કાંઈ ? વિકલ્પ રહિત કેવો છું ?

'(ચિત્‌પિંડ)...' 'જ્ઞાન, દર્શન ચેતનાસ્વરૂપ...' હું તો ચિત્‌પિંડ છું, ચિત્‌પિંડ–ચેતના છું. જ્ઞાન, દર્શન ભગવાનઆત્મા. પિંડ છું એમ કહ્યું છે. ચિત્‌પિંડ છું. પેલામાં સાધરણ જ્ઞાન, દર્શન લીધું. પિંડલો, પિંડ, જથ્થો, સમૂહ. એકલો જ્ઞાનનો પિંડ પુંજ છું. આત્મા જ્ઞાન પુંજ છું, જ્ઞાનનો ઢગલો છું.

'ચંડ...' 'નિર્મળ તેમજ ઐશ્વર્યવાન...' છું. નિર્મળ અને પૂર્ણ ઈશ્વર શક્તિવાન છું. હું જ ઈશ્વર પૂર્ણ સમર્થ છું. આહા..! એ અનુભવ થવા પહેલાં વિકલ્પમાં આવું આવે છે. સમજાણું કાંઈ ? 'નિર્મળ તેમજ ઐશ્વર્યવાન...' 'ચંડ'ને ઉગ્રતા કીધી, ઉગ્રતા ગણી છે ને ?

'અખંડ...' 'સુગુણોનો ભંડાર...' હું ભગવાનઆત્મા અખંડ (છું). ગુણમાં ખંડ

શું ? અનંત જ્ઞાનાદિ અનંત ગુણનો રત્નાકર પ્રભુ, અનંત ગુણનો હું કરંડિયો–ભંડાર છું. જેટલી કેવળજ્ઞાન આદિ ઋદ્ધિ પ્રગટશે એ મારા ભંડારમાંથી પ્રગટશે. ભંડારને ખોલીને એમાંથી નીકળશે. એ રાગને ખોલીને એમાંથી નીકળવાની નથી. આહા..હા..! ભારે ગોઠવ્યું છે પણ ! આ તો હિન્દી ભાષામાં 'દૌલતરામજી'નું છે. 'છ ઢાળા'. સમજાય છે કાંઈ ? સહેલામાં સહેલી ભાષામાં ગોઠવ્યું છે.

હું ભગવાનઆત્મા અનંત આનંદમય, મારા અનંત શુદ્ધ રત્નકંડમાં ભરેલું તત્ત્વ, કેવો છું ? 'અખંડ સુગુણોનો ભંડાર...' હું જ આત્મા અનંત ગુણનો ભંડાર છું. એ..ઇ..! આકરું (લાગે), સાંભળ્યું ન હોય. આવડો હું ? એવડો હું ? આપણે તો આ હણાય ગયેલા છીએ, કર્મથી હણાયેલા પામર છીએ. તું હજી આંગણાંમાં આવવાને લાયક નથી. સ્વરૂપના અનુભવ પહેલા આંગણું જોઈએ એ આંગણાંની પણ તારી તૈયારી નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

'અખંડ સુગુણોનો ભંડાર...' આહા..હા..! એને હજી એનો વિશ્વાસ (આવતો નથી). એ રાગ, વિકલ્પ સહિતના વિશ્વાસમાં આવી ચીજ હોય છે. સમજાય છે ? એ મનના વિકલ્પ સહિત વિચાર હોય ત્યારે આવો આત્મા છે એમ હજી તો પ્રતીતમાં વર્તે છે. રાગ સહિત પ્રતીત, હોં ! અનુભવ પછી. સુગુણોનો ભંડાર. વળી '(કલનિતૈં), કલનિતૈં.' 'અશુદ્ધતાથી રહિત છું.' બિલકુલ સામાન્ય જે રાગાદિ કહ્યું હતું એને હવે સમજાય છે ? બિલકુલ (રહિત છું). 'આન' કહ્યું હતું ને ? અનેરા. મારા સિવાય જે અનેરા છે, રાગાદિ અન્ય હતું ને ? 'આન' અન્ય ભાવ મારામાં નથી. પણ અહીં તો બધું જે આ રાગ-દ્વેષ બધા જેટલા વિકારી ભાવ આદિ છે એ બધી અશુદ્ધતાથી રહિત છું. આહા..!

એ વીર્યની પર્યાય, એ જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય એટલું ત્યાં જોરથી વિકલ્પના સહિતનું કામ કરે, આવો છું પરથી રહિત છું. બધી અશુદ્ધતાથી રહિત છું. એવા એના વિકલ્પના જ્ઞાનમાં, વીર્યમાં એટલું જોર આવ્યું ત્યારે વિકલ્પ છૂટીને અનુભવમાં જાય ત્યારે વિકલ્પ રહેતા નથી. સમજાણું કાંઈ ?

અહીંયાં 'દૌલતરામજી'એ મુનિપણાના અધિકારમાં આ લીધું છે. મૂળ તો મુનિપણાનો અધિકાર છે. કેમકે ચારિત્રની પ્રધાનતાથી અહીં વર્ણન કર્યું છે. પણ જે

પહેલું સ્વરૂપાચરણ છે એ તો ત્યાંથી શરૂ તો થઈ ગયું છે. 'પરદ્રવ્યથી ભિન્ન આત્મદ્રવ્ય રુચિ ભલા હૈ' આતા હૈ ના ? ઇ ગાથા થઈ, ઇ ગાથા છે આમાં. એમાં લીધું ને ?

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः

पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।

એ ('સમયસાર'નો) છઠ્ઠો કળશ છે. સમજાણું ? એમાંથી લીધું છે. બારમી ગાથા(નો કળશ છે). 'द्रव्यान्तरेभ्यः पृथक्' એમાં એ વાત આવી ગઈ છે. બધા દ્રવ્યથી, રાગથી પૃથક મારી ચીજ છે એમ જે અનુભવ પરદ્રવ્યથી ભિન્ન થવું એ નિર્વિકલ્પ પ્રતીત અને અનુભવ છે. દર્શન પ્રધાનતામાં એ કથન છે. અહીં આમણે ચારિત્રપ્રધાન કથનમાં આ નાખ્યું છે. પણ સ્વરૂપાચરણ-ચારિત્ર તો ચોથે ગુણસ્થાનથી શરૂ થઈ ગયું છે. એની વિશેષતાનું વર્ણન અહીં મુનિપણામાં નાખ્યું છે. સમજાણું કાંઈ ? કોઈ કહે કે, ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્ર ન હોય, એમ નથી. ઇ તો ભાઈએ લખ્યું છે, કાલે કીધું ને ? 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ કોને કહેવો ? કે સ્વરૂપાચરણને ઘાતે તેને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ કહેવો. સમજાણું કાંઈ ? ભાઈ ! એમ આવે છે. 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા' પણ એ બધા બીજાના વ્યાખ્યાન, ટીકા (છે, એમ કહે). અરે.. ! સાંભળ ને.

મુમુક્ષુ :– 'ધવલ'માં છે.

ઉત્તર :– બધામાં છે, ઘણે ઠેકાણે છે. ચોથે ગુણસ્થાને સ્વસંવેદન આપણે નહોતું આવ્યું ? 'પરમાત્મ પ્રકાશ'. સ્વસંવેદન ચોથાથી શરૂ થઈને બારમે છદ્મસ્થને ઘણું હોય છે. તેરમે કેવળજ્ઞાન. સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા..! હજી એને એના જ્ઞાનની એ શું ચીજ છે એની ખબરું ન મળે અને એને અનુભવ ને સમ્યગ્દર્શન થાય અને ધર્મ થાય, ક્યાંથી ધૂળમાંથી ધર્મ થાય ? સમજાણું કાંઈ ?

કહે છે, અમે તો સુગુણનો ભંડાર ને અશુદ્ધતાથી રહિત (છીએ). અસ્તિ-નાસ્તિ કરી નાખી. અનેકાંત કર્યું. આમાં તો એ વાત છે. એ છે ને અધિકારમાં ? એ ગાથા. 'उदयति न नयश्री' એમાં છે ને ? 'અનુભવકી દશા મેં સૂર્યકા દૃષ્ટાંત' એમ કરીને 'બનારસીદાસે' આ 'उदयति न नयश्री' શ્લોક છે એમાં નાખ્યું છે.

जैसैं रवि-मंडलके उदै महि-मंडलमैं,
आतप अटल तम पटल विलातु है।
तैसैं परमातमाकौ अनुभौ रहत जौलौं,
तौलौं कहूं दुविधा न कहूं पच्छपातु है।
नयकौ न लेस परवानकौ न परवेस,
निच्छेपके वंसकौ विधुंस होत जातु है।
जे जे वस्तु साधक हैं तेऊ तहां बाधक हैं,
बाकी राग दोषकी दसाकी कौन बातु है।।१०।।

નય, નિક્ષેપ, પ્રમાણ પણ જ્યાં પહેલા નક્કી કર્યું હતું એ પણ જ્યાં બાધક છે તો વળી રાગની મંદતાના બીજા પરિણામ એને સાધક થાય એ વાત છે નહિ. આ તેરમી ગાથાની શરૂઆતમાં આ વાત લીધી છે. 'भूदत्थेणाभिगदा' એ કાંઈ મુનિની વાત નથી ત્યાં. એ દેવાનુપ્રિયા ! આ તેરમી ગાથાની વાત છે, ભાઈ ! પણ ભૂતાર્થનયથી આત્માને જાણે તેને ત્યાં સમ્યગ્દર્શન કીધું. બસ ! એની અહીં વાત છે આ. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– મુનિને હોય એ બધું લાગુ પડે...

ઉત્તર :– બધું લાગું પડે. એ તો વળી આચરણને માટે. જેટલા આચરણ મુનિને હોય એનો એક અંશ શ્રાવકને હોય. કહો, સમજાણું આમાં ?

અહીં કહે છે કે, ભગવાનઆત્મા પોતાનું સ્વરૂપ, સ્વરૂપ, એનું આચરણ, સ્વરૂપ એનું આચરણ. આ પુણ્ય-પાપનું આચરણ એનું સ્વરૂપાચરણ છે ? ત્યારે સમ્યગ્દર્શનમાં સ્વરૂપાચરણ ન પ્રગટે તો સમ્યગ્દર્શન કેવું ? એ વિકારનું આચરણ તો અનાદિનું છે. કહો, ભાઈ ! પર સ્વરૂપનું આચરણ અને સ્વ સ્વરૂપનું આચરણમાં તો ઉગમણો-આથમણો ફેર છે. પુણ્ય-પાપના ભાવ વિભાવ પર સ્વરૂપાચરણ છે, પરભાવ આચરણ છે. એ પરભાવ આચરણ ધર્મ છે ? આત્મા જે અનંતકાળથી પર સ્વરૂપના આચરણથી ખસીને એમાંથી સ્વરૂપમાં આવ્યો ત્યારે એના સ્વરૂપમાં એકાગ્ર થયા વિના આચરણ

ક્યાંથી પ્રગટે ? ક્યાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થાય ? સમજાણું કાંઈ ?

અહીં તો એ જ કહ્યું, ભગવાનઆત્મા સુગુણનો કરંડિયો–ભંડાર છું. અનંત આનંદ આદિ ગુણનો ભંડાર અને 'કલનિતૈં ચ્યુત...' હું પોતે જ અશુદ્ધથી ચ્યુત છું. મારા સ્વરૂપથી જ હું અશુદ્ધથી ચ્યુત છું. શું (કહ્યું) ? મારા સ્વરૂપથી જ અશુદ્ધથી ચ્યુત છું. ખસેલો, ચ્યુત એટલે રહિત. હું પૂર્ણાનંદ જ્ઞાનથી સહિત, હું પોતે અશુદ્ધતાથી ચ્યુત થયેલો એટલે રહિત જ છું, રહિત જ છું. આહા..હા..! અરે.. ! એ વાત સાંભળવા મળવી મુશ્કેલ પડે. ઇ સાંભળે નહિ ને વિચારે નહિ ને મનન કરે નહિ ને અંદરમાં પ્રયોગ કરે નહિ અને એને ધર્મ થઈ જાય. એમ ને એમ રખડે છે અનંતકાળથી. કહે છે હું તો અનંત ગુણનો કરંડિયો–ભંડાર છું. મારામાં અશુદ્ધતા રહિત છું, હું પોતે જ અશુદ્ધતા રહિત છું. એ આત્મા કહેવાય છે. સમજાણું ?

ભાવાર્થ :– 'આ સ્વરૂપાચરણ-ચારિત્ર વખતે સાધકને આત્મ-અનુભવમાં...' એ સાધક આમાં લખ્યું છે, હોં ! પહેલા એક ફેરી કહ્યું હતું. આમાં કહ્યું હતું, પહેલું લખ્યું છે, આમાં લખ્યું. 'આત્મ-અનુભવમાં પ્રમાણ, નય અને નિક્ષેપનો વિકલ્પ તો ઊઠતો નથી,...' વિકલ્પ નામ રાગની વૃતિનું ઉત્થાન સ્વરૂપના અનુભવમાં હોતો નથી. 'પણ ગુણગુણીનો ભેદ પણ હોતો નથી...' લ્યો ! હું ભગવાનઆત્મા અનંત ગુણવાળો અને આ અનંત ગુણ એવો પણ ભેદનો વિકલ્પ ત્યાં નથી. ગુણ-ગુણીનો ભેદનો વિકલ્પ પણ શુભરાગ છે, શુભઉપયોગ છે, એ શુદ્ધઉપયોગ નથી. આહા..હા..! 'એવું ધ્યાન હોય છે.' એવી એકાગ્રતા શુદ્ધ સમકિતમાં અનુભવમાં હું ગુણી અને આ ગુણ એવા ભેદનો શુભરાગ પણ હોતો નથી. શુદ્ધોપયોગ હોય છે. એ તો શુભરાગ છે, એ તો શુભઉપયોગ છે. અંતરના ધ્યાનમાં તેને શુભરાગ ગુણ-ગુણીના ભેદનો નહિ ને એકલો શુદ્ધોપયોગ હોય છે.

'પ્રથમ એવું ધ્યાન હોય છે...' જુઓ ! 'કે હું અનંતદર્શન-અનંતજ્ઞાન-અનંતસુખ અને અનંતવીર્યરૂપ છું, મારામાં કોઈ રાગાદિક ભાવો નથી.' 'આન'માં આવી ગયું ને ? 'આન'માં. 'હું જ સાધ્ય, હું જ સાધક છું...' દેખો ! હું રાગાદિ રહિત, અશુદ્ધતાથી રહિત એવો શુદ્ધભાવ જ સાધ્ય અને સાધક એ હું જ છું. નિશ્ચય સાધ્ય-સાધક કહ્યા હતા. સમજાણું કાંઈ ? સાધ્ય નિર્મળ પૂર્ણ અને સાધક રાગ એ અહીં નહિ. પૂર્ણ

નિર્મળાનંદ આત્માની દશા તે સાધ્ય છે અને હું જ નિર્મળાનંદ ને એનો સાધનારો હું અપૂર્ણ નિર્મળ દશા એ હું સાધક છું પણ સાધક ને સાધ્યમાં મારી દશા જ બેયમાં નિર્મળ છે. સાધકમાં રાગની મંદતા સાધક અને પૂર્ણ સાધ્ય, એમાં હું છું નહિ. કહો, સમજાણું કાંઈ ?

'તથા કર્મ અને કર્મના ફળથી જુદો છું.' આઠ કર્મથી તો જુદો પણ આઠેયના ઉદયના ફળથી જુદો. ઓ..હો... ! ૧૪૮ પ્રકૃત્તિ લીધી ને ? ૧૪૮ પ્રકૃત્તિ તો નથી પણ એના તરફની વર્તમાન પર્યાયનું જોડાણ થઈને મારામાં હીણી દશા (થાય) એ (પણ) નથી. સમજાણું કાંઈ ? ઈશ્વરની ગાદીએ બેસવા જાય છે ત્યાં અણઈશ્વરતા કેવી ? સમજાણું ? હું 'કર્મ અને કર્મના ફળથી જુદો છું. જ્ઞાન-દર્શન-ચેતનાસ્વરૂપ નિર્મળ ઐશ્વર્યવાન,...' હું જ્ઞાન જાણનાર, દર્શનસ્વરૂપ, ઐશ્વર્ય બળવાન (છું). 'તેમ જ અખંડ સહજ શુદ્ધ ગુણોનો ભંડાર...' લ્યો ! હું તો અખંડ ગુણ(નો ભંડાર છું). ગુણમાં ખંડ કેવા ? એકરૂપ ગુણ અખંડ ગુણ છે.

દ્રવ્ય અખંડ એક સંપૂર્ણ હોવાથી તેનો જ્ઞાનાદિ સ્વભાવ સંપૂર્ણ છે. 'શ્રીમદ્દે' લખ્યું છે ને ? 'શ્રીમદ્'નો ટૂકડો છે. જીવદ્રવ્ય એક અખંડ સંપૂર્ણ હોવાથી તેનું જ્ઞાન આનંદ આદિ સામર્થ્ય સંપૂર્ણ છે. જે સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય. એ ટૂકડો છે. આપણે 'સ્વાધ્યાય મંદિર'માં ખૂણામાં છે.

જીવ એક અખંડ એમ ગુણ એક અખંડ એમ લેવું. ત્યાં જીવને આખું દ્રવ્ય લીધું છે. અહીં પણ ગુણ એક અખંડ (લીધું છે). ગુણ અખંડ (છે). ગુણમાં ખંડ કેવા ? જ્ઞાન અખંડ, દર્શન અખંડ, આનંદ અખંડ બધું થઈને દ્રવ્ય અખંડ. સમજાણું કાંઈ ? આહા..હા..! જ્ઞાન-દર્શન-નિર્મળ (તેમજ) અખંડ તે પણ સહજ. સ્વભાવ જ મારો અખંડ એવો છે. એવા શુદ્ધ ગુણનો હું ભંડાર છું. સમજાણું કાંઈ ?

ભંડાર... ભંડાર પહેલા કહ્યું હતું ને ? નિધિ. સાતમામાં કહ્યું હતું, સાતમા શ્લોકમાં કહ્યું હતું ને ? સાતમાં નહોતું આવ્યું ? એ આવ્યું. 'સુનિયે સ્વરૂપાચરન અબ; જિસ હોત પ્રગટૈ આપની નિધિ, મિટૈ પરકી પ્રવૃત્તિ સબ.' એ સાતમાં શ્લોકની છેલ્લી બે (કડી) હતી. એનો ને એનો સાતમો શ્લોક છે ને ? 'સુનિયે સ્વરૂપાચરન અબ; જિસ હોત પ્રગટૈ આપની નિધિ,' જુઓ ! પૈસા-બૈસાની નિધિ નથી આમાં, ભાઈ !

આહા..હા..! એને પૈસાની ક્યાં પડી છે ? કહો, સમજાણું ?ભગવાનઆત્મા...! કહે છે કે, સ્વરૂપાચરણ ને સાંભળો કે જેથી આત્માની નિધિ પ્રગટ થાય. 'મિટૈ પરકી પ્રવૃત્તિ સબ.' આ વિકલ્પ આદિની પ્રવૃત્તિ મટીને સ્વરૂપના આચરણની પ્રવૃત્તિ થાય. એને ભગવાન મોક્ષનો માર્ગ અને એને અનુભવ કહે છે.

'આશય એ છે કે, સર્વ પ્રકારના વિકલ્પોથી રહિત...' ટૂંકું કર્યું. 'નિર્વિકલ્પ આત્મસ્થિરતાને...' નિર્વિકલ્પ આત્મસ્વરૂપને સ્થિરતાને 'સ્વરૂપાચરણ ચારિત્ર કહે છે.' આ ચારિત્ર ચોથાથી અંશે પ્રગટ થાય છે. પાંચમે વિશેષ, છઠ્ઠે વિશેષ, સાતમે વિશેષ કરીને કેવળજ્ઞાનમાં પૂર્ણ (પ્રગટ થાય છે). એ સ્વરૂપાચરણ-ચારિત્ર જ મોક્ષનો માર્ગ છે.

(વિશેષ કહેશે...) (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

❋

## સ્વરૂપાચરણ-ચારિત્ર અને અરિહંત અવસ્થા

**યોં ચિન્ત્ય નિજમેં થિર ભયે, તિન અકથ જો આનંદ લહ્યો;**
**સો ઇન્દ્ર નાગ નરેન્દ્ર વા, અહમિન્દ્રકૈં નાહીં કહ્યો.**
**તબહી શુકલ ધ્યાનાગ્નિ કરિ, ચઉ ઘાતિવિધિ કાનન દહ્યો;**
**સબ લખ્યો કેવલજ્ઞાન કરિ, ભવિલોકકો શિવમગ કહ્યો. ૧૧.**

અન્વયાર્થ :- [સ્વરૂપાચરણ-ચારિત્રનું સ્વરૂપ] (યોં) આ પ્રમાણે (ચિન્ત્ય) વિચરીને (નિજમેં) આત્મસ્વરૂપમાં (થિર ભયે) લીન થતાં (તિન) તે મુનિઓને (જો) જે (અકથ) કહી ન શકાય એવો-વચનથી પાર (આનંદ) આનંદ (લહ્યો) થાય છે (સો) તે આનંદ (ઇન્દ્ર) ઇન્દ્રને, (નાગ) નાગેન્દ્રને, (નરેન્દ્ર) ચક્રવર્તીને (વા અહમિન્દ્રકૈં) કે અહમિન્દ્રને (નાહીં કહ્યો) કહેવામાં આવ્યો નથી-થતો નથી. (તબહી) તે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થાય છે ત્યારે જ (શુકલ ધ્યાનાગ્નિ કરિ) શુકલધ્યાનરૂપી અગ્નિ વડે (ચઉ ઘાતિવિધિ કાનન) ચાર ઘાતિકર્મોરૂપી જંગલ (દહ્યો) બળી જાય છે અને (કેવલજ્ઞાન કરિ) કેવળજ્ઞાનથી (સબ) ત્રણલોકમાં હોવાવાળા બધાં પાદાર્થોના ગુણ અને પર્યાયને (લખ્યો) પ્રત્યક્ષ જાણી લે છે અને ત્યારે (ભવિલોકકો) ભવ્ય જીવોને (શિવમગ) મોક્ષમાર્ગ (કહ્યો) બતાવે છે.

ભાવાર્થ :- આ સ્વરૂપાચરણ ચારિત્ર વખતે મુનિરાજ ઉપર પ્રમાણે વિચાર કરી જ્યારે આત્મામાં લીન થઇ જાય છે ત્યારે તેમને જે આનંદ હોય છે તે આનંદ ઇન્દ્ર, નાગેન્દ્ર, નરેન્દ્ર (ચક્રવર્તી) કે અહમિન્દ્ર (કલ્પાતીત દેવ)ને પણ હોતો નથી. આ સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થયા પછી સ્વદ્રવ્યમાં ઉગ્ર એકાગ્રતાથી-શુકલધ્યાનરૂપ અગ્નિ વડે ચાર * ઘાતિકર્મનો નાશ થાય છે અને અર્હંત અવસ્થાની પ્રાપ્તિ થાય

* ઘાતિકર્મ બે પ્રકારના છે-દ્રવ્યઘાતિકર્મ અને ભાવઘાતિકર્મ. તેમાં શુકલ ધ્યાનવડે શુદ્ધ અવસ્થા પ્રગટ થતાં ભાવઘાતિકર્મરૂપ અશુદ્ધ પર્યાય ઉત્પન્ન થતા નથી તે ભાવઘાતિકર્મનો નાશ છે અને તે જ સમયે દ્રવ્યઘાતિકર્મને સ્વયં અભાવ થાય છે તે દ્રવ્યઘાતિકર્મનો નાશ છે.

**છે તથા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે-જેમાં ત્રણ લોક અને ત્રણ કાળની સર્વે વાતો સ્પષ્ટ જાણે છે અને ભવ્ય જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે.**

## વીર સંવત ૨૪૯૨, ફાગણ વદ ૬, શનિવાર
## તા. ૧૨-૩-૧૯૬૬, શ્લોક–૧૧, ૧૨, ૧૩. પ્રવચન નંબર–૪૯

'છ ઢાળા'. છઠ્ઠી ઢાળા. એની ૧૧મી ગાથા છે. હિન્દીમાં ફેર હશે, નહિ ? હેં ? હિન્દીમાં ૧૧, ગુજરાતી ૧૧. જુઓ ! ૭ ગાથા સુધી કાલ થઈ હતી અને ૮-૯-૧૦ પહેલા થઈ ગઈ હતી. બીજું પદ. હતા ને ? એક દિવસ હતા કે નહિ ? રવિવાર અમાસ, અમાસને રવિવાર (હતી). કેમ સોમવારે એકમ હતી ને ? આ રવિવાર આવ્યા હતા ને પાછા ભાગી ગયા હતા ને ? ખબર પડે ને. બીજે દિ' નહોતા રહ્યા એટલે. સોમવારે એકમ હતી ને મંગળવારે બીજ હતી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના, ના. આ તો નહોતા રોકાણા એ અપેક્ષાએ યાદ રહી ગયું હોય એમ. કે, બીજ ઉપર આવ્યા હતા અને નહોતા રોકાણા, એમ. તે દિ' આ ચાલ્યું હતું પહેલું ૮-૯-૧૦. હવે અહીંયાં ૧૧ની એની સાથે સંધિ કરીને વાત કરે છે, જુઓ ! **'સ્વરૂપાચરણ-ચારિત્ર અને અરિહંત અવસ્થા'**

**યોં ચિન્ત્ય નિજમેં થિર ભયે, તિન અકથ જો આનંદ લહ્યો;**
**સો ઇન્દ્ર નાગ નરેન્દ્ર વા, અહમિન્દ્રકૈં નાહીં કહ્યો.**
**તબહી શુકલ ધ્યાનાગ્નિ કરિ, ચઉ ઘાતિવિધિ કાનન દહ્યો;**
**સબ લખ્યો કેવલજ્ઞાન કરિ, ભવિલોકકો શિવમગ કહ્યો. ૧૧.**

પહેલો **'યોં...'** શબ્દ પડ્યો છે. સ્વરૂપાચરણ ચારિત્રમાં આ પ્રમાણે વિચાર કરીને. એટલે શું એ ત્રણ ગાથામાં કહ્યું. છેલ્લું શું છે ? જુઓ ! કે, ધર્મી જીવ પ્રથમ આત્માનું

નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરીને આત્મા અખંડ આનંદ શુદ્ધ ચૈતન્ય વસ્તુ (છે), એની અંતર્મુખ દૃષ્ટિ કરી આત્માના જ્ઞાનના વેદન દ્વારા સ્વરૂપાચરણનો અંશ પ્રગટ કરી અને જે સમ્યગ્દર્શન થયું એ ભૂમિકાને ચોથું ગુણસ્થાન કહે છે. સમજાય છે કાંઈ ?

આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ ! એની પવિત્રતાની એકતામાં, એ પવિત્ર સ્વરૂપ નિજ ભગવાનઆત્મા, એની એકતામાં જે પવિત્રતાનો અંશ પ્રગટ થાય એ નિર્વિકલ્પ દશા છે. અંદરમાં ભેદ વિના (અર્થાત્) આત્મા જ્ઞાનગુણ ને આત્મા ધરનાર એવો ભેદ પણ પ્રથમ સમ્યગ્દર્શનના કાળમાં સ્વ આશ્રયમાં એ ભેદ હોતો નથી. અહીં વાત ઉપરની કરી છે. સમજાણું કાંઈ ?

અહીં ઉપરની વાત કરી છે. કે, જે ધ્યાન પછી શ્રાવકને દેશચારિત્ર અંશે પ્રગટ થાય, મુનિને છટ્ઠે સકળચારિત્ર પ્રગટ થાય. પછી સ્વરૂપમાં લીન થતાં સાતમા ગુણસ્થાનની વાત વિશેષ અહીં લીધી છે. જે ધ્યાનમાં એટલો મશગૂલ હોય છે... વિચાર કહે છે, અહીંયાં 'યોં ચિન્ત્ય' શબ્દ વાપર્યો છે. પહેલા વિચારણામાં એ હોય છે. શું ? કે,

મૈં સાધ્ય સાધક મૈં અબાધક, કર્મ અરુ તસુ ફલનિતૈં;
ચિત્પિંડ ચંડ અખંડ સુગુણકરંડ ચ્યુત પુનિ કલનિતૈં. ૧૦.

દસમી ગાથાના છેલ્લા બે પદ છે. હું એક સાધ્ય ને સાધક, એ અબાધક વિચાર પણ જ્યાં છૂટી જાય છે. હું સાધ્ય છું – સાધનારો અથવા સાધવા યોગ્ય વસ્તુ હું સાધક છું કે, આ વિઘનરૂપ બાધક છે, એ બધાં અબાધક અથવા બાધા રહિત છું. 'કર્મ અરુ તસુ ફલનિતૈં;...' કર્મ અને તેના ફળથી છૂટી જાય છે. એમ વિચાર અંદર કરે છે. 'ચિત્પિંડ ચંડ...' જ્ઞાન પિંડ ચંડ ઉગ્ર. એકલો જ્ઞાનનો ગોળો ભગવાન ચૈતન્ય સૂર્ય, એમાં 'અખંડ સુગુણકરંડ...' અખંડ સુગુણકરંડ (અર્થાત્) એકલા ગુણનો કરંડીયો આત્મા છે. ભગવાન જાણે શું કહે ? સમજાણું કાંઈ ?

ધર્મી જીવને સમ્યગ્દર્શનમાં પહેલું એવું પ્રગટ થાય છે. અહીં સાતમાં ગુણસ્થાનની વાત છે. અહીંયાં સાતમામાં ચિત્પિંડ – હું જ્ઞાનનો પિંડ ચૈતન્ય દરિયો છું, અંદર સ્વભાવ (છું). ચંડ – ઉગ્ર સ્વભાવથી ભરેલો. અખંડ જેમાં ખંડ નથી. સુગુણકરંડ–

એકલા અનંત ગુણ. જેવા સિદ્ધ ભગવાનને અનંતા ગુણો છે એ પર્યાયે પ્રગટ થઈ ગયેલા છે. ભગવાન સિદ્ધ પરમાત્માને (પ્રગટ થયા છે) એટલા જ ગુણો મારામાં સુગુણકરંડ – એ બધાં અનંત ગુણનો હું કરંડિયો–ભંડાર છું.

'ચ્યુત પુનિ કલનિતૈં...' હું અશુદ્ધભાવથી રહિત છું. અશુદ્ધ જે વિકલ્પ મલિન શુભાશુભ રાગ (થાય) એનાથી (રહિત) છું, મલિનથી રહિત છું. સ્વરૂપના પૂર્ણ ગુણથી અખંડ એકરૂપ છું. એવું જ્યાં ધ્યાન જામે ત્યારે એને વિકલ્પ છૂટી જાય છે. સપ્તમ ગુણસ્થાનનું સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થાય છે. સમજાણું કાંઈ ? જે મુનિને હોય છે. છઠ્ઠુ, સાતમું ગુણસ્થાન મુનિને અંદરમાં (હોય છે). સાચા મુનિ, એને મુનિ કહે છે ને ? બહારથી કાંઈ વેશ પહેરીને છોડ્યા કે નગ્ન થાય એ કાંઈ મુનિ (નથી).

અંતરમાં આનંદ સ્વરૂપનો સ્વાદ લઈ અતીન્દ્રિય આનંદ આત્મામાં અંદર પડ્યો છે, એનો સ્વાદ–અનુભવ લઈ અને આગળ ઉગ્રપણે આનંદના સ્વાદમાં સ્થિર થાય છે ત્યારે તેને સપ્તમ ગુણસ્થાન પ્રગટ થાય છે. વળી વિકલ્પ ઉઠે તો છઠ્ઠું ગુણસ્થાન આવે છે, એવું છઠ્ઠું-સાતમું હજારો વાર આવે છે. સમજાણું કાંઈ ? એનો છઠ્ઠાનો-સાતમાનો કાળ બહુ થોડો છે પણ વેદનમાં સપ્તમ આવતાં ઘણું અંતર થોડો કાળ આનંદનું વેદન થઈ જાય. છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ આવતા વળી પ્રમત્તભાવ થઈ જાય. એ હવે છોડીને અહીં એકલી અપ્રમત્ત દશા સાતિશય, આગળ વધવાની દશાનું વર્ણન કરે છે. કહો, સમજાણું ?

'યોં ચિન્ત્ય...' દેખો ! આવી ચિંતવના કરતા અંતરમાં દેહ, વાણી, મનની કે પુણ્ય-પાપની અશુદ્ધતા મારામાં છે જ નહિ. હું તો પૂર્ણ શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ છું, જેવા સિદ્ધ છે એવી જ મારી ચીજ અંદર વસ્તુ છે, એમ ધ્યાનમાં ધ્યાન પહેલા પહેલી વિચારણા કરતા 'યોં ચિન્ત્ય...' એ શબ્દ પડ્યો છે. એવી પહેલી વિચારણા કરે છે. પછી 'નિજમેં થિર ભયે,...' વિચારીને આત્મસ્વરૂપમાં લીન થતાં. સમજાણું કાંઈ ? એણે મોક્ષમાર્ગ, પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાન તો આત્માના વેદનથી પ્રગટ કર્યું હોય છે પછી મુનિ થાય છે, દ્રવ્યલિંગી બહારમાં નગ્ન મુનિ હોય છે. અંતરમાં ભાવ આનંદકંદની ઉગ્રતા ત્રણ કષાયના અભાવની વેદનમાં હોય છે. એ સકલવિરતિવાળો પણ આવા વિચાર કરીને જ્યારે (તેને પણ) છોડીને ધ્યાનમાં સ્થિર થાય છે ત્યારે

એની વાત છે. એ 'નિજમેં થિર ભયે,...'

મુમુક્ષુ :– ચિંતવન...

ઉત્તર :– એ ચિંતન એકાગ્ર થતાં છૂટી જાય. આમ લીન થતાં એ ચિંતવન વિકલ્પ (છૂટી જાય). અંતરમાં આનંદ આવતા વિકલ્પ છૂટી જાય. ચીઠ્ઠી વાંચી છે કે નહિ ? 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં આવે છે. સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ ધ્યાન. ભાઈ ! સમકિતીને પણ (ધ્યાન થાય છે). ચોથા ગુણસ્થાનમાં ગૃહસ્થાશ્રમમાં હોય. આહા..હા..! અહીં કોણ જાણે શું હશે ધર્મ ? સમજાણું કાંઈ ?

ધર્મ કાંઈ આ બહારની આ પ્રવૃત્તિ ને આ ને તે કાંઈ ધર્મ નથી. ધર્મ (તો) અંતર આનંદસ્વરૂપ ભગવાનઆત્મા વસ્તુ છે ને ? ચિદાનંદઘન ! દેહ પ્રમાણે શીતળ શીલા, શાંત શીલા આત્મા છે, અરૂપી. આ દેહ તો માટી છે, વાણી જડ છે, આઠ કર્મ છે એ માટી-ધૂળ છે, અંદર શુભ, અશુભ ને ભાવ થાય છે એ વિકાર છે. એ સિવાય આખું દળ ચૈતન્ય અરૂપી વિજ્ઞાનઘન, અનંત શીતળ, શીતળ શાંત શીલા, અવિકારી વીતરાગ સ્વભાવથી ભરેલો આત્મા અરૂપી છે પણ સ્વરૂપ છે એનું. અરૂપી છે પણ એનું સ્વરૂપ છે, અરૂપી એટલે અસ્વરૂપ છે એમ નહિ. અરૂપી એનું સ્વરૂપ છે. આ માટીના રંગ, ગંધ, રસ એ એનામાં નથી. એ અરૂપી ઘન ઘન અનંત ગુણનો વિજ્ઞાનઘન પિંડ, શીતળ શાંત ને અતીન્દ્રિય આનંદની આખી મૂર્તિ દેહ પ્રમાણે ભિન્ન છે. સમજાણું કાંઈ ?

એનું પ્રથમ ભાન થયામાં સમ્યગ્દર્શન થયા પછી જ્યારે મુનિ થાય છે સકલ વિરતિ–તદ્દન ત્યાગી, નગ્ન દશા, અંતરમાં આનંદની ઉગ્રતા (સહિત) એ જ્યારે ધ્યાનમાં સ્થિર થાય છે ત્યારની આ વાત કરે છે. પહેલા ઘણી વાત (આવી ગઈ છે), આ તો છેલ્લી ગાથા છે ને ? છેલ્લી ગાથા. જે ધ્યાનમાં પ્રમાણ નય, નિક્ષેપ પણ નહિ. આ નય છે, આ જ્ઞાન છે, એ જ્ઞાનને જાણનારો નય છે, આખી વસ્તુને જાણનારું પ્રમાણ(જ્ઞાન) છે એ પણ વિચાર જ્યાં નથી. એવા ધ્યાનમાં એ જામે (ત્યારે) જોડે મોટા હજાર બેંડ બાજા ભેગા થઈને વાગતા હોય (તો પણ) એને ખબર ન પડે. સમજાણું કાંઈ ?

એ 'નિજમેં થિર ભયે,...' જુઓ ! પોતાના સ્વરૂપમાં સ્થિર–લીન થતાં 'તિન અકથ

જો આનંદ લહ્યો;’ એ મુનિઓને કહીં ન શકાય એવો વચનથી પાર આનંદ થાય છે. એ આનંદનું શું કહે ? ભાઈ ! આ રાગ-દ્વેષનું દુઃખ છે. રાગ-દ્વેષ કરે છે એ દુઃખ છે. શુભાશુભ ભાવ જે થાય છે એ દુઃખ છે. એ દુઃખની રહિત દશા અંદર થઈ તો દુઃખ રહિત તે અતીન્દ્રિય આનંદ થયો. સમજાણું કાંઈ ? એ સસલાના શીંગડા જેવું નથી. અંદર અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે, એમ કહે છે. વસ્તુ છે કે નહિ ? વસ્તુમાં એકાગ્ર થતાં વસ્તુમાં ભરેલો અતીન્દ્રિય આનંદ (પ્રગટ થાય છે). આત્મા ત્રિકાળ નિત્યાનંદ આત્મા છે. ખબર ન મળે કે, આત્મા કેવો હશે ? આવો આત્મા હશે ?

નિત્યાનંદ આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે કહ્યો છે. કેવળજ્ઞાનીના જ્ઞાનમાં ત્રણકાળના જેટલા આત્માઓ જાણ્યા એ ભગવાને અંતરમાં, આત્માને આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન - શાંતિનો કંદ જોયો છે. સમજાણું કાંઈ ? પરમેશ્વર તીર્થંકરદેવ. એ અહીં કહેશે પછી, કેવળજ્ઞાનમાંથી માર્ગ બતાવશે એમ કહેશે. એ આત્માનું ભાન અંતરમાં સ્થિર થતાં એટલો આનંદ આવે કે અકથ્ય–વાણીમાં એ આનંદનું કથન થઈ શકે નહિ. સમજાણું કાંઈ ?

જગતની એક સાધારણ ઘી જેવી ચીજ સ્વાદમાં ખ્યાલ હોવા છતાં બીજા કોઈ પદાર્થ સાથે મિંઢવીને બતાવી શકે એવી તાકાત વાણીમાં છે નહિ. સમજાય છે કાંઈ ? ઘીનો સ્વાદ આવતા એ સ્વાદ કેવો છે (એ) ખ્યાલમાં હોવા છતાં કેવો કોની સાથે મિંઢવીને – મેળવીને એનું માપ–પ્રમાણ આપી શકાય એવી કોઈ ચીજ નથી, એવી વાણી નથી. તો ભગવાનઆત્મા એની અંતર દશામાં અનુભવ દૃષ્ટિમાં પડતા જે આનંદ આવે (એ) અકથ્ય છે. શું હશે આ ? આ કષાય થાય છે ત્યારે આખા શરીરમાં આમ તાપ તાપ આકૂળતા જાણે થાતી હોય ! રોમાંચ (રૂપાવડાં ઊભા) થઈ જાય ને ? આમ આકૂળતા, આકૂળતા (થાય). મને ક્યાંય હખ (–સરખું) નથી, હોં ! એવી પ્રતિકૂળતા થાય ને ? મને ક્યાંય હખ નથી, મને ક્યાંય શાંતિ નથી એમ નથી કહેતા ? મને અંદર બળે છે, તેલની જેમ બળે છે. એ શું બળતરા છે ? એ રાગ-દ્વેષની આકૂળતા છે. એ આકૂળતા વિનાની અંદર દશા થાય તેને આનંદ દશા કહે છે. સમજાણું કાંઈ ? એ આનંદ અકથ્ય – કહી ન શકાય એવા વચનથી પાર ‘આનંદ લહ્યો,’ આનંદ

લહ્યો નામ આમ થાય છે.

'તે આનંદ ઇન્દ્રને, નાગેન્દ્રને, (નરેન્દ્રને), ચક્રવર્તીને કે અહમિન્દ્રને (નવ ગ્રૈવેયકના) કહેવામાં આવ્યો નથી...' એટલે કે, એને હોઈ શકતો નથી. સમજાણું કાંઈ ? એ અતીન્દ્રિય આનંદનું કથન નાગેન્દ્ર, નરેન્દ્રને પણ હોઈ શકે એ વસ્તુની ખબર નથી અથવા એને હોઈ શકતો નથી. સમ્યગ્દર્શનનો અંશે છે એની વાત નથી, આ તો ઉત્કૃષ્ટ .. વાત છે. ચક્રવર્તીને છન્નું હજાર સ્ત્રીમાં પણ એ આનંદ નથી. દેવને કરોડો અપસરામાં પણ એ આનંદ નથી.

'તે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થાય છે...' હવે આગળ લઈ જાય છે. 'ત્યારે જ (શુકલ ધ્યાનાગ્નિ કરિ) શુકલધ્યારૂપી અગ્નિ વડે...' અંતરમાં શુકલ નામ ઉજળી એકાગ્રતા, ઉજળી એકાગ્રતા (થાય). ઉજળી કહે છે ને ? સ્વચ્છ કહે તમારે ? શું કહે ઉજળીને ? ઉજ્જવલ. શુક્લ. શુદ્ધ ચૈતન્ય પિંડ આખો, એની અંદર નિર્મળ ધ્યાન ધારા, નિર્મળ ધ્યાન ધારા એકાગ્ર થાય એને શુકલધ્યાન કહે છે. સમજાણું કાંઈ ? એ 'શુકલ ધ્યાનરૂપી અગ્નિ વડે (ચઉ ઘાતિવિધિ કાનન) ચાર ઘાતિકર્મોરૂપી (કાનન) જંગલ...' જંગલ, મોટું જંગલ તેને બળી જાય છે. ઘાતિથી–દ્રવ્યઘાતિથી વાત કરી છે પણ ભાવઘાતિ પણ એમાં આવી ગયું. પોતાના શુદ્ધ સ્વરૂપમાં ખુબ લીન થતાં અશુદ્ધતાના ભાવનો નાશ થયો એ ભાવઘાતિનો નાશ થયો. અશુદ્ધતાનો નાશ થયો; એ કર્મનો નાથ થયો; એ જડઘાતિનો નાશ એને કારણે થયો છે.

એને ચાર ઘાતિ બળી જાય છે 'અને કેવળજ્ઞાનથી (ત્રણકાળ) ત્રણલોકમાં...' લ્યો ! ભાષા તો પહેલી ઇ આવી. જુઓ ! ચહુ ઘાતિ બળે છે. કથનની શૈલી શું કહેવી ? કેવળજ્ઞાન વડે ત્રણકાળ, 'ત્રણલોકમાં હોવાવાળા બધાં પદાર્થોના...' ત્રણકાળ, ત્રણલોક અને અલોક એમ લઈ લેવું. 'બધાં પદાર્થોના ગુણ...' એની અવસ્થા 'પ્રત્યક્ષ જાણી લે છે...' લ્યો ! એને અરિહંત અવસ્થા કહે છે.

પહેલેથી ઉપાડીને ઉપાડ્યું. પહેલું દુઃખની દશાથી ઉપાડ્યું હતું. પહેલું ઉપાડ્યું છે ને ? પહેલી ઢાળમાં. આવા આવા દુઃખ સહન કર્યા, આવા દુઃખ સહન કર્યા. હવે આનંદ સુધી લઈ ગયા. એ બધાં દુઃખનો નાશ કરી અને જેણે અતીન્દ્રિય આનંદ કેવળજ્ઞાનમાં પ્રગટ કર્યો. કહો, સમજાણું કાંઈ ? 'ત્યારે... એ પ્રત્યક્ષ જાણી લે છે

અને ત્યારે (ભવિલોકકો શિવમગ કહ્યો) ભવ્ય જીવોને...' પાત્ર જીવ હતા એને માટે કહે છે કે, 'મોક્ષમાર્ગ બતાવે છે.' ઇ તો વાણી સહજ નીકળે છે પણ પાત્ર જીવને માટે મોક્ષમાર્ગ અરિહંત ભગવાન કેવળજ્ઞાન થયા પછી વાણી દ્વારા બતાવે છે એમ કહેવામાં આવે છે.

ભાવાર્થ :- 'આ સ્વરૂપાચરણ ચારિત્ર વખતે...' વિપરીત આચરણ એ વિભાવ આચરણ, વિકાર આચરણ (છે), આ સ્વરૂપાચરણ એટલે અવિકારી આચરણ. સમજાણું કે નહિ ? વિકારી શુભાશુભ પરિણામ એ વિભાવ આચરણ (છે), આ સ્વરૂપાચરણ (છો). ચોથા ગુણસ્થાનથી સ્વાનુભૂત્યા આવરણનો અભાવ થતો, ચોથા ગુણસ્થાનથી સ્વાનુભૂત્યા આવરણનો ક્ષયોપશમ થતાં, અહીં પોતાની ઉઘાડ દશા પ્રગટ થતાં અનુભૂતિમાં આનંદનો અંશ સ્વાનુભૂતિ પ્રગટે છે. સમજાણું કાંઈ ? એ સ્વાનુભૂતિની ઉગ્રતા પૂર્ણ અશુદ્ધતા ટળીને ઘાતિનો નાશ થયો. પૂર્ણ અનુભૂતિ થઈ ગઈ. આત્માની પૂર્ણ અનુભૂતિ (થઈ). એનું નામ કેવળજ્ઞાન કહેવાય.

એવા આચરણ 'વખતે મુનિરાજ ઉપર પ્રમાણે વિચાર કરી,...' ઉપર પ્રમાણે એટલે આ ત્રણ ગાથાઓ કીધી ને ? ૮-૯ ને ૧૦. 'યોં ચિન્ત્ય...' શબ્દ છે ને ? 'જ્યારે આત્મામાં લીન થઈ જાય છે ત્યારે તેમને જે આનંદ હોય છે તે આનંદ ઇન્દ્ર, નાગેન્દ્ર, નરેન્દ્ર કે અહમિન્દ્ર (કલ્પાતીત દેવ)ને પણ હોતો નથી.' સંસારના વિષયમાં સુખમય આનંદ હોતો નથી. કેટલાકને તો એવું લાગે કે, આ બધું આવું આત્માનું આવું સ્વરૂપ હશે ? આવું વર્ણન તે શું હશે આ ?

મુમુક્ષુ :- નમૂનો બતાવીને માલ....

ઉત્તર :- ઠીક ! એ તો પહેલું કહ્યું હમણાં, 'સ્વાનુભૂત્યાનું'. આવરણ ટળતા અંતર અનુભૂતિ થાય એ એનો નમૂનો (છે). એ તો પહેલું કહ્યું. કોણ કરે ? તો કહે છે કોણ નમૂનો બતાવે ? ભાઈ ! એમ કે નમૂનો બતાવીને આવડી મોટી વાત (કરવી) ? કીધું પહેલી તો વાત કરી હતી. ભગવાનઆત્મા જ્યારે... જ્યારે... જ્યારે... સ્વમાં આવે ત્યારે અનુભૂતિ એને થાય. લાખ વાતની વાત, ગમે એટલું ભણ્યો હોય ને ગમે એટલું શીખ્યો હોય ને ગમે એટલા વ્રતાદિ પાળ્યા હોય ને કષાયની મંદતા કરી હોય ને લાખ વાત કરી હોય બધી, સ્વ ચૈતન્યમાં એકાગ્ર થઈને અનુભૂતિમાં

આત્માના આનંદનું વેદન અને વીર્યાંતરાયનો તેટલો ક્ષયોપશમ, સ્વાનુભૂતિના આવરણનો ક્ષયોપશમ,... સમજાય છે ? એટલો અનુભવના વેદનમાં પહેલો એનો નમૂનો આવે. સમજાણું કાંઈ ? પહેલો નમૂનો બતાવ્યા વિના આ બધું ? એમ કહે છે ઇ. કોણ બતાવે ? શું હશે ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, તો કીધું ને ! પહેલેથી શરૂઆત તો કરી હતી. પણ ઓલાને ચાખ્યા વિના એને સ્વાદની શી ખબર પડે ? સ્વાદ તો એ ચાખે ત્યારે એને ખબર પડે ને કે, આવો સ્વાદ આ લે છે. આવો સ્વાદ આ લે છે એ ખબર કોને પડે ? એ સ્વાદ પોતે જાણે એને ખબર હોય કે આવો સ્વાદ મને આવે એવો આને સ્વાદ આવે. કે પેલાનો સ્વાદ જાણીને અહીં સ્વાદ આવી જાય ? એમ કે, લોચો પોતે ખાય ને પેલાને (સ્વાદ આવી જાય) ? આહા..હા..!

એ ચૈતન્ય સત્તા ભગવાન અનંત ગુણનો પિંડ (છે). બધાં વિકલ્પોની રુચિ અને પરનો આશ્રય છોડી પહેલો જ ભગવાનના ભંડારના ખજાનાને ઓળખે. ઇ ઓળખે કોણ ? બીજો કોઈ ઓળખાવી દે ? લ્યો !

મુમુક્ષુ :– જેને ભોગવટો આવી ગયો છે એને તો સહેલું થઈ ગયું છે પણ અમારા જેવાને ?

ઉત્તર :– પણ એ જ કહે છે ને ? એણે આમ કરવું. એમ કહે છે. એણે એમ કરવું. એણે બહિર્મુખની વૃત્તિને છોડી અંતર્મુખમાં જવું. આ એનો પ્રયોગ અને યોગ ને અજમાયશ છે. તેથી તો કહ્યું 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ ફંદ આતમ ધ્યાવો' પોતે ત્યાં પહેલું કહી ગયા. 'પરદ્રવ્યસે ભિન્ન આત્મરુચિ ભલા હૈ' આવ્યું હતું ને અંદર ? એમાં ઇ કહ્યું હતું ત્યાં. રુચિ કોણ છોડે પણ ? બીજો કહે એ છોડે ?

શુદ્ધ સ્વરૂપ પૂર્ણ આનંદ અને અનંત ગુણનો પિંડ છે એ પહેલી એના ખ્યાલમાં પ્રતીતિરૂપે શ્રદ્ધા યથાર્થ થવી જોઈએ. એ શ્રદ્ધા થયા પછી વિકલ્પ તોડીને અંદરમાં સ્વરૂપમાં સ્થિર થવું. ૧૪૪ (ગાથામાં) આવે છે ને ? જ્ઞાન સ્વરૂપ આત્મા છે, આનંદ

સ્વરૂપ આત્મા છે એનો પહેલો વિકલ્પ દ્વારા નિર્ણય કરવો. પછી એ વિકલ્પ તોડીને મતિજ્ઞાનના ભાવને અંદર સ્થાપવું અને સુખને અંદર... ભાઈ ! આવે છે ? સમજાણું કાંઈ ? ('સમયસાર') ૧૪૪. આહા..હા..! એ ક્રિયા કર્તાને કરવાની છે કે કોને કરવાની છે ? એ માથે (ઉપર) આવી ગયું છે. એમાં આવ્યું ગયું હતું કે નહિ ? પેલામાં આવ્યું હતું. નવમામાં આવ્યું હતું.

ચિદ્ભાવ કર્મ, ચિદેશ કરતા, ચેતના કિરિયા તહાં.

તીનોં અભિન્ન અખિન્ન શુધ ઉપયોગકી નિશ્ચલ દશા;

નવમામાં આવી ગયું. એ તે દિ' આવી ગયું હતું. તમે હતા ત્યારે નહોતું આવ્યું ? છે ?

જહં ધ્યાન-ધ્યાતા-ધ્યેયકો ન વિકલ્પ, વચ ભેદ ન જહાં;

ચિદ્ભાવ કર્મ, ચિદેશ કરતા, ચેતના કિરિયા તહાં.

નવમો શ્લોક, નવમો. તમને કાઢતા વાર લાગી. 'ચિદ્ભાવ કર્મ,...' ત્યાં જ્ઞાનની નિર્મળતારૂપી પરિણામ જ પોતાનું કાર્ય છે. ભાઈ ! પુણ્યના વિકલ્પનું કાર્ય અને આત્મા કર્તા એ અંતર અનુભવમાં હોતું નથી. 'ચિદ્ભાવ કર્મ,...' કર્મ નામ કાર્ય, કાર્ય નામ કર્તૃત્વ. એનું કર્તૃત્વ–ચિદ્ભાવનું કાર્ય તે જ કર્તૃત્વ છે. 'ચિદેશ કરતા...' ભગવાન જ્ઞાનનો ઈશ, ભગવાન એનો કર્તા છે, બીજો કોઈ કર્તા છે નહિ. કોણ કર્તા ? એનો વિકલ્પ કર્તા નથી (તો) બીજો કર્તા ક્યાંથી લાવવો ? સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા પોતે કર્તા ચિદ્સ્વરૂપ જ્ઞાન, ચિદેશ ચિદ્–જ્ઞાનનો ઇશ્વર ભગવાન અને જ્ઞાનની નિર્મળ, નિર્મળ નિર્વિકારી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદ આદિ પર્યાય એ ચિદ્ભાવ, એ એનું કાર્ય છે. આનંદનો અંશ, શાંતિનો અંશ પ્રગટ્યો એ એનું કર્મ–કાર્ય છે.

'ચેતના કિરિયા તહાં.' એ ચેતનાની ત્યાં ક્રિયા છે, રાગની ક્રિયા નથી. એકલો ચૈતન્ય ઘોળાઈને સ્થિરતાની ક્રિયા કરે છે એવા ત્રણ પણ 'તીનોં અભિન્ન...' ત્રણ પણ ભેદ નહિ ત્યાં. 'અખિન્ન શુધ ઉપયોગકી નિશ્ચલ દશા;...' કહો, સમજાણું કાંઈ ? એક સેકન્ડનો કેટલામો ભાગ કીધો હતો ? હજારમોં કીધો ને ? પછી ઘણાં વિચાર થયા. પાછળ વિપળ ને પળનું આવે છે કે નહિ ? ભાઈ ! શું (છે ઇ) ? પળ મોટી

કે વિપળ ? પળ મોટી. વિપળ નાની. સાંઈઠ વિપળની એક પળ, સાંઈઠ પળનો એક સેકન્ડ, સાંઈઠ સેકન્ડની એક મિનિટ. એટલે એક સેકન્ડનો છત્રીસમો ભાગ, છત્રીસમો ભાગ વિપળ થઈ. છત્રીસમો, છત્રીસસોમો ભાગ થયો ને ? છત્રીસસો, જેનો હજારમો ભાગ કહેતા હતા ને તમે ? સવારમાં નહિ ? સેકન્ડનો હજારમો ભાગ. પણ અહીં સુધીની વાત તો નિશાળે શીખ્યા હતા ત્યારે હતી. એક સેકન્ડનો સાંઈઠમો ભાગ તો પળ અને એનો સાંઈઠમો ભાગ વિપળ એટલે છત્રીસોમો ભાગ. નિશાળમાં ચાલતું હતું. એટલે કોઈ (કહેતું હતું), હજારમો ભાગ પકડી શક્યો છે. યંત્ર હશે, આમ પકડે શું અંદર ? અહીં તો પણ એ નિશાળમાં પહેલું આમ ચાલતું. એ આમ પકડી શકે એટલે કે આ આત્માનો ભાગ છે એમ પકડવા ક્યાં જાય ? પણ એના ખ્યાલમાં લઈ લે કદાચિત્ કે, આટલામો ભાગ આ હોય, હોવો જોઈએ. એ વિપળ એક સેકન્ડનો છત્રીસોમો ભાગ. ઓહો..હો..! સમજાણું કાંઈ ? એમાંય અનુભૂતિનો કાળ થોડો. છઠ્ઠા ગુણસ્થાનનો કાળ ઘણો થોડો (અને) સાતમાનો તો એનાથી (છઠ્ઠાથી પણ) અડધો.

કહે છે કે, જ્યાં એકલું અખિન્ન – ખેદ નહિ ને અભિન્ન એકરૂપ વર્તે છે. સમજાણું કાંઈ ? એવી દશામાં આનંદ ઇન્દ્ર, નાગેન્દ્ર, નરેન્દ્ર, અહમિન્દ્ર દેવને પણ હોતો નથી. ભલે થોડો કાળ (આવે) પણ વસ્તુનો ભાસ છે ને એમાં ? સમજાણું કાંઈ ?

'આ સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થયા પછી સ્વદ્રવ્યમાં ઉગ્ર એકાગ્રતાથી-શુકલધ્યાનરૂપ અગ્નિ વડે...' આગળ વધતો ને ? આગળ વધ્યો. 'ચાર *ઘાતિકર્મનો નાશ થાય છે...' નીચે ખુલાસો કર્યો છે, જુઓ ! 'ઘાતિકર્મ બે પ્રકારના છે - દ્રવ્યઘાતિકર્મ અને ભાવઘાતિકર્મ, તેમાં શુકલ ધ્યાનવડે શુદ્ધ અવસ્થા પ્રગટ થતાં ભાવઘાતિકર્મરૂપ અશુદ્ધ પર્યાય ઉત્પન્ન થતા નથી...' ઉત્પન્ન થતી નથી અને નાશ થઈ એમ કહેવામાં આવે છે. શું કહ્યું ? શું કહ્યું ? શુકલ ધ્યાનની શુદ્ધતાની પર્યાય પ્રગટ થતાં અશુદ્ધતા–ભાવઘાતિની જે અશુદ્ધતા છે એ ઉત્પન્ન થતી નથી તેને ભાવઘાતિકર્મ નાશ કર્યો એમ કહેવામાં આવે છે. ભાઈ ! મૂંઝાય છે, ભાઈ ! પૂછે ત્યારે શું હશે (એમ મૂંઝાય છે). આ તો કીધાંનું પૂછ્યું હતું.

અહીં ભાવઘાતિનો નાશ શબ્દ કીધો ને ? તો નાશની વ્યાખ્યા આ. નાશ એટલે શું ? આ અશુદ્ધતા છે એનો નાશ કરું, એમ છે ? અને આ ઘાતિ કર્મ આ જડ

છે એને નાશ કરું, એમ છે ? એ સ્વરૂપમાં શુદ્ધતામાં લીન... લીન... લીન... ઉગ્રમાં એકાકાર ધોળી ઉજ્જવળ એકાકાર થઈ અશુદ્ધતા ઉત્પન્ન ન થઈ. ભાવઘાતિની અશુદ્ધતા ઉત્પન્ન ન થઈ. એણે ભાવઘાતિકર્મનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે.

રાગના નાશનો પણ કર્તા આત્મા નથી. આવ્યું નથી ? અશુદ્ધતાના ભાવનો નાશકર્તા એ આત્માના નામ નથી. અહીં તો ઘાતિકર્મનો–જડનો નાશ કર્યો (એમ કહ્યું). લ્યો ! અહીં તો કીધું ઘાતિકર્મનો નાશ કર્યો. પેલામાં કીધું કે, આત્મા રાગનો નાશ કરે પરમાર્થે એવું આત્મામાં છે જ નહિ. રાગના નાશનું કર્તાપણું આત્મામાં નથી. નાશનું કર્તાપણું નથી. આહા..! હવે આ અર્થને સમજે નહિ અને (કહે), અહીં કર્યું જુઓ ! ઘાતિનો નાશ કર્યો કે નહિ ? ફલાણાનો કર્યો કે નહિ ? આ ભગવાનનું વચન છે કે નહિ ? (એમ કહે). પણ ભગવાનનું વચન કઈ અપેક્ષાનું ? તો આ (પણ) ભગવાનનું વચન છે કે નહિ ? 'કુંદકુંદાચાર્ય' કહે છે કે, અશુદ્ધતાનો નાશ એનો આત્મા કર્તા એ નામ માત્ર આત્મામાં છે. પરમાર્થે અશુદ્ધતાના નાશનું કર્તાપણું આત્મામાં નથી. અશુદ્ધતાના નાશનું કર્તાપણું આત્મામાં નથી તો વળી ઘાતિકર્મના નાશનું આત્મામાં કર્તાપણું હોય ક્યાંથી ? સમજાણું કે નહિ ?

શબ્દ તો એમ લીધો જુઓ ! 'ચઉ ઘાતિવિધિ કાનન દહ્યો;...' ટૂંકું લખે તો શું લખે ? સમજાણું ? ભાવઘાતિકર્મ–અશુદ્ધ પર્યાય ઉત્પન્ન થતાં નથી એને ભાવઘાતિકર્મ શુકલ ધ્યાન વડે નાશ કર્યો એમ કહેવામાં આવે છે. 'અને તે જ સમયે દ્રવ્યઘાતિકર્મને સ્વયં અભાવ થાય છે...' એ તો એની મેળે થાય છે. છતાં અહીં નાશ થતાં પેલું ભાવ અશુદ્ધતાનું નિમિત્તપણું એનું હતું, એટલે એણે નાશ કર્યો એમ વ્યવહારથી કહેવામાં (આવે છે). અસદ્ભુત વ્યવહારનય. 'તે દ્રવ્યઘાતિકર્મનો નાશ છે.' કહો ! 'અને અર્હંત અવસ્થાની પ્રાપ્તિ થાય છે તથા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે...' એ અર્હંત અવસ્થાની પ્રાપ્તિ છે. 'જેમાં ત્રણલોક અને ત્રણકાળની સર્વે વાતો (એટલે સર્વ ભાવો) સ્પષ્ટ જાણે છે અને ભવ્ય જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે.' લ્યો ! ભવ્ય જીવને મોક્ષનો માર્ગ કહે છે. એ ૧૧મી (ગાથા પૂરી) થઈ. ભવ્ય જીવ મોક્ષનો માર્ગ ભગવાન કહે ત્યાં લાવ્યા. સર્વજ્ઞ પરમેશ્વર મોક્ષનો માર્ગ કહે છે. વાણી દ્વારા કહે છે એ પણ નિમિત્તનું કથન છે.

## સિદ્ધ અવસ્થા (સિદ્ધ પરમાત્મા)નું વર્ણન

પુનિ ઘાતિ શેષ અઘાતિ વિધિ, છિનમાહિં અષ્ટમ ભૂ વસૈં;
વસુ કર્મ વિનસૈં સુગુણ વસુ, સમ્યક્ત્વ આદિક સબ લસૈં.
સંસાર ખાર અપાર પારાવાર તરિ તીરહિં ગયે;
અવિકાર અકલ અરૂપ શુચિ, ચિદ્રૂપ અવિનાશી ભયે. ૧૨.

અન્વયાર્થ :– (પુનિ) કેવળજ્ઞાન પામ્યા પછી (શેષ) બાકીના ચાર (અઘાતિ વિધિ) અઘાતિયા કર્મોનો (ઘાતિ) નાશ કરીને (છિનમાહિં) ક્ષણમાં [એક સમયમાં] (અષ્ટમ ભૂ) આઠમી પૃથ્વી-ઇષત્ પ્રાગ્ભાર-મોક્ષ ક્ષેત્રમાં (વસૈં) નિવાસ કરે છે, ત્યાં તેમને (વસુ કર્મ) આઠ કર્મોના (વિનસૈં) નાશ થવાથી (સમ્યક્ત્વ આદિક) સમ્યક્ત્વ વગેરે (સબ) બધા (વસુ સુગુણ) આઠ મુખ્ય ગુણો (લસૈં) શોભાયમાન થાય છે; [આવા સિદ્ધ થનાર મુક્તાત્મા] (સંસાર ખાર અપાર પારાવાર) સંસારરૂપી ખારા અને અગાધ સમુદ્રને (તરિ) તરીને (તીરહિં) બીજા કિનારાને (ગયે) પ્રાપ્ત થાય છે અને (અવિકાર) વિકારરહિત, (અકલ) શરીરરહિત, (અરૂપ) રૂપરહિત (શુચિ) શુદ્ધ-નિર્દોષ (ચિદ્રૂપ) દર્શન-જ્ઞાન-ચેતનાસ્વરૂપ તથા (અવિનાશી) નિત્ય-કાયમી (ભયે) થાય છે.

ભાવાર્થ :– અરિહંત અવસ્થા અથવા કેવળજ્ઞાન પામ્યા પછી તે જીવને પણ જે જે ગુણોના પર્યાયોમાં અશુદ્ધતા હોય છે તેનો ક્રમે ક્રમે અભાવ થઇ ને તે જીવ પૂર્ણ શુદ્ધ દશાને પામે છે અને તે સમયે અસિદ્ધત્વ નામના પોતાના ઉદયભાવનો નાશ થાય છે અને ચાર અઘાતિ કર્મોનો પણ સ્વયં સર્વથા અભાવ થાય છે. તે સિદ્ધદશામાં સમ્યક્ત્વ આદિ આઠ ગુણો (ગુણોના નિર્મળ પર્યાયો) પ્રગટ થાય છે. આઠ વ્યવહારથી કહ્યા છે, નિશ્ચયથી અનંત ગુણો (સર્વ ગુણોના પર્યાયો) શુદ્ધ થાય છે, અને સ્વાભાવિક ઊર્ધ્વગમનના કારણે એક સમય માત્રમાં લોકાગ્રે પહોંચી જઇ ત્યાં જ સ્થિર રહે છે. એવા જીવો સંસારરૂપી દુઃખદાયી અને અગાધ સમુદ્રથી પાર થયેલ છે; તથા તે જ જીવ નિર્વિકારી, અશરીરી, અમૂર્તિક, શુદ્ધ ચૈતન્યરૂપ અને અવિનાશી થઇને સિદ્ધદશાને પામ્યા છે.

હવે 'સિદ્ધ અવસ્થા (સિદ્ધ પરમાત્માનું) વર્ણન.' હવે અર્હંતથી સિદ્ધ થયા.

પુનિ ઘાતિ શેષ અઘાતિ વિધિ, છિનમાહિં અષ્ટમ ભૂ વસૈં;
વસુ કર્મ વિનસૈં સુગુણ વસુ, સમ્યક્ત્વ આદિક સબ લસૈં.
સંસાર ખાર અપાર પારાવાર તરિ તીરહિં ગયે;
અવિકાર અકલ અરૂપ શુચિ, ચિદ્રૂપ અવિનાશી ભયે. ૧૨.

ભાષા ભારે લીધી છે, જોયું ? એ પણ કવિ છે, હોં ! કવિ છે એમ નહિ કે જરી આમ થાય છે, ગોઠવે છે, જોયું ?

અન્વયાર્થ :- '(પુનિ) કેવળજ્ઞાન પામ્યા પછી...' એમ કેવળજ્ઞાન પામ્યા પછી 'પુનિ' છે ને ? 'બાકીના ચાર અઘાતિયા કર્મોનો નાશ કરીને...' લ્યો ! એ પણ અઘાતિયાનો નાશ કર્યો. એ ભગવાને અઘાતિ કર્મનો નાશ કર્યો એની મેળે સમજી લેવું. અસિદ્ધભાવનો નાશ થતાં, આત્મા સિદ્ધ પર્યાયની ઉત્પત્તિ થતાં અસિદ્ધ પર્યાયનો, અસિદ્ધ છે ને ઉદયભાવ ? નાશ થયો ત્યારે ચાર અઘાતિ પણ નાશ થયા એમ કહેવાય છે, ભાઈ ! શું થાય ? લ્યો ! આમાંથી (લોકો) કાઢે, એ... આમાં લખ્યું, આમાં લખ્યું. પણ આ લખ્યું એ પહેલું નક્કી કરે છે કે નહિ ? સમજ મેં આયા ?

વસ્તુમાં સ્વભાવની એકાગ્ર થતાં અશુદ્ધતા ઉત્પન્ન ન થાય એને નાશ કર્યું એમ વ્યવહારે કહેવામાં આવે છે. અને કર્મ તો એને કારણે એ નાશ થવાને લાયકને યોગ્ય જ હતું તે એને કારણે વ્યય થઈ ગયું. એને આ ભગવાનઆત્માએ નાશ કર્યું એવા કથનો વ્યવહારથી કહેવામાં આવે છે. જુઓ ! આમાં લખ્યું છે, જુઓ ! તમે 'છ ઢાળા' 'દૌલતરામજી' એમ કહે છે.

કહે છે 'અઘાતિયા કર્મોનો નાશ કરી (છિનમાહિં)...' થોડા સમયમાં. થોડા સમયમાં એટલે એક સમયમાં. સિદ્ધ થાય છે ને ? '(અષ્ટમ ભૂ) આઠમી પૃથ્વી-ઇષત્ પ્રાગ્ભાર-મોક્ષ ક્ષેત્રમાં નિવાસ કરે છે,...' લ્યો ! અહીં તો નિવાસ કરે છે, એમ લખ્યું છે. સિદ્ધ ત્યાં છે, નિવાસ કરે છે. ધર્માસ્તિકાય આગળ નથી માટે આગળ જાતા નથી (એમ નથી), નિવાસ જ એનો ત્યાં છે એમ કહે છે. આવ્યું કે નહિ એમાં ? એ નિવાસ

જ ત્યાં છે એમનો. નિશ્ચયથી પોતાના આત્માના સ્વરૂપમાં નિવાસ છે. સમજાણું ? વ્યવહારથી આઠમી પૃથ્વી મોક્ષ ક્ષેત્રમાં નિવાસ (કરે છે). એ વ્યવહાર છે. ત્યારે પેલા કહે, નહિ, ધર્માસ્તિ નથી માટે આગળ જતા નથી. એટલે (એનો અર્થ) સાદિ અનંતકાળ પરાધીન છે. અહીં તો કહે છે વસે છે ત્યાં એ વ્યવહાર છે. પોતાના અસંખ્ય પ્રદેશના અતીન્દ્રિય આનંદમાં વસવું એ વાસ્તવિકતા છે. પરક્ષેત્રે વસે એમ કહેવું એ ઉપચારીત કથન છે.

'ત્યાં તેમને (વસુ) આઠ કર્મોના નાશ થવાથી સમ્યક્ત્વ વગેરે...' ... 'બધાં (વસુ સુગુણ) આઠ મુખ્ય ગુણો શોભાયમાન થાય છે;...' એનો થોડો ખુલાસો ભાવાર્થમાં કરશે. વ્યવહારથી છે ને આ આઠ ? નિશ્ચયથી .. આઠ ગુણો શોભાયમાન થાય છે. '(લસૈં)...' ઇ પર્યાયની દશા આઠ ગુણ પ્રગટી તેથી આત્મા શોભાયમાન થાય. એ ગુણની પર્યાય નહોતી ત્યારે અશોભાયમાન હતો. એ નિર્મળ દશા ભગવાનને પ્રગટી (એનાથી) શોભાયમાન (થયા), એ એની શોભા (છે). એ ગુણની નિર્મળ દશા પ્રગટ થઈ એ એની શોભા (છે).

'(આવા સિદ્ધ થનાર મુક્તાત્મામાં) (સંસાર ખાર અપાર પારાવાર) સંસારરૂપી ખારા અને અગાધ સમુદ્રને...' આ દરિયો ખારો છે ખરો ને ? લવણ. એની ઉપમા આપી છે. આ દરિયો છે ને ? સંસારરૂપી ખારો દરિયો, અસિદ્ધભાવ બધો ખારો દરિયો (છે). કહો ! પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ વિકાર ખારો દરિયો છે, કહે છે. સમજાણું કાંઈ ?

આત્મા આનંદનો દરિયો (છે), એ વિકાર તે ખારો દરિયો (છે). ઉદય ભાવ સંસાર છે ને ? એવા 'સંસારરૂપી ખારા અને અગાધ સમુદ્રને તરીને,...' 'અગાધ સમુદ્રને તરીને...' અપાર છે ને ? અગાધ.. આહા..હા..! ઉદયથાવ અગાધ. દુઃખ દશા. એવા દરિયાને તરીને '(તીરહિં) બીજા કિનારાને પ્રાપ્ત થાય છે...' સિદ્ધની પર્યાય પ્રગટ કરે છે. આ પર્યાય પૂરી થઈ ગઈ. સિદ્ધની પર્યાય (પ્રગટ થઈ). ઉદયભાવનો પૂર્ણ નાદ, ઉદય અસ્તિત્વ ભાવનો પૂર્ણ નાશ. બીજી દશાની ઉત્પત્તિ – બીજે કિનારે આવી પહોંચ્યા. સમજાણું ? સંસાર કિનારો ઓળંગી પોતાની નિર્મળ સિદ્ધ પર્યાયના કિનારે પહોંચી ગયા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અપાર એ પારાવાર દરિયો. અપાર, અગાધ. શું કીધું ? પારાવાર એટલે સમુદ્ર, અગાધ એટલે અગાધ કીધું ને ? અપાર એટલે અગાધ. ઉપમા આપી અગાધ પારાવાર. સંસાર અગાધ કેવો ? ખાર. છે ને ? એમાં શબ્દાર્થ લખ્યો છે જુઓ ! છે કે નહિ ? '(સંસાર ખાર) સંસારરૂપી ખારા...' શબ્દ છે ને ? શબ્દ પડ્યો છે એમાં. અપાર એટલે અગાધ. પારાવાર એટલે સમુદ્ર. એમાં દરેક શબ્દનો અર્થ છે. છે કે નહિ ? ભાઈ !

મુમુક્ષુ :– પારાવાર ..

ઉત્તર :– પારાવાર જ દરિયાનું નામ છે. કેમ પંડિતજી ? લ્યો ! વળી અમારા પંડિતને પૂછ્યું ને. પારાવાર અહીં લખ્યું છે ને ! હું તો અહીં ક્યાં... એણે લખ્યું છે ઉપરથી તો (કહું છું). પારાવાર નામ દરિયો. ઇ તો આપણે આવે છે કે નહિ ? આમાં 'પ્રવચનસાર'માં આવે છે કે નહિ ? લ્યો ! 'કુંદકુંદાચાર્ય'માં. 'કુંદકુંદાચાર્ય' નહિ ? 'પારાવાર' શબ્દ છે એમાં. જુઓ ! ('પ્રવચનસાર'માં 'અમૃતચંદ્રાચાર્યદેવની ટીકાની શરૂઆત).' **'कश्चिदासन्नसंसारपारावारपार'** પારાવાર પાર, પારાવાર પાર. એમ શબ્દ છે. જુઓ !

'સંસાર સમુદ્રનો કિનારો જેમને નિકટ છે.' જોયું ? એવા 'કુંદકુંદાચાર્ય'. દેખો ! સમજાણું કાંઈ ? **'कश्चिदासन्नसंसारपारावारपार'** એમ શબ્દ છે. સંસાર એટલે જુઓ ! સંસાર પારાવાર પાર, સંસારરૂપી દરિયો એનો પાર પહોંચી ગયા. આમાં શબ્દ છે, જુઓ ! કંઈ ઘરનું નથી. બધા શબ્દો શાસ્ત્રમાંથી નાખ્યા છે, જુઓ ! સમજાણું ? ઉત્થાનિકામાં જ ઇ નાખ્યું છે. અહો...! જેનો મુક્તભાવ નજીક થઈ ગયો છે, સંસાર જેનો છેડો આવ્યો છે, એવા આસન્ન સંસાર પારાવાર – મહા સંસારરૂપી દરિયો જેનો પાર થઈ ગયા છે. આહા..હા..! સમજાણું ? 'સાતિશય વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે...' લ્યો ! એમાં એમ કહ્યું, અહીં પૂરું થઈ ગયું. અહીં તો પૂરું બતાવવું છે ને !

અગાધ સમુદ્રને તરી ગયા છે. 'બીજા કિનારાને પ્રાપ્ત થાય છે...' એક કિનારો ખલાસ થઈ ગયો અને બીજે કિનારે આવી ગયા હવે. આહા..હા..! દરિયાને આ

કિનારે ને પેલા કિનારે જાય ને ? (પછી કહે) બાપા, પાર પહોંચ્યા હવે, લ્યો ! એમ આત્માની પૂર્ણ દશા પ્રગટ થઈ (એ) બીજે કિનારે આવી ગયા.

'અને વિકારરહિત,...' એનું સ્વરૂપ કહે છે. એ વિકારરહિત દશા, 'શરીરરહિત...' દશા. કલ નહિ–શરીર નહિ. પહેલી વિકારરહિત કીધી પછી શરીરરહિત કીધું. 'રૂપરહિત...' નામકર્મ સંબંધી રૂપીપણું દેખાતું ને ? રૂપ ક્યાં છે અંદર. '(શુચિ) શુદ્ધ-નિર્દોષ, (ચિદ્રૂપ) દર્શન-જ્ઞાન-ચૈતનાસ્વરૂપ...' જેનું દર્શન ને જ્ઞાન ચૈતનાસ્વરૂપ 'તથા (અવિનાશી ભયે), (અવિનાશી ભયે) નિત્ય-કાયમી થાય છે.' એમ ને એમ હવે કાયમ રહેશે. એ દશા કાયમ એમ ને એમ રહે છે. ન્યાંથી પાછા અવતરે છે, તમને નડે છે એમ છે નહિ. 'નિત્ય-કાયમી થાય છે.' લ્યો ! સમજાણું ?

શ્રદ્ધાનું જોર છે, આવે છે પેલામાં નહિ ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. રાગરૂપે પરિણમતા નથી અને સંસારને ઇચ્છતા નથી. સિદ્ધ ભગવાન રાગરૂપે પરિણમતા નથી અને સંસારને ઇચ્છતા નથી તે શ્રદ્ધાનું બળ છે. સમ્યગ્દર્શનમાં આખો પૂર્ણાનંદ પ્રતીતમાં જે લીધો છે ને, એ બળ ત્યાં વર્ણવ્યું છે. ભાઈ ! આવે છે ?

સિદ્ધ રાગાદિરૂપે પરિણમતા નથી અને સંસારને ઇચ્છતા નથી. શ્રદ્ધાનું જોર જે પહેલું પ્રગટ્યું છે ને ? પૂર્ણ.. પૂર્ણ અખંડ... અખંડ... અખંડ... એકરૂપ. એવી એ દશામાં સંસારનો અભાવ કરીને મુક્તિ પામ્યા, એ સમ્યગ્દર્શનના જોરે રાગરૂપે થતાં નથી અને સંસારને ઇચ્છતા નથી. કર્મને કારણે નહિ, કર્મ નથી માટે હવે રાગરૂપે થતાં નથી, કર્મ નથી માટે સંસારને ઇચ્છતા નથી, એમ નહિ, એમ નથી. જુઓ ! કેટલાક એમ કહે છે. અરે..! વાંધા, વાંધા તે વાંધા.

'નિત્ય-કાયમી થાય છે.' એવા ને એવા અનંત ગુણ જે પ્રગટ્યા એ એમ ને એમ રહે છે, એમ કહેવું છે. એમાં વધતું તો હોય નહિ પણ ઓછું થાતું નથી. એમ ને એમ એવા ને એવા અનંતકાળ જાય તોય ન્યાં હવે જિર્ણ થઈ જાય (એમ નથી). અનંત... અનંત... અનંત... અનંત... ચોવીસી, અનંત પૂર્વે પરાવર્તન, સિદ્ધદશા ઉપર અનંત પુદ્ગલ પરાવર્તન. ભોગવતા ભોગવતા દશા કાંઈ હીણી થાય કે નહિ ? '(અવિનાશી) નિત્ય-કાયમી થાય છે.' લ્યો !

ભાવાર્થ :– 'અરિહંત અવસ્થા અથવા કેવળજ્ઞાન પામ્યા પછી તે જીવને પણ જે જે ગુણોના પર્યાયોમાં અશુદ્ધતા હોય છે તેનો ક્રમે ક્રમે...' અરિહંતમાં હજી અશુદ્ધતા હોય છે ને ? અરિહંતને બધાં ગુણો નિર્મળ થયા નથી. એટલે 'અશુદ્ધતા હોય છે તેનો ક્રમે ક્રમે અભાવ થઈને...' અશુદ્ધતા ક્રમે ક્રમે ખસે છે. ઉદયભાવને ક્ષાયિક કીધો છે ને ? એ અશુદ્ધતા ટળતી જાય છે કેવળીને પણ એટલો ક્ષાયિકભાવ નિર્મળ થતો જાય છે. 'તે જીવ પૂર્ણ શુદ્ધ દશાને પામે છે...' તે અરિહંત જીવ પૂર્ણ શુદ્ધ દશાને પ્રગટ કરે છે.

'અને તે સમયે અસિદ્ધત્વ નામના પોતાના ઉદયભાવનો નાશ થાય છે...' જુઓ ! આ અસિદ્ધત્વ. અસિદ્ધ છે ને ? અસિદ્ધ ઉદયભાવ 'અને ચાર અઘાતિ કર્મોનો પણ સ્વયં...' એ અસિદ્ધભાવનો નાશ થતાં એ પોતાના પર્યાયમાં થયો એ સિદ્ધ દશા પ્રગટ થતાં, પ્રગટ થતાં અસિદ્ધપણું ઉત્પન્ન થયું નહિ એનો ઉદયનો નાશ થયો એમ કહે છે. 'અને ચાર અઘાતિ કર્મોનો પણ સ્વયં સર્વથા અભાવ થાય છે. તે સિદ્ધદશામાં સમ્યક્ત્વ આદિ આઠ ગુણો...' આઠ ગુણો વર્ણવ્યા છે ને ? જ્ઞાનાવરણીયનો નાશ થતાં કેવળજ્ઞાન, દર્શનાવરણીયનો નાશ થતાં દર્શન (એવા) આઠ છે ને ? આઠ ગુણો. '(ગુણોના નિર્મળ પર્યાયો) પ્રગટ થાય છે.' એ ગુણો એટલે પર્યાયો. 'આઠ ગુણો વ્યવહારથી કહ્યા છે, નિશ્ચયથી અનંત ગુણો (સર્વ ગુણોના પર્યાયો) શુદ્ધ થાય છે,...' ખરેખર અનંતા ગુણોની પૂર્ણ પર્યાય પ્રગટ થઈ છે.

'અને સ્વાભાવિક ઊર્ધ્વગમનના કારણે એક સમય માત્રમાં...' જુઓ ! પેલામાં હતું ને થોડા સમયમાં. થોડા સમયમાં હતું ને ? છિનમાહિં – ઇ થોડા સમય. અહીં આ એક સમયમાત્રમાં. 'લોકાગ્રે પહોંચી જઈ ત્યાં જ સ્થિર રહે છે.' નાશ કરવામાં થોડા સમય લાગે છે એમ લઈ લીધું. સમજાણું કાંઈ ? 'એક સમય માત્રમાં લોકાગ્રે પહોંચી જઈ ત્યાં જ સ્થિર રહે છે.' નિવાસ કરે છે. 'એવા જીવો સંસારરૂપી દુઃખદાયી અને અગાધ સમુદ્રથી પાર થયેલ છે;...' આહા..હા..! ક્રમસર લઈ લઈને જુઓ ! ઠેઠ દુઃખથી લઈને ઠેઠ આનંદ સુધી લઈ ગયા. 'તથા તે જ જીવ નિર્વિકારી, અશરીરી, અમૂર્તિક, શુદ્ધ ચૈતન્યરૂપ અને અવિનાશી થઈને સિદ્ધદશાને પામ્યા છે.' લ્યો ! એ સિદ્ધ દશા થઈ. હવે એના સ્વરૂપનું જરીક અલૌકિક વર્ણન કરે છે.

## મોક્ષ અવસ્થાનું વર્ણન

**નિજમાહિં લોક-અલોક ગુણ-પરજાય પ્રતિબિમ્બિત થયે;**
**રહિ હૈં અનંતાનંત કાલ, યથા તથા શિવ પરિણયે.**
**ધનિ ધન્ય હૈં જે જીવ, નરભવ પાય યહ કારજ કિયા;**
**તિનહી અનાદિ ભ્રમણ પંચપ્રકાર તજિ વર સુખ લિયા. ૧૩.**

અન્વયાર્થ :– (નિજમાહિં) તે સિદ્ધ ભગવાનના આત્મામાં (લોક-અલોક) લોક અને અલોકના (ગુણ-પરજાય) ગુણ અને પર્યાય (પ્રતિબિમ્બિત થયે) ઝળકવા લાગે છે અર્થાત્ જણાય છે, તે (યથા) જેમ (શિવ) મોક્ષરૂપે (પરિણયે) પરિણમ્યા છે (તથા) તેમ (અનંતાનંત કાલ) અનંતકાળ સુધી (રહિ હૈં) રહેશે.

(જે) જે (જીવ) જીવોએ (નરભવ પાય) પુરુષ પર્યાય પામીને (યહ) આ મુનિપદ વગેરેની પ્રાપ્તિરૂપ (કારજ) કાર્ય (કિયા) કર્યું, તે જીવ (ધનિ ધન્ય હૈં) ઘણા ધન્યવાદને પાત્ર છે; અને (તિનહી) તેવા જ જીવોએ (અનાદિ) અનાદિકાળથી ચાલ્યું આવતું (પંચ પ્રકાર) પાંચ પ્રકારના પરિવર્તનરૂપ (ભ્રમણ) સંસારમાં રખડવાનું (તજિ) છોડી દઇને (વર) ઉત્તમ (સુખ) સુખ (લિયા) પ્રાપ્ત કર્યું છે.

ભાવાર્થ :– સિદ્ધ ભગવાનના આત્મામાં કેવળજ્ઞાન દ્વારા લોક અને અલોક (સમસ્ત પદાર્થો) પોતપોતાના ગુણ અને ત્રણે કાળના પર્યાયો સહિત એક સાથે, સ્વચ્છ અરીસાના દૃષ્ટાંતે સર્વ પ્રકારે સ્પષ્ટ, જણાય છે; (પણ જ્ઞાનમાં અરીસાની જેમ છાયા અને આકૃતિ પડતી નથી.) તેઓ પૂર્ણ પવિત્રતારૂપ મોક્ષદશાને પામ્યા છે તથા તે દશા ત્યાં રહેલાં અન્ય સિદ્ધ-મુક્ત જીવોની માફક અનંત અનંતકાળ * સુધી રહેશે;

---

* જેમ બીજને બાળી નાખવામાં આવે તો તે ઊગે જ નહિ, તેમ જેણે સંસારના કારણોનો સર્વથા નાશ કર્યો તે ફરી અવતાર-જન્મ ધારણ કરે નહિ. અથવા જેમ માખમાંથી ઘી થયા પછી ફરીને ઘીનું માખણ થાય નહિ તેમ આત્માની સંપૂર્ણ પવિત્રતારૂપ અશરીરી મોક્ષદશા (પરમાત્મપદ) પ્રગટ કર્યા પછી તેમાં કદી અશુદ્ધતા આવતી નથી-સંસારમાં ફરી આવવું પડતું નથી.

અર્થાત્ અપરિમિત કાળ ચાલ્યા જાય છતાં પણ તેની અખંડ શાંતિ વગેરેમાં જરાપણ બાધા આવતી નથી. આ પુરુષ-પર્યાય પામીને જે જીવોએ આ શુદ્ધ ચૈતન્યની પ્રાપ્તિરૂપ કાર્ય કર્યું છે તે જીવો અત્યંત ધન્યવાદને (પ્રશંસાને) પાત્ર છે; અને તેઓએ અનાદિકાળથી ચાલ્યા આવતા પાંચ પરાવર્તનરૂપ સંસારના પરિભ્રમણનો ત્યાગ કરી ઉત્તમ સુખ-મોક્ષસુખ-પ્રાપ્ત કર્યું છે.

---

'મોક્ષ અવસ્થાનું વર્ણન.'

**નિજમાહિં લોક-અલોક ગુણ-પરજાય પ્રતિબિમ્બિત થયે;**
**રહિ હૈં અનંતાનંત કાલ, યથા તથા શિવ પરિણયે.**
**ધનિ ધન્ય હૈં જે જીવ, નરભવ પાય યહ કારજ કિયા;**
**તિનહી અનાદિ ભ્રમણ પંચપ્રકાર તજિ વર સુખ લિયા. ૧૩.**

અન્વયાર્થ :– '(નિજમાહિં) તે સિદ્ધ ભગવાનના આત્મામાં...' એની જ્ઞાનની પર્યાયમાં 'લોક અને અલોકના ગુણ અને પર્યાય...' દેખો ! 'ઝળકવા લાગે છે અર્થાત્ જણાય છે,...' અંદરમાં પર્યાયમાં જણાય છે. લોક અને અલોક એ બધું કેવળજ્ઞાનીની પર્યાયમાં ઝળકે એટલે કે જણાય છે, એમ. 'તે જેમ મોક્ષરૂપે પરિણમ્યા છે...' તે સિદ્ધ ભગવાન પોતાની મુક્ત આનંદ દશારૂપે થયા છે 'તેમ અનંતકાળ સુધી રહેશે.' એમ ને એમ અનંતકાળ રહશે, અનંતકાળ એવી ને એવી દશા. આહા..હા..! એ દિ' વાળ્યો– દિ' – દિવસ વળી ગયો. આત્માની પૂરી પર્યાય આનંદ... આનંદ... આનંદ... ભૂતકાળ તો સંસારનો કાળ અનંતમે ભાગે, સંસારની દુઃખની પર્યાયનો કાળ અનંતમો ભાગ. આનંદની પર્યાયનો કાળ અનંતગુણો. સમજાણું કાંઈ ? આહા..! આમ જઈએ તો અસંખ્ય સમય મોક્ષમાર્ગ સાધ્યો છે. ભગવાનઆત્માએ અસંખ્ય સમયમાં સાધન કર્યું છે અને એના ફળમાં અનંતકાળ રહે તેવી અનંત મોક્ષ દશા પ્રગટ કરી છે. આહા..હા..!

મુમુક્ષુ :– ઊંચો ?

ઉત્તર :– ઊંચો, હા, ઊંચા માટે તો આ વાત કરાય છે. પહેલી તો વાત કરી

કે, સંસારની દશાનો કાળ એના કરતા મોક્ષનો અનંતગુણો (કાળ છે). એક વાત. બીજું, એ સ્વરૂપને સાધવાના કાળથી પેલો તો અનંતા... અનંતા... અનંતા... ગુણો. સમજાય છે કાંઈ ? એવો મહા નફાનો વેપાર છે. એ કીધું ને ? ધન્ય તે મનુષ્ય નરભવ પામીને આ કાર્ય કર્યા. આહા..હા..! ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યનું દર્શન, એનું જ્ઞાન ને ચારિત્ર એ સાધવાને–સિદ્ધ થવાને અસંખ્ય સમય જ એને લાગે, અનંત કાળ ન લાગે. એ અસંખ્ય સમયમાં સાધ્યું. કેવળજ્ઞાન, મોક્ષદશા અનંતકાળ એમ ને એમ રહેશે.

પેલું આવ્યું હતું નહિ ? શું આવ્યું હતું ? 'નિયમસાર'. ધ્રુવમાં સ્થિર થતાં એમ ને એમ રહેશે. 'નિયમસાર'માં નથી ? મોઢા આગળ કાંઈક. એની ભાવના કરતા ... હેઠે આવ્યું હતું. શું હતું ? કારણના જેવું જ કાર્ય થાય છે. કારણના જેવું જ કાર્ય થાય છે. તેથી સ્વરૂપમાં સ્થિરતા કરવાનો અભ્યાસ જ–સ્વરૂપમાં સ્થિરતા કરવાનો અભ્યાસ જ ખરેખર અનંતકાળ સુધી સ્વરૂપમાં સ્થિર રહી જવાનો ઉપાય છે. સમજાણું કાંઈ ? સ્વરૂપમાં સ્થિરતા કરવાનો અભ્યાસ. ભગવાનઆત્મા જે દૃષ્ટિમાં આવ્યો હતો તેમાં સ્થિરતાનો અભ્યાસ ખરેખર અનંતકાળ સુધી સ્વરૂપમાં સ્થિર રહી, સ્થિર રહી જવાનો એ ઉપાય છે. એ એમાં લખ્યું છે. સમજાણું કાંઈ ?

(અહીંયાં કહે છે), 'અનંતકાળ સુધી રહેશે. જે જીવોએ પુરુષ પર્યાય પામીને,...' પુરુષ પર્યાય પામીને થાય છે ને ? '(નરભવ પાય) આ મુનિપદ વગેરેની પ્રાપ્તિરૂપ...' પુરુષને જ એ મુનિપદ હોય છે અને પુરુષને જ કેવળજ્ઞાન ને સિદ્ધ દશા થાય છે. એ 'કાર્ય કર્યું, તે જીવ (ધન્ય) ઘણા ધન્યવાદને પાત્ર છે;...' ધનિ, ધન્ય છે ને બે વાર ? એટલે બે વાર ધન, ધન્ય (કહ્યું). 'ઘણા ધન્યવાદને પાત્ર છે;...' એને ક્યાં ધન્યવાદ જોઈએ છે હવે ? પણ પોતાના ભાવને... ઓ..હો..! આ દશા ! પૂર્ણ આનંદ દશા એ એમ ને એમ અનંતકાળ રહે. એ ધન્ય અવતાર બાપા ! ધન્ય સફળ કાર્ય. આત્માનું એક સફળ કાર્ય છે. 'અને તેવા જ જીવોએ અનાદિકાળથી ચાલ્યું આવતું...' પંચ પરાવર્તન દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવનું રખડવું, 'પાંચ પ્રકારના પરિવર્તનરૂપ સંસારમાં રખડવાનું છોડી દઈને ઉત્તમ સુખ પ્રાપ્ત કર્યું છે.' એવા જીવને ધન્ય કહેવામાં આવે છે એને ફરીને અવતાર હોતો નથી. વગેરે કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

❋

## વીર સંવત ૨૪૯૨, ફાગણ વદ ૭, રવિવાર
## તા. ૧૩-૩-૧૯૬૬, શ્લોક–૧૩, ૧૪, ૧૫. પ્રવચન નંબર–૫૦

'દૌલતરામજી' કૃત 'છ ઢાળા'. છેલ્લી ગાથાઓ છે. ૧૩મી ગાથાનો ભાવાર્થ. સિદ્ધનું સ્વરૂપ. સિદ્ધ પરમાત્મા સંસારનો નાશ કરીને સિદ્ધ થયા એનું શું સ્વરૂપ છે (તે કહે છે). છેલ્લી ગાથાઓ છે ને ? દુઃખથી માંડ્યું હતું, પહેલી શરૂઆત (ત્યાંથી કરી હતી). મહા નરકાદિના દુઃખો અનંતવાર સહન કર્યા. પછી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દુર્લભ છે, એની પ્રાપ્તિ બતાવી. એના ફળરૂપે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામ્યા એને મોક્ષરૂપી દશા થાય એ દશાનું વર્ણન છે.

**ભાવાર્થ :– 'સિદ્ધ ભગવાનના આત્મામાં કેવળજ્ઞાન દ્વારા લોક અને અલોક (સમસ્ત પદાર્થો) પોતપોતાના ગુણ અને ત્રણે કાળના પર્યાયો સહિત એક સાથે, સ્વચ્છ અરીસાના દૃષ્ટાંતે...'** એટલો દૃષ્ટાંત વધારે મળ્યો, વધારે નાખ્યો. સ્વચ્છ અરીસો હોય, અરીસો–દર્પણનો દાખલો આપ્યો છે ઘણા શાસ્ત્રમાં. 'અમૃતચંદ્રાચાર્યે' 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય' આદિ(માં) દર્પણનો દાખલો આપ્યો છે. દર્પણમાં જેમ આખી ચીજો ઝળકે છે એમ ભગવાનઆત્મા પોતાના જ્ઞાનની પૂર્ણ પર્યાયમાં લોકાલોક ઝળકે (છે) એટલે જણાય. જણાય જાય એવો એનો એક સમયનો પર્યાય છે.

**'સ્વચ્છ અરીસાના દૃષ્ટાંતે સર્વ પ્રકારે સ્પષ્ટ, જણાય છે; (પણ જ્ઞાનમાં અરીસાની જેમ છાયા અને આકૃતિ પડતી નથી.)...'** અરીસાનું દૃષ્ટાંત આચાર્યોએ ઘણે ઠેકાણે કેવળજ્ઞાનમાં ઉપમા આપ્યો છે, દર્પણ .. એમ કરીને. **'તેઓ પૂર્ણ પવિત્રતારૂપ મોક્ષદશાને પામ્યા છે...'** (સિદ્ધ ભગવાન) **'તથા તે દશા ત્યાં રહેલા અન્ય સિદ્ધ-મુક્ત જીવોની માફક અનંત અનંતકાળ* સુધી રહેશે;...'** પરમાત્મા હવે ત્યાંથી ફરવાના નથી. દુઃખી દેખીને અવતાર ધારણ કરે છે, ભક્તોને... નહિ ? ભક્તોને સહાય કરવા અવતાર ધારણ કરે, એવું છે નહિ. નીચે ખુલાસો કર્યો છે, જુઓ !

**'*જેમ બીજને બાળી નાખવામાં આવે તો તે ઊગે જ નહિ, તેમ જેણે સંસારના**

કારણોનો સર્વથા નાશ કર્યો તે ફરી અવતાર-જન્મ ધારણ કરે નહિ.' કાલે કહ્યું હતું. શ્રદ્ધાના ગુણનું એટલું જોર છે ! પરમાત્મા પૂર્ણાનંદનું જે પહેલું સમ્યગ્દર્શન પ્રગટ કર્યું હતું એને ને એનું સમ્યગ્દર્શન ત્યાં રહે છે. એથી એ સંસારના રાગાદિરૂપ પરિણમન કરતા નથી અને સંસારને ઇચ્છા નથી. ત્રણકાળમાં સાદિ અનંત દશા એની એવી રહેશે. ફરીને અવતાર-જન્મ ધારણ કરે નહિ.

'અથવા...' ઘણી વાર દાખલો આપીએ છીએ. આમ માખણ, 'માખણમાંથી ઘી થયા પછી ફરીને ઘીનું માખણ થાય નહિ,...' માખણનું ઘી થાય. સંસારની અશુદ્ધ દશા એ માખણ, એનો નાશ થઈને અંતર સ્વરૂપની શ્રદ્ધા પૂર્ણ આદિ પ્રગટ થાય. પણ ઘી થયેલું પાછું માખણ થાય એમ બને નહિ. એમ પૂર્ણ આનંદનો સ્વભાવ પ્રગટ થાય, સમ્યગ્દર્શન પ્રગટ થાય તો પાછો પડે નહિ તો આ તો પૂર્ણ દશા થઈ. સમજાણું કાંઈ ? એ ઘીનું માખણ થાય નહિ. 'તેમ આત્માની સંપૂર્ણ પવિત્રતારૂપ અશરીરી મોક્ષદશા (પરમાત્મપદ) પ્રગટ કર્યા પછી તેમાં કદી અશુદ્ધતા આવતી નથી-સંસારમાં ફરી આવવું પડતું નથી.'

વળી અહીંયા કહે છે. 'અપરિમિત કાળ ચાલ્યા જાય છતાં પણ તેની અખંડ શાંતિ વગેરેમાં જરાપણ બાધા આવતી નથી.' શાંતિ જુની નથી થતી એમ કહે છે. શું (કહ્યું) ? આત્મામાં જે અનંત શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... વીતરાગતા પ્રગટી એને ગમે તેટલો કાળ લાગે તો એ જુની થઈને જિર્ણ થતી નથી. એ તો એવી ને એવી તાજે તાજી શાંતિ રહે છે. કહો, સમજાણું ? નવી નવી પ્રગટ થાય છે ને ? 'આ પુરુષપર્યાય પામીને...' નરભવ લીધો હતો ને ? 'જે જીવોએ આ શુદ્ધ ચૈતન્યની પ્રાપ્તિરૂપ કાર્ય કર્યું છે તે જીવો અત્યંત ધન્યવાદને (પ્રશંસાને) પાત્ર છે;...' પોતાની પ્રશંસા સિદ્ધ પદની પ્રાપ્તિને માટે અનુમોદન કરે છે. ધન્ય અવતાર ! જેણે સંસારનો અંશ કર્યો અને મોક્ષદશા પ્રાપ્ત કરી. 'તેઓએ અનાદિકાળથી ચાલ્યા આવતા પાંચ પરાવર્તનરૂપ સંસારના પરિભ્રમણનો ત્યાગ કરી ઉત્તમ સુખ-મોક્ષસુખ-પ્રાપ્ત કર્યું છે.' લ્યો ! હવે ૧૪મી.

## રત્નત્રયનું ફળ અને આત્મહિતમાં પ્રવૃત્તિનો ઉપદેશ

મુખ્યોપચાર દુ ભેદ યોં બડભાગિ રત્નત્રય ધરૈં;
અરુ ધરેંગે તે શિવ લહૈં, તિન સુયશ-જલ જગ-મલ હરૈં.
ઇમિ જાનિ, આલસ હાનિ, સાહસ ઠાનિ, યહ સિખ આદરૌ;
જબલૌં ન રોગ જરા ગહૈ, તબલૌં ઝટિતિનિજ હિત કરૌ. ૧૪.

અન્વયાર્થ :– (બડભાગિ) જે મહાપુરુષાર્થી જીવ (યોં) આ પ્રમાણે (મુખ્યોપચાર) નિશ્ચય અને વ્યવહાર (દુ ભેદ) એ બે પ્રકારના (રત્નત્રય) રત્નત્રયને (ધરૈં અરુ ધરેંગે) ધારણ કરે છે અને કરશે (તે) તે (શિવ) મોક્ષ (લહૈં) પામે છે તથા પામશે; અને (તિન) તે જીવના (સુયશ-જલ) સુકીર્તિરૂપી જલ (જગ-મલ) સંસારરૂપી મેલનો (હરૈં) નાશ કરે છે અને કરશે. (ઇમિ) એમ (જાનિ) જાણીને (આલસ) પ્રમાદ [સ્વરૂપમાં અસાવધાની] (હાનિ) છોડીને (સાહસ) હિંમત-પુરુષાર્થ (ઠાનિ) કરીને (યહ) આ (સિખ) શિખામણ-ઉપદેશ (આદરૌ) ગ્રહણ કરો કે (જબલૌં) જ્યાં સુધી (રોગ જરા) રોગ કે ઘડપણ (ન ગહૈ) ન આવે (તબલૌં) ત્યાં સુધીમાં (ઝટિતિ) શીઘ્ર (નિજ હિત) આત્માનું હિત (કરૌ) કરી લેવું જોઇએ.

ભાવાર્થ :– જે સત્પુરુષાર્થી જીવ સર્વજ્ઞ-વીતરાગ કથિત નિશ્ચય અને વ્યવહાર રત્નત્રયનું સ્વરૂપ જાણીને, ઉપાદેય અને હેય તત્ત્વોનું સ્વરૂપ સમજીને પોતાના શુદ્ધ ઉપાદાન-આશ્રિત નિશ્ચયરત્નત્રય (શુદ્ધાત્મ આશ્રિત વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગ)ને ધારણ કરે છે, તથા કરશે તે જીવ પૂર્ણ પવિત્રતારૂપ મોક્ષદશાને પામે છે તથા પામશે. (ગુણસ્થાનના પ્રમાણમાં શુભ રાગ આવે છે તે વ્યવહાર રત્નત્રયનું સ્વરૂપ જાણવું અને તેને ઉપાદેય ન માનવું તેનું નામ વ્યવહાર-રત્નત્રયનું ધારણ કરવું કહેવાય છે;) જે જીવો મોક્ષ પામ્યા અને પામશે તેનું સુકીર્તિરૂપી જળ કેવું છે ? -સિદ્ધ પરમાત્માઓનું યથાર્થ સ્વરૂપ સમજીને સ્વસન્મુખ થનાર જે ભવ્ય જીવો છે તેના સંસાર (મલિનભાવ) રૂપી મળને હરવાનું નિમિત્ત છે. આમ જાણીને પ્રમાદને છોડી, સાહસ એટલે પાછો ન ફરે એવો અખંડિત પુરુષાર્થ રાખી આ ઉપદેશ અંગીકાર કરો. જ્યાં સુધી રોગ અને ઘડપણે શરીરને ઘેર્યું નથી તે પહેલાં (વર્તમાનમાં જ) શીઘ્ર આત્માનું હિત કરી લેવું જોઇએ.

'રત્નત્રયનું ફળ અને આત્મહિતમાં પ્રવૃત્તિનો ઉપદેશ'.

મુખ્યોપચાર દુ ભેદ યોં બડભાગિ રત્નત્રય ધરૈં;
અરુ ધરેંગે તે શિવ લહૈં, તિન સુયશ-જલ જગ-મલ હરૈં.
ઇમિ જાનિ, આલસ હાનિ, સાહસ ઠાનિ, યહ સિખ આદરૌ;
જબલૌં ન રોગ જરા ગહૈ, તબલૌં ઝટિતિ નિજ હિત કરૌ. ૧૪.

જુઓ ! છેલ્લે ઉપદેશ છે. એક તો પહેલું (કહ્યું કે) '(બડભાગી) જે મહાપુરુષાર્થી...' મોક્ષમાર્ગનો પુરુષાર્થ એ મહાપુરુષાર્થ છે. સંસારનો પુરુષાર્થ એ ઊલટો ને ઊંધો છે. ભગવાનઆત્મા, એનો સ્વસન્મુખનો પુરુષાર્થ મહાપુરુષાર્થ (છે). અનંતકાળે નહિ કરેલો. કેમકે પોતાના સ્વરૂપની રચનાનું જે વીર્ય – પોતાના શુદ્ધ સ્વભાવને રચે એવું એનું વીર્ય મહાપુરુષાર્થ છે ઇ. વિકારને અનાદિકાળથી રચે છે શાસ્ત્રકાર તો એને નપુંસકતા કહે છે. વિકારને રચે ને વિકારના દુઃખને ભોગવે એ કાંઈ આત્માનો ખરો પુરુષાર્થ નથી.

આ કહે છે કે, મહાપુરુષાર્થ – ચૈતન્ય સન્મુખ થવું. અનાદિકાળથી પરસન્મુખ છે એનાથી વિમુખ થઈને સ્વસન્મુખ થવું (એ) મહાન પુરુષાર્થ છે. સમજાણું ? ભાઈ ! કોણ કરે એ મહાપુરુષાર્થ ? આહા..! ભગવાન ! પુરુષાર્થ તો તારામાં છલોછલ ભર્યો છે. વીર્ય ગુણ તો તારામાં આમ છલોછલ ભર્યો પૂર્ણ છે. એ ઉપર નજર નાખતા મહા સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થાય એ મહાપુરુષાર્થથી થાય છે. એવા જીવ 'આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહાર એ બે પ્રકારના રત્નત્રયને (ધરૈં) અને ધારણ કરે છે અને કરશે...' પુરુષાર્થી જીવ, જુઓ ! નિશ્ચય રત્નત્રય પણ પુરુષાર્થી, વ્યવહાર રત્નત્રય પણ એ જ આત્મ વિકલ્પ વ્યવહાર પુરુષાર્થ છે. પુરુષાર્થથી આત્મા નિશ્ચય અને વ્યવહારને મોક્ષમાર્ગને ધારણ કરે. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– બડભાગી....

ઉત્તર :– એ પુરુષાર્થ છે. બડભાગિનો અર્થ એ ભાગ્યવાન એટલે પુરુષાર્થવાન એમ. ભાગ્ય એટલે જડનું અહીં શું કામ છે ? સિદ્ધને મહાભાગ્યવાન કહ્યા છે, ભાગ્યવાન ! સિદ્ધના એકસો આઠ નામમાં ભાગ્યવાન કહ્યા છે. સિદ્ધના ૧૦૮ નામ

છે ને ? સાંભળ્યા છે ? વાંચ્યાં છે ? હજી પહેલા-વહેલા આવ્યો છો ને ? એક હજાર આઠ નામ.

મુમુક્ષુ :- બનારસીદાસે.

ઉત્તર :- હા 'બનારસીદાસે' કરેલા છે, બીજા ઘણાએ કરેલા છે. 'આદિ પુરાણ'માં કરેલા છે. 'જિનસેનસ્વામી'એ કરેલા છે. બડભાગી મહાભાગ્ય, મહાભાગ્ય, એ જ મહાભાગ્યવાન સિદ્ધ પરમાત્મા. આ પુરુષાર્થ તો મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે. સમજાણું કાંઈ ?

'નિશ્ચય અને વ્યવહાર એ બે પ્રકારના રત્નત્રયને ધારણ કરે છે...' જુઓ ! પહેલો શબ્દ મુખ્ય છે, બીજો શબ્દ ઉપચાર છે. સમજાણું કાંઈ ? શરૂઆતમાં પણ નિશ્ચય ને વ્યવહાર એમ લીધું. નિશ્ચય ને પછી વ્યવહાર. એનો હેતુ અને કારણ લીધું. અહીં પણ મુખ્ય ને ઉપચાર બે કહ્યું. નિશ્ચય સ્વરૂપ આત્માનો અનુભવ, આત્માની દૃષ્ટિ, આત્માનું જ્ઞાન ને આત્માની રમણતા – એ નિશ્ચય રત્નત્રય છે. એને ધરેંગે (અર્થાત્) ધારણ કરશે, એમ કહે છે. ધારણ કરશે. એની મેળાએ નહિ, પુરુષાર્થથી ધારણ કરશે. સમજાણું કાંઈ ? વ્યવહાર રત્નત્રય પણ એ જાતનો શુભરાગ છે ને ? નિમિત્તરૂપે આવે છે એને વ્યવહારે ધારણ કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

'તે મોક્ષ પામે છે...' મોક્ષના બે માર્ગ થયા ને ? એક ઉપચાર ને અણઉપચાર. તો બેયથી મોક્ષ પામે છે એમ કહેવામાં આવે છે. તે 'ધારણ કરે છે અને કરશે (ભવિષ્યમાં) તે મોક્ષ પામે છે તથા પામશે;...' પામે છે અને ભવિષ્યમાં પામશે. ભગવાનઆત્મા... એના સ્વભાવના અંતરમાં માહાત્મ્ય કરીને, અંતરમાં ઘોલન કરીને દૃષ્ટિ, જ્ઞાન ને રમણતામાં રમશે ઇ અલ્પકાળમાં મોક્ષને પામ્યા અને પામશે. કહો, સમજાણું કાંઈ ? 'મોક્ષ પામે છે તથા પામશે; અને તે જીવના...' એ સિદ્ધ થયેલા આત્માના આહા..! '(સુયશ-જલ) સુકીર્તિરૂપી જલ (જગ-મલ) સંસારરૂપી મેલનો નાશ કરે છે અને કરશે.' એ સિદ્ધ ભગવાનને લક્ષમાં લઈને જે પરમાત્મા આવા થયા એની સુકીર્તિ જગ જલ - જાગે જગતમાં. આવા પરમાત્મા સિદ્ધો ઓ..હો...! એને જે લક્ષમાં લેશે એને એ સિદ્ધ ભગવાન એના મળના નાશ કરવામાં નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

'પ્રસિદ્ધ સિદ્ધ' આવે છે કે નહિ ? 'પ્રસિદ્ધ સુસિદ્ધ વિશુદ્ધ' પ્રસિદ્ધ છે એ તો એમ કહે છે. સિદ્ધ ભગવાન તો જગતમાં પ્રસિદ્ધ છે. ભાઈ ! આવે છે કે નહિ ? ભક્તિમાં આવે છે. પ્રસિદ્ધ છે ને કહે છે. સિદ્ધ તો પ્રસિદ્ધ છે ને ! આ પૂર્ણાનંદને પ્રાપ્ત એ તો સિદ્ધ અનાદિથી પ્રસિદ્ધ છે. એ પ્રસિદ્ધ, એના સુકીર્તિરૂપી જળથી, એની પ્રસિદ્ધિથી... સમજાય છે કાંઈ ? સંસારરૂપી મેલનો નાશ કરે છે. એની પ્રસિદ્ધિ સંસારરૂપી મેલનો નાશ કરે છે. એ સંસાર ગયો. આવા સિદ્ધ ભગવાન પ્રસિદ્ધ સિદ્ધ સુસિદ્ધ, એની કીર્તિ એટલે એના ગુણગાન જે આ રીતે છે અથવા એની પવિત્રતા છે એ જ એની સુકીર્તિ છે. એને જે અંતરમાં સમજશે એને નિમિત્ત કરીને તેના જગરૂપી સંસારના મેલને તે હરનારા છે. સિદ્ધ ભગવાન મેલને હરનારા છે. કહો, સમજાણું કાંઈ ? 'લોગસ્સ'માં આવે છે કે નહિ ? 'સમાહિવરમુત્તમં આરુગ્ગબોહિલાભં' શીખ્યા હતા તમે ? ભાઈ ! 'લોગસ્સ' શીખ્યા નહિ હોય. કહો, સમજાણું કાંઈ ?

'એમ જાણીને પ્રમાદ (સ્વરૂપમાં અસાવધાની) (હાનિ)...' એ આળસની હાનિ કરીને, દેખો ! આળસને છોડીને. અહીંયાં પુરુષાર્થથી વાત છે. કર્મને નથી કહેતા કે હે ભાઈ સાહેબ ! કર્મ છૂટ, એને ધર્મનો લાભ કરવો છે. આળસ હાનિ, પાઠ છે ને ? 'એમ જાણી આળસ હાનિ સાહસ ઠાનિ, યહ સિખ આદરો' અસ્તિ-નાસ્તિ કરી. એમ જાણીને આળસ (અર્થાત્) આ સંસારના જેટલા પુરુષાર્થ તે આળસ છે, પ્રમાદ છે. જેટલા મિથ્યાત્વ, રાગ, દ્વેષ, અજ્ઞાનના પુરુષાર્થ (છે) તે બધો આળસ છે, એ આળસ છોડી, એમ કહે છે.

મુમુક્ષુ :– પડ્યો રહે એ આળસુ નહિ ?

ઉત્તર :– પડ્યો રહે એ બધાં આળસુ જ છે, આત્માના પુરુષાર્થ નથી કરતાં એ બધા આળસુના–પ્રમાદના ગોર છે. આહા..! સમજાણું કાંઈ ? ઇ કહે છે, જુઓ !

આળસ છોડી પછી હાનિ (એટલે) છોડી કીધું ને 'સાહસ ઠાનિ' 'હિંમત-પુરુષાર્થ કરીને...' હિંમત-પુરુષાર્થ કરીને. ઓ..હો..! હું તો અલ્પકાળે આત્માની પ્રાપ્તિ કરનાર, મુક્તિ કરનાર આત્મા છું. હું તો મોક્ષનો જ પાત્ર છું. 'એમ સાહસ પુરુષાર્થ કરીને આ શિખામણ-ઉપદેશ ગ્રહણ કરો...' આળસ છોડી, પુરુષાર્થ કરી આ શિખામણ જે કીધી એને ગ્રહણ કરો, સમજો, કહે છે. આ..હા..! જુઓ ! શું કહે છે ? 'જબલૌં

ન રોગ જરા ગહૈ, તબલૌં ઝટિતિ નિજ હિત કરૌ.' એ શાસ્ત્રમાં પણ એવા વાક્યો આવે છે. જ્યાં સુધી રોગ અને ઘડપણ ન આવે, પછી રોગ ને ઘડપણ આવશે પછી રાડ્યું પાડીશ કહે છે. ભાઈ !

'જ્યાં સુધી રોગ કે ઘડપણ ન આવે...' શરીરમાં રોગ આવે પછી એં..એં... (કરીને) રાડ્યું પાડે છે. એમ કહે છે ને ? અને 'ઘડપણ ન આવે...' ઘડપણ જાય જ્યાં ૮૫ ને ૮૦ ને આહા..હા..! લાળું પડે ને આ થાય, બેસાય નહિ. સાંભળો ! ભાઈ ! ક્યાં અમને બેસવાના ઠેકાણા નથી. એવા જ્યાં સુધી જરા ને રોગ, જરા એટલે ઘડપણ, ન આવે. 'ત્યાં સુધીમાં (ઝટિતિ) શીઘ્ર (નિજ હિત) એ આત્માનું હિત (કરૌ) કરી લેવું જોઈએ.' ઊંધા ભાવ તો અનંતકાળથી કરે છે ઇ પછી કહેશે. કહો 'ઝટિતિ' શાસ્ત્રમાં આવે છે હોં ! 'કુંદકુંદાચાર્ય' પણ કહે છે, ભાઈ ! નબળા પુરુષાર્થવાળાને... બાકી તો ઘડપણ હોય કે નારકીનો અવતાર હોય ત્યાં પણ સમ્યગ્દર્શન-જ્ઞાન પામી શકે છે. પણ અહીંયાં તો સાધારણ પુરુષાર્થ નબળાવાળાને એ રીતે કહે છે, ભાઈ ! ઘડપણ ને જરા ન આવે ત્યાં સુધી સાવધાન કરી લે, પછી નહિ કરાય પછી રાડ્યું પાડીશ, અરે..! ટાળા ગયા, અરે..! ટાણે (કામ) કર્યા નહિ ને હવે ઘેરાય ગયા. ભાઈ ! એમ રાડ્યું પાડીશ. માટે ઝટ કરી લે એમ (કહે છે).

શીઘ્ર આત્માનું હિત કરો. ભાઈ સાહેબ ! શીઘ્ર હિત કરો પણ કર્મ નડે છે એમાં અમારે શું કરવું ? શીઘ્ર હિત કરો, શી રીતે કરવું ? દર્શનમોહ નડતો હોય, ચારિત્રમોહ નડતો હોય. પણ એ નડતું નથી, સાંભળને ! ઊંધા પુરુષાર્થે તું દબાઈ ગયો છો અને સવળા પુરુષાર્થે આત્માથી સ્વાધીનદશા પ્રગટ કરી શકે છે. તારા હાથની વાત છે એમ કહે છે જુઓને આમાં. આ 'દૌલતરામજી' આમ કહે છે. કર્મનું (એમ નથી કહ્યું કે), ભાઈ ! તને કર્મ ખસશે માટે હવે પુરુષાર્થ કરજે ! સમજાણું કાંઈ ?

આત્માનું હિત કરવું જોઈએ. હિત કરવું જોઈએ. ભગવાનઆત્મા ! ઓ..હો..! ઉગારી લેવો જોઈએ. ચોરાશીના અવતારમાં રખડતો એને ઉગારી લેવો જોઈએ. સમજાણું કાંઈ ? આમાં તો એમય ન કહ્યું કે, આ સંસારનું ભણવું જોઈએ, એ ન કહ્યું. આ કરવું, કહે છે.

ભાવાર્થ :– 'જે સત્‌પુરુષાર્થી જીવ...' (સાચા પુરુષાર્થી) 'જીવ સર્વજ્ઞ-વીતરાગ

કથિત નિશ્ચય અને વ્યવહાર રત્નત્રયનું સ્વરૂપ જાણીને, ઉપાદેય અને હેય તત્ત્વોનું સ્વરૂપ સમજીને...' યથાર્થપણે નિશ્ચય રત્નત્રય તે ઉપાદેય છે (અને) વ્યવહાર રત્નત્રય વચ્ચે શુભરાગ આવે છે પણ ખરેખર તો એ હેય છે. આવે છે એને વ્યવહારે ધારણ કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું ? 'પોતાના શુદ્ધ ઉપાદાન-આશ્રિત...' એ તો અહીં આપણે ખુલાસો કર્યો છે. 'નિશ્ચયરત્નત્રય (શુદ્ધાત્મ આશ્રિત વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગ)ને ધારણ કરે છે,...' ખરેખર સ્વરૂપને આશ્રયે નિશ્ચય મોક્ષમાર્ગ ધારણ કરે અને જરી વ્યવહાર માર્ગ રહે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો રાગ (આવે છે) એને વ્યવહારે ધારણ કરે એમ કહેવામાં આવે. એ નિમિત્તરૂપે છે ને વ્યવહારરત્નત્રય ? સમજાણું ?

'ધારણ કરે છે, તથા કરશે તે જીવ પૂર્ણ પવિત્રતારૂપ,...' પૂર્ણ પવિત્રતારૂપ 'મોક્ષદશાને પામે છે તથા પામશે. (ગુણસ્થાનના પ્રમાણમાં શુભ રાગ આવે છે...' ચોથે, પાંચમે, છઠ્ઠે શુભરાગ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો, શ્રદ્ધાનો, ભણતરનો એવો ભાવ આવે. 'તે વ્યવહાર રત્નત્રયનું સ્વરૂપ જાણવું અને તેને ઉપાદેય...' ખરેખર એને આદરણીય માનવો નહિ. 'ન માનવું તેનું નામ વ્યવહારરત્નત્રયનું ધારણ કરવું કહેવાય છે;)...' આવે તેને આદરણીય ન માનવું પણ એને છે એમ જાણવું એનું નામ ધારણ કર્યું કહેવામાં આવે છે. 'જે જીવો મોક્ષ પામ્યા અને પામશે તેનું સુકીર્તિરૂપ જળ કેવું છે ?' જુઓ ! એની કીર્તિ. આ સંસારની કીર્તિ શું ધૂળ કહે છે એમ કહે છે. આણે પાંચ લાખ પેદા કર્યા ને પચ્ચીસ લાખ પેદા કર્યા ને ઓહો ! નામ રાખ્યું બાપુ એના બાપનું. પોતાનું નામ રાખ્યું, બાપનું નહિ. અહીં તો કહે છે સિદ્ધ ભગવાન આહા..હા..! જેની સુકીર્તિ એવું જળ એવું પ્રસિદ્ધ છે કે,

'સિદ્ધ પરમાત્માઓનું યથાર્થ સ્વરૂપ સમજીને સ્વસન્મુખ થનાર જે ભવ્ય જીવો છે તેના સંસાર (મલિનભાવ)રૂપી મળને હરવાનું...' પરમાત્માની સુકીર્તિરૂપી જળ 'નિમિત્ત છે.' એ ભગવાન સિદ્ધની સુકીર્તિ વ્યાપી છે. સિદ્ધ પ્રસિદ્ધ છે ને ! નથી ભાળતો ? આવ્યું હતું. એ 'ધર્મદાસ ક્ષુલ્લક'માં આવે છે. 'ધર્મદાસ ક્ષુલ્લક' ગયા હતા ને ? ભટ્ટારક પાસે. (એને કહે છે), ભાળતો નથી ? સિદ્ધ છે ને ? સિદ્ધ પ્રસિદ્ધ છે ને ? આ શું કહે છે ? સમજાણું ? સિદ્ધ પ્રસિદ્ધ છે ને ! નથી જોતો ? કાનમાં

કીડા પડ્યા હતા. ધૂન લાગી ગઈ કે આ શું કહે છે આ ? એમ કરતા સિદ્ધ સ્વરૂપમાં... પોતાના સિદ્ધ સ્વરૂપમાં દૃષ્ટિ લાગી ગઈ. સમજાણું કાંઈ ? આવે છે ને ? ભાઈ ! એવી કીર્તિ સુસિદ્ધ ભગવાનની કહે છે કે જગતના પ્રાણીના અજ્ઞાનરૂપી મળને હરવામાં કારણ છે, નિમિત્ત હોં !

'આમ જાણીને પ્રમાદને છોડી, સાહસ એટલે પાછો ન ફરે એવો અખંડિત પુરુષાર્થ રાખી...' 'સાહસ ઠાનિ' છે ને ? પુરુષાર્થ પ્રગટ કર, પુરુષાર્થ. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પરમાત્મા પોતે બિરાજે છે. એમાં નજર નાખીને એવો ઠર કે, ફરીને પાછું ફરવું પડે નહિ. એમ કહે છે. '(સાહસ ઠાનિ) અખંડિત પુરુષાર્થ રાખી આ ઉપદેશ અંગીકાર કરો.' એ પુરુષાર્થ રાખી આ ઉપદેશ અંગીકાર કરો. 'જ્યાં સુધી રોગ અને ઘડપણે શરીરને ઘેર્યું નથી...' હિન પુરુષાર્થીને જરી (કહે છે). બાકી ઘડપણ ને રોગમાં પણ કેવળજ્ઞાન પામે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! સાતમી નરકની પીડા, રવરવ નરક હટ ભૂલી જાય રોગ ને બધું. સોળ રોગ જેને સમયમાં. ઉપયોગ ને અંદરથી ફટ.. ખેંચે છે. ખેંચીને અંદરમાં લઈ જાય અને અનુભવ કરી લે, આત્માના આનંદનો સ્વાદ લઈ લે છે.એ સાતમી નરકના નારકી ! સમજાણું કાંઈ ? માટે રોગ ને વૃદ્ધાવસ્થામાં આત્માનું કાર્ય ન થઈ શકે એમ નથી

અહીં તો ફક્ત પહેલો ઝટ પુરુષાર્થ કરી લે. વૃદ્ધાવસ્થા ને રોગ આવ્યા પહેલા એટલી જરૂરિયાત બતાવવા વાત કરે છે. ભાઈ ! અહીંની વૃદ્ધાવસ્થા ને રોગ કરતાં અનંતગણુ દુઃખ નારકીમાં છે. પહેલી (નરકથી) અનંતગણુ સાતમીમાં છે. ત્યાં પણ એકદમ અંદરમાં (વળી જાય છે). અહો ! અરે..! આ તો આનંદકંદ સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ જ હું છું, હું જ પરમાત્મા છું. એવું ભાન સાતમી નરકના પ્રતિકૂળ સ્થાનમાં પણ કરે છે. 'રોગ અને ઘડપણે શરીરને ઘેર્યું નથી તે પહેલાં (વર્તમાનમાં જ) શીઘ્ર આત્માનું હિત કરી લેવું જોઈએ.' ભવિષ્યમાં કરશું (એ) છોડી દેજે, વર્તમાન કરી લે. સમજાણું કાંઈ ?

## છેલ્લી ભલામણ

યહ રાગ-આગ દહૈ સદા, તાતૈં સમામૃત સેઇયે;
ચિર ભજે વિષય-કષાય અબ તો, ત્યાગ નિજપદ બેઇયે.
કહા રચ્યો પર પદમેં, ન તેરો પદ યહૈ, ક્યોં દુખ સહૈ;
અબ 'દૌલ' હોઉ સુખી સ્વપદ રચિ, દાવ મત ચૂકૌ યહૈ. ૧૫.

અન્વયાર્થ :– (યહ) આ (રાગ-આગ) રાગરૂપી અગ્નિ (સદા) અનાદિ કાળથી હમેશાં (દહૈ) જીવને બાળી રહ્યો છે (તાતં) તેથી (સમામૃત) સમતારૂપ અમૃતનું (સેઇયે) સેવન કરવું જોઇએ. (વિષય-કષાય) વિષય-કષાયનું (ચિર ભજે) અનાદિ કાળથી સેવન કર્યું છે, (અબ તો) હવે તો (ત્યાગ) તેનો ત્યાગ કરીને (નિજપદ) આત્મસ્વરૂપને (બેઇયે) ઓળખવું જોઇએ-પ્રાપ્ત કરવું જોઇએ; (પર પદમેં) પર પદાર્થોમાં-પરભાવોમાં (કહા) કેમ (રચ્યો) રાચી રહ્યો છે ? (યહૈ) તે (પદ) પદ (તેરો) તારું (ન) નથી, તું (દુખ) દુઃખ (ક્યોં) કેમ (સહૈ) સહન કરે છે ? ('દૌલ') દૌલતરામ ! (અબ) હવે (સ્વપદ) તારું આત્મપદ-સિદ્ધપદ તેમાં (રચિ) લાગીને (સુખી) સુખી (હોઉ) થાઓ ! (યહૈ) આ (દાવ) અવસર (મત ચૂકૌ) ગુમાવો નહિ.

ભાવાર્થ :– આ રાગ (મોહ, અજ્ઞાન) રૂપ અગ્નિ અનાદિકાળથી હંમેશાં સંસારી જીવને બાળી રહ્યો - દુઃખી કરી રહ્યો છે, તેથી જીવોએ નિશ્ચયરત્નત્રયમય સમતારૂપ અમૃતનું પાન કરવું જોઇએ, જેથી રાગ-દ્વેષ-મોહ (અજ્ઞાન)નો નાશ થાય. વિષય-કષાયોનું સેવન તું ઘણા કાળથી કરી રહ્યો છે, હવે તેનો ત્યાગ કરી આત્મપદ (મોક્ષ) પ્રાપ્ત કરવું જોઇએ. તું દુઃખ શા માટે સહન કરે છે ? તારું વાસ્તવિક સ્વરૂપ અનંત-દર્શન-જ્ઞાન-સુખ અને અનંતવીર્ય છે, તેમાં લીન થવું જોઇએ. તેમ કરવાથી જ સાચું સુખ-મોક્ષ મળી શકે છે. તેથી હે દૌલતરામ ! હે જીવ ! હવે આત્મસ્વરૂપની પ્રાપ્તિ કર ! ઓળખાણ કર! આ ઉત્તમ અવસર વારંવાર મળતો નથી, તેથી આ અવસર ગુમાવ નહિ. સંસારના મોહનો ત્યાગ કરીને મોક્ષપ્રાપ્તિનો ઉપાય કર !

અહીં વિશેષ એમ સમજવું કે :– જીવ અનાદિકાળથી મિથ્યાત્વરૂપ અગ્નિ અને

**રાગ-દ્વેષરૂપ પોતાના અપરાધથી જ દુઃખી થઇ રહ્યો છે, માટે પોતાના સુલટા પુરુષાર્થથી જ સુખી થઇ શકે છે. આવો નિયમ હોવાથી જડકર્મના ઉદયથી કે કોઇ પરના કારણે દુઃખી થઇ રહ્યો છે અથવા પરવડે જીવને લાભ-નુકશાન થાય છે એમ માનવું તે બરાબર નથી.**

---

'છેલ્લી ભલામણ'

**યહ રાગ-આગ દહૈ સદા, તાતૈં સમામૃત સેઇયે;**
**ચિર ભજે વિષય-કષાય અબ તો, ત્યાગ નિજપદ બેઇયે.**
**કહા રચ્યો પર પદમેં, ન તેરો પદ યહૈ, ક્યોં દુખ સહૈ;**
**અબ 'દૌલ' હોઉ સુખી સ્વપદ રચિ, દાવ મત ચૂકૌ યહૈ. ૧૫.**

આહા..! 'યહ રાગ-આગ દહૈ...' રાગ શબ્દે મોહ. રાગ તો સાધારણ શબ્દ વાપર્યો છે. રાગ શબ્દે મોહ. પરમાં પ્રિતિ અને પરમાં અસ્થિરતા એ રાગ. હે આત્મા ! એ રાગ-આગ અગ્નિ છે એ તો. આહા..હા..! ભગવાનઆત્મા શીતળાનંદ પ્રભુ ! શીતળનાથ ! એને છોડી ને આ મિથ્યામોહ રાગ અગ્નિ સળગે છે. બરાબર હશે ? ભાઈ ! આ રળવામાં ને ભોગમાં ને આબરુમાં ને કીર્તિ સાંભળવામાં ને... આગ સળગે છે, અહીં તો કહે છે. જુઓને !

'યહ રાગ-આગ દહૈ સદા,...' ચોવીસ કલાક તને રાગ સળગે છે, બાપા ! ભાઈ ! ભગવાનઆત્મા સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ ! શીતળનાથ શીતળ... શીતળ... શીતળ... શીતળ... ઉપશરસ જેના સ્વભાવમાં વરસે, એવો ભગવાન એને છોડી કોઈ પણ વિકલ્પ ઉઠાવવો ભ્રમણાનો, અસ્થિરતાનો, વિષયનો, આબરુનો, કીર્તિનો, આગ સળગે છે, કહે છે. બરાબર હશે ? આહા..હા..! કેમ હશે ? ભાઈ ! આ આમાં કાંઈ માણસ દુઃખી તો લાગતા નથી. આત્માની શીતળ છાયા, કલ્પવૃક્ષમાન શીતળ પ્રભુ, એને છોડીને જેટલા વિકલ્પો ભ્રમણાના કે રાગ-દ્વેષના કરે એ બધી અગ્નિ સળગે છે. ભાઈ ! ભાઈ નથી આવ્યા ? ઠીક. સમજાણું કાંઈ ?

અહીં આગ સળગે છે (અને) અહીં (આત્મામાં) શીતળતાના ઢગલા પડ્યા છે, એમ કહે છે. આહા..હા..! એકાંત.. નહોતું આવ્યું ? 'શીતળ શીલા એકાંતની, જ્યાં

ઇન્દ્રો વિશ્રામ લહૈ.' સમવસરણમાં કાલે સ્તુતિમાં આવ્યું હતું. શશીકાંત, શીતળ શશીકાંત શીલા. ઇન્દ્રો આવીને વિશ્રામ લે છે. ભગવાનના દર્શન કરવા. અહીં વિશ્રામ કરીએ. એમ આ શશીકાંત શીતળ આત્મા શાંત... શાંત... શાંત.. એક વિકલ્પનું ડોકિયું ઉઠે એ બધો દુઃખ ને રાગ અગ્નિ છે. સમજાણું કાંઈ ?

અહીં તો શું કહ્યું ? અનાદિકાળથી શુભાશુભ ભાવ બધાં રાગની દાહ છે, એમ કહે છે. ચોવીસે કલાક ! અનંતવાર દિગંબર મુનિ થયો તો પણ રાગ-દાહ સળગે છે. બરાબર છે ? પણ આ શું કહેવાય છે આ ? કે, 'રાગ-આગ દહૈ સદા, તાતૈં સમામૃત સેઈયે;' એ શુભ ને અશુભ રાગ એ બધો મિથ્યાભ્રમ એ બધી આગ છે. અનંતકાળમાં નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો ત્યાં પણ આગમાં સળગતો હતો, એમ કહે છે. આહા..!

મુમુક્ષુ :– સંસાર અટકે.

ઉત્તર :– સંસાર અટકે તો શું કામ છે એને હવે ? હોળી ઓલવવી છે કે રાખવી છે એને ? સમજાણું કાંઈ ? હોળી કહે ને ? હોળી – હુતાસણી.

અહીં તો કહે છે કે, અહો ! ભગવાનઆત્મા જેટલા પ્રમાણમાં તેં પરમાં સુખ છે એવી બુદ્ધિ, પરને લઈને દુઃખ છે એવી બુદ્ધિ, ઇષ્ટ-અનિષ્ટની બુદ્ધિઓ, એ બધો રાગ અગ્નિ છે, અગ્નિ. આત્માની શાંતિને બાળે છે. એમાં બળી રહ્યો છું, જલી રહ્યો છું ચોવીસ કલાક, એમ કહે છે. એમ હશે ? ભાઈ ! આ પૈસાવાળા એમ હશે ? કે ગરીબ જ હશે ? ચારે ગતિમાં ગરીબ ને તવંગર, રાંક ને રાજા, નારકી ને દેવ, બધાં ચોવીસે કલાક આત્મદૃષ્ટિ ને આત્માના જ્ઞાન વિના આગથી સળગી રહ્યા છે. ભાઈ ! ચોવીસ કલાક કીધું ને ? અશુભભાવથી સળગે છે એમ નથી કીધું. રાગ એટલે મોહ. મોહના તો જે પ્રકાર મિથ્યાત્વ લ્યો, શુભાશુભ ભાવ લ્યો, બધો મોહ (આવી ગયો).

'યહ રાગ-આગ દહૈ સદા, તાતૈં સમામૃત સેઈયે;' તે રાગ 'જીવને બાળી રહ્યો છે રાગ તેથી સમામૃત (સમતારૂપ) અમૃતનું સેવન કરવું જોઈએ.' સમતા શબ્દે સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર. સમજાય છે કાંઈ ? સમતા એટલે વીતરાગતા ને વીતરાગતા એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર સમજાણું કાંઈ ? મિથ્યાદર્શન,

મિથ્યાજ્ઞાન ને મિથ્યા રાગ-દ્વેષ તે અગ્નિ (છે). માટે તેને ટાળવા 'સમામૃત સેઈયે;' સમ પ્રભુ ભગવાન, સમામૃત સ્વરૂપ પોતાનું છે એની અંતર પર્યાયમાં ભગવાનને સેવવો કે, જેથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય. કહો, સમજાણું આમાં ? સમતારૂપી અમૃતનું સેવન – સંતોષ (કરવો જોઈએ). સંતોષની વ્યાખ્યા – પુણ્ય-પાપભાવ બંધનું કારણ છે, શરીર આદિ પર (છે), આત્મા જ્ઞાતાદૃષ્ટા સ્વ (છે) એવી અંતર દૃષ્ટિ ને જ્ઞાન કરવું એનું નામ સંતોષ ને સમતા કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં ? સમામૃત કીધું પાછું, જોયું ? સમતારૂપી અમૃત. પેલું આગ. પેલું આગ, ત્યારે આ અમૃત.

'સેવન કરવું જોઈએ. વિષય-કષાયનું...' અરે...! ભાઈ ! કહે છે, વિષય કષાય તો જે છે એનું અનાદિકાળથી સેવન કર્યું છે. વિષય કષાય - તે પર તરફના ભાવો-તેં અનાદિથી સેવ્યા. સ્વ વિષય છોડીને, પર વિષય તરફના ભાવ અનાદિથી કર્યા છે. સ્વર્ગમાં હો, નરકમાં હો બધે ઠેકાણે તે એ પરભાવ કર્યા છે. એ 'વિષય કષાય (ચિર ભજે) અનાદિકાળથી સેવન કર્યું છે,' ભજન કરે છે, ભાઈ ! બરાબર છે ? અનાદિકાળથી વિકારનું સેવન કરે છે. આગને સળગે એને સેવન કરે છે, કહે છે.

મુમુક્ષુ :– પ્રેમ કેમ તોડવો ?

ઉત્તર :– પ્રેમ તોડવો પોતાના હાથમાં અધિકાર (છે). આમ પ્રેમ છે ને આમ પ્રેમ કરવો. શું હશે એમાં ? ફેર કેટલો હશે ? અનાદિકાળથી તે વિષય કષાયને ભજી રહ્યો છો. એક જ વિષય કષાય અનાદિથી સેવ્યા છે, એમ કહે છે.

'હવે તો તેનો ત્યાગ...' કર. હવે તો છોડ, હવે તો છોડ, બહુ સેવ્યા. આહા..! નિજપદ છે ને ? 'અબ તો ત્યાગ અને નિજપદ બેઇયે, નિજપદ બેઇયે.' અનુભવીએ. ભગવાનઆત્મા શુદ્ધ અનાકૂળ સ્વરૂપ, શીતળ શાંત જ્ઞાનાનંદ જળથી ભરેલું અમૃત સ્વરૂપ, એનો અનુભવ કર ને ! જેમાં શાંતિ છે, જેમાં સંતોષ છે, જેમાં તૃપ્તિ છે, જેમાં કૃત્યકૃત્યપણું છે. કહો, સમજાણું આમાં ? આ એવું સેવન કરો, કહે છે. ઊલટું સેવન કરે છે, સુલટું કરે. એમાં કાંઈ એમ નથી કહ્યું કે, કર્મ તને બાળે છે. એમ કહ્યું છે આમાં ક્યાંય ? જુઓ ! કહ્યું છે આમાં ?

મુમુક્ષુ :– બીજા શાસ્ત્રમાં કહ્યું છે.

ઉત્તર :– બીજા શાસ્ત્રમાં તો નિમિત્તથી કથન હોય. આ 'રાગ-આગ દહૈ સદા...' એમ કીધું છે. ભાઈ ! તારો વિકાર તને બાળે છે. કર્મ તને બાળે છે ને દુઃખ આપે છે ને એમાં (નો) એક શબ્દય છે પડ્યો છે એમાં ? આ 'દૌલતરામજી' કૃત 'છ ઢાળા' છે. ચાલતી ઢાળા. આ હજારો માણસને કંઠસ્થ હશે કેટલાકને. સમજાણું કાંઈ ?

એક જ વાત–વિકારનું સેવન ઊંધા પુરુષાર્થથી કરે છો, સુલટા પુરુષાર્થથી અમૃતનું સેવન કર. બસ ! એક જ વાત કરી. એમાં ક્યાંય કર્મને યાદ કર્યા નથી. કર્મ તને આમ મોળા પડે ને થાય ને આમ થાય ને. ભાઈ ! બહાના કર્યા મફતનો ઢોંગી (છે). દોષ કરે ને નાખે કો'કને માથે, કર્મ અમને આમ કરે છે. સમજાણું ? 'રાગ આગ દહૈ' કર્મ તને બાળે છે, કર્મ તને સળગાવે છે ને દુઃખી કરે એમ કહ્યું નથી એમાં.

નિજપદને 'ઓળખવું જોઈએ–પ્રાપ્ત કરવું જોઈએ...' 'નિજપદ બેઇયે' એ નિજપદને અંદર વાળ, અંદર ઉગાડ. પેલો વિકારનો ઉગાવો અનાદિથી બહુ કર્યો. ભગવાનઆત્મા શાંત અનંત ગુણની શાંતિ, સંતોષથી ભરેલો (છે). આ તૃષ્ણા... તૃષ્ણા... તૃષ્ણા... પૈસાની તૃષ્ણા, ધૂળની તૃષ્ણા, આબરુની તૃષ્ણા, મોટપની તૃષ્ણા (એમાં) સળગી રહ્યો છે. શાંત શાંત જળ તારું પ્રભુ ! નિજપદમાં આવી જા અને એમાં ઠર, એને પ્રાપ્ત કરવું જોઈએ. આહા...!

'કહા રચ્યો પર પદમેં, ન તેરો...' ભાષા જુઓ ! 'કહા રચ્યો પર પદમેં, ન તેરો પદ યહૈ, ક્યોં દુઃખ સહૈ;, પદ યહૈ, ક્યોં દુઃખ સહૈ;...' કહો, આમાં સમજાય છે કે નહિ ? 'પર પદ... કહાં રચ્યો પર પદમેં ન તેરો...' અરે...! ભગવાન ! 'પર પદાર્થોમાં-પરભવોમાં કેમ રાચી રહ્યો છે ?' ભાઈ ! પર વિકારીપદ રાગ-દ્વેષ, અજ્ઞાન, વિષય, ભોગ, વાસના, ભ્રમણા એ પરપદમાં ભગવાન શું રાચી રહ્યો ? 'પર પદ કહા રચ્યો પર પદમેં, ન તેરો પદ યહૈ,...' એ આ પદ તારું (છે). પેલામાં આવે છે ને ? ભાઈ ! એ 'अपदं पदम्' એવી શૈલી બધી એણે આ શાસ્ત્રની જ કરી છે. 'સમયસાર' અરે...! આ અપદ છે, અપદ છે, હોં ! આવે છે ને ? ભાઈ ! એ તારું પદ અહીં છે, અહીં છે. બે વાર (લીધું છે). શૈલી બધી (એવી જ લીધી છે).

આ પૂર્વના પંડિતો ઘરનું કાંઈ નહિ. આચાર્યના શાસ્ત્રોની ભાષા પણ એ રાખીને વાત કરે છે. આહા..હા..!

ભાઈ ! એ વિકારી પદ તારું નહિ, ભાઈ ! અપદ છે ને, પ્રભુ ! આહા..! એ વિકારી પદ, વિકાર એ પરમાં સુખ બુદ્ધિ, પરમાં દુઃખબુદ્ધિ, ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ, રાગ-દ્વેષ ભાઈ ! પરપદ તો દુઃખ છે ને ! અપદ છે ને ! આ નિજપદ તો અહીં છે ને ! જુઓ ! એમ કીધું ને ? 'પદ યહૈ' અહીં છે, ન્યાં એમ કહ્યું છે ને ? ભાઈ ! અહીં છે, અહીં છે. 'નિર્જરા અધિકાર' આહા..હા..! ભાઈ ! તું અહીં છો ને અંદર. તારું પદ આનંદ ને જ્ઞાન, અંદર તું છો ને ! આ બહારમાં ક્યાં રખડે છો ? આહા..હા..! સમજાણું કાંઈ ?

'કહા રચ્યો પર પદમેં, ન તેરો પદ યહૈ, ક્યોં દુઃખ સહૈ;' 'પદ યહૈ...' આ પદ પડ્યું છે ને, પ્રભુ ! આહા..હા..! અંદર અનાકૂળની શીલા પડી છે ને ! એ આનંદની અતીન્દ્રિય આનંદની પાટ અરૂપી ચૈતન્ય શીલા છે. આ પદ રહ્યું, ભાઈ ! આહા..! 'ક્યોં દુઃખ સહૈ;...' આ પદ પડ્યું છે ને દુઃખ કેમ સહન કરે છે ? એમ કહે છે. આવું પદ છે ને શાંતરસનું ભગવાન, એને છોડીને આ દુઃખ કેમ સહન કરે છે ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વજન છે. સમજાણું ? જુઓ ! એ આમાંથી લીધું છે, હોં ! શેમાં નિર્જરામાં છે ને ? સમજાણું કાંઈ ? એ ઘરનું નથી, દેવાનુપ્રિયા ! છે ને ત્યાં ? અપદ... અપદ છે ને ? આ એક જ પદ આસ્વાદ યોગ્ય છે.

एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदम्।
अपदान्येव भासन्ते पदान्यन्यानि यत्पुरः।।१३९।।

'તે એક જ પદ આસ્વાદવા યોગ્ય છે.' ભગવાનઆત્મા ! 'કે જે વિપત્તિઓનું અપદ છે.' જેમાં વિપત્તિ પદ છે નહિ. એવા આપદાઓના સ્થાન નથી 'અને જેની આગળ અન્ય (સર્વ) પદો અપદ જ ભાસે છે.' જુઓ ! આ આવ્યું, જુઓ ! ૧૩૮ 'आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः' અહીં ભાઈ 'રાગ' શબ્દ વાપર્યો છે, રાગ વાપર્યો છે. એણેય ત્યાં રાગ વાપર્યો છે.

आसंसारारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः

सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमन्धाः।

एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः

ભાઈ ! આમ ચૈતન્યનો, આનંદનો ધાતુ–ધરનારો ભગવાન છે ને, ભાઈ ! એ અહીં છો ને, પ્રભુ ! તું અહીં છોડીને બહાર ક્યાં જાય છે ? ભાઈ ! સમજાય છે ?

एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः

शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति।।१३८।।

'હે અંધ પ્રાણીઓ ! આ અનાદિ સંસાર માંડીને પર્યાયે પર્યાયે આ રાગી જીવો...' જુઓ ! ઇ જ ભાષા છે, હોં ! રાગી જીવો. આ રાગ મત્તા. કીધું હતું ને અહીંયાં ? 'સદાય મત્ત વર્તતા થકા જે પદમાં સૂતા છે–ઊંઘે છે તે પદ અર્થાત્ સ્થાન અપદ છે–અપદ છે.' આહા..હા..! 'આ તરફ આવો–આ તરફ આવો, તમારું પદ આ છે–આ છે.' જુઓ ! અહીંયાં આવ્યું ઇ.

આ 'પદ યહૈ, પદ યહૈ' એ શબ્દ ઉપર જોર છે. જુઓ ! 'પદ યહ હૈ...' પદ તારું અહીં છે ભગવાન અંદર ચિદાનંદ સ્વરૂપ છે. ખબર ન મળે, ઘરમાં મુડી, ગોતવા જાય બહાર. 'પદ યહૈ ક્યોં દુઃખ સહૈ;...' અહીં આનંદ પડ્યો છે ને દુઃખ કેમ સહન કરે છે ? એમ કહે છે. 'અબ 'દૌલ' હોઉ...' સમજ્યા ને ? 'હોઉ સુખી સ્વપદ રચિ, દાવ મત ચૂકૌ યહૈ.' અરે..! આવું તારું પદ ! અરે..! ઘરે ભર્યો ભંડાર અને આ એંઠા ચૂથણા ચાવે છે, કહે છે. લોકોમાં નથી કહેતા ? એલા ઘરે આવી તારી સ્ત્રી અને આ જ્યાં-ત્યાં વાઘરણમાં ફરે છો. અરે..! સમજાણું ? એમ આ તારે ઘરે ભગવાન પડ્યા છે ને, ભાઈ ! એ ભગવાનને મળવા જાતો નથી ને આ વિકારને જ્યાં-ત્યાં મળવા ચાલ્યો જાય છે, શું છે આ તને ? આહા..હા..! સમજાણું ?

'હે દૌલતરામ ! તે પદ તારું નથી, તું દુઃખ કેમ સહન કરે છે ? હે દૌલતરામ ! (અબ) હવે (સ્વપદ) તારું આત્મપદ-સિદ્ધપદ તેમાં (રચિ) લાગીને સુખી (હોઉ) થાઓ !

(યહૈ) આ (દાવ) અવસર (મત ચૂકૌ) ગુમાવો નહિ.' આ દાવ અત્યારે અવસર છે, કહે છે. સમજાણું ? 'સબ અવસર આ ગયા હૈ' એ તો કીધું હતું હમણાં, 'ટોડરમલ્લ'માં આવે છે ને ? સબ અવસર આ ગયા. તેરી આળસે, નજરને આળસે રે ભગવાન પડ્યા રહ્યા અંદરમાં. 'નજરને આળસે રે, નયને ન નીરખ્યા હરિ' લ્યો ! છેલ્લો શબ્દ છે. આ ભાઈ ! બહુ બોલે છે વારંવાર હોં ! (એને) આખું મોઢે છે ને ! એને આખું મોઢે છે. આ દાવ અવસર, આ દાવ. ઓલા દાવો નથી નાખતા ? પાસા. કહે છે કે આ દાવ નાખવાનો અવસર છે. આ મત ચૂકૌ, માંડ આવો થોડો કાળ આવ્યો. આહા..!

ભાવાર્થ :– 'આ રાગ (મોહ, અજ્ઞાન) રૂપ અગ્નિ...' જુઓ ! રાગનો અર્થ મોહ મોહ છે આ. 'અનાદિકાળથી હંમેશાં સંસારી જીવને બાળી રહ્યો-દુ:ખી કરી રહ્યો છે,..' કોણ ? રાગરૂપી અગ્નિ. 'તેથી જીવોએ નિશ્ચયરત્નત્રયમય સમતારૂપ અમૃતનું પાન કરવું જોઈએ,...' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માનું અમૃત, એ આત્માની દૃષ્ટિ થઈને એને અમૃત સ્વરૂપ કહેવાય છે, એનું સેવન કરવું જોઈએ. 'જેથી રાગ-દ્વેષ-મોહ (અજ્ઞાનનો) નાશ થાય. વિષય કષાયોનું સેવન તું ઘણા કાળથી કરી રહ્યો છે,...' એ તો અનંતકાળથી કરતો આવ્યો છો. 'હવે તેનો ત્યાગ કરી આત્મપદ (મોક્ષ) પ્રાપ્ત કરવું જોઈએ. તું દુ:ખ શા માટે સહન કરે છે ?' મૂઢતાથી સેવન કરે છે. ભાન નથી એને.

'તારું વાસ્તવિક સ્વરૂપ અનંતદર્શન-જ્ઞાન-સુખ અને અનંતવીર્ય છે,...' આ એમાં તું દૃષ્ટિ કર ને લીન થા. તારું ઘર તારી પાસે (છે), ઘરમાં આવ્યો નહિ. શું ગાયુ નહોતું હમણાં ? અપના નિજ ઘર નહિ પાયા. આવ્યું હતું ને ? 'કબ હુ નિજ ઘર ન આયો' પર ઘર રખડી રખડીને મરી ગયો. ભગવાનઆત્મા, બાપુ ! અંદર પૂર્ણાનંદ નિજ ઘરમાં કોઈ દિ' આવ્યો નહિ. હવે તો આવ, હવે તો આવ, એમ કહે છે. આહા..હા..! પણ કર્મ માર્ગ દે ત્યારે થાય ને અમારે ? આવું કોણે કહ્યું તને ?

'તું દુ:ખ શા માટે સહન કરે છે ?' તારું વાસ્તવિક સ્વરૂપ તો આ છે. 'તેમ કરવાથી જ સાચું સુખ-મોક્ષ મળી શકે છે. તેથી હે દૌલતરામ ! હે દૌલતરામ !' આત્માની અનંતી દૌલતનો રામ–દૌલતરામ છે, એનું નામ પણ દૌલતરામ આવ્યું.

બધાં આત્મા દૌલતરામ છે. આ ધૂળની દૌલતમાં કાંઈ નથી. હેરાન હેરાન થઈને મરી જાય છે, છતાં છોડતા નથી.

'હે જીવ ! હવે આત્મસ્વરૂપની પ્રાપ્તિ કર ! ઓળખાણ કર ! આ ઉત્તમ અવસર વારંવાર મળતો નથી,...' બાઈયું ગાય 'નાણા મળશે પણ ટાણા નહિ મળે' એવું ગાય. પૈસા ખર્ચાવવા માટે. અહીં કહે છે કે, બાપા ! આવા ટાણા નહિ મળે. નથી ગાતી બાઈયું ? આ લગન-બગન હોય ને ત્યારે ગાય છે. આવા ટાણા નહિ મળે. એ.. ભાઈ ! મોટાને મોઢા આગળ કરીને ઉશ્કેરે. એ... ભાઈ ! જાગો રે, ઉઠો રે આમ લગન આવ્યા ને એમ કરીને ગાય છે. ટાણા નહિ મળે. એમ કરીને (કહે). ખર્ચો કાંઈક ઘરને ઉજળા કરવા. ધૂળમાંય નથી. ન્યાં તું ઘર મેલા કરે છે. અહીં તો કહે છે, હે આત્મા ! જાગ રે જાગ ! તારા ઘર ઉજાળા કર, ભાઈ ! આહા..હા..! સમજાણું ? 'આ ઉત્તમ અવસર મળતો નથી, તેથી આ અવસર ગુમાવ નહિ. સંસારના મોહનો ત્યાગ કરીને મોક્ષપ્રાપ્તિનો ઉપાય કર !'

'અહીં વિશેષ એમ સમજવું કે :' જુઓ ! આ બધો છેલ્લી ભલામણનો ઉપદેશ છે, હોં ! આખો. 'જીવ અનાદિકાળથી મિથ્યાત્વરૂપ અગ્નિ અને રાગ-દ્વેષરૂપ પોતાના અપરાધથી જ દુઃખી થઈ રહ્યો છે,...' પોતાના અપરાધથી થઈ રહ્યો છે. 'માટે પોતાના સુલટા પુરુષાર્થથી જ સુખી થઈ શકે છે. આવો નિયમ હોવાથી જડકર્મના ઉદયથી કે કોઈ પરના કારણે દુઃખી થઈ રહ્યો છે અથવા પરવડે જીવને લાભ-નુકશાન થાય છે એમ માનવું તે બરાબર નથી.' કહો, સમજાણું કાંઈ ? કર્મને લઈને દુઃખી થયો, કર્મને લઈને રખડ્યો છું, કર્મને લઈને હેરાન થયો એ વાત માનવું સાચું નથી. છેલ્લી વાત, લ્યો !

## ગ્રંથ-રચનાનો કાળ અને તેમાં આધાર

ઇક નવ વસુ ઇક વર્ષકી, તીજ શુકલ વૈશાખ;
કર્યો તત્ત્વ-ઉપદેશ યહ, લખિ બુધજનકી ભાખ.
લઘુ-ધી તથા પ્રમાદતૈં, શબ્દ અર્થકી ભૂલ;
સુધી સુધાર પઢો સદા, જો પાવો ભવ-કૂલ. ૧૬.

ભાવાર્થ :– મૈં દૌલતરામે પંડિત બુધજનકૃત * છ ઢાળાની કથનીનો આધાર લઇ ને વિક્રમ સંવત્ ૧૮૯૧ના વૈશાખ સુદ ૩ (અક્ષયત્રીજ)ના દિવસે આ છ ઢાળા ગ્રંથની રચના કરી છે. મારી અલ્પ બુદ્ધિ તથા પ્રમાદથી તેમાં કયાંય શબ્દની કે અર્થની ભૂલ થઇ ગઇ હોય તો બુદ્ધિમાન તેને સુધારીને વાંચે, જેથી કરીને જીવ આ સંસાર-સમુદ્ર તરવામાં શક્તિ માન થાય.

## છઠ્ઠી ઢાળનો સારાંશ

જે ચારિત્રના હોવાથી સમસ્ત પર પદાર્થોથી પ્રવૃત્તિ હઠી જાય છે, વર્ણાદિ અને રાગાદિથી ચૈતન્યભાવને જુદો કરી લેવામાં આવે છે, પોતાના આત્મામાં આત્મા માટે, આત્મા વડે પોતાના આત્માનો અનુભવ થવા માંડે છે, જ્યાં નય, પ્રમાણ, નિક્ષેપ, ગુણ-ગુણી, જ્ઞાન-જ્ઞાતા-જ્ઞેય, ધ્યાન-ધ્યાતા-ધ્યેય, કર્તા-કર્મ અને ક્રિયા આદિ ભેદનો જરાપણ વિકલ્પ રહેતો નથી, શુદ્ધ ઉપયોગરૂપ અભેદ રત્નત્રયવડે શુદ્ધ ચૈતન્યનો જ અનુભવ થવા માંડે છે તેને સ્વરૂપાચરણ ચારિત્ર કહે છે; આ સ્વરૂપાચરણ-ચારિત્ર ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે, અને મુનિદશામાં વધારે ઉચ્ચ થાય છે. ત્યારપછી શુકલધ્યાનવડે ચાર ઘાતિ કર્મનો નાશ થતાં તે જીવ કેવળજ્ઞાન પામીને અરિહંતપદ

* આ ગ્રંથમાં છ પ્રકારના છંદ અને છ પ્રકરણ છે તેથી, તથા જેમ તીક્ષ્ણ શસ્ત્રોના પ્રહારને રોકનાર ઢાલ હોય છે તેમ જીવને અહિતકારી શત્રુ-મિથ્યાત્વ, રાગાદિ આસ્ત્રવોને તથા અજ્ઞાન અંધકારને રોકવા માટે ઢાલ સમાન આ છ પ્રકરણ છે તેથી, આ ગ્રંથનું નામ 'છ ઢાળા' રાખવામાં આવેલ છે.

પામે છે; પછી બાકીના ચાર અઘાતિ કર્મનો પણ નાશ કરીને ક્ષણમાત્રમાં મોક્ષ પામીને સંસારથી કાયમને માટે વિદાય થઇ જાય છે ત્યારે તે આત્મામાં અનંતકાળ સુધી અનંત ચતુષ્ટયનો (અનંત-જ્ઞાન-દર્શન-સુખ-વીર્યનો) એક સરખો અનુભવ થયા કરે છે, પછી તેને પંચ પરાવર્તનરૂપ સંસારમાં ભટકવું પડતું નથી. કદી અવતાર ધારણ કરવા પડતા નથી. સદાય અક્ષય-અનંત સુખને અનુભવે છે. અખંડિત જ્ઞાન-આનંદરૂપ અનંતગુણમાં નિશ્ચલ રહે છે તેને મોક્ષસ્વરૂપ કહે છે.

જે જીવ મોક્ષની પ્રાપ્તિ માટે આ રત્નત્રયને ધારણ કરે છે અને કરશે તે મોક્ષ પામે છે અને પામશે. દરેક જીવ મિથ્યાત્વ, કષાય અને વિષયોનું સેવન તો અનાદિ કાળથી કરતો આવ્યો છે પણ તેનાથી તેને જરાપણ શાંતિ મળી નથી. શાંતિનું એકમાત્ર કારણ મોક્ષમાર્ગ છે તેમાં જ જીવે તત્પરતાપૂર્વક પ્રવૃત્તિ કદી કરી નથી, તેથી હવે પણ જો શાંતિની (આત્મહિતની) ઇચ્છા હોય તો આળસ છોડી (આત્માનું) કર્તવ્ય સમજી રોગ અને ઘડપણ વગેરે આવ્યા પહેલાં જ મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થવું જોઇએ, કેમ કે આ પુરુષપર્યાય, સત્સમાગમ વગેરે સુયોગ વારંવાર પ્રાપ્ત થતા નથી, માટે તેને પામીને વ્યર્થ ગુમાવવો ન જોઇએ-આત્મ-હિત સાધી લેવું જોઇએ.

---

### ગ્રંથ-રચનાનો કાળ અને તેમાં આધાર

ઇક નવ વસુ ઇક વર્ષકી, તીજ શુકલ વૈશાખ;
કર્યો તત્ત્વ-ઉપદેશ યહ, લખિ બુધજનકી ભાખ.
લઘુ-ધી તથા પ્રમાદતૈં, શબ્દ અર્થકી ભૂલ;
સુધી ધાર પઢો સદા, જો પાવો ભવ-કૂલ. ૧૬.

ભાવાર્થ :– 'મેં દૌલતરામે પંડિત બુધજનકૃત *છ ઢાળાની કથનીનો આધાર લઈને...' આ કહ્યું એ ઢાળાની વ્યાખ્યા એક ફેરી કરી હતી. જુઓ ! નીચે છે.

'*આ ગ્રંથમાં છ પ્રકારના છંદ અને છ પ્રકરણ છે તેથી, તથા જેમ તીક્ષ્ણ શસ્ત્રોના પ્રહારને રોકનાર ઢાલ હોય છે તેમ જીવને અહિતકારી શત્રુ-મિથ્યાત્વ, રાગાદિ

આસ્ત્રવોને તથા અજ્ઞાન અંધકારને રોકવા માટે ઢાલ સમાન આ છ પ્રકરણ છે...' આ છ અધિકાર ઢાલ સમાન છે. 'તેથી, આ ગ્રંથનું નામ 'છ ઢાળા' રાખવામાં આવેલ છે.'

'વિક્રમ સંવત્ ૧૮૯૧ના વૈશાખ સુદ ૩ (અક્ષયત્રીજ)ના દિવસે આ છ ઢાળા ગ્રંથની રચના કરી છે. મારી અલ્પ બુદ્ધિ તથા પ્રમાદથી તેમાં ક્યાંય શબ્દની કે અર્થની ભૂલ થઈ ગઈ હોય તો બુદ્ધિમાન તેને સુધારીને વાંચે, જેથી કરીને જીવ આ સંસાર-સમુદ્ર તરવામાં શક્તિમાન થાય.' લ્યો ! પોષ વદ દસમથી શરૂ કર્યું હતું. આ રવિવારે પૂરું થાય છે 'છ ઢાળા'. છેલ્લો એક બોલ થોડોક લઈ લઈએ. છેલ્લો થોડો છે ને ?

કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યનો કર્તા ખરો નથી. છે એમાં બધામાં છે ? બધાંમાં છે ? હવે એમાં તો ઘણું આવી ગયું છે, હોં ! ચિદેશ કર્તા, પોતે કર્તા છે બીજો કોઈ કર્તા નથી. કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યનો કર્તા ખરો નથી. આત્માનો સ્વભાવ તો જ્ઞાતાદૃષ્ટા છે. છે ? છેલ્લું, છેલ્લું. તદ્દન છેલ્લું, તદ્દન બધું કાઢી નાખીને છેલ્લું.

આત્માનો સ્વભાવ તો દૃષ્ટા-જ્ઞાતા છે. નીકળ્યું છોકરાઓ ? હવે પોતે કેવો દેખવાવાળો, જાણવાળો તો રહેતો નથી. હું તો એક જાણનાર-દેખનાર આત્મા જ્ઞાતાદૃષ્ટા છું. જે જે પદાર્થોને તે દેખે-જાણે તેમાં ઇષ્ટ-અનિષ્ટપણું માને. માને છે, ઇષ્ટ-અનિષ્ટ છે નહિ. જાણનાર-દેખનાર આત્મા છે. જગતની ચીજો જણાય એવી યોગ્યતા એનામાં છે, આ જાણનાર છે. બીજું કાંઈ વચમાં નથી. પાંચ છોકરા છે એમાં એક છોકરો એનો હોય. આમ દેખે તો પાંચેયને એકસાથે. ખરું કે નહિ ? જાણવામાં શું ફેર ? આ મારો, ઇ ક્યાંથી આવ્યું ?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ઊભો કર્યો એ તો. પાંચ છોકરા એકસાથે ઊભા હોય. એમાં એનો એક છોકરો (હોય). આ મારો છે, મારો ક્યાંથી આવ્યું ? એ પાંચેયને જાણવાનો તું જાણનાર છો.

મુમુક્ષુ :– ચહેરો-મહોરો એની જેવું હોય.

ઉત્તર :– ચહેરો-મહોરો એની જેવો ક્યાં હતો ? ધૂળમાં. એ તો પરમાં છે. આકાર

ને પ્રકાર એવું લખ્યું છે, હોં ! સમજાણું કાંઈ ?

એમ મકાન, એમ દાગીનો, એમ લક્ષ્મી એમ જે જ્યાં દેખે એ તો જાણવા-દેખવાવાળો છે. એમાં આ મારું એ ક્યાંથી (આવ્યું) ? એમાં લખ્યું છે એમાં ?

મુમુક્ષુ :– એમાં જાય...

ઉત્તર :– શી રીતે જાય ? કોણ જાય છે ? એ તો પોતે પોતામાં જ્ઞાનમાં રહે છે. જાય ક્યાં ને આવે ક્યાં ? જે પદાર્થને દેખે-જાણે તેમાં ઇષ્ટપણું માને છે એમ કહેવું છે. છે નહિ. એ તો જાણવા-દેખવા લાયક છે આત્મા અને એ જાણવા-દેખવાને જ્ઞેય છે. વચમાં એ લાકડું ખોસે (છે) કે, આ મારે ઠીક છે ને આ છે મારા, આ મને ઠીક નથી ને આ નહિ મારા. આ મને ઠીક છે ને આ છે મારા, આ મને ઠીક નથી ને આ નહિ મારા. એ વચ્ચે લાકડું કાઢ્યું. બધી બાઈયું તો ઘણી છે પણ આ મારી બા એમ કેમ થયું ? ક્યાંથી આવ્યું ? ઇ કહે છે. પણ બધાં બૈરા તો ઘણાં છે. આત્મા છે, શરીર છે એ તો જ્ઞાનમાં જાણવા લાયક છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ અંદર ભ્રમણા ખોસે છે, એમ કહે છે. નો કીધું ? માને છે. તેથી રાગી-દ્વેષી થાય છે. માને માટે રાગ-દ્વેષ (થાય છે). એ તો જ્ઞાતાદૃષ્ટા છે, જાણવા-દેખવાવાળો (છે) અને એ જણાય એવી વસ્તુ છે. વચ્ચે બે સિવાય ત્રીજો સંબંધ નથી, સંબંધ ઉભો કરે છે, નથી ને ઉભો કરે છે. કોઈના સદ્‌ભાવને અને કોઈના અભાવને ઇચ્છે છે પણ તેનો સદ્‌ભાવ કે અભાવ આ જીવનો કહ્યો થતો જ નથી. આ હોય તો ઠીક, આ રહે તો ઠીક, હોં ! એ રહે તો ઠીક એટલે ? એનું રહેવું કાંઈ તારે આધીન છે ? આ રહે તો ઠીક, આ અનુકૂળતા, આટલા આટલા પદાર્થ રહે ને તો બહુ સારું. અને કોઈનો અભાવ ઇચ્છે. આ રોગ આદિ ચાલ્યો જાય, અણાબરુ ચાલી જાય તો ઠીક. પણ એમ ચાલી જાય ? એ તો જગતના પદાર્થ છે. ભાઈ ! જુઓ ! આ શું લખ્યું છે ? છે અંદર, હોં !

કોઈનો સદ્‌ભાવ અભાવ... છે ? આ જીવનો કર્યો થતો નથી. અંદર તો છે હજી, સવારે પૂછ્યું, કેમ છે ? ... કારણ કે, કોઈ દ્રવ્ય, કોઈ અન્ય દ્રવ્યનું કર્તા છે

જ નહિ. તું સદ્ભાવ એટલે એની હયાતી એથી રહે અને હયાતી છોડવા માંગ એટલે હયાતી ચાલી જાય, (એમ) તારા આધીન એ છે નહિ. એને આધીન આવે ને એને આધીન જાય. પણ સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવરૂપે પરિણમે છે. એ એને કારણે આવે ને જાય. તું તારે કારણે જાણ અને દેખ, બસ ! બાકી કાંઈ સંબંધ બીજો નથી. આમ માત્ર આ જીવ વ્યર્થ કષાયભાવ કરી વ્યાકૂળ થાય છે. મફતનો જાણવું-દેખવું છોડી, મારા માની, ખોટા માની, દુશ્મન માની, વેરી માની, મિત્ર માની વ્યર્થ કષાય કરીને દુઃખી થાય છે. માટે હે જીવ ! આવા ટાણા મળ્યા હવે (મિથ્યા માન્યતાને) છોડ. એમ છેલ્લું કહ્યું ને ? હવે એ રાખવા જેવું નથી. લ્યો ! (વિશેષ કહેશે..)

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)